વનની તે મહારાણી હતી.

વનમાં હરિણી વિચરે એવી એ વિચરતી. ડાળખીએ ડાળખીએ કો પંખિણી ઉડે એવી એ ઉડતી.

ચન્દ્રમા ઉગે ને આકાશની કુંજોમાં અજવાળાં થાય એવાં એને પગલે વનકુંજોમાં અજવાળાં પથરાતાં. પાંદડે પાંદડે એના રૂપનું કિરણ જઇને બેસતું ને શોભાના અક્ષરો લખતું.

વન જાણે એને જોઇને આનન્દતાં.

ઉડણપંખિણી શી એ ઉડતી હતી.

વનમાં એણે એક વૃક્ષ જોયો, ને વૃક્ષની ડાળેથી વેલીને ઝૂલતી દીઠી. સાડીની કોર જેવી લીલી પલ્લવકોર ઢળેલી હતી.

ગગનની ડાંખળીએ ડાંખળીએ તારકફૂલડાં લટકે છે એવાં એ વેલની ડાંખળીએ ડાંખળીએથી ફૂલડાં લટકતાં.

એ વેલને ભાગ્યદેશે સૌભાગ્યચન્દ્રક હતો; એને કંઠ-પ્રાન્તે એકાવળ હાર હતો; એને બાહુદંડે ગજરા હતા; એને પાયપલ્લવે ફૂલનાં ઝાંઝર હતાં.

વનની એ ચન્દ્રવેલ હતી.

ચન્દ્રવેલને નિરખતી ઘડીક એ થંભી ગઇ. વનદેવીનાં કો દર્શન કરે એમ દર્શન કરતી એ ઉભી.

પછી એને થયું કે પોતે ય એવી શોભે તો ?

પોતાની અંગુલિની કળીઓ એને ઓછી કુમળી લાગી, હૈયાનાં ઝૂમખાં એને ઝંખાતાં લાગ્યાં, કંઠની આરસકાન્તિ એને નિસ્તેજ લાગી.

એના મનને કંઇક ઉણપ ભાસી.

વનની ચન્દ્રવેલ સન્મુખ ઉભતાં મહારાણી ઝંખવાઇ. ચન્દ્રવેલ સમી શોભાસજ્જ થવાના એને કોડ જાગ્યા.

એણે હાથ લંબાવ્યો ને એક ફૂલ ચૂંટ્યું.

ચૂંટતાં તો એ ફૂલ એણે ચૂંટયું, પણ ક્ષણેક પછી એને થયું કે એ ખોટું કર્યું. ચન્દ્રવેલ ભણી જોયું તો ચન્દ્રવેલ ઠપકો આપતી એણે દીઠી.

જગત ભણી મુખ કરીને એ ઉભી.

મનમાં એ મૂંઝાઇ. ઘડીક તો સૂજ્યું નહિ કે કિયા અંગની ડાળખીએ એ ફૂલને લટકાવવું.

પછી એને થયું કે કાળા વાળમાં ગોરૂં ફૂલ ઠીક શોભશે.

ફૂલડાંખળીની બે કુંપળો એણે બે લટોમાં પરોવી. મહારાણીના લલાટદેશના મધ્યપ્રાન્તે સૌભાગ્યના પુષ્પ સમું એ પુષ્પ લટકી રહ્યું.

એને અંગે અંગે આનન્દના ફૂવારા ફૂટ્યા. પોતાનું પ્રફુલ્લેલું રૂપ પોતે દીઠું તો નહિ, ત્હો યે મહારાણીની રોમધારાઓ નિર્ઝરી રહી.

મહારાણીને આજ આનન્દનું પરવ હતું.

વનની રાણી પછી વનમાં સંચરી.

પછી એણે કળાયેલ મોરને નાચતો દીઠો. નૃત્ય તો નહિ, પણ એના યે પગમાં એક જાતનું ઝૂલન જાગ્યું.

પછી એણે કોયલને બોલતી સાંભળી. એનો યે કંઠ ઉઘડી ગયો ને એણે સ્હામો ટહુકાર કીધો. એ ટહુકારે વન ગાજ્યાં, ને કોયલ શરમાઈ ગઇ.

સુન્દરીનો ટહુકો જગતમાં ઢોળાયો ત્ય્હારથી કોયલ કુંજોમાં સન્તાતી ઉડે છે.

તે તિથિએ સુન્દરતાનાં શાસ્ત્ર પૃથ્વીમાં ઉતર્યાં.

૬ : કુંવારો કે બ્રહ્મચારી ?

✤ ✤ ✤

' જો ! પેલો પ્રમોદ : બ્રહ્મચારી છે.' બે ત્રણ વિદ્યાર્થિણીઓ સંગાથે પ્રમોદને જતો જોઈને મ્હેં મ્હારા મિત્રને ઓળખાવ્યો.

અમારી કોલેજમાં આજ Inter-Collegiate Ladies' Tennis Tournament ની છેલ્લી રમત હતી: એટલે કોલેજીયનોનો જાણે મેળો ભરાયો હતો.

' હશે ' : મ્હારા મિત્રે કહ્યું. ' અમારી કોલેજમાં તો ઉઘાડા માથાની બ્રહ્મચારિણીઓ સંગાથે ઉઘાડા માથાના બ્રહ્મચારીઓ હોડીઓ તરાવવા જાય છે. એમનામાંના કોકને પૂછી જોજે એમની વાતો. '

' ખરૂં કહું છું: પ્રમોદે તો ન પરણવાનું વ્રત લીધું છે.'

" ભણે એટલા બ્રહ્મચારી' એ વ્યાખ્યા તે સાચી પાડતો હશે. આ જોને એના અંગનો અલસગમના સમો મરોડ, ને પંખીની પાંખ સમો નેણુંનો નાચ; ને—'

' તું નથી માનતો. હરતાં ને ફરતાં એ તો કહે છે કે કલાકાર કલાને જ પરણેલો છે.'

અમારી કૉલેજમાં પ્રમોદ કલાકાર ગણુતો. એ કહેતો કે કલાને શૉક હોય નહિ.

પ્રમોદને કાંડે સોનાઓપનું ઘડિયાળ હતું, ને હાથમાં, અલકાની સુન્દરીને કર કમળ લટકતું એમ, એક વિદ્યાર્થિણીનું રેકેટ લટકતું. ફૂલછોડની ડાળખી ડોલે એવી છટાથી એ રેકેટ ડોલતું. એનો રૂમાલ કોટના કોલરને આચ્છાદાઇને ગળા ફરતો કેસરીની ધોળી કેસર જેવો ઉડતો.

એની આંખમાં ચમક હતી, એના અંગમાં લાલિત્ય હતું. કૉલેજમાં સહુ જાણતું કે જીવનભર ન પરણવાનું એણે વ્રત લીધું છે.

અમારી કૉલેજનો પ્રમોદ કલાકાર હતો. એનો કંઠ ઘેરો, પણ હલક મીઠી હતી. તાલબદ્ધ તે ગાતો ને સંગીતનો ઉસ્તાદ ગણાતો; એટલે કૉલેજના ઉત્સવપ્રસંગોએ યુવતિઓને અભિનય શીખવવાનું એને સોંપાતું. કેટલાક છાની છાની વાતો કરતા કે ધુરન્ધરે એને Model તરીકે ન્હોતર્યો હતોઃ 'સુન્દરી' કે બાલગાન્ધર્વની-એકની એણે અભિનયની ભૂલ સુધારી હતી.

પ્રમોદ જતો-આવતો ત્ય્હારે સહુ માગ આપતા ને જોઈ રહેતા. એના કેશકલાપની કલા નિત્ય નિત્ય અવનવી છાજતી. તાઝે બ તાઝે, નૌ બનૌ-એ હાફીઝની ગઝલ બેન્જોમાં રણકતાં શ્રોતાઓનાં પાય ને અંગ ડોલી ઉઠે છે એવી અખંડ ડોલનગતિએ એ ચાલતો.

ટેનિસની રમતનો એ પારાંગત નહોતો; પણ સર્વિસ વેળાનો એનો રૂઆબ આંજી નાંખે એવો હતો. 'રીટર્ન

ભૂલાય તો ભલે, પણ છટા ન ભૂલવી ' એ એનું ખેલનું સૂત્ર હતું.

આજે ઇન્ટરકોલેજિયેટ ટૂર્નામેન્ટ હતું એટલે વિદ્યાર્થિણીઓને લઇને પ્રમોદ ટેનિસ કોર્ટ ઉપર જતો હતો. એના વિરોધીઓ કહેતા કે વિદ્યાર્થિણીઓ સંગાથે જવાથી સન્માન ને સારૂં સ્થાન પમાય; માટે એ યુવતિઓનો સંગાથ શે ધતો.

કોલેજના નિયમ પાળીને નહિ, નિયમ ભંગ કરીને એ છાપ પાડતો. કોઇ પણ નિયમભંગને એ કલાકારની સ્વતન્ત્રતા કહેતો, કોઈ પણ નિયમપાલનને એ કલાકારની પરતન્ત્રતા કહી ઉપહાસતો.

જ્યહાં જવાનો અધિકાર ન હોય ત્યહાં તે જાય ત્યહારે ત્હેને કળ વળતી. ખાનગીમાં પ્રોફેસરોની ખુશામત કરતો એટલે જાહેરમાંની એની કેટલીક ઉદ્ધતાઇ તેઓ નિભાવી લેતા.

સોશિયલ ગેધરિંગમાં ગાંડાનો કે વિદૂષકનો ભાગ એ ભજવતો. ચિત્રકલા ઉપરના એના ભાષણે તો કમાલ કરી હતી; કારણ કે નાનાવિધનાં પચાસેક પાંદડાંઓ વીણી લાવી ત્હેમનું પ્રદર્શન કરીને એણે સિદ્ધ કીધું હતું કે કોલેજમાંની એક ચિત્રકારિણી સરજનહાર કરતાં યે મ્હોટી કલાધીશ્વરી હતી.

કોલેજમાંના ઉગતા કવિઓનો પ્રમોદ Patron હતો. એમનાં વીણેલાં કાવ્યોનો સંગ્રહ, ઉપોદ્‌ઘાત ને વિદ્વટ્ટીકા સાથે, છપાવવાની પ્રમોદ પ્રવૃત્તિમાં હતો.

પ્રમોદ કહેતો કે સહુ વખાણે એને વખાણવામાં આપણી વ્યક્તિવિશેષતા શી ? પછી પ્રમોદની ગુણગાથાની ગઝલો ચકલાંનાં પીછાં જેવી કોલેજમાં ઉડતી થઈ.

ક્રીકેટ રમતાં આવડે નહિ, છતાં ક્રીકેટના આચાર્ય હોય એવા ઘમંડીઓ તો દીઠા છે ને ? એમ વગર લખ્યે સાક્ષરત્વની છાપ એણે કોલેજમાં પાડી હતી.

સિનેમાઓની બધી નટીઓની પડદા પાછળની વાતો એ જાણતો, ને કહેતો, ને સહુને કુતૂહલ જગાડતો.

બેડમીંગ્ટન રમવામાં એ ઉસ્તાદ હતો. ત્રણ ત્રણ કલાક પીછાં ઉછાળતો; ને કહેતો કે ઉડતાં પંખી ઉછાળવામાં પ્રભુને આનન્દ પડે છે એવો આનન્દ એને પડતો.

પોતાને એ Rationalist કહેતો; ને હાલતાં ચાલતાં, ગમે તો પ્રભુને ઉપહાસવાને કે નિજ મહિમા વધારવાને, પ્રભુનાં દૃષ્ટાન્તો આપતો.

યુવકસંઘોમાં જાય ત્હારે એ ખાદી પહેરતો, ને ટેનિસ કોર્ટ ઉપર હેટ પહેરતો. એનું સૂત્ર એમ સ્હમજાવતો કે Do in Rome as the Romans do.

યુવકસંઘનો એને એક ઉપપ્રમુખ ચૂંટયો હતો, પણ એણે સાભાર એ પદવી નકારી હતી. વર્ણાન્તર લગ્નોની ચર્ચાપ્રસંગે પ્રમોદ ખૂબ ખીલ્યો હતો. ‘ અમારી નાતના શેઠ સનાતનતાના સ્થંભ છે. એમને હું પૂછું છું કે વેશ્યાવાડે જાઓ છો ત્હાં વર્ણાન્તર લગ્ન ત્હમે કરો છો ? કે સવર્ણ ? ’ એ દલીલને પ્રમોદ હાસ્યરસનો ભંડાર

માનતો, ને એને મિત્રમંડળમાં ફરી ફરી કહેવામાં પ્રમોદ પુનરૂક્તિદોષ નહોતો સ્હમજતો.

પખવાડિયે એકાદ વાર પ્રમોદ વ્હાઈટવેમાં જતો; સરતી શોભાળી નવીન વસ્તુઓ ખરીદી લાવતો; કોઈક પ્રોફેસરોને આપતો ને કોઇક સ્ત્રીમિત્રોને આપતો.

એ લગ્નને ધિક્કારતો ને મૈત્રીને માનતો.

ટેનિસ કોર્ટ ઉપર આજ સ્ત્રીવિદ્યાર્થિણીઓની ટુર્નામેન્ટ હતી એટલે ભીડ ગાઝી હતી. અમે બે મિત્રો ભીડમાં ગયા નહોતા, પણ આઘેથી ભીડને જોતા હતા ને કોલેજના કલાકારની વાતોમાં લીન હતાઃ કારણ કે કલા અને સૌન્દર્ય આજ કોલેજના વાતાવરણમાં ઉછળતાં ગટાપચીના બોલ ને મોરપીંછ જેવાં સર્વવ્યાપી છે ને ?

એવે ટેનિસ કોર્ટ ઉપરથી ગર્જના સંભળાઈઃ હુર્રે; હિપ હિપ હુર્રે.

વિદ્યાર્થીઓનું ટોળું વિખરાયુંઃ જાણે યુદ્ધમાં કો કિલ્લો પડયો ને પથરા વિખેરાયા. ને દુર્ગમાંથી દુર્ગપાલ આવે એવો પ્રમોદ આવતો હતો.

અમને દીઠા ને તે ઉભો.

'ફાઈવ-લવ કરીને થાકી જવાયું', એટલે પહેલા સેટમાં આપણી કોલેજ હારી. પરસેવાનાં ટીપાં તો જાણે મોતીનાં ઝૂમખાં! પણ બીજા સેટમાં-બીજા સેટમાં એવો સંગ્રામ જામ્યો' તો! Greek Girls at Game

of Balls નામનું આલ્મા ટેડીમાનું ચિત્ર તો જોયું છે ને? ફટાફટ, ફટાફટ—એમ ફાઈવ બોલ થયા. પછી એઈટ બોલ અને ડયૂસ. છૂટી ઉડતી અલકલટો તો જાણે ઉડતી પાંખિણીઓની કલગીઓ! પછી બે પોઈન્ટે ત્હમારી કોલેજ જીતી ગઈ. મ્હારે તો પરણવું નથી. પણ એક ડઝન જણાએ 'પરણવું તો આને જ પરણવું' એવા માનસનિર્ધાર આજ કરી લીધા છે.'

'ત્હમારા બ્રહ્મચર્યનાં વ્રતને માટે ત્હમને ધન્યવાદ ઘટે છે. એ વિરલ વ્રત વિરલા જ પાર ઉતારે. ભીષ્મ તો કુરૂક્ષેત્રમાં એક જ હતા.'

અનિમિષ આંખે પ્રમોદ મ્હારા સ્હામું જોઇ રહ્યો હતોઃ જાણે દષ્ટિની કટારે મ્હારૂં દિલ ઉઘાડીને એ જોવા માગતો હોય ને કે મ્હારી તે વ્યાજસ્તુતિ હતી કે સાચો ધન્યવાદ? બન્ધૂકમાં ગોળી ભરે એમ અન્તરમાં ઉત્તરને પણ એ ભરતો હતો.

'જૂવો, મિસ્તર! લગ્નમાં હું માનતો નથી, મૈત્રીમાં હું માનું છું. કલાકારે પરણવું ન જોઇએ એ મ્હારૂં કલાસૂત્ર છે. કલાકાર કોને પરણે? પરણીને શું આંખ મીંચી દે? એ તો આજ જૂવે એને કાલ ભૂલે, ને કાલ જૂવે એને પરમે ભૂલે. જીંદગીભર પરણવું નહિ એવા મ્હેં સોગન્દ ખાધા છે.'

'જો, હું કહેતો ન્હોતો : આજીવન બ્રહ્મચર્ય.' મ્હારા મિત્રને કહ્યું.

'એ શું ભરડો છો ? ભાઈ ! સંસારમાં યે કુંવારો સુખિયો છે કે ઘેરઘેરથી ઈજન મળે જમવાનાં ને ગમ્મતનાં.' પ્રમોદ બોલ્યો.

'ખરૂં; ત્હમારા કોલેજના અનુભવોનો એ સાર લાગે છે.' મિત્રે કહ્યું.

'કોલેજનો મ્હોટામાં મ્હોટો મ્હારો અનુભવ તો એ છે કે આજ છે સૌન્દર્યનાં રાજ્ય : એટલે આપણે પરણવું નહિ. પત્નીના પુરૂષમિત્રને સહી લેવાની સહનશીલતા જેનામાં હોય ત્હેમણે જ અમારી કેટલીક સહાધ્યાયિનીઓમાંથી કોઇકને પરણવી.'

'ત્હમારૂં બ્રહ્મચર્ય અખંડ તપો.'

'મિસ્તર ! આશીર્વાદ ઘો છો કે ગાળ ? એ શી લવરી-પેલા ન્હાનાલાલે ચીતરી માર્યું છે એવી ? હું જો સિન્ડીકેટમાં હોઉં તો જયા-જયન્ત બી. એ. માં ભણાવાય શેનું ? પ્રીવિ-યસની કાયમની ટેક્ષ્ટ બૂક હોય પૃથ્વીવલ્લભ. પૃથ્વીવલ્લભ કય્હાં પરણતો'તો ? આપણે તો વ્રત લીધું છે કે જીંદગીભર પરણવું નહિ. બાકી પુરૂષ વિના સ્ત્રીને કે સ્ત્રી વિના પુરૂષને કિયા જમાનામાં ચાલ્યું છે કે વીસમી સદીમાં ચાલે ? એ ખરૂં કે કલાધીશની કલાને શૌક ન હોય.'

મ્હારા મિત્રની કોલેજ આજની ટર્નામેન્ટ જીતી હતી એટલે એ તો આનન્દહિન્ડોળે ઝ્હડયો હતો. એની દૃષ્ટિ ભમરડીચક્કરડી ખાતી હતી.

પ્રમોદ ગયો, પણ મ્હને મૂંઝવણમાં મૂકતો ગયો. એનું

છેલ્લું ભાષણ છટાદાર હતું, રાજમન્ત્રણાના કો કાગળ સમું અગમ્ય હતું, પૂરૂં સ્હમજાયું ન્હોતું. મિત્રને મ્હેં પૂછયું :

'હેં! ત્મ્હારે શું ન પરણેલો–કુંવારો એટલે બ્રહ્મચારી નહિ?'

મિત્રે સ્હામો પ્રશ્ન પૂછયો : ત્હને ખબર છે કે દીકરા એ બધા પુત્રો નથી?

નવું જ્ઞાન ઉગતું હોય, નવો ઉગતો ધૂમકેતુ નિરખતો હોય એમ હું મિત્રની સ્હામું જોઇ રહ્યો હતો. મ્હારી આખી યે મુદ્રા પ્રશ્ન પૂછતી હતી.

મિત્રે કહ્યું : 'જો સાંભળ. મ્હને તો મુંબઇના એક શેઠિયાએ ભણાવ્યું છે કે 'દીકરા એટલા પુત્ર નહિ' એ તો શાસ્ત્રીય સૂત્ર છે. પુ નામના નરકમાંથી શ્રાદ્ધ કરીને પિતાને તારે એ પુત્ર. અને શ્રાદ્ધનો અધિકાર છે જેષ્ટને કે કનિષ્ટને. એટલે કોઇને ચાર દીકરા હોય તો પહેલો ને ચોથો એ પુત્રો, ને બીજો ને ત્રીજો એ દીકરા. ખોટું હોય તો કોક શાસ્ત્રીને પૂછી જોજે.'

'આ તો વ્યાખ્યાઓના વમળમાં પડયા. ડૂબશું કે તરશું?'

મિત્રે કહ્યું : 'દુનિયા તરવાનો મ્હોટો સાગર છે. તારાઓ તરે છે ને વણતારાઓ ડૂબે છે. પણ એટલું આજ ભણતો જા કે દીકરા એટલા પુત્રો નહિ, ને કુંવારા એટલા બ્રહ્મચારીઓ નહિ.'

✤ ✤ ✤

૭ : વટેમાર્ગુ

✤ ✤ ✤

લોક કહે છે કે પન્થીની પ્રીત શી? પણ એને તો પન્થીનાં કામણનાં બાણ હૈયાં સોંસરાં વાગ્યાં હતાં, ને એણે પન્થીની પૂજા આદરી હતી.

ગામની તે ગોપિકા હતી.

માર્ગે જતાં-આવતાં તે કૃષ્ણભક્તિનાં ગીત ગણગણતી, એટલે લોક એને ગામની ગોપીકા કહેતાં.

ગામની રૂપવતીઓને રાસડા એ ઝીલાવતી. પાણીકેડે સાહેલીસંઘની એ સંઘવણ હતી. મન્દિરમાં અને મહોત્સ-વોમાં ગાયો સમાં સહિયરધણની એ ગોવાળણ હતી. સહુ એને ગામની ગોપિકા કહેતાં.

એના પાયમાં ઝાંઝર ઝમઝમતા. એની ત્વચા કાચ જેવી પારદર્શક અને નખ અડતાં શોણિતની શેડ ઉડશે એમ ઉચ્ચરતી રાતાં કમળવર્ણી હતી. મન્દિરધેનૂ સમી તે ગામમાં ઘૂમતી.

એની ડોકનો મરોડ અજબ હતો. એનાં પગલાંનો ઉછાળ અનોખો હતો. એની આંખડીનું મટકું મનોહારી હતું. એના આખા યે અંગનો ઉઠાવ મોહિનીછલકાતો હતો. સ્હામાં મળે તે સહુ એનાં દર્શન કરીને સંચરતાં..

યૌવનના આંગણુમાં ઉભેલી એ યુવતિ રસકુંજની કીમિયાગરણુ ને પ્રમદવનની પ્રમદા સમી હલેતાવેડાને હીંચકે હિંડોળા ખાતી હીંડતી. મતવાલી ગાયના જેવું અજબ એ માથું ઉછાળતી.

પુરુષોનાં પુરુષાતનને જીતનાર પ્રકૃતિના પ્રફુલ્લેલા પુષ્પ સરિખડી એની આંખડીઓ ફરફરતી.

એનું નામ વિજ્યા હતું.

પણ એ જગતવિજ્યા યે એકદા હારી બેઠી, ને પાંડવોની પેઠે નિજનું સર્વસ્વ હારી બેઠી. એક પાસામાં કોઈ સર્વસ્વ હારી જાય એમ પ્રારબ્ધપાસા સમા એક મટકામાં એ સકળ હારી બેઠી.

અને એ આમ બન્યું.

૨

ગામને પાદર કૂઈ હતી, ને ગામની ગોરીઓ ગામલોકને એ કૂઇનાં પાણી પાતી. લોક એને મીઠી કૂઈ કહેતાં.

ગામ ફરતો ઉજ્જડ વગડો ઢોળાતો. હુનાળામાં ત્ય્હાં ઘામ ધખધખતા, શિયાળામાં ત્ય્હાં શીતળ વાયુ સુસવાતા. વર્ષા આછી વર્ષે ત્હો યે ત્ય્હાં બારે માસ ધરતી રસાર્દ્ર રહેતી.

ત્રણે ય ઋતુઓ ત્ય્હાં જેમ દાખવતી એ ગામલોકને ગમતું.

મીઠી કૂઇ કને થઇને વગડાનો મારગ વહેતો. પાણીના વ્હેળા જેવો એ વગડાનો મારગ વહેતો. ગગનમાંથી પડતી ગંગા સમો મારગ ઉત્તરની ધાર ઉપરથી ઉતરતો ને દક્ષિ-

ણુની ખીણોમાં ઢળી જતો. આભના બન્ને યે છેડાને પરોવતો જાણે તે દોરો હતો.

વગડાના વટેમાર્ગુઓની એ વાટ હતી. જગતના જાત્રાળુઓ એ માર્ગે જતાઆવતા. અનન્તમાંથી ઉતરી એ મારગ અનન્તમાં ઢોળાતો.

મીઠી કૂઇ કને ગામની ધર્મશાળા હતી. પણ ધર્મશાળામાં તો અપંગો જ પડયા રહેતા.

એકદા મીઠી કૂઇને કાંઠડે એ હૈયું હારી બેઠી.

૩

રહવારનો પહેલો પ્રહર ઉતર્યો હતો, ને બીજો પ્રહર બેસતો હતો.

રોજ તો સહિયરસાથમાં મીઠી કૂઇએ રહાંજે રહાંજે તે પાણી જતી. આજ મહીનાં ગોરસ બેવડાયાં હતાં એટલે વ્હલોણામાં ગોળી ઠાલવી, ને ગોરસીઓ ભરી, ને માંખણ તાવ્યાં : તેથી પાણિયારે પાણી રહવારે ભરવાનાં આવ્યાં. સહિયરો રસોડામાં હતી એટલે એ એકાકી પાણી સંચરી.

રહવાર હસતું હતું ને એ યે હસતી હતી. મદને ઝોલે ચ્હડેલી તે પ્રમદા ઝોલાં ખાતી જતી હતી.

સૂર્યનો તડકો હજી કુમળો હતો, છતાં ઉષ્માની ઝાળના પહેલા ફણગા એમાંથી ફૂટતા હતા.

મીઠી કુઇને પગથિયે ઝોલાં ખાતી ખાતી તે ચ્હડી: જાણે કો રાજવીની રાજધેનુ.

ગાળામાં ઘડો પરોવી જળમાં સીંચ્યો. મીઠી કૂઇનાં જળ છાછરછલ્લાં હતાં. પછી જળદોરના વ્હામ ઉછાળતી

હેલેતાએ હિન્ડોલડોલન્તી નિજની છબિ આભના અરી-સામાં જોઇ.

છબિલીનો છાક જાગ્યો હતો.

પહેલે ડૂબણે ગાગર અડધેરિક ભરાઈ. બીજે ડૂબણે ગાગર છલકાઈ ગઇ ને ગરણું ધોવાયું.

ત્રીજી વેળ જળમાં ઘડો સીંચ્યો તે ગાળે ગરણું બાંધીને સીંચ્યો. એક વાર-બે વાર દોર હલાવતી તે કૂવાકાંઠે ઉભી હતી : જાણે ગામની ગોપિકાનું ગૌરવ.

ગુડ ગુડ ગુડ ગુડ ગડગડતો ગરણુંબાંધ્યો ઘડો ધીરે ધીરે ડૂબતો જતો. પરપોટા ઉઠતા ને ફૂટી જતા. પરપોટા ગણતી હોય એવી તે મીઠી ફુઇને કાંઠડે ઉભી હતી.

કેળનો ડોડલો નમતો હોય એવો એના કંઠનો ત્રિભંગ હતો. કટીદેશે સિંહલંક મરડી પાલવનો પંખો ખાતી તે ઉભી હતી. એની આંખડલી આભમાં ઘૂમી આવતી હતી.

ગુડ ગુડ ગુડ ગુડ ઘડો ભરાઇ રહ્યો. દોરના ઉછળતા લસરકા અન્તરિક્ષે ઉછળી રહ્યા. દેહનો હિન્ડોલે પ્રમદાના મદનાં ઉછળતાં મોજાંઓ સરિખડો ઉછળતો.

ઘડાનો ગાળો છોડયો; ગરણું ઉતાર્યું; બેડલું ભરાઇ રહ્યું; ને ઉંચે જૂવે તો સન્મુખ ઉભો દીઠો વગડાનો વટેમાર્ગુ: જાણે કો જાદુગરો જોગી!

૪

'બાઇ! વ્રજપુરનો કેડો કિયો?'

ચમેલી સરિખડાં લોચન ઉઘાડી પ્રમદાએ ઉંચું જોયું. યૌવનનો થાંભલો, પુરુષાતનનો મોભ, દેવોના જાજ્વલ્યદીવડા શો એ એક લ્હેરખડો પુરૂષ હતો.

એના કાને એકએક ફૂલ હતું, એને મોળીડે ફૂલનો તોરો લટકતો

'હા, વ્રજપુરનો ને?'

કદી યે મૂંઝાતી નહિ એને આજ અમૂંઝણ ઉગી. પોપચાં વડટોચને વધાવતાં એ આજ નમી ગયાં. એનાં અંગઅંગ આજ નીતરતાં.

પાલવછેડલો સંકોરીને તે બોલી: 'વ્રજપુરનો ને? પેલા વડલા પડખે છે તરશીંગડો. એ તરશીંગડાને અળગો મ્હેલી નદી ભણી વળશો એટલે વ્રજપુરનાં ઝાડવાં ઝંખાશે.'

બોલતાં બોલતાં એ ઝંખવાઇ ગઈ: જાણે ચન્દ્રકળા ઉપર કોઈ વાદળછાયા આવી બેઠી ન હોય!

ઉડીને પડતા પાંદડા સમી પ્રમદાની હાથેળી ઉછળી ને દિશા દાખવીને પડી. ઝાડની ડાંખળીઓ સરિખડી એની આંગળીઓ ફરફરતી.

'વગડાના વટેમાર્ગુ છો ને?'

એના કંઠમાં વાંસળી બોલતી; એને મુખડે મરકલડાં પડતાં.

તે ગયો. પાણી યે ન પીધું ને વટેમાર્ગુ વગડાની વાટે વળ્યો. નારીહૈયામાં નરની છબી પાડીને તે ગયો.

જતાં જતાં તે લલકારતો હતો. આકાશમાં જાણે વરત નાંખતો હોય ને ઉત્તર માગતો હોય એવું એ લલકારતો હતો. ગેબના પડદા એને બોલડે ડોલતા. પ્રલંબ સૂરે એ લલકારતો હતો:

અમે પરદેશી પાન, વાના વળૂંધ્યાં આવિયાં.

૫

તે ગયો.

પનિહારીનું પાણી યે ન પીધું ને વટેમાર્ગુ વગડાની વાટે વળ્યો.

હથેળીમાં ફૂલ રમે એમ એ વગડાની હથેળીમાં રમતો જતો. પ્રમદાના દૃષ્ટિકિરણનો દોર, ગગનાંગણમાં ઉડતો પતંગ જેમ દોરને આકર્ષતો ઉડે ને ઉડે ને આકર્ષે એમ, પાછળ પાછળ આકર્ષાતો ગયો. વગડો વીંધીને મારગ પડેલો હતો ને વગડો વીંધીને એની નજરો પડતી. આભની ઝાલર પાછળ એ સન્તાયો ત્યહાં સૂધી એણે નિરખ્યાં જ કીધું : જાણે ચક્ષુનું એક જ અંગ એને રહ્યું હતું!

પછી એણે પત્થરની પૂજા માંડી.

મીઠી કૂઇને કાંઠડે કય્હારેક એ એકલવાયી જતી, જઇને બેડલું ભરતી, ને એની વાટ જોતી. પણ વગડાની વાટના વટેમાર્ગુ ગયા પાછા વળ્યા છે વિરલા જ.

મીઠી કૂઈને કાંઠડે ગોપિકા ગણગણતી તે સારૂં ગામ સાંભળતું; વગડો એક જ શ્રવણસૂનો હતો.

એક વાર ગોકુળ આવજો,
 ગોવિન્દરાય! એક વાર ગોકુળ આવજો. (લોકગીત)
લોક કહે છે પન્થીની પ્રીત શી?
ખરેખર! પન્થી તો ઉડતી પાંખનો પડછાયો છે.

૮ : વીણાના તાર

તારલા કંઇ તારલાને તેજમટકે મટમટે;
ટો આત્મ કાં નવ સૂક્ષ્મ તત્ત્વથી આત્મના અનુકમ્પ દે?

ટેનીસન

ઉંડા વનમાં એક નદી હતી ને નદી ઉપર કાળી ભમ્મર છાયા ડોલતી. નદીનાં પાણી, મૃત્યુજલ જેવાં, એ છાયા કરતાં યે કાળાં હતાં.

એ છાયા એક શામળા વૃક્ષની હતી. એ વૃક્ષ ફરતું ઘેરી લીલાશનું ઘુમ્મટઆચ્છાદન હતું. એમાંનાં પુષ્પ ને પાંદડાંઓમાં કંઇ વિરલ સન્ધિકા રમતી.

વૃક્ષ નીચે એક વીણા હતી. વીણા ઉપર વિશાળ ડાળીઓના ફણગા ઢળેલા હતા, અને આકાશના નીલા ઘેર જેવો ઘુમ્મટ રચતા. એ વીણા કઈ ડાળીએથી લટકતી તે કોઈ કહી શકતું નહિ. પણ ઉંચા સોનેરી ઘાસનાં શ્વેત ન્હાનકડાં ફૂલોમાં તે હિંડોળા ખાતી. આભના થંભ જે શોધી કહાડતાં ત્હેમને તે વીણાની ખીંટી જડતી.

કેટલીક વેળા વીણા નદી પર થઈ સરસરતા વાયુબાલના ગીતના પ્રતિરવ ગુંજતી, અને આખું વન એ ધ્રુવ-

સંગીતથી ગાજી ઉઠતું. પણ ઘણી યે વાર નદી જ્યહારે સુષુપ્ત હોય, પંખીઓ ઉડી ગયાં હોય, વાયુબાલ વિશ્રમ્યાં હોય ત્યહારે તે વીણા પોતાનું એકલ ને અકલ સંગીત ગાતી અને વન એ વિશે કંઈ જાણતું નહિ. છતાં એવી વેળાએ સોનેરી ઘાસમાંનાં ન્હાનકડાં ફૂલ કંઇક તેજથી કાન્ત થતાં ને છાનાં છાનાં પરિમલ વેરતાં.

વીણા ગાતી ત્હેનું કારણ કારણવાદીઓથી કળાતું નહિ. પણ પંખીડાં ને વાયુબાલ કરતાં વીણા વધારે ગાતી.

આ બધું એક ઉંડા ઉંડા વનમાં બનતું–ઘણને પાણી પાતા ને દ્‌હોતા એવા એક નદીકાંઠે થતું. ગોપવૃન્દ એ સંગીત સાનન્દ સાંભળતું, કારણ કે તે કૃષ્ણસખા હતા. બાલતેજ ભર્યા સ્હવારે ને છાયાછવરાયા સ્હાંજસમયે ત્હેમના આત્માઓ ત્ય્હાં નિત્યે ને નિત્યે સંગીતપૂર્ણ થતા. પણ વાઘ મૃત્યુશ્વાસ ક્હાડતા કે ચન્દ્રતેજમાં નદી કાન્તિમતી થતી એ મધ્યાહ્નને કે મધ્યરાત્રીએ ગોપકુલ ત્યહાં આવતું નહિ.

એક વેળા સ્હાંજનો સમય હતો ને વન ઉપર સૂર્ય-રાજ વિરામતો.

નદી ઉપર છાયાઓના પટ પડયા હતા ને એ છાયા-પટોને નદીની લહરીઓ હિન્ડોળા નાંખતી.

સુવર્ણતેજમાં પક્ષીઓ પાછાં માળે આવતાં અને ઉંચાં ઉંચાં પત્રગુચ્છોમાંના ઝીણકા માળાઓમાં માદાઓ પોતાનાં પ્રિય આત્મજોનાં સેવન કરતી. તે વેળા વીણા આછાં–અતિ આછેરાં શોકગીત ગાતી હતી.

એક વેળા વેલીમાંના પુષ્પદ્વારમાં થઇને ત્ય્હાં એક સુન્દરી આવી. એની આંખો, સતાં કમળ સમી, ભીની ને રાતી હતી. એના હાથમાં એક બાળક હતું તે ચન્દ્રફૂલના જેવું નીરવ હતું.

વીણાએ વધારે કોમલ ને વધારે શોકગ્રસ્ત સૂર છેડયા. તારાભર્યું વ્યોમ વીંધીને કો સ્વર્ગસ્થ પ્રીતમનો આત્મા પૃથ્વીવાસિની પ્રિયતમાના ઉરમાં કંઇક પ્રેમગીત ગુંજારે એથી યે એ ગીત કોમળ ને કરૂણ હતું.

ફૂલોમાં થઇને તે સુન્દરી નદીતીરે ગઇ. ઉંચે પાંદડાંઓ પણ ત્ય્હારે માળાઓને વીંટી સ્થિર ઉભાં.

તે બોલી: 'મ્હારા આત્માની આંખ! આભની વિશાળી શાખાઓ નીચે મ્હારે બીજું કોઈ નહોતું.'

અને તે માતાએ નિજના ન્હાનકડા બાળુડાના વદનફૂલડાને ચુંબન કીધું, પણ બાળકડાએ ગુલાબી સ્મિત ફરકીને ઉત્તર આપ્યો નહિ. આઘે આઘેના પ્રદેશોમાંથી ઉતરતા કો એક તેજકિરણે એના ગૌર બાળલલાટને તેજસ્વી કીધું.

માતાએ તે તેજકિરણ ચુમ્બી લીધું ને આત્માને તેજપૂર્ણ કીધો.

'મ્હારા હૈયાની કલા! મ્હારા પ્રેમના છેલ્લા અંશ! જા, ત્હારા પિતા પાસે પાછું જા.'

તે માતા નદી ઉપર નમી. ત્હેના ટપકતા અશ્રુબિન્દુઓએ ઉંડા પ્રશાન્ત નદીજલની લહરીઓને જાગૃત કીધી.

એની આંગળીઓ પાણીને અડકી. તત્ક્ષણ બાળકને પાછું ખેંચી લીધું ને નદીથી દૂર જઇને ઉભી. નદીનાં જળ ત્હેને મૃત્યુજળ જેવાં વિકાળ ભાસ્યાં. વાઘના મૃત્યૂછ્‌વાસની છાયા જલ ઉપર ડોલતી દીઠી.

'મ્હારે મૃત્યુમૂર્તિ ન્હોતી જોવી; માટે ચિતા તજી જળસમાધિ આપવા અંહી આવી. શું? જ્યહાં જાઓ ત્યહાં મૃત્યુ સન્મુખ ખડું છે?'

મીંચાયેલી નયનકળીઓને માતાએ વળી વળીને ચુંબન દીધાં, ઉપર અશ્રુજલ છાંટયાં, ત્હો ય તે ઉઘડયાં નહિ. માતાની ઉછળતી છાતી ઉપર બાળકની સુવર્ણલટો-માંથી સરિતજલનાં બિન્દુ ટપકતાં હતાં. તે ત્યહાં જ સમાતાં ને માતાનું હૈયું ભીંજવતાં ને ભરતાં

વીણા વધારે ને વધારે સુકોમળ વાગતી.

'જા, મ્હારા વ્હાલા! સ્વર્ગને બારણે ત્હારા પિતા ત્હારી વાટ જૂવે છે.'

ઘાસ ઉપરથી એ ઉઠી ને નદીની કિનાર ઉપર આવી. મૃત્યુશામળી નદી વહતી હતી.

નદી ઉપર તે નમી. ક્ષિતિજપાળે કો વાદળી ઉપર ચન્દ્રકિરણો શુક્રતારાને ઝીલી રહ્યાં હોય એવા બાળકઝીલ્યા આરસહાથ માતાએ લંબાવ્યા. તે નમી ને વીણાનું રુદન-ગીત વન વીંધી વહી રહ્યું. નદી ઉપરની શામળી છાયાઓ યે ધ્રુજી ઉઠી ને આકાશોમાંથી સૂર્યે તેજ સમેટી લીધું.

વીણા ગીત ગાતી, પણ તારોનો સૂરસંવાદ ન હતો.

તે પાછી વળી-બાળક વિનાની માતા જળઓઘ ઉપરથી પાછી વળી. નીલઘેરા વૃક્ષના પોલા ઘુમ્મટથી ત્હેની દૃષ્ટિ ભરાઇ ગઇ. ત્હેની દૃષ્ટિશૂન્ય આંખો સૂરની સ્વરમૂર્તિઓ નિરખતી: એટલી સ્થિર અને એકાગ્ર એણે દૃષ્ટિ માંડી હતી. વીણાનો સ્વરભંગ અન્તરમાં અથડાતો, ન ગમતો; પણ તે જાણતી ન્હોતી કે શાથી.

આવતા કે જતા અગમ્યના ઓળા જેવાં વીણા ગીત ગાતી.

તે દૃષ્ટિ માંડી રહી : સોનવર્ણાં ઘાસ ને ત્હેમનાં ફૂલ-તારકો ઉપર થઇને દૂર-દૂરનાં વનમાં એ અનિમિષ દૃષ્ટિ માંડી રહી. પણ સ્વરભંગથી ભરેલા, વૃક્ષ નીચે લટકતા, ઘુમ્મટ વિના કાંઇ ત્હેણે દીઠું નહિ.

'એ તો ભ્રમણા' કહી એણે મન વાળ્યું.

તે વિચારશૂન્ય હતી: એના અન્તર્જલમાંથી વિચાર-લહરીઓ આથમી ગઇ હતી. એનો આત્મા સૃષ્ટિનો ન્હોતો રહ્યો. ગીતની ગુફાઓમાં, વીણાના સ્વરખંડિત ગુંજારમાં તે વિચરતો. હૃદયભાવમાં તે જીવતી, પણ તે મહેલોમાં ચે ચીરા પડયા હતા.

'પ્રિયે!' કહીને કોઈ બોલાવે છે એવું એણે સાંભળ્યું. આઘે-આઘેના અદ્રશ્ય સાગરના મર્મર જેવો એ ધ્વનિ આ-વતો, ને વીણાના સ્વરભંગમાં ભળી જતો.

એવે વેલીપડદાનાં પાંદડાંઓએ માર્ગ કીધો ને ઘાસનાં ફૂલડાં નમવા લાગ્યાં. દુનિયામાંથી નદી ભણી એક ગોપ આવતો હતો.

એને અને વીણાગીતના ભાગ્યાતૂટ્યા માધુર્યને માતાએ દીઠાં. ત્હેનું હૃદય વધારે ભાગ્યું. પળે પળે તે વિવર્ણી થતી ગઇ.

વીણામાંથી વધારે સ્વરભંગ ઝરતો.

' અને અંહિયાં ય તે ? '

તે બોલી શકી નહિ. આભનાં ઉંડાણમાં નજર નાંખી ઉભી. પ્રિયની અદ્રશ્ય પ્રેમકાન્તિ જેવું સાન્ધ્યતેજ અન્તરિક્ષેથી ઉતરતું હતું.

પછી એને ક્રોધજ્વાળા પ્રગટી. બોલતાં વીજળી સમી તે ધ્રૂજતી.

' અને સ્વર્ગસ્થની પ્રિયતમા ઉપરનો, પારકી કુલવધૂનો ત્હમારો પ્રેમ લઇને ત્હમે અંહિયાં પણ આવ્યા ? અરે અંહિયાં !–આપણ સહુનું બલિદાન લે છે એ નદીકાંઠે ? મ્હારી છેલ્લી ઉઘડતી આશા હમણાં એને મ્હેં આધીન કીધી ત્ય્હાં ? જગતની સ્મશાનભૂમિમાં ? આત્માની ચીતાને આરે ? '

માતાની આંખમાંથી કોપાશ્રુઓ ટપકયાં. ઘાસની કુમળી રેખાઓને તે બાળી મૂકતાં, ધરતીને યે દઝાડતાં.

' નહિં–નહિ : અંહી હું પ્રેમથાળ લેઇને આવ્યો નથી–જો પ્રેમને ઉરમાંથી દૂર કરાતો હોય તો. એક અનાથ સુન્દરીને–એક અબાલ માતાને હું એટલું જ કહેવા આવ્યો છું કે પડતી રાત્રીમાં ત્હેનાં કો પ્રિયજન હજી છે. '

' મ્હારાં પ્રેમ ને આશાની મૃત્યુક્રિયા યે ત્હમે મ્હને એકાન્તમાં કરવા દીધી નહિ : આકાશોની પાર ત્હેના પિતા પાસે જતું ફૂલ ત્હમે મ્હને ભરી આંખે જોવા દીધું નહિ ! '

આંસુની ધારાઓ વહી રહી. માનવકુલની માતા ધરતી તે ઝીલતી.

'પિતા પાસે પુત્ર ગયો, તો આ આંસુ શાને? આશા ઉરમાં સંકેલાઈ, પ્રેમ પ્રાણમાં સમાયો: તો તો સ્વર્ગપન્થ આંસુડે ભીજવવા શાને? રજા છે?–ફૂલપાંખડીએ આંસુઓ લ્હોઉં?'

गतांसुं नगतांसुंश्च नानुशोचन्ति पंडिता: એ ગીતાવાક્ય સમું ક્રૂર પાંડિત્ય તે ઉચ્ચરતો હતો.

ઉગ્ર દ્રષ્ટિપાત ફેંકતી એ માતા, એ કુલવધૂ ઉદ્‌ગ્રીવ ઉભી: પગલું પાછું ભરી નદી ઉપર તે નમી. વીણા અતિવ મંજુલ વિષાદગીત ગુંજારતી હતી, પણ એથી યે એના ઉરગુંજાર વધુ મંજુલ ને સૂક્ષ્મવિષાદી હતા. કટારની ધારે તે કાળજુ કાપતા.

વિશ્વમાં એણે એકલતા ઉભેલી દીઠી.

જગત ભણી, વૃક્ષની બખોલમાં એણે જોયું. વીણા ભણી એણે એક કટાક્ષ નાંખ્યું ને ગણગણી: 'મ્હારૂં હૃદય.' પછી તે કૂદી–પછી પાછળની સન્ધિકાનાં જળમાં તે કૂદી પડી.

ઝીણી વિદ્યુતરેખા જેવો આકાશમાં ઝાંખો એક ઝબકારો થયો; ને સમસ્ત સાન્ધ્યતેજ, તે સુન્દરીના પાલવ જેવું, ત્હેની પાછળ ઉડી ગયું. દીવા જેવી તે હોઇવાઇ ને પ્રકાશ જેવા ત્હેના પરિમળ આથમ્યા.

ગોપના હૃદયધામે જઇ એ ઝબક અથડાઈ અને તૃણલીલાના શીતળ ઉછંગે કુસુમોમાં એ ગોપ આત્મમૂર્છામાં પડ્યો.

વૃક્ષોનાં પાંદડાંઓમાં અન્ધકાર હતો, પણ ક્ષિતિજની પાછળ રજતધવળ તેજકિરણો રમતાં.

ધીરે ધીરે રાત્રી ઉતરી ને ઘટ્ટ થઇ. ધીરે ધીરે ચન્દ્ર ઉગ્યો ને રાત્રીને આછી કીધી. પૃથ્વીના અન્ધકાર ને આભનાં રહસ્ય અજવાળતાં ચન્દ્રતેજ વચ્ચે મૃત્યુશામળી નદી તેજવર્ણી વિલસતી.

એવે આઘેની કોકિલાના આછેરા ટહુકાર સમો ધીરો—અતિ ધીરો કલરવ થયો. પણ કોકિલકુલ તો ત્ય્હારે નિદ્રાલીન હતું. એ તો વીણાનું મંજુલતમ સંગીત હતું. આત્મા એ સાંભળતા, પણ જડનાં થડિયાંનું વન એ વિશે કાંઇ જાણતું નહિ.

પુષ્પો ઉપર, પુષ્પોમાં મૂર્છિત ગોપ ઉપર, ને મૂર્છિત ગોપના અખંડ જાગૃત આત્મામાં એ વીણાનો કલરવ ઝમતો હતો.

જગત શૂન્યમુખ ઉભું હતું.

કંઇક વારે ગોપની મૂર્છા વળી. મહાસાગરના તળિયેથી તેજમાં આવતા મનુષ્યની પેઠે ત્હેણે પોતાની ફરતું નવું તેજ રમતું દીઠું.

ઝાડ નીચે અન્ધકારમાં ચન્દ્રનાં કિરણચાંદલિયા તરતા હતા. નદીમાંથી નીકળી ચન્દ્રમાને અડતો એક તેજફૂવારો ઉડતો હતો. એ તેજફૂવારામાંથી ઉડતાં છાંટણાં જેવા ગગનમંડળે તારલિયા વેરાતા. ઉપર કાળી ઝાલરો ઝઝૂમતી.

એ સહુ એક ઉંડા ઉંડા વનમાં થતું, પણ વન એ કાંઇ જાણતું નહિ.

આત્માની ફરફર સમું આસપાસ ચમકતું વીણાગાનનું માધુર્ય, ઉપર ચન્દનીનાં ફોરાં, સન્મુખ નાચતો સહસ્રધારાનો તેજફુવારો, સહુ માથે તગતગતો કોટિચક્ષુવન્તો ગગનચન્દરવો: ત્હેમનો પ્રભાવ ગોપપ્રાણમાં વાયુ સમો સંચરતો. માનવી શ્વાસોચ્છ્વાસ લે છે પણ જાણતો નથી: એમ એ ગોપ પણ એ કાંઇ જાણતો નહિ.

એના અન્તરમાં સ્મરણો ઉછળતાં, આંખમાં ભૂતકાળ રમતો, મુખડે આયુષ્ય ઉચ્ચરતાં.

૧

મ્હેં પ્રેમ કીધો પ્રાણ શું, ને પ્રાણ પોષ્યો પ્રેમથી;
રમું છું હજી પ્રિયપ્રેમના તેજે, ભલે પ્રિય અંહિ નથી.
મ્હેં શ્રેય વાંછ્યું પ્રેમીનું; ને શ્રેય જે પ્રિય વાંછતી,
તે શ્રેય–મુજ અન્તર ચીરી પણ–પામી ગઇ સ્વર્ગે સતી.
નિજ આત્મને સુખ હો–ન હો, પ્રિયઆત્મને સુખ વાંછવાં
એ પ્રેમનો સિદ્ધાન્તઃ પ્રિયને અર્પ સુખ પ્રભુ! નવનવાં.
પ્રિય જે સુહાગી આત્મનો સહવાસ મનમાં ઝંખતી,
એ આત્મ સંગે ભોગવો સુખ ચિરસ્થાયી શીલવતી.
રમું છું હજી પ્રિયપ્રેમમાં, ને પ્રાણ પોષું છું પ્રેમથી;
પ્રતિપ્રેમ પ્રિયનો વાંછવો કંઇ પ્રેમમાર્ગે એ નથી.

અને તે ગોપ તેજફૂવારા ભણી ચાલતો હતો ત્ય્હારે ત્હેની પોતાની છાયા ત્હેનાં પગલાંમાં અથડાતી.

૨

પ્રિયનું પરમ શ્રેય સંતત એ મ્હારૂં ધ્યેય;
મ્હારે એ જ મોક્ષમન્ત્ર પ્રિયનો પ્રિયનો,
એ નિત્યપ્રભાવતીનો.

હૃદય-હૃદયગાને, વીણા-વીણાના પ્રદાને
જીવવું જીવન મ્હારે પ્રિયનું પ્રિયનું,
એ રમ્ય પ્રભાવતીનું.

પ્રભુ-પ્રભુની કલાઓ, પ્રેમભક્તિનાં વિધાનો,
મ્હારે સહુ એ મૂર્તિઓ પ્રિયની પ્રિયની,
એ પુણ્યપ્રભાવતીની.

સમર્પું વિશુદ્ધ કરી સદા રસથાળે ભરી
સકળ અન્તર્‌ભાવ પ્રિયને પ્રિયને,
એ પૂજ્ય પ્રભાવતીને.

વૃક્ષમાળા વટાવી એ ચાલ્યો. મૃત્યુશાળી સરિતાના તટઉઘાડમાં એ આવ્યો. ઉપરથી ચન્દ્રનાં કિરણો એને અભિષેક કરતાં.

સ્વર્ગનાં અદ્‌ભુત સંગીતથી વીણા ધીમી ધીમી વાગતી.

જળ ઉપર ઝૂલતાં ફૂલડાં એ ગોપે ખસેડયાં, ને જલતીરે જઇ બેઠો. પાછું વાળી ત્હેણે વીણા ભણી જોયું. વીણા વધારે ધીમું ધીમું ગાતી ને ગોપના આત્મતન્તુઓમાં એના અનુકમ્પ જાગ્યા. ધીમેશથી-એના કાને ય ન સાંભળ્યું એવું ધીમેશથી એ ગણુગણ્યો : ‘ મ્હારૂં હૃદય. ’

પહેલાં તો જળ શું એણે રમત માંડી. પછી જળમાં કંઇક શોધતો હોય એવી જળમાં એણે અંગુલીઓ પરોવી. અને પછી—અને પછી અન્તે એણે એ મૃત્યુશામળી સરિતાનાં જળનાં તેજ પીધાં. ક્ષણેક જળપટ ભાગ્યું ને ખળભળ્યું; ઉપર નમતા ઘાસનાં ફૂલડાંમાં જલલહરીઓ આવી ને શમી ગઇ.

એ આખી રાત્રી નદી ઉપર ચન્દ્રનાં કિરણો રમતાં, તેજપુવારો સહસ્રધારાઓ ફેંકતો અજવાળાં ઉડાવતો. વીણા પણ દુનિયા પારના કલબોલ બોલતી.

આ બધું ઉંડા ઉંડા વનમાં થતું. જ્યહાં ધણુને પાણી પાય છે ને દૂદ્દવે છે એ નદીકાંઠે આ સહુ બનતું. જૂનાં થડિયાંનું વન એ જાણતું નહિ. ઝાંખું ઝાંખું તારલા તે જોતા, સ્હેમજતા, ને નયન મટમટાવતા.

મધરાતે ઘોર વાયુ વાયો ને જગત ફરિયાદ કરતું હોય એવી ઘોર ગર્જના કરી ગયો. મંહી દુનિયાના બોલ હતા, આત્માને એ અથડાતા ને પૂછતા કે

સતી પાછળ એ સતો થયો તો પરમેશ્વરે મૂંઝાશેને કે એ પ્રીતમની એક પ્રિયાને સ્વર્ગમાં યે શી રીતે વ્હેંચી આપવી ?

૯ : અંજનશલાકા

અથવા

સતી કે સુન્દરી?

♣ ♣ ♣

'સંસારનો આજનો આદર્શ કિયો ?—સતી કે સુન્દરી ?'

અમે બે મિત્રો એક કન્યામહાવિદ્યાલયના વાર્ષિકોત્સવમાં જતા હતા.

મ્હેં કહ્યું : 'અઢારમી સદીનો હજી રહ્યો. સતીઓ થતી બંધ કર્યે સૈકો થવા આવ્યો. વીસમી સદીમાં ત્હારે નરમેધ પૂજવા છે ?'

'ખ્રીસ્તીઓનાં દેવળો પૃથ્વી ઉપર કેટલાં હશે ?' એણે પૂછ્યું.

'ત્હારી તો બુદ્ધિનું બજાર એટલે અપ્રસ્તુતના પ્રશ્નો. વાત કરતાં વગડે દોડે ! ત્હારા પ્રશ્નને ને ચાલતી વાતને લેવાદેવા શી છે ?'

'પણ કહે તો ખરો કે ખ્રીસ્તી દેવળો કેટલાંક છે દુનિયામાં ?' એ હઠે વ્હડયો.

'હશે–લાખ હશે, બે લાખ હશે.'

'યૂરોપઅમેરિકામાં ગામડાં ને નગરો એટલાં દેવળો તો ખરાં ને ?'

'હા સ્તો. એથી ઓછાં, પણ ઓછાં નહિ.'

'મ્હારા વીસમી સદીના આરાધક! ઉતાવળા મા થાવ. પૃથ્વી ઉપરના પાંચ લાખ ખ્રીસ્તી દેવળોમાં આજે યે નરમેધની આરાધના થાય છે. મેકોલે તો નાસ્તિક હતો ને એન્ટિકને એના પાશ ચ્હડયા'તા. એન્ટિક ઈશુનો હિલોાજન આરાધક હોત તો અમારી એ ઈશુડીઓને ન અવરોધત. એન્ટિકનો કાયદો એટલે સતીત્વનો અવરોધ. સાચા ખ્રિસ્તભક્તો સતીને નરમેધ ન ભાખે.'

'પણ એકસો વર્ષ થયાં બારણાં દેવાયે. આજ શું છે એનું?'

'આજ એ છે કે સતીની ભાવનાને બદલે સુન્દરીની ભાવના આપણા સંસારે ચક્રવર્તી થઈ એનું એ પરવ.'

'પણ જગત એથી આગળ વધ્યું કે પાછળ પડયું?'

'તું એક ઉત્તર આપે તો હું એનો ઉત્તર આપું.'

'પૂછે ત્હારે ઉત્તર આપું કે પૂછયા પહેલાં?'

'કહે ત્હારે. Moral–નૈતિક ભાવનાઓના વિકાસથી જગત આગળ વધે કે સૌન્દર્યની ભાવનાઓના વિકાસથી?'

'બન્નેયથી.'

'એ નિશ્ચિત ઉત્તર નથી. માનવીની ચક્રવર્તી ભાવના કઇ? પુણ્યની કે સૌન્દર્યની?'

'મ્હેં ઉત્તર આપ્યો: હવે ત્હારો વારો.'

'ફિલસુફીને નહિ ભાખું', ઉત્તરમાં ઇતિહાસ કહું.

ઍન્ટિકનો કાયદો થયા પછી ધીમે ધીમે સંસારને સિંહાસનેથી સતીની ભાવનાને પદભ્રષ્ટ કરીને સુન્દરીની ભાવના ચક્રવર્તી થઈ.'

એટલામાં સુન્દરતાના શણગાર સજેલી સુન્દરી સમું શણગારેલું કન્યાવિદ્યામન્દિર આવી પહોચ્યું.

બારણામાં જ અધિષ્ઠાત્રીએ અમને સત્કાર્યાં. એમનો શક્રો આજ ઓર હતો. પાણીથી ન્હાય ને નીતરે એમ સૌન્દર્યથી એ જાણે ન્હાતાં ને નીતરતાં હતાં.

મ્હેં પૂછ્યું : 'એ સતી છે કે સુન્દરી ? હજી કુંવારાં તો છે.'

'હવે છાલ છોડ ને ઉત્સવને માણ.'

'જો : આજ તો યૂરોપમાં એવું છે કે રાજાની વહુ તે રાણી ખરી, પણ રાણીનો વર તે રાજા નહિ.'

'એટલે ?'

'એટલે એ કે મહેતાજીની પત્ની શાળાના ઉત્સવમાં મ્હાલે; પણ મહેતીજીને વર હોય તો કોઈક ખૂણાને શોભાવી મહેતીજીને માણતી નિહાળી રહે.'

અમે શાળામન્દિરમાં ગયા. સભાગૃહમાં પણ સુન્દરતા ચક્રવર્તી હતી.

'પણ આજ આટલો યુવકવર્ગ કય્હાંથી ? બાળાઓનું પ્રદર્શન તો, મુખ્યત્વે, ત્હેમની માતાઓ કને હોયને ?'

'યુવતિઓ પરણવાની તો છે યુવકોને ને ? એટલે યુવકસંઘને ન્હોતર્યો છે આજ. રહી જતા'તા એમણે માગી માગીને ન્હોતરાં લીધાં.'

નાટકગ્રહના જેવું કંઇક સભાગૃહ રચ્યું હતું. વચ્ચે રંગભૂમિ સમું તખત હતું, ફરતાં સભાજન હતાં.

બે ન્હાની બાળાઓએ નાન્દી ગાઈ. સભાઓમાં નાન્દી ગાવાનું ન્હાનકડી બાળાઓને કેમ સોંપાય છે?

લોક કુતૂહલદૃષ્ટિએ જોઈ રહ્યું હતું.

પછી આવ્યો સંવાદ, સરસ્વતી ને લક્ષ્મીનો. પેલો સંસ્કૃત શ્લોક લક્ષ્મીજીએ છટાથી ગાયો કે ત્હારો ભક્ત મ્હારા પિતાને પી ગયો. ત્હારા આરાધકે મ્હારા પતિને છાતીમાં લાત મારી. વિ. સરસ્વતીએ પોતાની દલીલો સાત્ત્વિકતાથી ઉચ્ચારી. નિર્ણય ન થયો; એટલે વિધાત્રી દેવી અદ્ધરથી ઉતર્યા. રંગરંગનાં અજવાળાં એમનાં ઉપર વરસાવવામાં આવ્યાં: જાણે ઇન્દ્રધનુષ્યની ડાળખીએ લટકી ઉતરતાં ન હોય! એમણે નિર્ધાર ઉચ્ચાર્યો કે શ્રમ છતાં સિદ્ધિ વિધિદેવને હાથ છે.

ને પછી આવ્યો ગરબો. એ સાંભળવાને ને જોવાને યુવકમંડળ આવ્યું હતું. હવે તો ગરબો સાંભળવાનો એટલો જ જોવાનો હોય છે.

સહુને જાણે જગાડવાને હોય એમ નરઘાં ઉપર થાપ પડી ને પછી રહી ગઇ. આજનો ગરબો જલતરંગ સાથે ઝીલવાનો હતો.

સભાગૃહ ચિત્રવત્ બની રહ્યું.

ઘૂઘરિયાળા રૂપાના રાસડાંડિયા લઇને ઝીલનારીઓ આવી. એમને પગને ઠમકે ધરતી ધ્રૂજતી.

દીવાળીમાં દીવા કરે એમ સભાજનોની આંખડીઓમાં દીવા પ્રગટ્યા.

શ્રી નટવર વસન્ત થેઇ થેઇ નાચી રહ્યો.

મોરલીને શબ્દે ગરબો ઉપડ્યો. જલતરંગની ઘંટડીઓ ગુંજારવ કરતી.

નાચી રહ્યો, જગ નચાવી રહ્યો;
શ્રી નટવર વસન્ત થેઈ થેઇ નાચી રહ્યો.

ગરબો કહેતો કે જગત આખું નાચતું. ત્ય્હારે સભાજનો કાંઈ જગત બહાર નહોતા બેઠા. હવાઈઓ છૂટે એમ કામણવર્ણાં નયનકિરણો દિશદિશમાંથી ઉડતાં હતાં.

મ્હેં કહ્યું : એક અંજનશલાકા આમની આંખોમાં આંજવી જોઇએ. આંખોમાં આંખનિર્મળી છાંટો.

એણે કહ્યું : હા; દુનિયાના Scientists ની પરિષદ ભર એટલે એ શોધી કહાડે.

કોયલ મધુર મોરલી બની, નાચે નટવર ક્હાન.

અમારી સન્મુખની ધરતી જાણે રત્નોની ખાણ હોય ને અમે ખણીખણીને મંહીથી રત્નો કહાડતા હોઇએ એમ અમે દૃષ્ટિબાણે ધરતીને ખોતરતા.

એણે કહ્યું : 'ધર્મમન્દિરની છાયામાં ઉત્સવો ઉજવાતા ત્ય્હારે કંઇકે મર્યાદા ધર્મધ્વજની રહેતી હશે ખરી ને?'

મ્હેં કહ્યું : 'એ ધજાની છાયા જેટલી. સુન્દરતા

ચક્રવર્તી થાય એટલે જગત જાણે હિન્ડોળે ચ્હડે : નાવડું જાણે મોજાંમાં ડોલે. સંસારશાસ્ત્રની દષ્ટિએ મ્હને તો એક જ ભૂલ લાગે છે: પુણ્યભાવનાની પદભ્રષ્ટતા ને સૌન્દર્યભાવનાની સર્વોપરિતા.'

'સુન્દરતા નહિ, ત્ય્હારે સર્વોપરી શું ?'

'સૃષ્ટિમાં સર્વોપરી પુણ્ય ને પ્રભુ. એ લોપાય એવાં શિક્ષણ કે સંસાર ન હોય. કન્યાશાળાઓમાં આજ સતીનું નહિ, સુન્દરીનું આદર્શ આરાધાય છે.'

'આસપાસ જૂવો. આપણી પુરૂષોની આંખ સુન્દરીને વાંછે છે કે સતીને? પુરૂષની આંખ વાંછે છે તે કન્યાશાળા આપે છે.'

'એટલે જ કહ્યુંને કે પુરૂષની આંખડીને અંજશલાકા આંજવી જોઇએ–આંખનિર્મળી છાંટવી જોઇએ.'

'ભરજે જગતના Scientistsની પરિષદ, ને શોધજે એ આંખનિર્મળી. મ્હારૂં ચાલે તો ઍન્ટિકનો કાયદો રદ કરાવું કે સતીઓ પાછી અવતરે.'

'મ્હારૂં ચાલે તો હું તો એવો કાયદો કરાવું કે સ્વેચ્છાથી સતીઓ યે ભલે થાય ને સ્વેચ્છાથી સતા યે ભલે થાય. પછી જોઈ લ્યો પરીક્ષા નર ને નારની!'

અમે બન્ને હસી પડયા; કારણ કે અમારામાંથી એક્કેયનું ચાલવાનું હતું જ નહિ–એ વિદ્યામન્દિરમાં, સંસારમાં કે સામ્રાજ્યમાં.

૧૦ : હું તો નિરાશ થઇ

હું તો તે દિવસે નિરાશ થઇને આવી.

કોર્ટમાં જેમ ચોર ને ડાકુ ને ગુનેહગારો આવે છે એમ દવાખાને તાવલા પરૂવાળા કુદરતના ગુનેહગારો આવે છે. કોર્ટમાં સાચો કોક ફરકે, એમ દવાખાને સાજો કોક ફરકે. મ્હારૂં દવાખાનું પણ અપવાદરૂપ ન હતું, એટલે મ્હારે ત્યહાં યે નિરન્તર કુદરતના ગુનેહગારો દેખાતા.

તેથી કુદરતના કોડીલા નિરખવાના મ્હને કોડ હતા.

ઉકરડા ઉખેળનાર કો દેવમન્દિરે દર્શન કરવા જાય એ ભાવથી હું ભાષણ સાંભળવા ગઈ હતી.

ભાષણકારની ખ્યાતિ રસદેવની હતી. લોક એને રસનો ફૂવારો કહેતા. માસિકોમાં એની છબિલી છબિઓ છપાતી; વાર્ષિકોમાં એની લયલામજનૂનની વાર્તાઓ આવતી; મેનકા લાલારૂખ મસ્તાની લેડી હેમિલ્ટનને નાયકા સ્થાપી એણે કાદંબરીઓ લખી હતી.

નરનારના કુદરતરચ્યા આકર્ષણશાસ્ત્રનો એ આચાર્ય મનાતો. Sex relationsના Scienceને એ આવતી સદીનું Science કહેતો.

એના ભક્તો કહેતા કે વીસમી સદીમાં જાણે બાવી-સમી સદીનો એ મહાપુરૂષ અવતર્યો હતો.

એ કહેતો કે સ્ત્રીઓ સૌન્દર્યમૂર્તિઓ છે; ને લોકોત્તર રમણીયતાને સુન્દરીઓ ઝીલે છે એટલું પૌરૂષમુદ્રાળા પુરૂષો

ઝીલતા નથી. તેથી સ્ત્રીમંડળોમાં વ્યાખ્યાનો કરવાનો એને પક્ષપાત હતો.

એ રસિકવરને જોવાને ને સાંભળવાને હું તો સ્ત્રી-મંડળમાં ગઇ હતી.

વિષય ખરેખર! રસિક હતો: એક દેહની બે પાંખો. ને ભાષણકર્તા રસિકવર હતા: ઇતિહાસઘડતા પ્રેમનાં નાટક-વાર્તાઓના કર્તા. એ રસિકતા મ્હને આકર્ષી ગઇ હતી.

પણ હું નિરાશ થઇને પાછી આવી.

લોક હોય તેથી ડાહ્યા દેખાવા કેમ મથતા હશે?

સભાગૃહ જવાહીરોથી ઝળહળતું હતું. કાનબુટ્ટીના હીરાઓની જાણે નયનબુટ્ટીના હીરાઓ સ્પર્ધા કરતા. સાડી-ઓના રંગો તો જાણે સન્ધ્યાકાળનાં સોનેરી વાદળાં. ચોળીમાંનું ઇન્દ્રધનુષ્ય ત્‌હાં એક જ ન હતું. મોરની ખોલેલી કલામાં માંડેલાં હોય છે એટએટલાં ઇન્દ્રધનુષ્યો ચોળીઓમાં રમતાં. લીલીની લાંબી પાંદડીઓ ઢળતી હોય એવી કરપાંદડીઓ ઢળેલી હતી.

અને ફૂલડાં વચ્ચે માળી એવો એ રસમાળી સ્ત્રીમં-ડળમાં શોભતો.

દાયકાઓ પૂર્વે એક વેળા પ્રિન્સ રણજિતને ક્રિકેટ ખેલતા જોવા હું ગઇ હતી. બંગલેથી જાણે પ્રિન્સ રણજિત દ્રઢ નિશ્ચય કરીને જ આવ્યા હોય કે વીસ હજારની માનવ-મેદનીને આજ નિરાશ કરવી છે એમ બન્ને ય દાવમાં એમણે બ્રહ્માંડ ચીતર્યું. તે દહાડે થઇ હતી એવી આજે હું નિરાશ થઇને પાછી આવી.

આજ જાણે એમને નવી કીર્તિ કમાવી હોય એમ લાગ્યું.

પ્રૌઢતાને પગલે એ પધાર્યા, પણ ગાંભીર્ય એમને શોભતું ન્હોતું. થનગનતો ઘોડો હાથીની ચાલે જાણે આજ ચાલતો હતો.

નિત્યના ઉજળા એ આજ કાળા ભાસતા. નિત્યના હાસ્યરેખાળા એમની આજ રૂદ્રમુદ્રા હતી.

એ અકસ્માત ન હતો, નિર્ણયની દઢતા હતી.

રસિકવર આજ ડાહ્યાડમરા દીસતા.

એ ઉઠયા. પ્રમુખના ટેબલ ઉપર જાણે અક્ષર કોરેલા હોય ને એ વાંચી વાંચીને વ્યાખ્યાન ઉચ્ચરતા હોય એમ આંખ ટેબલ ઉપર જ ચોટેલી હતીઃ જાણે આસપાસ નયનઅળખામણાં જ એકઠાં મળ્યાં ન હોય.

સ્ત્રીસ્વભાવ જ–કોણ જાણે શાથી?–પણ એવો છે કે નફ્ફટને નભાવી લે, લાજાળને નભાવી લેતો નથી.

હું ને મ્હારી સહિયરો તો નિરાશ થયાં.

અમે તો ધાર્યું હતું કે વાદળીને વિમાને બેસાડીને કિયા કિયા આસ્માનમાં ઘૂમાવશે. અમે માન્યું હતું કે કેવી કેવી દિશાઓની કુંજો ઉઘાડીને અન્દરનું બતાવશે. પણ એમણે તો આજ પાંખ બીડી દીધી હતી, ને કૂંચીઓ ઘેર મૂકી આવ્યા હતા.

પૃથ્વીથી પર એ ઉડતા જ નહિ.

એમણે તો આજ ડહાપણનાં દફ્તર ખોલ્યાં હતાં.

ભાષણ આરંભ્યું. દેશદેશના દરવાજા એ ઠોકી આવ્યા. સાગર ઓળંગ્યા, યુગયુગ ઘૂમી વળ્યા. કાશ્મીરની કુંજો દાખવી, શીરાઝના ગુલઝાર વર્ણવ્યા, દીલ્હીનાં રંગભુવનો ખડાં કીધાં. રસ પડે એવું એવું ઘણું રસિકવરે કહ્યું. પણ-પણ છેલ્લેવેલ્લે ધબડકો વાળ્યો.

અમે માન્યું'તું કે કેવાંકે નન્દનવન હવે ઉપસંહારમાં ચીતરશે: કેવાકે પરીઓના મહેલ ઉભા કરશે ને મંહીના દેવદેવાંગનાઓના અલકાના ખેલ દેખાડશે.

એમણે તો શાસ્ત્ર ઉઘાડયાં.

રોજ ને રોજ મેડિકલ કોલેજમાં અમે ભણતાં એ જ એમના ભાષણનો ઉપસંહાર હતો.

All women are physiologically the same. What men desire of their women friends is the joy of psychological pleasures.

મ્હને થયું કે આ તે રસિકવર બોલે છે કે એનાટોમીના પ્રોફેસર ?

હું તો તે દિવસે નિરાશ થઈને પાછી આવી. ને મ્હારા જેવીઓ કંઇ કંઇ નિરાશ થઇને ગઇ હશે.

અમે કેટલીક સહિયરો તો અમારા સ્ત્રીમંડળમાં દરખાસ્ત લાવવાનાં છીએ કે આયન્દે ભાષણકર્તાની આમન્ત્રણ પત્રિકામાં એક ફૂટનોટ છપાવવી કે 'જેવા છો એવા દેખાવું હોય તો જ ભાષણ કરવા આવજો.'

પુરુષો કેવી ગંભીર ભૂલ ખાય છે ? અમ જેવીઓને તે ડહાપણના દરિયા જોઇએ છીએ ? કે રસિકવર ?

૧૧ : બ્રહ્મચારી

તે બ્રહ્મચારી હતા.

વસ્તી વચ્ચે દેવમન્દિર હતું ને એ દેવમન્દિરમાં તે રહેતા. સ્હવારે ને સ્હાંજરે નગરમાર્ગો ઉપર થઇ નદીએ તે ન્હાવા જતા ત્ય્હારે ભરવસ્તીમાં એની આંખે ઉંચી થતી કોઈએ દીઠી નથી; નગરમાર્ગો ઉપર એનું પોપચું ચે ફરકતાં કોઇએ જોયું નથી.

બાલ સૂર્ય સમી એની કાન્તિ હતીઃ ધ્રુવ તારલા જેવાં નયનો હતાંઃ આરસની છાટો જેવાં અંગ હતાં. ફૂલમાંથી સુગન્ધ સ્ફુરે એવી એના અંગ–અંગમાંથી સાધુતા ફોરતી.

નગરના સાધુઓ એની વન્દનાએ આવતા. કોઇ વન્દે એથી સવાયું નમીને એ વન્દતા. લોક ચરણવન્દનાએ આવતાં; પોતે સ્હામી લોકની ચરણવન્દના લેતા ને જનતાને એમ શરમાવતા. દર્શને આવતાં ત્હેમને એ કહેતા કે દર્શન તો પરસ્પરનાં છે.

ધન એને ધરાતું નહિ. એ કહેતા સંન્યાસીને સોનું એ અંગારા છે, અડકે એનો સંન્યાસ દાઝે. ફળફૂલ લોક ધરતું તે સહુ એ બાળકોને વ્હેંચી આપતા. એની ઉદારતા અઢળક હતી. લોક કહેતા એના માદળિયામાં જાદુ છે.

સુતરના શ્વેત દોરે પરોવેલું એક ત્રાંબાનું માદળિયું એને હૈયે લટકતું. સ્હવારે સ્હવારે એ પૂજામાં બેસતા ત્ય્હારે દેવમૂર્તિ સંગાથે એ માદળિયું પૂજાસિંહાસને મૂકતા ને દેવ સાથે એને યે ધૂપઆરતી ધરાવતા. શ્રી કૃષ્ણને કૌસ્તુભ મણિ હતો એથી યે એનું ત્રાંબામાદળિયું એને મહામૂલું હતું. માદળિયાને એ પોતાના પ્રાણની કણિકા માનતા.

તે સૂર્યોપાસક હતા; ગાયત્રી જપતા. એનો ધર્મોપદેશ એક જ સૂત્રમાં સમાતોઃ અન્ધારાં ઉતારો ને અજવાળાં ઓઢો.

૨

નગરનું દેવમન્દિર નગર વચ્ચે હતું; ને સર્વસંપ્રદાયની પંચમૂર્તિઓ મંહી પધરાવેલી હતી; તેથી સર્વ સંપ્રદાયોના સંપ્રદાયીઓની ત્ય્હાં મેદની જામતી.

સન્ધ્યાકાળે બાળકો મન્દિરચોકમાં રમતાં. સ્હવારે ધર્મવાર્તા થતી તે સાંભળવાને વિદ્વદ્‌જનોની મંડળી જામતી. સ્હાંજે સ્હાંજે સુન્દરીઓનાં વૃન્દ દર્શને આવતાં ને દેવચોકમાં બાળાઓ રાસડા લેતી. પરવની તિથિએ ને પૂર્ણિમાએ પૂર્ણિમાએ પૃથ્વીઉતરી પૂર્ણિમા સરિખડી સુન્દરીઓનાં સૌન્દર્યની મન્દિરમાં ભરતી ઉછળતી. જ્ય્હાં જ્ય્હાં સૂર્ય, ત્ય્હાં ત્ય્હાં અજવાળાંઃ એમ જ્ય્હાં જ્ય્હાં દેવત્ત્વ, ત્ય્હાં ત્ય્હાં સૌન્દર્યઃ એ તો દેવત્વના ને સૌન્દર્યના ન્યાયશાસ્ત્રનું સૂત્ર છે ને ?

મન્દિરચોકમાં સીતારામની સતીઓ ગાતી, શબરીજી જોગણો ભજન બોલતી, કૃષ્ણઘેલી મીરાંઓ મે ક્હારેક ક્હારેક નાચતી.

ભાવની ભક્તિમાં ભક્તજન નાવડાં જેવાં ડોલતાં.

દસે દિશાવાસી દેવો એ સુણતા, ઝીલતા, સત્કારતા.

૩

નવરાત્રીના ઉત્સવની એ છેલ્લી રાત્રી હતી.

શરદની ચન્દનીએ મન્દિરચોકમાં સરોવર ભર્યાં હતાં, ને એ ચન્દનીનાં છબછબિયાં પાણીમાં બાળાઓ પાય ધોતી. દેવનાં દૂધ ઢોળાયાં હોય એવી ચન્દની ઢોળાઇ હતી.

એક તો રાસડાઓની ઝાકમ ઝડીઓ, બીજો નૃત્યનો હિંડોલ, ત્રીજી કવિતાની રસછોળ, ચોથું ચન્દનીનું ચન્દન-ઘેન, પાંચમું રજનીની રંજનક્રીડાઃ એમ પંચામૃત પ્રાશી પ્રાશીને પ્રમદાઓ મદઘેલી થતી હતી.

એ એક મુગ્ધા હતી. આવતી વસન્તમાં એનાં લગ્ન થવાનાં હતાં. બાલિકાઓનો સંગ તજી યુવતિસંઘમાં હવે તે ફરતી થઇ હતી.

કળી ઉઘડીને ફૂલ થાય એ પૂર્વે પાંખડીઓ ઉઘડું ઉઘડું કરે એવી એની અંગની ને આત્માની ઋતુ હતી. સંસાર જોવાને એના ઉરની આંખડીઓ ઉઘડું ઉઘડું થતી, એના અંગની પાંખો ઉડુ ઉડુ થતી. ઉગતા યૌવનના ઉષ:કાળની એ ઋતુ હતી.

એની કળીની પાંદડીઓ ઉઘાડવાને સહિયરો એને અડપલાં કરતી. કોઈક એના કુંપળપાથર્યા સમા પાલવને એંચતું, કોઇક એના કમળ શા વદનદેશે જલકણ છાંટતું, કોઇક એના ભાગ્યદેશે બિન્દી કરતું. એના મૃણાલ શા હાથને સહુ ચાંપતું, એના કદળીદળ શા વાંસાને સહુ પંપાળતું. એને અડકવું સહુ યુવતિસંઘને ગમતું: જાણે તે સૌન્દર્યનો પારસમણિ ન હોય, ને એને અડકવે જાણે સહુનાં અંગ સૌન્દર્યનાં ઘડાઇ જતાં ન હોય !

સમીપ આવતા સંસારને તે નિરખવા મથતી, નવસ્થિતિઓ કલ્પતી, આશાઓ બાંધતી. જાદુના કો મહેલનાં દ્વાર ઉઘડવાનાં હોય ને મંહીથી જાદુગરનાં દર્શન થવાનાં હોય એવા અદ્‌ભુત કો કોડ કલ્પી કલ્પી રસજાદુગરનાં ને રસજાદુગરના મહેલનાં તે સ્વપ્નાંઓ જોતી.

તે તિથિએ તો તારલાઓમાં ચન્દ્રમાની પેઠે સખીઓમાં તે રમતી.

પરસેવો વળ્યે સહિયરો એને પંખો નાંખ્યા શુ કરતી. એથી તો અંગારા સળગીને જ્વાળાઓ સરજાતી. આપવીતી ને પરવીતી ખરી–ખોટી કંઇ કંઇ અનુભવકથનીઓ કહી કહી જોબનઝૂલન્તી સહિયરો એને સતાવતી.

એ મુગ્ધા હતી. એને ઉચ્ચાર ન આવડતા. મુંગાને સ્વપ્નાં લાધે એવાં એને સંસારસ્વપ્નાં લાધતાં.

ત્હો યે ક્યારેક ઉંડી એકાન્તની કુંજમાં એનું હૈયું છલકાતું, કોકિલા શી તે ટહુકારતી, ને સંસાર ભરી એ શબ્દ ઢોળાતો.

એની આંખમાં ચકલીઓ ઉડતી. પેલે આરે બેઠેલા ચક્રવાકને નિહાળતી આ આરાની ચક્રવાકી પ્રગટતું પ્રભાત ને સરિતાનો પટ નિહાળી રહે એવી આંખડલીએ ઉરમાં ને અંગમાંનું પ્રગટતું પ્રભાત ને ચાર માસનો વચમાંનો પટ તે નિહાળતી.

સહિયરો એને સાસરાની શેરીએ રમવા લઈ જતી. અને કંઇ કંઈ કહી, દર્શન કરાવી, પૂછી પૂછી મૂંઝવતી. મૌનની વાણીના અબોલ બોલ તે બોલતી ને આંખો નચાવીને ઉત્તર આપતી.

મુગ્ધાનું મૌન બોલકણીઓના બોલથી ચોગણું બોલતું.

એણે બ્રહ્મચારીને જોયા. બ્રહ્મચારીની સૂર્ય શી કાન્તિથી પદ્મ ને પદ્મિનીઓ ખીલતી. એ તેજનાં એને ક્ષણેક આકર્ષણ આવ્યાં.

મન્દિરમાં બ્રહ્મચારી પ્રદક્ષિણા ફરતા હતા. પૃથ્વી સ્હામી શુક્રતારા આવે એમ તે સ્હામી મળી. આંખડીનાં કિરણો મટમટાવ્યાં. બ્રહ્મચારીનાં નયનબાણ ધરતીને ખોતરતાં હતાં, મંહીના મણિઓ ખોજતાં હતાં.

મુગ્ધા અમૂંઝાઈ, ભોંઠી પડી. એને સ્હમજાયું નહિ કે એ અડોલ કેમ હતા.

પછી નવરાત્રીના ઉત્સવની એ છેલ્લી રાત્રી આવી, ને એણે છેલ્લો રાસ ઉપાડયો. ચન્દનીનાં ફોરાં ઝીલતાં ઝીલતાં ને અંગનાં આછેરાં અંચળ ઉછાળતાં ઉછાળતાં એણે રાસ ગાયો ને એ જ વિધિ સહિયરસંઘે એ ઝીલ્યો.

આસોના આ તે ઉજાસ ?
કે જીંદગીનાં અજવાળિયાં રે ?

ફૂલમાં ચન્દની છલકાય એમ સહિયરોની આંખડી-ઓમાં ચન્દની છલકાતી. પોતપોતાની અગાસીમાંનાં અજવાળાં પેખે એમ સહુએ નિજનિજની જીંદગીનાં અજવાળાં દીઠાં.

ચન્દ્રમા યે જાણે સાંભળવાને ઘડીક થંભી ગયો ભાસ્યો. નગરલોકની ભરતી તો ચોમેર જનકોટ રચી-ઘેરો ઘાલીને ઉભી હતી. બ્રહ્મચારી યે ઘડીક મન્દિરમાંથી મંડપપાળે આવીને ઉભા; અને ગીતશબ્દો જ્યહાં આથમી જતા ત્ય્હાં ક્ષિતિજપાળે ને ક્ષિતિજપાળની પાછળ નિહાળી રહ્યા. અન્તરમાંના ને આસમાનમાંના ગીતપડઘા બ્રહ્મચારી સાંભળતા.

જીંદગીની ચન્દની જેવી ચન્દની ખીલી હતી.

ચન્દ્રિકામાં ઉડતી ચકોરીઓ જેવી કેટલીક રાસ-રમણીઓની દ્રષ્ટિઓ અન્તરિક્ષમાં ઉડતી. સોળપાંખડી ખીલેલા કમળ સરખી એ એક મદઘેલી જાજરમાન ચતુરા હતી. મદોન્મત્ત મેના શી એની દ્રષ્ટિ મન્દિરના મુગટ સમા બ્રહ્મચારી ઉપર પડી. પુરુષનું પુરુષાતન મૂર્તરૂપે ખડું નિરખી સુન્દરીનું હૈયું હિલોળે ચ્હડયું. તે પછી એનું અંગ રાસને હિન્ડોળે અજબ ઝૂલવા માંડયું. યૌવનને આંગણે પગ મૂકતી, સોળ-સોળ વસન્ત તરી ઉતરેલી, તે મન્દિરની માલણની પુત્રી હતી.

દુનિયાને ચકવે ચ્હડાવતી કંઈ કંઇ યુવતિઓ નવરાત્રીની એ રાત્રીએ પોતે જ ચકવે ચ્હડી હતી.

૪

મન્દિરની વાડીમાં એક ચંપાનું ઝાડ હતું. બ્રહ્મચારી એ ચંપાના ઝાડ નીચે પોઢતા.

કુંજની ઘટા ઘેરી હતી ને વચ્ચે ન્હાનકડો કુંડ હતો. કુંડ ફરતી ચાર–ચાર સ્થંભની પુરાણી સ્ફટિક ચોકીઓ હતી. કુંડના કાંઠાની સ્ફટિક ચોકીની દહેરીમાં આજે એ બ્રહ્મચારી સૂતા હતા.

ચોકીઓમાં રાતનાં અન્ધારાંઅજવાળાં આવી રમતાં.

મધરાતનો ચન્દ્રમા આભમાં લટકતો હતો.

આગલી રાતે અદ્‌ભુતો નિરખ્યાં હતાં ત્હેમનાં ચિન્તનચગડોળે બ્રહ્મચારી ચ્હડયા હતા, એટલે મધરાત થયે પણ હજી ઉંઘ્યા ન હતા. પડતી રાતનાં દર્શનોનું પુનર્દર્શન કરતા, કુંડમાંના તરવરતા તારાઓ ગણતા, આકાશના ચન્દેરી પડદાઓની પાછળનું અણદીઠું નિહાળતા બ્રહ્મચારી પડયા હતા. સ્મરણપ્રસંગોની પૃથક્કરણપાંખડીઓ છૂટી પાડતા પાડતા મધરાતે યે તે જાગતા હતા.

મન્દિરઆરતીના ઘંટારવ પેઠે એક જ પ્રશ્નટંકાર એમના હૈયામાં ગાજતો; માનવી શું એકપંખાળો જ રહેશે? રસિકતાની ને પવિત્રતાની બે પાંખે ઉડતા પંખીરાજ કેમ વિરલા છે જગતમાં?

સંસારપ્રશ્નો સ્હમજવા કપરા છે, સંસારપ્રશ્નોના ઉકેલ એથી યે કપરા છે. પણ આત્માના પ્રશ્નો તો સૌથી કપરા છે.

સરિતાના તાગ ઘણાએ લીધા છે. સાગરના તાગ

કોઈકે જ લીધા છે. આસ્માનના તાગ લે તે આત્મપ્રશ્નોના ઉકેલ ઉકેલે.

એ કપરા પ્રશ્નોનો ઉકેલ ઉકેલતા બ્રહ્મચારીજી પડ્યા હતા. ઉપર ચન્દ્રમા ચન્દની ઢોળતો ને પત્રઝૂમખો ચમ્મર ઢોળતો. નીચે કુંડનાં જળ એમની છબિ ઝીલતાં.

લોક કહે છેઃ

પહેલે પહોરે સબ કોઇ જાગે, બીજે પહોરે ભોગી;
ત્રીજે પહોરે તસ્કર જાગે, ચોથે પહોરે જોગી.

રાત્રીનો એ ત્રીજો પ્રહર મંડાતો હતો.

ચન્દ્ર નમ્યો ને દહેરીના છત્રની છાયા ઓસરી. બ્રહ્મચારીના વદનચન્દ્રે ચન્દ્રની ચન્દ્રિકા પ્રકાશી રહી.

દહેરીને પગથારે એવે એક છાયા પડી ને ઉડી ગઇ. બ્રહ્મચારીએ ધાર્યું ચન્દનીમાં ઉડતી ચન્દ્રઘેલી ચકોરીનો પડછાયો હશે.

ફૂલભારે લચી જતી ફૂલછોડની ડાળી લહરી આવ્યે નમે ને પાછી ઉપડે એવી ક્ષણેક એ છાયા પડીને ઉડી ગઇ. ન દીઠા જેવું બ્રહ્મચારીની દષ્ટિએ એ દીઠું, ન વિચાર્યો જેવું બ્રહ્મચારીના દિલે વિચાર્યું.

ચોકીના સ્થંભનો એક એકલવાયો છાયાસ્થંભ દહેરીની વચ્ચે પડતો. બાકીના ત્રણ સ્થંભના ત્રણ છાયાસ્થંભો કુંડનાં પગથિયાં ઉપર પડતા, ને ન્હાનકડો તરપોળિયો રચતા.

નીરવ પગલે ચન્દ્રકિરણો પાંદડાંઓનાં ઝૂમખાંઓમાં રમતાં ને જગતને રમાડતાં.

કુંડપાળે સૂનકાર ઢોળાતો.

દહેરીમાંની એ એકલવાઇ સ્થંભછાયા લગ્નકીધાં દંપતી સમી ઘડીક પછી સજોડ થઇ; ને ક્ષણેક પછી ત્રિશૂળના ત્રણ ફણગા એ સ્થંભછાયામાંથી ઉગી નીકળ્યા. બીલીપત્ર સમી છાયાસ્થંભની ત્રણ પાંખડીઓ સ્ફાટિક દહેરીના ચોકમાં પડતી.

બ્રહ્મચારી ચમક્યા કે આજે ચમત્કારોની રાત્રી છે કે શું ?

આંખો ચોળી, પૂરી ઉઘાડી; નિદ્રાની છાયા તન્દ્રાને ય ત્યાગી. જોયું તો વચ્ચે મોરલાનો કલગીસોહન્તો કંઠ ને પડખે રતનજડી બે પાંખો પ્રસરેલી દીઠી.

નજર ઠરાવી નિરખ્યું તો સોળે શણગાર સજેલી બે સુન્દરીઓ સ્ફટિકસ્થંભને બે પડખે બે પાંખો સમી ઉભી હતી.

બ્રહ્મચારી સફાળા ઉઠયા. વીજળી યે ધીરી વહે છેઃ એથી યે વેગવન્તા ભાવે પ્રથમ તો એવું કલ્પ્યું કે વ્રત-તપથી–બ્રહ્મચર્યના સંયમથી પ્રસન્ન થઇને નવરાત્રીની છેલ્લી રાત્રીએ ભદ્રકાળી ને મહાકાળી, બે બિરદાળી જોગમાયાઓ, જાણે બિરદ આપવાને પધારી હોય ને !

એમાંથી એક છાયા બોલીઃ બીજી અબોલ હતી. મોતીને દાણે દાણે જ્યોત ઝબકે એમ એને બોલે બોલે વિલાસના વર્ણો ઝબકતા.

'એ તો અમે છીએ. કોઈ દિવસ નહિ ને આજે અમારા રાસ સાંભળવાને મન્દિરપાળે આવી ઉભા ત્હારનું મુખનું મરકલડું દીઠું: એનાં ન્હોતર્યાં આવ્યાં છીએ.'

બ્રહ્મચારીએ એને ઓળખી. મન્દિરની નવી માળણની એ પુત્રી હતી. નવી માળણ રસિયેણ હતી ને તેથી નવા પંચે જૂની ભાવિક માળણને રજા આપી નવી માળણને રાખી હતી. 'બધા ફેરફાર કંઈ સુધારા નથી હોતા' એવું આ થયું હતું.

મા જેવી પુત્રી હતી. સકલ લલિત કલાઓમાં તે પારંગત હતી. એના રાસની હલકની, એની પૂરી રંગોળીની, એની ભરી ફૂલમંડળીની નગરના રસિલા યુવકસંઘમાં ઘણી ઘણી વાતો ચર્ચાતી.

'અત્યહારે ક્યાંથી? શું જોઈએ છીએ?'

'ત્હમારૂં બ્રહ્મચર્ય. જૂવો, સાથે બ્રહ્મચારિણી છે:' કહી સંગાથી સહિયરને આગળ ધકૂકેલી. અબોલ, ઉંડું ઉંડું અતી, જીવનપંખિણી એ પેલી મુગ્ધા હતી. 'એને તો હું દર્શને લાવી હતી: ચન્દનીમાં ચન્દ્રરાજનાં દર્શને.'

વયે તે સોળ વર્ષની યૌવના હતી, પણ અનુભવે તે છત્રીસ વર્ષની પ્રૌઢા હતી.

'ત્હમે મ્હારૂં સર્વસ્વ માગો છો:' બ્રહ્મચારીએ કહ્યું.

'ત્હમે તો સહુને સર્વસ્વ આપો છો. કાંઇ યે સંઘરો છો ક્યહાં જે?' નવમાળણની પેલી ચબાવલી કુંવરી બોલી.

અનુકલ્પ્યા આ નવસંસારદર્શને મુગ્ધા તો ઢળાઇ જ ગઇ હતી. એકલવાયી સારસી સમી હૈયું ભૂલીને દર્શનમૂર્છામાં તે ઉભી હતી.

ધમધમ કરતી, સુન્દરીના ઘૂઘરિયાળા ચરણાની સુકુમાર રમઝટે ગાજતી, રાત્રી રાણી આ અદ્‌ભુતો નિહાળતી નિહાળતી બ્રહ્માંડવનની ચન્દનીમાં વિહરતી હતી. કેટલાંકને સાંભળવે આશ્ચર્ય થશેઃ પણ આવાં આવાં કંઇ કંઇ આશ્ચર્યો રાત્રી રાણી નિત્યે ને નિત્યે નિરખે છે ને હૈયામાં સંચે છે. રાત્રી રાણીના વિશાળા હૃદયભંડાર ક્યહારે ય જો ઉઘડે તો જગત એક વેળા તો મોહમૂર્છાથી યે વડેરી આશ્ચર્યમૂર્છામાં પડે.

તારાઓ યે આઘેના સૂર્ય છે. સૂર્ય સમા એ કેમ ઝળહળતા નથી? ને ઝંખવાય છે? કારણ એ પણ કેમ ન હોય કે રાત્રી રાણીના અન્તર્લેખ વાંચી–વાંચીને એ ઝંખવાતા હોય?

'બાળાઓ! જાવ. આ તો બ્રહ્મચારીની દ્દહેરી છે.'

એ શબ્દે ક્ષણેક ચન્દની યે થરથરી.

'આ યે બ્રહ્મચારિણી છે, માટે બ્રહ્મચારીની દ્દહેરીએ પધારી છે.' એ કલારસિયેણુ યુવતિ ઉચ્ચરી.

એ તો ન્હાસી જ ગઈઃ મુંગી, અબોલ, કંઈ કંઇ હૈયાછોળો ઉછાળતી, પાંખો જેવો પાલવડો ઉડાડતી એ મુગ્ધા તો ન્હાસી જ છૂટી. ક્રોધ કે તિરસ્કાર કરવા કાજે યે એને આ પ્રસંગ અજુગતો લાગ્યો. એનાં સંસારનાં સ્વપ્ન નિરાળાં હતાં.

'ત્હમે તો સંસાર માગો છોઃ આ બ્રહ્મચારીની દુહેરી છેઃ' કહી બ્રહ્મચારી છલંગ ભરીને કુંડના શીતળ જળમાં જઈ પડયા.

એ જળ ઉપર ચન્દ્રનીનાં અમૃત તરતાં હતાં.

પાછળ જળમાં કૂદી પડવા ક્ષણેક તો માળણપુત્રીએ કચ્છ કસ્યોઃ પરાજ્ય એને એવો ડંખ્યો. પણ પછી ફરીથી વિમાસ્યું. હૈયું ઢીલું પડી ગયું, નિર્ણય ઓગળી ગયો, પૂર ઉતરી ગયું, અને મન્દિરને મંડપે દશેરાની દેવસ્વારીનો રથ શણુગારવાને તે સિધાવી.

ચોકમાં ચન્દનીની પાટલીઓ વૃક્ષઘટાના છાયાપાટે માંડેલી હતી. જાણે ગણી-ગણીને એ પાટલીઓએ પગલાં માંડતાં માંડતાં તે ગણગણતીઃ

'એ બ્રહ્મચારી નથી, પરણેલા છે. કહે છે કે ત્રાંબા-પતરાના માદળિયામાં મૂર્તિ છે-એમની વહુની.'

ચોકમાં ચન્દની છલકાતી ભરાઈ હતીઃ મન્દિર-ચોકમાં ચન્દનીનું સરોવર ભરાયું હતું. મંહી એ પાય ધોતી જતી હતી.

'ખરેખર! બ્રહ્મચારી કોઈકના પ્રેમમાં છેઃ પ્રેમમાં છે માટે જ અચળ ને અડોલ છે. મોહ તો રૂપનો ખરીદો સરદાર છે; પ્રેમ ચક્રવર્તી રાજવી છે.'

ગગને ચ્હડીને જગત નિહાળતો ચન્દ્રમા એક આ સુણતો હતો.

૧૨ : સતીનાં ચિતાલગ્ન

(વીસમી સદીની ગુજરાતણની એક ન્હાનકડી કાદંબરી)

ગિરિછાયામાં

ગુજરાતના ગિરિવરોમાં એ ઉછરતી હતી. નિત્યનિત્ય ગિરિરાજનાં દર્શન કરીકરીને એનો આત્મા ગિરિરાજ શો અચલ ને અડોલ ઘડાતો હતો.

લોકવાણુવિખ્યાત તે ચંચળ વાયુલહરી ન હતી; કે ત્હેનો મનોનિગ્રહ ક્ષણક્ષણ પલટાતી પેલી વીજળી જેવો યે ન હતો. ઉજળી દૂધ જેવી, પણ તે આરસની મૂર્તિ હતી. વજ્રને યે વીંધે એવો હીરાકણી શો એનો આત્મનમણિ હતો.

ગિરિશૃંગે ક્ય્હારેક તે ઘૂમતી ત્ય્હારે આકાશી ભાવનાઓ એના આત્મામાં ઉભરાતી. સુવર્ણરેખાનાં તીર્થજલમાં ન્હાવા જતી ત્ય્હાં પવિત્રતા એના આત્માને પોષતી. કાળવાને ધરે જલબેડલું લેઇ જલ ભરવા જતી ત્ય્હારે ત્હેને કાલોઽસ્મિ ની ભવ્યતા વધાવતી. વનવાડીઓમાં મયૂરી શી એ વિચરતી ત્ય્હાં હરિની સૌન્દર્યલીલા એને શણગારતી.

ફૂલપાંખડી જેવી સુન્દર તે હતી એટલું જ નહિ; દેવપુષ્પ સમી સદ્‌ભાવનાની સુગન્ધભરી તે હતી એટલું જ નહિ; કુદરતની કલિકા જેવી રસમ્હેકન્તી ત્ય્હારે તે હતી એટલું જ નહિ; તે ગુર્જર કુમારિકા પવિત્રતાની પ્રતિમા ને કૌમારની સુકુમારતાની પરમ તારલી હતી.

કો ધન્ય ઘડીએ જગતમાં અવતરે છે, એવી, દેવકન્યકા શી, એ ગુર્જરકન્યકા હતી. અમરતાના ફૂલ સમી એ ખીલતી હતી.

આપણા ગુજરાતની એ આત્મવાન્ કુંવરી હતી.

૨

પાટનગરીમાં

પછી ત્હેની મ્હોટી બ્હેનનાં લગ્ન થયાં: ને પર્વતશૃંગો ને વનવાડીઓ, તીર્થ ને તીર્થજલ મૂકી બ્હેનને ઘેર પાટનગરીની ચાંદનીમાં જઇને તે વસી: જાણે વનની વેલને નગરખોળે રોપી.

ન્હાનેરી સાળીઓને બ્હનેવીઓ કેવા કેવા લાડ લડાવે છે એ તો ઘણાંઓએ દીઠું છે. આપણા જ દેશમાં એવું હોય છે એમે નથી.

એ ન્હાનેરી સાળીમાં બ્હનેવી નિજ પત્નીનું રમતિયાળ રસસ્વતન્ત્ર બાલસ્વરૂપ નિરખે છે; ને વૈષ્ણવો બાલમુકુન્દને પૂજાઅર્ચાથી લાડ લડાવે છે એમ નિજ પત્નીની ન્હાનકડી પ્રતિમાને-એ નિજ બાલમુકુન્દિનીઓને પોતે લાડ લડાવે છે એમ જાણ્યે-અજાણ્યે ઊંડા અન્તરમાં પતિઓ સ્હમજે છે.

એ લાડકોડ પૂરવામાં જેટલી પવિત્રતા જળવાય કે ન જળવાય એટલું એ ન્હાનેરી સાળીઓનું જીવન પવિત્ર કે અપવિત્ર નીવડે છે. ખારાં જલ છંટાય તો મીઠી વેલ ક્‌ય્હાંથી ઉગે?

ન્હાનેરી બ્હેનનાથી નિશાળો એ રસિકડો સંબંધ જ એવો ઓર છે.

એ પાપસંભવના અનુભવભયથી ભડકીને ખ્રીસ્તી ધર્મે સાળીને પરણવાનો ધર્મનિષેધ કદાચ ઉચ્ચાર્યો હોય.

તે હવે વનમ્હાલતી મયૂરી મટી ગઇ; હવે તે પાટ-નગરની વાછડી સમી ઘૂમતી.

સોના શીંગડીઓ ને રૂપા ઝાંઝર નગરજનો વાછડીને પ્હેરાવે, ને ઝમઝમ ઝમકાર કરતી રાજમાર્ગે તે સંચરે, એવી સોનારૂપાની આછીઆછેરી ટશરો એને અંગે ઉગી નીકળી. રાજનગરીના રાજમાર્ગોની ચન્દનીમાં અજબ ચમકારા ચમકાવતી ને ઝાંઝર ઝમકાવતી તે સંચરવા લાગી.

થોડુંક નિશાળે જતી; થોડુંક ઘરકામ કરતી; થોડુંક દેવદર્શને જતી; થોડુંક ફરવાને વિચરતી: એમ લાડકોડમાં એ ઉછરતી હતી.

એના પુસ્તકિયા ભણતરનો ભંડાર તો વધુ ન ભરાયો; –પુસ્તકિયા ભણતરની સનાતન કીંમતે કેટલીક ?–પણ એના આત્માના ભણતરનો ભંડાર અજબ ને ઉભરાતો ભરાયો.

એની જન્મવર્ણી સુન્દરતાને કલાના ઓપ બેઠા, ને અંબોડલે અખંડ ફૂલવેણી ચ્હડી. એની વનવર્ણી ઓઢણીએ સોનલા કોર ઉગી; એના વાડીવર્ણા ચણિયાને રૂપેરી ઝીકની ઝૂલ ઝૂલી રહી; એના કોયલ શા કંઠમાં રાસ ને એના કિરણમંડલ શા કરમાં ચિત્ર ખીલી ઉઠયાં. ગુજરાતની ભવ્ય કુદરતને ધાવેલો એનો આત્મન્ હવે કલાસંયમમાં ગોઠવાવા લાગ્યો.

ત્હેના વનરોપની ફૂલકયારીઓ રચાતી હતી.

ને એના બ્હનેવીને ત્હાં આવતા કોક રસમાળી એને રસજલની ઝારીઓ છાંટી જતા.

એમ વનની મટી વાડીની વેલી એ બની.

૩

કાશીપુરીમાં

ને પછી?

તે પછી જીવનના નાટકનો પડદો ઉપડયો ત્હારે-ઓહો! આ તો ગંગાજીનો ઘાટ! આ તો કાશીવિશ્વેશ્વરનું પૃથ્વીપૂજ્ય મન્દિર! કોટીધ્વજ કે ચક્રવર્તી-અંહિયાં તો સારી જનતાનાં શિર ઝૂકી પડે!

હા, એ વિશ્વવિખ્યાત વારાણસીઃ પાંડવો ને દ્રૌપદીજીની પદધૂલિથી પુણ્યવન્તી, હરિશ્ચન્દ્ર તારામતી ને બાલ રોહિતના સ્મરણસુગન્ધોથી આજે યે મ્હેકતી પૃથ્વીપ્રાચીન એ વારાણસી. બુદ્ધ ભગવાનના સ્તુપ ત્હાં છે; શંકર ભગવાનના દિગ્વિજય, મેઘાડંબર શા, ત્હાં ગાજ્યા હતા. આજે તો કેટલાંક પુણ્યને બદલે પાપના પોટલા એ તીર્થભૂમિમાંથી બાંધી લાવે છે; ને આંખો મીંચી વિચરે ત્હાંનાં પુણ્યવન્તાંને પિછાનતાં યે નથી. ત્હો યે ભારતનાં પુણ્ય ને પવિત્રતાના ઓઘ સમી, પાપીઓનાં કંઇ કંઇ પાપ ને અપવિત્રતાઓ ધોઇ અન્યને ન અડકે માટે હૈયાસ્હોડમાં સંઘરી સાગરમાં પધરાવવા જતી, પતિતપાવની, પુનિત-

કલ્યાણિની, ગંગા મૈયા યુગ-યુગથી જ્ય્હાં વહે છે એ જ એ વારાણસી.

હા, સંસારભારચંપાયાં ભારતવાસીઓનો વિસામો તે વારાણસી. પુણ્યની એ સૌન્દર્યવેલને તો ત્ય્હાં અદકેરાં અમૃત છંટાયાં.

ત્ય્હાં એનાં લગ્ન થયાં હતાં, ને ત્ય્હાં તે સાસરવાસે ગઇ હતી. શ્રી હરિને ત્ય્હાં લક્ષ્મીજી પધારે એમ એની આત્મલક્ષ્મી પતિને લક્ષ્મીધામે પધારી હતી.

વારાણસીના એક ધર્મનિષ્ઠ ને ધનાઢ્ય કુટુંબના પુત્રરત્ન સંગાથે એનાં લગ્ન થયાં હતાં: એટલે એ શીલમૂર્તિ સૌભાગ્યવતી એ જગતતીર્થને ઉછંગે જઇ બેઠી હતી.

પણ મન્દાકિનીને આરે કલ્યાણક સુખભોગ તો દેવદેવીઓ ઘડીક જ માણે છે, ને પછી ક્ષીણે પુણ્યે મૃત્યુલોકે વિશન્તિ. એમ સુખભોગને સ્વર્ગઘાટે ઘડીક તે આવીને બેઠાં.

સુખ ને ધન તો સદાયનાં ચંચળ છે, ને આજે વીસમી સદીમાં તો વિશેષતઃ. કોઇના યે નથી રહ્યા, ને એના યે સુખના દિવસો સદાના ન રહ્યા.

દેશાવરમાં એના સસરાજી વ્હેપાર ખેડતા. વારાણસીના ચૌટામાં એમની ધન ને શાખ ભરી દુકાન હતી. વડલાની શાખાઓ જેવા એમના આડતિયા હતા; વડલાની ઘેર ગંભીર ઘટા સરિખડી એમની પ્રતિષ્ઠા હતી.

વડલા નીચે મંડાયેલી પરબ જેવી એમના યે સદાવ્રતની ધર્મપરબ હતી.

પણ વાવાઝોડું થાય, ને વાંદરાં કૂદે, ને ડાળો ભાગે, ને પરબના ગોળા ફૂટેઃ એમ વ્હેપારનું એક વાવાઝોડું વાયું, ને એ આંધીમાં એ ધર્મપ્રતિષ્ઠાળો વડલો ઉખડી પડયો. પરબનાં પાણી ઢોળાઇ ગયાં, વ્હેપારની વડવાઇઓ સંકેલી લેવી પડી. હવેલીમાંનાં ભર્યાં ટાંકાં ઉલેચતાં યે લ્હેણિયાતોનાં ટોળે ટોળાં ધર્મદ્વારેથી ખૂટયાં નહિ.

કોઇને યે ધર્મદ્વારેથી–આ ભવના કે પરભવના–લ્હેણિયાતોની જમાત કદી યે ખૂટી છે? અધર્મદ્વારે એક પણ લ્હેણિયાતને ઉભેલો કદી યે દીઠો છે?

ને વારાણસીના તો એ નિત્યઅનુભવ છે. 'ધર્મનિષ્ઠની કસોટી' એ તો જાણે આ જગતનગરીના જેવો એ ધર્મનગરીનો મુદ્રાલેખ છે.

એને યે સાસરવાસેથી ધનની વિજળીના દીવાના ઝળકાટ કાળબળે સહસા હોલવાઇ ગયા.

સુખની વસન્ત શમણું થઈ ગઇ, ને પછી વિતર્કની વર્ષા બેઠી.

૪

મહંકાળેશ્વરની તપસ્વિની

તે સુખ કાજે ન્હોતી જન્મી, સેવા કાજે જન્મી હતી.

સુખના પાઠ સોહેલા છે, દુઃખના પાઠ દોહેલા છે; ને એ બન્ને ય પાઠ સહુ જગતવાસીએ શીખવાના છે.

બાળપણમાં માબાપની સેવા કીધી; કૌમારમાં વ્હેન-

બ્હેનેવીની સેવા કીધી; યૌવનમાં સ્વામીને માણવાને નહિ પણ સેવવાને તે માળવાના રણુપગથાર વચ્ચે આવી બેઠી.

સ્વામીને સેવતી, ને મહંકાળેશ્વરને પ્રાર્થતી, તે જીવન-મેઘના અમૃતછાંટાની આશાઆંખડીએ દિશાઓને નિહાળતી.

મધ્યદેશના રેતાળ રણમાં દંપતી જઇ રહ્યાં હતાં. લક્ષાધિપતિ દંપતી ત્હારે ગરીબનાં યે ગરીબ જેવાં હતાં.

એ શિપ્રાને આરે સુદામાજી રહી ગયા હતા, કૃષ્ણુ ભગવાન ભણી ગયા હતા, ભર્તૃહરિ માણી–ને ખોઇ ગયા હતા, વિક્રમદેવ આર્ય જાહોજલાલીનાં વીરત્વ ને પરદુઃખ-ભંજકતા ઝળહળાવી ગયા હતા, કાલિદાસ મેઘદૂત ને શકુન્તલાનાં સુખદુઃખ, જગતનાં સુખદુઃખ જેટલી જ અમર-તાથી, ગાઈ ગયા હતા.

એમનાં પુણ્યજીવનની અમર કવિતા ગાવાને પુણ્ય-ધર્મીલો કો ગુર્જર શબ્દસ્વામી હજી જન્મે ત્હારે ખરો.

સુખદુઃખની અમર સરિતાને આરે સુખની લહરીઓ વટાવી દુઃખનાં વમળો વચ્ચે તે દંપતી બેઠાં હતાં.

વસન્તની બહાર જેવી એમની યૌવનવાડી હિલોળા લેતી હતી. જીવનની વસન્તતિથિઓમાં સુખદુઃખની સનાતન સરિતાને ઘાટે તે બેઠાં હતાં.

સરખટના માળાની પેઠે એમનો કુલવ્યાપાર ભાગી પડયો; વહી જતાં પૂરની પેઠે એમના લક્ષ્મીભંડાર ઠલવાઈ ગયા. વ્હાણુ ડૂબ્યા જેવી પિતાજીની ને કુલની અવદશા નિરખી પતિના સુકુમાર આત્માને આઘાત વાગ્યો

હતો, ને ત્હેને ક્ષય થયો હતો. માળવાનાં સુક્કાં હવા-પાણીમાં, અફીણ ને કપાસનાં ખેતરો વચ્ચે, દાક્તરી સલાહથી તેઓ આવી વસ્યાં હતાં.

એ રાંધતી, તે જમતો; એ પાણી ભરી લાવતી, તે પીતો; એ પ્રભુને વિનવતી, તે સૂર પૂરતો.

સીતા ને રામ જેવાં તે એકાન્તવાસી હતાં; એમની પંચવટીના એકાન્તવાસમાં લક્ષ્મણજીનો યે સહયોગ ન હતો.

આથમ્યા બપ્પોર રાત્રિ પડયા વિના કદી યે પાછા પ્રભાત થઈ ઉગ્યા છે ?

એમનું યે જીવનજોડલું ફૂટયું તે પાછું સ્વર્ગમાં સન્ધાયું.

શિપ્રાના ઘાટશિકરો એમની કરમાયેલી કુંપળોને ફરીથી ખિલાવી શકયા નહિ, કે મહંકાળેશ્વરની ધૂપ-આરતીઓ એમના આથમ્યા પરિમલને પાછી પમરાવી શકી નહિ.

એ મોગરો ને મોગરાની વેલ તો સદાનાં કરમાઇને પડયાં.

માળવાના રણમાં માસેક માંડ વીત્યો હશે. યૌવનમાં બહુધા બને છે એમ એ ક્ષયે (Galloping consumption) અતિતીવ્ર ક્ષયનું રૂપ લીધું; ને શું થયું ? કે શું થાય છે ?–સહુ એ ચિન્તવે કે સહુને એ સ્હમજાય એ પહેલાં તો એની આયુષ્યસેર તૂટી ગઇ.

એક દિવસે માળવાના રણપગથાર વચ્ચે યુવતિની હૈયાશય્યા સમી ચિતા ખડકાઈ, ઉપર પિયુજી ચ્હડયા. પછી અગ્નિની ઝાળ એને ઘેરી વળી. સોળ વર્ષની સૌન્દર્યમૂર્તિ

નવયૌવના અનિમિષ આંખે જીવનમૃત્યુની ભેદાવલિનાં એ ઉઘડતાં પાનાં નિરખી રહી.

જગતશાણીઓને નથી સ્હમજાયું એ એને ક્યહાંથી સ્હમજાય? એની ફાટેલી આંખો ગહનતાને ગહન પ્રશ્નો પૂછતી હતી કે મૃત્યુ એટલે શું? સ્વામીનાં આયુષ્યનો એ છેલ્લો ભડકો હતો; પત્નીની એ અણુહોલવાયેલી ઝાળ હતી.

સ્વામીની ચિતા સન્મુખ એ બાલાનો આત્મા નિજ જન્મભૂમિના ગિરિવર શો દૃઢ થયો.

અગ્નિસાખે દંપતીએ એક પ્રતિજ્ઞા લીધી હતી; અગ્નિસાખે આજ પત્નીએ બીજી પ્રતિજ્ઞા લીધી.

માળવામાં પ્રગટેલો એ નવઅગ્નિ પછી સુવર્ણરેખાને ખોળે હોલવાયો.

૫

સુવર્ણરેખાને ખોળે

અગ્નિહોત્રનો અગ્નિ આયુષ્ય સાથે હોલવાય, એમ એ નવઅગ્નિ યે એના આયુષ્ય સાથે હોલવાયો.

'મ્હારે નથી જીવવું' એટલું જ એનું બોલવું હતું.

માળવાના રણપગથારમાં કે વારાણસીના તીર્થઘાટે કે ગુજરાતસૌરાષ્ટ્રના સીમાડાના ખારા પાટમાં સતીની પેઠે એક જ ઉચ્ચારતી; 'શા માટે મ્હને જીવાડવા મથો છો? મ્હારે હવે નથી જીવવું.'

એકતારાનો એક તાર છેડયે બીજો તાર રણકી ઉઠે એમ એણે યે પતિના ક્ષયનો રણકો ઝીલી લીધો હતો.

એ પછી તે હસી નથી; એ પછી ત્હેણે આનન્દવર્ણું વસ્ત્ર પહેર્યું નથી.

એનું શેષ જીવન એક અખંડ ભડભડતી **સતીની ચિતા** સરિખડું હતું.

એની આંખડલી આભની પાછળ જ નિહાળતી. આભની આ બાજુની સૃષ્ટિ ત્હેને તો ભૂંસાઇ ગયેલી ભાસતી.

એ ગેબને પૂછતી. ગેબ ઘેરૂં ઘેરૂં હસતી ને ગહનતાનો ઉત્તર આપતી.

મૂક વાણે તે માનવીને પૂછતી; અજ્ઞાન-પત્થર શો-માનવી મુંગો ઉભતો.

દેવીનાં દર્શન કરે તેમ હું ય દર્શન માત્ર કરી રહ્યો હતો: મ્હારી યે વાગીશ્વરી ત્ય્હારે મ્હને તજી જતી હતી.

જન્મમૃત્યુના પડદા પાછળના સનાતન પ્રશ્નોના ઉત્તરદાતા ગહનતાના નજૂમીઓ હજી ધરતીખોળે જન્મે ત્ય્હારે ખરા.

ત્ય્હાં સૂધી તો ઉગવું ને આથમવું, અને વચ્ચેની જીવનલીલા, એ જ આંખડલીનાં મહાસત્યો છે ને ?

છેલ્લીવેલ્લી મ્હેં નિરખી ત્ય્હારે સોરઠ ને ગુજરાતની સીમાઓ સંગમ પામે છે ત્ય્હાં ખારાપાટના એક સરોવરિયાના તીરે તે વસતી હતી. જળમાં રમતાં સારસડાંને તે નિહાળતી ને વાદળિયા આભને મૂંગા પ્રશ્ન પૂછતી કે ' હવે ક્ય્હારે ? '

એનાં પગલાંમાં હાથીની દ્દઢતા હતી; એનાં અંગોમાં સતીનું સત હતું; એની મુદ્રામાં સૂર્યની ઉગ્રતા હતી.

એની ઊંડી ઉતરેલી આંખોમાંથી અખંડ બે મશાલો સળગતી દેખાતી. એ બે એનાં આયુષ્યની અખંડ શગડીઓ હતી.

એનું શેષ જીવન સતીની ચિતા હતું.

કળીએ ને ફૂલડે ફૂલેલી લાડકોડની વસન્તવેલી જેવી જ્યહાં તે ઝોલાં ખાતી'તી, પોપટડી જેવી જ્યહાં ઉડતી'તી, ને મયૂરી જેવી જ્યહાં મ્હાલતી'તી, ને વાછરડી જેવી જ્યહાં જીવનનાં ઝાંઝર ઝમકારતો'તી, ત્ય્હાં આજ સંન્યાસિની સમી તે સંચરતી.

એના સંસારરંગ સઘળા યે ઉપટી ગયા હતા.

काम्याणां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः.

જીર્ણ વસ્ત્રો જેવી એની જગતકામનાઓ ઉતરી ગઈ હતી. નિષ્કામનાની તે સાક્ષાત અવતારિણી દીસતી.

પછી તો તે કાળમુખા કાળવાને કાંઠે ગઈ ને સોનરેખને ખોળે સદાયની પોઢી.

ઐહિક જીવનને એમ સંકેલી લીધું.

ગુજરાતનાં કૃષ્ણપ્રાચીન તીર્થજળ આજે યે એની દેહ-ભસ્મથી પાવન થયાં છે.

રાજસતી રાણકદેવડીએ વાવેલી સતીવેલને હજી તો ત્ય્હાં ફૂલ પ્રફુલ્લે છે.

૬

એને ઓળખી?

વીસમી સદીની પહેલી પચ્ચીસીનાં નરનાર! એને ઓળખી? એ આપણા જ યુગમાં ગુજરાતખોળે થઇ ગઈ. વીસમી સદીનાં વિલાસપૂજારીઓને સતીને ઓળખવાની નવરાશ છે કે?

ગુજરાતના કલાકારો! ગુજરાતના શબ્દસ્વામીઓ! ત્હમારી પીંછીમાંથી ને ત્હમારી લેખિનીમાંથી આથી ઉલટાં ચિત્રો કેમ જન્મે છે? ગુર્જર કુંજો હજી પુણ્યસૂની નથી થઇ, હો!

ધારાશાસ્ત્રી! ત્હારૂં ન્યાયશાસન પૂજનીય છેઃ ત્હારી પામરતા યે સ્હમજી લે ને સુધાર.

હાઇકોર્ટની હવેલી જેવડો ધારાશાસ્ત્રનો ઢગ થયો છે. સ્વામી સ્વર્ગવાટે સિધાવ્યે જે સતીને જીવવું નથી—જેને સ્વામીનો સંગાથ સાધવો છે, ત્હેને જીવાડણહારા એ ગંજ-નિષેધ છે કોણ?

શાણા સંસારશાસ્ત્રી! પારખી લે સંસારસત્યો. ફરજિયાત વૈધવ્ય વિલાસકામિનીઓને સંસારનો જુલ્મ જ છે; ફરજીયાત સતી થવું જિજિવિષાભાવિનીઓને સંસારનો જુલ્મ જ છે; સંસારવિરક્ત સ્વામીતલ્લીન સતીઓને સ્વામી પાછળ ફરજીયાત જીવાડવી એ શું એથી યે ગંભીર સંસારનો જુલ્મ નથી?

છએક માસ એના આયુષ્યની અખંડ ચિતા જલતી જ રહી, ને ત્હેમાં જલીને તે ખાખ થઈ.

એ સતી આપણા યુગમાં થઇ. ગુર્જર સન્નારીઓ! એ ત્હમારી સહિયર હતી.

એનો જન્મ ઇ. સ. ૧૯૦૭ માં થયો.

એનું સંસારલગ્ન ઇ. સ. ૧૯૨૨ માં થયું.

એનું સંસારવૈધવ્ય ઇ. સ. ૧૯૨૪ માં થયું.

એનું ચિતાલગ્ન ઇ. સ. ૧૯૨૫ માં ૧૮ ની વયે થયું.

એનાં સંસારલગ્નમાં હાજર રહેવાનું સૌભાગ્ય મ્હારૂં હતું. એનાં ચિતાલગ્ન વેળા ગેરહાજર હોવાનું દુર્ભાગ્ય મ્હારૂં હતું.

પચાશેક વર્ષ પૂર્વે ઠરેલ બુદ્ધિના આપણા એક સાક્ષરશ્રી એમના સર્વોત્તમ નાટકના મુગટમણિમાં, જાણે ભવિષ્યવાણીરૂપે, એનું નામ કોતરી ગયા છે; ને ગુર્જરકુંજ-વિખ્યાત અમરત્વ એને અર્પી ગયા છે.

ગુર્જરકુંજની આર્યજનતા! આ ન્હાનકડી શી કરુણ કાદંબરી વાંચી અશ્રુમોતી ખરે તો સતીને વધાવીને ખરવા દેજે, પણ શોચીશ મા.

ગુજરાત! આ ઇતિહાસે ગુણગર્વીલો થજે. પુણ્ય ને પવિત્રતાનાં સનાતન વ્હેણ વીસમી સદીના સ્હવાર સૂધી તો ત્હારે હૈયેથી સૂકાણાં નથી.

એની જીવનકથા ઉચ્ચરે છે કે, પ્રેયસ્‌ની ને શ્રેયસ્‌ની પેઠે, વિલાસ ને કલ્યાણ નિરનિરાળાં છે.

૧૩ : ફૂલની ફોરમ

એ માર્ગે નગરલોક ઘણાં જતાં-આવતાં.

ચન્દનીના વ્હેણ જેવો માર્ગ ઉજળો હતો; પણ વચ્ચે વચ્ચે વૃક્ષછાયાના અન્ધકારના ઢગલા પડેલા હતા. પડછાયા શા ડોલતા એ ઢગલાઓ ખૂંદીને લોક એ ઉજળે માર્ગે ઘણાં યે જતાં-આવતાં.

આગળ મન્દિર હતું; અને એથી યે આગળ મૃત્યુધામ સમું સ્મશાન હતું. ત્ય્હાં આકાશપાતાળની પાયરીઓ ચ્હડતી-ઉતરતી.

૨

એ એક ચૈત્રની સન્ધ્યા હતી. ખરૂં પૂછો તો વસન્ત ઉતરતી હતી ને ગ્રીષ્મ બેસતી હતી. દિવસ ને રાત્રીની હોય છે એવી ઋતુઓની એ સન્ધ્યા હતી.

જીંદગીની ઋતુઓનો યે ત્ય્હારે સંગમ હતો.

વૃક્ષો પ્રફુલ્લેલાં હતાં. કોયલ બોલતી હતી. પ્રકૃતિએ સૌન્દર્યના વાઘા સજ્યા હતા.

મ્હારી તો તે નવજન્મની જન્મતિથિ હતી. મૃત્યુનાં ઝેર પી, એ ઝેરનાં વમન કરી, જીવનને આરે પાછો સજીવન હું આવી ઉભો.

સંસારનાં મૃત્યુ નિરખો છો એમ, ઓ સંસારીઓ ! સંસારનાં સંજીવને નિરખજો.

૩

ખાલી હૈયાનો, ખાલી મસ્તકનો, લક્ષ્યસૂનો હું એ લોકમાર્ગે જતો હતો. માર્ગે વૃક્ષોના પડછાયા મ્હારા ઉપર પડતા ને સરી પડતા. એના ભાર મ્હને લેશે લાગતા નહિ.

હૈયાસૂનાને તેજ કે છાયાના ભાર લાગતા નથી.

હું મનમસ્ત હતોઃ બ્રહ્મવાદીઓના જેવો તો નહિ, ત્હો યે હું નિજમસ્ત હતો. કાંટાઝાંખરાં ઉખેડી ફૂલબાગ રચવાની, સંસારમાં સ્વર્ગ સ્થાપવાની, બ્રહ્માંડને ઉથલાવવાની તરંગાવલિ, દરિયાવમાં મોજાં ઉછળે છે એમ, મ્હારા અન્તરમાં ઉછળતી. સાગર શો હું દિશાશૂન્ય ને નિજમસ્ત હતો.

સૂર્યનારાયણ અસ્તાચળે વિરાજતા. આથમતા સૂર્યદેવની ઉડતી જ્વાળાઓની ઝાલરપાંખોનાં તેજપીંછાંઓમાં સુવર્ણવર્ણાં કંઇ કંઇ સ્વપ્નાં હું જોતો.

નગરશણગારનારાંઓએ વડલાની અવનીઅડતી વડવાઇઓ રોપી રોપી કુંજઘટાઓ કીધી હતી ને મંહી સુખાસનો મૂક્યાં હતાં. નગરવિહારીઓની એ વિહારકુંજો હતી. આજે યે એ વિહારકુંજોમાં કાંઇ સૂનકાર જ ન્હોતો વસતો.

આજે મ્હારી આંખ દૃષ્ટિસૂની હતીઃ આંખ દેખતી, પણ ન્હોતી દેખતી.

મકના હાથી જેવો નિજમસ્ત એ હાથની બે શૂંઢો ડોલાવતો હું વહ્યે જતો હતો.

સૃષ્ટિ સારી હસતી લાગતી. મનુષ્યોનાં મુખડાં ખીલેલાં કમળ જેવાં ભાસતાં. નવચન્દ્રમાંથી ચન્દ્રિકા વહી ત્રિલોકને રંગે છે એમ મ્હારા અન્તરમાંથી કંઇક આજ વહતું, ને વિસ્તરતું, ને જગતને રંગતું.

એ આનન્દનો રંગ હતો. મ્હારા આત્મામાંથી આનન્દની ફરફર આજ ઉડતી ને જગત ઉપર વરસતી.

ચિત્રફલક સમું આનન્દવર્ણું હૈયું સૌન્દર્યની છબિ ઝીલવાને સજ્જ હતું.

૪

અણદીઠી કોયલ બોલે એવી એવે કુંજમાંથી મન્દિરઘંટા વાગી ને હું જાગી ગયો. આંખડી આભમાંથી ઉતરી, આત્મા ગગનમંડળમાંથી દેહદેશે આવ્યો, ને જગતસૌન્દર્ય નયન ભરી સન્મુખ ઉભું નિરખ્યું.

વૃક્ષો ઉપરની તેજવલ્લીઓ જોઇ, ઘટામાંના તેજસ્થંભ જોયા, પણ મન્દિરને પગથિયે દૃષ્ટિ ઠરી જ ગઈઃ જાણે તેજની કો અણદીઠી સુવર્ણખીલીએ એને જડી દીધી ન હોય ?

મન્દિરનાં પગથિયાં એટલે દેવની સ્હીડીઃ કોઇ ચ્હડે છે ને કોઇ ઉતરે છે.

દેવનાં દર્શન કરીને તે વળતી હતી, મન્દિરપગથિયાં ઉતરતી હતી. પગથિયે પગથિયે કમળપાંખડી વેરતી હોય તેમ તે પાય ધરતી. એટલામાં ને આસપાસ એના અંગમાંથી કામદેવના ધૂપ ઉઠતા ને પ્રસરતા.

જાણે દેવાંગનાની પુત્રી અવનીમાં ઉતરી! જાણે ચન્દનીની પૂતળી પૃથ્વીપાટલે પધારી! જાણે સુન્દરતાએ રૂપ ધર્યું ને દુનિયામાં મ્હાલવા નીકળી! જાણે ચન્દ્રમામાંથી કોઇક ચન્દ્રફૂલ ખર્યું ને જગતમાં પમરવા માંડયું!

મન્દિરમાંથી જાણે કામદેવની સહસ્રશિખ આરતી આવતી ન હોય એવી એ સુન્દરી આવતી હતી.

એનાં વિદ્યુતકિરણે મ્હને વીંધ્યો. મ્હને મોહનાં ઘેન મ્હડયાં ને મૂર્છા આવી. ક્ષણેક તો હું ચિત્રવત થંભી ગયો. પૃથ્વી પરના મનુષ્યે પહેલ્લી વાર ચન્દ્રમા દીઠો હશે ત્ય્હારે જેવી સાનન્દાશ્ચર્યની ભરતીમાં તે ડુબ્યો હશે એવા સાનન્દાશ્ચર્યમાં હું ઝૂબી ગયો.

૫

મન્દિરશિખરેથી મોર બોલ્યે હું જાગ્યો.

જાગ્યા પછી ઘડીએકે હું સચેત થયો. હૈયું ધડકતું હતું, આંખો તરવરતી હતી, ભમ્મરો ભ્રમહિન્ડોળે મ્હડી હતી. મ્હારા અન્તરનો આરસચોક પડછાયો પડયે મ્હને મેલો ભાસતો. અવનીમાંથી સ્વર્ગે સંચરતાં જગજ્જનો સુરગંગામાં ન્હાય છે ને મેલ ઉતારે છે ત્ય્હારે સુરગંગા મેલી

થાય છેઃ એવી મ્હારા આત્માની સુરગંગા જગત્મેલથી મેલી થઈ લાગતી.

હજી તો એ સૌન્દર્યપદ્મ જગત્સ્હીડીને પગથિયે સૌન્દર્યપાંદડીઓ વેરતું ઉતરતું હતું.

લોચનમાંથી પ્રભાઝરણાં નિર્ઝરતાં પેખ્યાં, ને મંહી કંઇ કંઈ અદૃશ્ય દૃશ્ય થતાં દીઠાં. ત્હેના હૈયાપાલવની કરચલીઓમાં કંઇ કંઇ ચરકલડીઓ ઉડતી નિરખી. ત્હેના પલવટની પાટલીઓમાં કંઈ કંઈ પંખિડાંને પાંખો ફડફડાવતાં જોયાં. ત્હેના દેહદેશેથી કોક ફૂવારા ઉછળતા ભાસતા.

છતાં એ સૌન્દર્યદર્શનમાં, ચન્દ્ર આડી વાદળી સમી, કાંઇક છાયા પડેલી હતી.

એ સૌન્દર્યમાં એકલું દેવતત્ત્વ નહોતું.

સૌમ્ય સૂર્યોદયમાંથી સહસા જ્વાળાના ભડકા પ્રગટે છે એમ એ સૌન્દર્યદર્શનમાંથી સહજ જ કામલોલુપતાનાં ઝાળ ને ધૂમાડા ભભૂકી ઉઠયાં. હૈયાની ચિતાની ચારીઓ ભરીને એ ભડકા નયનોમાંથી બ્હાર ઉછળ્યા. નિર્મળા કાચ જેવા આત્માનાં સરોવરનાં પાણી એ ધૂમાડાના ગોટાઓના ઓળાઓથી મેલાં થયાં.

સોનેરી વાદળી જેવી કેટલીક સ્ત્રીઓ એવી હોય છે; જાણે કામદેવનું ઓઢણું ઓઢયું ન હોય!

યજ્ઞકુંડની જ્વાલાઓની શિખાએ ચ્હડીને હવિષ્યાન્ન

દેવલોકે સંચરે છે એમ કામવાસનાની ઝાળોનાં વિમાને ચ્હડીને મન સુન્દરીના દેહદેશમાં ઘૂમી આવ્યું.

પુષ્પમાં, પલ્લવમાં, વિટપોની કરચલીઓમાં ભમરો ઉડે એમ મન ઉડતું.

૬

વિશ્વમાં એકલી પાપવાસના નથી, પુણ્યવાસના પણ છેઃ અને પાપવાસના કરતાં પુણ્યવાસના બળવન્તી છે.

જગતની પાર્થિવતાના પડછાયા પડે છે એમ જગતની જ્યોતિમૂર્તિઓમાંથી યે વિધુત્ફોરાં વરસે છે. તેજનાં વિધુત્ફોરાંઓ પડછાયાની પડી ભાતને ધૂવે છે.

જગતનો અન્ધકાર સાચો છે તેમ જગતનાં તેજે સાચાં છે.

આજે અકસ્માતોનાં અન્ધારાંઅજવાળાં મ્હારે ઝીલવાનાં હતાં.

ભરી–ભરી ફૂલછાબ લેઇને એવે કને થઇને દેવની એક પૂજારણ નીકળી. ચન્દનીના વ્હેણ સમો સારો નગરમાર્ગ મઘમઘાવતી પૂજારણ મન્દિરપગથિયે ચ્હડી; જાણે પુરવાસીઓની પ્રેમભક્તિ પગથિયાં ચ્હડતી ન હોય !

પાછળ એના ઉડતા પાલવમાંથી પરિમળની પુણ્યસેર નિર્ઝરતી ને પૃથ્વીને પરિમળાવતી. એ પુણ્યનો પરિમળ મ્હારા યે અન્તરને પરિમળાવી રહ્યો.

ઉરના અન્ધારમાં ગ્હારે અજવાળાં ઉગ્યાં. પડછાયાના ઢગલા ધોવાયા. ધૂમાડાના ધૂપ ઓસરી પરિમળના મેઘ ઉભરાયા. એ પરિમળનાં ગુલાબજળમાં આત્મા જાણે નહાવા લાગ્યો.

પછી જાગીને જોયું તો વસન્તરંગે રંગેલું જગત નિર્મળું નિર્મળું હસતું હતું. ઉપર બીજનો નવચન્દ્રમા ચન્દ્રિકા વરસતો.

જગત હરિનો જય ઉચરતું હતું.

નીચે જોયું તો વિલાસની પ્રતિમા સમી હજી તો તે રમતિયાળ વિહારવિલોલ ગતિએ દેવમન્દિરનાં પગથિયાં ઉતરતી હતી.

પુણ્યઆંજી આંખડીએ પછી ઉંચે જોયું તો તે પરિમળની મૂર્તિ તેજની શિલાઓ સમી સંસારસ્હીડીએ ચ્હડતી હતી. એ રૂપમૂર્તિમાં યે કામપૂતળીને બદલે દેવકન્યા દીઠી. એને યે અંગે પૂજારણના પરિમળના વાઘા ભાસતા.

૭

એવે બે વિજ્ઞાનશાસ્રીઓ વિદ્વદ્ચર્ચા ચર્ચતા નગરમાર્ગે વિચરતા હતા, ને ત્હેમનું એક વિદ્વદ્વેણ મ્હારે કાને આવીને અથડાયું.

'સૂર્ય ને ચંદ્ર છે એવાં ફૂલ ને સન્તો પ્રકૃતિબાલકો છે. એમનાં યે વીજળીનાં ફોરાં ને સુવાસનાનાં કિરણો આત્મદેશમાં અજવાળાં વરસે છે.'

બીજાએ ઉત્તર વાળ્યોઃ—' ફૂલડાં એટલે પૃથ્વીમાંનાં સન્તો.'

ફિલસુફમુખડેથી સાંભળવાનું મ્હારે બાકી હતું એ સાંભળ્યું ને અનુભવ્યું.

પણ એ ફૂલની ફોરમ હતી ? કે પૂજારણની ફોરમ ?

મ્હારી પાપભાવનાને પુણ્યભાવના કીધી એ ફોરમે.

૧૪ : વ્રતવિહારિણી

આઠે પહોરના અમૃતરૂપ એ સમય હતો. જગત-શોભન સૂર્યસુવર્ણ આભમાં યે ન્હોતાં પથરાયાં, અને અન્ધકારના ઓછાયા પણ અન્તરિક્ષમાં ન્હોતા ઉડતા. રાત્રી આથમી હતી. તેજતેજશીતળ રજતવર્ણું પ્રશાન્ત પ્રભાત પૃથ્વીહૈયે પથરાયેલું હતું; જાણે જગતે ચન્દનીની જાજમ પાથરી !

ત્યહારે ભડભડતી ચિતા સળગતી હતી.

તે એક નદીનો તટ હતો, ને નદીતટમાં સ્મશાન હતું. મનુષ્યભસ્મનો અંગલેપન કરતું વર્ષાનું અઘોર જળ રાખના ઢગલાઓમાં થઇને વહતું: જાણે કો અઘોરીએ ઉછાળેલાં પૂર.

જળ આજ પ્રમત્ત હતાં. નદીના તીર આગળ, રોજ બાળકો રમતાં ત્યહાં, વેળુના દળમાં એક બાળક બળતું હતું.

‘ મ્હને સાથે જવા દો. અજાણ્યે માર્ગે એ મ્હારૂં ફૂલ ભૂલું પડશે. ગામમાં તે ભૂલું પડતું ત્યહારે હું શોધી લાવતો. બ્હેનને ખોળે આપતો, માતાને હૈયે સોંપતો. મ્હને જવા દો. ત્યહાંના નવા માર્ગોમાં એને કોણ દોરશે ? મ્હને સાથે જવા દો. ’

ટેકરી ઉપરથી એક સુન્દરી નદીપટમાં ઉતરી. કલ્યાણ-લક્ષ્મી સમી વનશોભા ત્હેનાં સ્નિગ્ધ નયનોમાં વિરાજતી. ભગવો પાલવ એની આગળ ઉડતો, એની આસપાસ તેજ વર્ષતાં. નદીની વેળુમાં એનાં પગલાં પાંદડીઓ પાડતાં.

પુરુષે સુન્દરીને દૂરથી આવતી દીઠી. ત્હેની ગૌર પ્રભા, ઉગતા સૂર્ય સમી ત્હેની ભગવી મુદ્રા, મુખમંડળમાં મુદ્રાંકિત ભાવ, પાછળ વરસતાં સૂર્યતેજનાં કિરણો–કોણ જાણે શું?–જોઇને પુરુષની શોકઆચ્છાદી મુખમુદ્રામાં સ્મિતની રેખાઓ ફરકી ને શોભી ઉઠી.

એને અગમ્યનાં દર્શન થયાં.

સ્થિર પગલે સુન્દરી પુરુષ ભણી ચાલી. નવસૂર્યની વિખરાતી કિરણાવલિ શી સુભગ કેશાવલિ, નીલવર્ણાં નયનો, પ્રકાશતાં ને અશ્રુનિર્મળ તે પુરુષના દેહશિખરેથી નીતરતા મનોભાવઃ નિરખતી–ન નિરખતી તે સુન્દરી ચિતા ભણી ચાલી. પળમાં પુરુષ સન્મુખ આવી ઉભી.

દયાની મૂર્તિ શી તે આર્દ્ર ભાવે નીતરતી.

'શું કરો છો આ? આંસુથી ચિતા છંટાશે? મૂવે જીવન આવશે?'

ઉત્તર કાજે ક્ષણેક તે થંભી. અન્તરિક્ષ અબોલ રહ્યું. પાંદડી ઉપર તેજ ફરકે એમ એના હોઠ ઉપર તેજ ફરકતું હતું.

'કોને બોલાવો છો? સ્વર્ગે ગયેલાંને પાછાં બોલાવો છો? સ્વર્ગ કરતાં જગતમાં વધારે સુખિયાં કરશો? આંસુ

કોને માટે? પ્રભુયાત્રાએ પ્રિયજન સંચર્યા એમને કાજે? અનન્તમાં આનન્દે છે એથી યે અંહી આનન્દાવત? ત્ય્હાં આનન્દે છે માટે અંહી રડો છો? ખરૂં છે કે વિરહ ડંખે. કપરા છે મૃત્યુનાં વિષના ઉતાર. પણ અગ્નિમાં હાથ નાંખ્યે મૃત્યુના નાગના ડંખ નહિં મટે. ચાલો; આંસૂ લ્હોઇ નાંખો; પૃથ્વી પુષ્પે ભરેલી છે.'

'સ્મશાનમાંથી ક્ય્હાં લઇ જશો મ્હને? મ્હને અંહી જ રહેવા દ્યો. લઇ જશો તો ત્હમારે જ પાછો લાવવો પડશે સ્મશાનમાં.'

'જેવી શ્રી હરિની ઇચ્છા. એના આદેશ, અમારે એ જીવનમન્ત્ર. જીવનવ્રત પૂરાં થયે આપણે યે ત્ય્હાં જવાનાં નથી? જીવનનાં આદર્યાં વ્રત પૂરાં કીધાં સહુ? ચાલો, જગત બોલાવે છે.'

સુન્દરી ત્હેને જગતમાં દોરી ગઇ. પુરુષબળ વૃથા થયું ત્ય્હાં સ્ત્રીશક્તિ સફળ થઇ. ન્હાનકડી ચિતા, મંહી પથરાતી ઇન્ધણુાંની તામ્રરેખાઓ, પાછળ વહેતાં પૂરઃ વળી વળીને એ સહુ જોતો દીનમુખ દુઃખમુગ્ધ પુરુષ સુન્દરી-દોર્યો જગતમાં ગયો.

સોનાથી યે મોંઘા બાળકની લોક ભસ્મ કરી રહ્યા. ચિતા શમી ને છંટાઇ. સહુએ સ્નાન કીધું, શોક કીધો, વૈરાગ્યવિચાર કીધો. પછી સ્મશાનમંડળ ગામ ભણી વળ્યું. ખીલતા ખેલતા લાડતા બાલુડાને નદીની વેળુના અંગારામાં મૂકીને સ્વજનો ગામમાં ગયા.

શોક મોહ જ્ઞાન ત્યાગની વિવિધ વાતો સહુ કરતા હતા. સ્મશાનવૈરાગ્ય છલકાતો હતો. ઘડીકની યે એ છલક મહામૂલી છે.

એકે કહ્યું: એ બાળા તો સાધુકુંજની સાધ્વી હતી. શોક શમાવવા, આંસુ લ્હોવાં, તપ્યાંને ટાઢાં પાડવા, શીત-હ્રદયાંને ઉષ્મા પાવી, પંખીને પાંખ ને પ્રાણમાં પ્રેરણા પ્રગટાવવી એ એમનાં વ્રત. સાધુકુંજ આત્માની ઇસ્પિતાલ છે. મનનાં દુ:ખનાં ઔષધ ત્ય્હાં મળે છે.

બીજાએ કહ્યું: એ તો વ્રતવિહારિણી.

૨

તે દિવસનો બપ્પોર નમતો હતો. સ્નેહલતા શી તેજછાયાઓ વિવૃદ્ધ થતી હતી. વનમાં ગોધણ ઝૂલતું ઝૂલતું ગામ ભણી વળતું હતું. આભ ઉંડાં ને ઘેરાં ને તેજસ્વી હતાં.

દાઝેલી દુનિયા ટાઢી પડતી હતી.

ઘંટા વાગી ને ગુંજતી ગુંજતી નિદ્રાલીન થઈ.

'બાલકુંજનો સમય થયો છે.'

ન્હાના ન્હાના બિલોરી પ્યાલાઓ, મ્હોટા મ્હોટા સીસા, આરસના ખરલ, ઝીણી-ઝીણુકી તુલાઓ: સહુમાં વ્યવસ્થા પ્રવેશી, નિયમ પ્રવર્ત્યો. ક્ષણમાં તો દયામૂર્તિ શી સુન્દરીઓ ઓષધાલયખંડમાંથી નીસરી. વિશાળ એ શરીર-સુખસમૃદ્ધિનું સંગ્રહાલય સૂનું પડ્યું.

સુખપુર ન્હાનું ગામડું છે, પણ સાધુકુંજને લીધે દેશયશસ્વી છે. ત્હેનાં ચરણ ચુંબતાં નદીનાં પાણી વહે છે. વસ્તી ઉદ્યમી સન્તોષી ને તેથી ઉજળી છે. ફળ ફૂલ સુગન્ધથી ફરતાં વન ભરેલાં છે. ત્યહાં ગોપબાળ રમતા, વેણુ વગાડતા, ગોધણ ચારતા. સહુ ઉપર પ્રસન્નવદન આકાશનો ચન્દરવો વિરાજતો.

સુખપુર નદીની ભેખડ ઉપર છે. બાળકો પાણીમાંની છાયાઓ સંગાથે રમતાં, ઉંચી વડની ડાળીએ હીંચકા બાંધી પાણી ઉપર હીંચકતાં, હીંચકતાં હીંચકતાં પાણીમાં ભૂશકા મારતાં, તરતાં, ડુબકી ખાતાં, મનમાણ્યા ખેલ ખેલતાં.

સુખપુર ફરતાં વન હતાં. વનમાં કોયલો બોલતી.

સુખપુરની સીમમાં પણ થોડેક આઘે એક વિશાળી કુંજ હતી. વડ આંબા જાંબૂડા આસોપાલવથી એ ભરેલી હતી. નિરન્તર ત્યહાં કોયલો રહેતી ને બોલતી.

કુંજમાં એક સરોવર હતું. વાદળી જળજ્યોત્સ્નાભરેલું પાળબાંધ્યું ત્યહાં એક સરોવર હતુંઃ નિર્મળી વસન્તવાદળી સમું, નીલમણિના તેજપાટ જેવું, કુંજ વચ્ચે એક સ્વચ્છ સરોવર હતું.

ને એ કુંજમાં બીજું શું હતું ? કોયલો બોલતી, મેનાઓ નર્તતી, ચકોરીઓ ઉડતી. વન એમની કલકેલિથી સલ્લોલ બોલતું. કુંજમાં બીજું શું હતું ?

ખાટી આમલીઓ હતી; કડવા પણ મીઠાશીળા લીમડા હતા; ગંભીર, સુજન શા ઉન્નત, વડવૃક્ષનાં ઝુંડ હતાં.

મંહી કલાધર શીખંડી નાચતા. વળી બીજું શું હતું?

પ્રસન્નવદન તેજનિર્મળ પ્રભામંડળ શો કુંજમાં એક આશ્રમ હતો. વાત્સલ્યદીક્ષાધારિણી પુણ્યપ્રવૃત્તિમય દયાની દેવીઓ શી વ્રતવિહારિણી સંન્યાસિણીઓ મંહી રહેતી.

સંસારને આરે સુખપુરની કુંજમાં સંન્યાસિણીઓ વસતી.

એ સંન્યાસિણીઓને લોક વ્રતવિહારિણી કહેતા.

આશ્રમ ઉપર ભગવો ઝુંડો લહરતો; ને એ ધ્વજપટમાં કુંકુમઅક્ષરે ચીતરેલું હતું કે 'સુખ અને સાધુતા.'

એ વનને સહુ સાધુકુંજ કહેતાં. સુખપુરને સીમાડે સાધુકુંજ હતી.

સાધુકુંજ ઉપર આજ બપ્પોરનો તડકો નમતો હતો. ઘંટારવ ગુંજીને વિશમી ગયો હતો. અત્ય્હારે સાધુકુંજની દયામૂર્તિઓનો દયાના શિક્ષણનો શિક્ષણવિધિ ચાલતો હતો.

કુંજમાં બાગ હતો ને બાગમાં વેલમાંડવો હતો. બાળકોની શિક્ષણશાળા એ વેલમાંડવામાં હતી. એક દિશામાં કેટલાંક બાલબાલિકાને લેઇ સુન્દરીઓ સુન્દર ભાવે અક્ષરલેખન ને શબ્દવાંચન શીખવતી; ફૂલ ટોપી વેલના ગ્રન્થનવિધાન દાખવતી; બાલસેનાની સામન્તિની બની વ્યૂહરચનાના ખેલ ખેલવતી. બીજી દિશામાં બીમારની ઢોલણીઓ હતી, પારણાં હતાં. મૂળિયાં ઉપર નમતી વેલીઓ સમી સાધ્વીઓ ત્ય્હાં બાલકોને હસાવતી, આનન્દાવતી,

ઓષધ પાતી, ઢોલિયે ને પારણે ભમરીઓ ને ચકલીઓ મૂકતી, ચિત્ર દેખાડતી, હાલરડાં ગાતી. કોક કોક વેળા પાસે કોક વીણા છેડતું તો કોક મૃદંગ વગાડતું; કોક તાઉસ ને સરોદા સજતું તો કોક જલતરંગને ને જલતરંગબંસીને જગાડતું. વેણુના સ્વચ્છ મીઠા લલકાર પણ કોક કોમળાંગી સુકોમળ સુરે મનમોહન બોલાવતી. મંડપની મધ્યમાં આરસનાં ફલકો ઉપર દીક્ષિતા દેવીઓ માન સરોવરમાંનો હંસ, મંજરીમાંની કોકિલા, મેઘછાયે નાચતો કલાધર, વિશાલબાહુ મહાભાવ યોધરાજ, કે સ્નિગ્ધનયણી કૌમારશોભના રાજબાલાઃ એવાં રસમધુરાં ચિત્રો આલેખતી. કોઈક સાધ્વીઓ બાલકોને ફળ આપતી, કોઈક સાન્ત્વન દેતી, કોઈક હૃદયે ચાંપતી, કોઈક પાંદડાંને પંખે કે ફૂલડાંનાં નયનચુંબને બાલકોનાં પોપચાં ઠારતી.

સહુ આનન્દી હતી, સુખવાહિની હતી, કર્તવ્યવિલાસિની હતી.

'પણ આજ એ કય્હાં ગઇ છે?' એક બાલિકાની વેણીમાં મોરપીંચ્છનો ચાક ગૂંથતાં એક સાધ્વીએ પૂછ્યું.

'ગઈ છે તો દયાનો સન્દેશો દેવાને. મંગળા વાગી ત્ય્હારે સ્મશાનમાંથી રુદન સંભળાતું હતું. ઉષા ઉગી ત્ય્હારની એ દિશામાં ગઇ છે. ફૂલના હાર એના અધૂરા છે, ઓષધના બાટલા એના અણુભર્યા છે. અમૃતવલ્લીનો આસવ ઘૂંટતી'તી એ યે અધઘૂંટયો પડયો છે. પંખિણી જેવી પ્હરોડિયે આભમાં ઉડી છે.'

જગત એવી પંખિણીઓનું વન છે. ઝૂમખે ઝૂમખે ચકોરીઓ ઉડે છે.

નમતો પ્હોર નમીને સ્હાંજ પડી. વન ઘેરાં થયાં, કુંજ કુમળી પડી. સાધ્વીઓ કરમાયા જેવી થઇ.

ફરીથી ઘંટારવ થયો ને વનમાં જઇ વિરામ્યો.

'દયામૂર્તિઓ ગામમાં જાય, ને સ્નાનમંડળ સરોવરે ચાલે.'

વેરાતી પાંખડીઓ શી યુવતિઓ દિશામંડળમાં વેરાઇ ગઈ. જતાં જતાં એક બાળા બોલી: હજી યે તે ન આવી.

હરિણીવૃન્દ સમું એક સાધ્વીમંડળ સરોવરકુંજમાં ચાલ્યું; દિગ્‌વાસિની દેવાંગનાઓ સમું બીજું સાધ્વીમંડળ સુખપુરને માર્ગે પડ્યું. સહુ ઉપર સ્હાંજની શીતળતાનાં ફોરાં વરસતાં.

કુંજમાં નિરન્તર કોયલો બોલતી ને કલ્લોલતી.

સાધ્વીઓ જઇ સરોવરમાં પડી: ટાઢકની ઉર્મિઓ સમી જલછાલકો ઝીલતી ઝીલતી, પાણીના ફૂવારા ઉડાવતી, નિર્દોષ ક્રીડામત્ત તરવા લાગી. કમળના ડોડલા જેવા વદનસંપુટ સ્હાંજની નિષ્કામ તેજની વાદળીઓમાં પ્રભાપૂર્ણ સુહાતા.

'ને હજી યે એ ન આવી !'

વનકુંજનો છાંયડો સરોવર ઉપર પથરાઇને પડયો. સાધ્વીઓ જળશીતળ થઈ. પછી પોયણાં જેવી જળનીતરતી સુન્દરીઓ એકે એકે સરોવરમાંથી નીકળી.

કપોલસોહવતાં જલઝૂમખાં ખેરવતાં ખેરવતાં એકે કહ્યું: સ્હાંજ પડી ને ત્હો ય એ ન આવી.

એ આવેઃ પેલા આસોપાલવની નીચે. જો-જો પ્હણે. કુંજમાં નયન પરોવતી બીજી યુવતિ બોલી.

સ્હવારવાળી સ્મશાનમાંની એ વ્રતવિહારિણી હતી. સ્હાંજનાં તેજ સમું હસતી હસતી તે સરોવરે આવી. વનલીલા, સરોવર, આથમતો સૂર્યરાજઃ સહુ જોઇને તે હસી પડી. પછી ક્ષણેકમાં ઘટા શી ગંભીર થઇને બોલીઃ

મ્હારે તરવું છે.

એકે કહ્યું: તર્યાં હવે. આજે કાંઈ નહિ.

એણે કહ્યું: ના, ના; મ્હારે જળમાં તરવું છે.

બીજીએ કહ્યું: ડંકો વાગી ગયો. આજ મોડું થયું. જો, સૂરજ નમે છે.

તે ખડખડાટ હસી પડી.

તું હસે છે શાને જે? એક સાધ્વીએ પૂછયું.

જગત રૂવે છે માટે હસું છું: એણે કહ્યું. પેલું ત્હમે જૂવો છો?

શું?

પેલું; પેલા આંબા પાછળનું તેજોમય આભ, ને આભને આંગણે ઉડતું પેલું વિમાન. પેલું, પ્હણે, કોયલ બોલે છે એની પાછળ. ને ત્હેમાં વિરાજેલા-

બોલતાં બોલતાં નદી સમી તે ગંભીર થઈ ગઈ.

એની આંખ વનદેશ જોતી, પણ અન્તર કંઇક અનેરૂં નિરખતું. કીકીઓ કંઇક હૃદયમાં ન્હાળતી.

જા–જા, ગાંડી થઇ લાગ છે. એ તો વાદળી છે–વાદળી. સહિયરો હસી પડી. હાસ્ય સાંભળી તે આગ્રહી ને સ્થિરનયન થઈ.

નહિ, નહિ. ત્હેની યે પાછળ, એ વાદળીથી યે વેગળે. જૂઓ, જૂઓ; પેલું, ફ્હણેઃ આભને આંગણે. ઉડતા ફૂલ જેવું વિમાન; ને મંહી—

અને મંહી શું? બોલનાર પણ એ સ્પષ્ટ જાણતી ન હતી.

સરોવરેથી સહિયરો આશ્રમ ભણી વળી. તેજનાં કિરણો સ્ફુરવતા હરિણમંડળ સમું સહિયરવૃન્દ વનમાંથી આશ્રમે આવ્યું.

આશ્રમની વાડીમાં બાળકો દોડતાં. એમને જોઇને તે રડી પડી ને બોલીઃ એવડી ઉતાવળ શી છે જે?

વાડીમાં ફૂલડાં વેલીઝૂલે હીંચકા ખાતાં. એમને જોઇને તે હસી, ને કહ્યુંઃ જીવન એ કાળનો હીંચકો છે.

વેલછાંયડે બેઠેલી યુવતિઓ બાળકોને માટે મુગટ ગૂંથતી હતી. તે ડમરો અને સરવની ડાંખળીઓની માળા બાંધતી હતી.

અને પેલું જાવો છો ત્હમે? ત્હેણે પૂછ્યું.

શું? નદી ઉપર હોડકું તરે છે તે?

અરે ના–રે ! ના. ત્હેની પાછળ પેલી પાંખ ઝગમગે છે તે–પેલી તારલા શી શ્વેત વાદળમાં વિહરતી પાંખ.

ના, બ્હેન ! તું ત્હારે જો. અમારી આંખો તો આંધળી છે. ન દીઠાનું આજ તું દેખ છ.

દુનિયાની આંધળી આંખે દેખતી થશે. જૂવોઃ સ્મશાનમાં તેજદીવડો છે, પૂર ઘેરાં ઘેરાં હસે છે, ચિતામાંથી આનન્દ પ્રગટે છે. જૂવો, સ્મશાનમાં આજ સહુ હસે છે. ને જૂવો, સ્મશાનની પાછળ સ્વર્ગ. સ્વર્ગ આઘાં નથી હો ! જૂવો, અઘોરની પાછળ અમૃત. જૂવો—

તું આજ ક્ય્હાં જમી ?

દીક્ષામન્ત્રમાં જમવાનું કહ્યું છે ? જૂવો, ધ્વજ ઉડે છે. સુખ અને સાધુતાથી જગતને વધાવવું એ આપણું જીવનવ્રત. જમવું એ જીવનવ્રત છે કંઇ ? દીક્ષા દેતાં જમવાનું કહ્યું છે કંઇ ?

આશ્રમઘંટા વળી વાગી. દિવસનાં અજવાળાં આથમ્યાં હતાં. સહિયરો આશ્રમમાં સિધાવી. પાછળ રાત્રીનો પડદો પડતો હતો.

નદીનાં પૂરને, સ્મશાનને, ચિતાને જોતી જોતી આશ્રમવાડીમાં તે ફરતી હતી. આથમતા દિવસને જોઇ તે રડતી; પડતી રાતને જોઇ તે હસતી.

રાત્રીનો અન્ધારપછેડો આશ્રમને આચ્છાદીને પડયો. ચન્દ્રોદય નથી, ચન્દ્રોદયની આશા યે નથી. આશ્રમ આજ અન્ધકારમાં છે.

૩

તે દિવસની રજની નરી અન્ધકારથી ભરલી હતી. અમાસના ઓળા દુનિયામાં પથરાતા. આભમાં તારલા પણ ન હતા. કાજળકાળો મેઘ દિશામંડળને ઘેરી પડયો હતો. એકે દિશા ઉજળી ન હતી.

તિમિરવેલ શી તરુમાળા નદીમાં નિરખતી તીરે ઉભી હતી. નદીનાં પૂર વહ્યે જતાં હતાં.

'એમની શી દશા હશે? સાધ્વીમાએ મ્હને દવા પાઇ. આ અન્ધકારને યે હું વીંધતી વહું છું. એમનું શું થયું હશે? લોક કહેતાં માનસવ્યાધિનાં ચિહ્નો છે. સાધ્વીમા! ત્હમારૂં કલ્યાણ થાવ કે મ્હને ચેતાવી. આત્માના ઉન્માદની દવા આ એમને પાઇશ.'

ચોળી ઉઘાડીને હૈયામાંથી ઔષધી કહાડી અન્ધકારના તેજમાં તે નિહાળી રહી.

પ્રચંડ સમીરણો ગર્જતા. સરિતાનાં પૂર નીચે ઘરઘરતાં. ઉપર મેઘની પતરીઓ થરથરતી.

આભ પૃથ્વી ને અન્તરિક્ષ—ત્રિલોક ત્યહારે થરથરતો હતો.

'સાધ્વીમા! ત્હમારૂં મંગળ થાવ. 'વ્રતપાલનને ભયસીમા નથી, કાલસીમા નથી, લોકસીમા નથી, દિશાસીમા નથી.' શો ત્હમારો મહાનુભાવ આદેશ! જઇને ત્હેમને આ દવા પાઇશ. સાધ્વીમા! અન્ધકારમાં યે સહુ દેખું છું. ત્હમારૂં સ્નેહકાન્ત હૃદય, પેલું જગતની સીમ ઉપરનું અઘોર સ્મશાન-'

એ સાધ્વી કેમ થંભી ? તે શું જોતી હતી ! તે જોતી ન હતી પણ સાંભળતી હતી. દિશાઓને છેડેથી આવતું કંઈક મન્દ મન્દ હાસ્ય તે સાંભળતી હતી.

તે કોણ હતી ?

તે વ્રતવિહારણી હતી. ત્હેનો વ્રતપરાયણ પ્રાણ ત્હેના શરીર શબથી આગળ ઉડતો, ને દૂર–દૂરનું કંઈક અસ્ફુટ ને મન્દ મન્દ હાસ્યઘોષણા જેવું એ અનુભવતો.

'હાય હાય ! અત્ય્હારે પણ સ્મશાનમાં ! અન્ધકારને યે ગણુકારતા નથી. અન્ધકાર શું પ્રબુદ્ધને જ ભયપ્રદ છે?'

તે સુન્દરીએ દોટ મૂકી. ઢળી જતા હ્રુદયને કરસંપુટમાં ઝીલી રાખી સંજીવનવેલની શોધમાં જતી જેવી તે યુવતિએ હરિણગતિથી ન્હાની ન્હાની છલંગો ભરવા માંડી. દુઃખભાર શો ત્હેનો વિસ્તૃત ભગવો સાળુ પવનમાં લહેરિયાં ખાતો પછવાડે ઉડતો આવતો.

આકાશમાં રાત્રી અંધારી હતી, ને રાત્રી આડો યે મેઘનો અભેદ્ય પડદો હતો. મેઘ નીચે ભૂતગણ સમા ત્રાડતા સમીરણો વહતા. સરિતામાં પૂર ચ્હડેલું હતું. સૃષ્ટિનાં મહાતત્ત્વોની ભયંકરતાથી પૃથ્વી ભયંકર બની હતી.

સાધુ કુંજની સાધ્વી હરિણી શી દોડતી હતી. આશા ને નિરાશા વચ્ચે, જીવન ને મૃત્યુ વચ્ચે તે ઝોલાં ખાતી. જીવન માત્ર હ્રુદયમાં સંગ્રહી ભયભીત ગાય જેવી તે છલંગો ભરતી.

સ્હામે કાંઠે ચીતાઓ ભભૂકતી ને અગ્નિ ઉછળતા

હતા. શ્મશાન નજીક આવ્યું. શબ્દો ત્હેને સ્પષ્ટ સંભળાવા લાગ્યા.

'મા! મ્હને બાળક આપો. સરિતામા! મ્હારી બહેનનું બાળક, મ્હારી માતાનો કુમાર, મ્હારો કુળકુમાર. સરિતામા! મ્હને પાછું આપો. આજ સ્હવારે જ ત્હમે લીધું છે એ પાછું આપો.'

વ્રતબાળાએ ગતિ વધારી. દેહપુષ્પની પ્રફુલ્લ પાંખડીઓ સમી વસ્ત્રપાંખડીઓ પ્રસારતી વ્રતબાળાની ગતિ મનોભાવ સમી ધસતી.

'મા! પાછું આપો. સરિતામા! કેમ બોલતાં નથી? લોક કહેતા એ મારો કુલકુમાર ન હતો. મ્હારી બ્હેનનું એ મ્હારૂં નહિ? લોક મ્હને ઘેલો કહે છે. લોક ઘેલાં નથી? મ્હારી ભગિનીમાતનું એ મ્હારૂં નહિ? ભગિનીસ્નેહ-માતૃસ્નેહની ડાંખળી બીજે ક્ય્હાં છે? એક વ્રતબાળામાં. સરિતામા! એ વ્રતબાળા આવે ત્ય્હારે પ્રણામ કહેજો. શ્મશાનમાં યે એનાં ચરણો શીતળતા પાથરે છે.'

તે યુવતી દોડતી હતી. સ્હામો કાંઠો હવે દેખાયો. કાંઠાના વેળુપટ દેખાયા. નદીનાં કાળાં ભમ્મર નીર પણ અન્ધકારમાં ઉછળતાં દૃષ્ટિમાં આવી ઉભાં.

'મા! મ્હને એ આપોઃ મ્હારી સ્નેહભીની માતા, મ્હારી વીરનયણી ભગિની, મ્હારો કુસુમકાન્ત કુમાર. મા! મા! સરિતામા! ન આપો તો મ્હને લ્યો, ને ત્ય્હાં લઇ જાવ જ્ય્હાં એ છે. મા! લ્યો મ્હને, ને ત્ય્હાં લઇ જાવ.

સહુને ત્હાં લઇ જાઓ છો ને મ્હને નહિ લઈ જાઓ ? મા ! મ્હને લઇ જાવ. લ્યો, લઇ જાઓ, મા ! '

એક પુષ્પ પડે એવો નદીનીરમાં ધબકાર થયો, પણ વ્રતબાલાના હૃદયમાં તો પ્રલયગર્જના ગાજી ઉઠી. તે ઉછળીઃ સિન્ધુતરંગ શી પાલવપટ પાથરતી તે ઉછળી. સાધ્વી ભેખડની ધાર ભણી દોડી.

નદીપટમાં મેઘલી અમાસનો ગાઢ અન્ધકાર હતો. અન્ધકારમાં પૂરનાં વમળ પડતાં. ભમરી ખાતાં ખાતાં પૂર ઉછળતાં ધસતાં.

ધન ગર્જતો હતો-સાધ્વી સ્વર્ગનાં દુંદુભી સાંભળતી. વીજળીઓ ચકમતી હતી-સાધ્વીની આંખ સન્મુખ અનન્તનાં દ્વાર ઉઘડતાં.

'હાય ! એ જ, એ જ. એ મોજાને શિખરે. એમને દવા પાઉં, એમને હૈયામાં લઉં, હુંફ આપું, સંજીવિની પાઉં. એ જઃ તરંગશય્યાસુહાગી-'

થરથરી, કમકમી, વિધુલ્લતા શમી ગઇ. એક દેહ-પાંખડી-એક કિરણ પડે એવું-એક તનુમણિ નીરમાં પડ્યું. પણ તેથી વિશ્વવિલોપિત અન્ધકારે કંપી ઉઠયો.

'કોણ ? વ્રતવિહારિણી ? આવોઃ ત્હમારા વિના મ્હારૂં સ્નેહસ્વર્ગ અધૂરૂં રહેત. આવો, જળશય્યા આપણી પ્રેમ-શય્યા થશે.'

'ના, ના. આ દવા પીઓ, જગતકાંઠે ચાલો.'

'જગત બહુ જોયું. ચાલો બીજાં જગત જોવાને જઈએ.'

સાધ્વીની કરવેલને નિવારી નાંખી, સંન્યાસિણીને જલભીના ભુજપાશમાં લીધી. આત્માઓને ચુંબન લેતાં-દેતાં હૃદય ઉપર હૃદય પાથરી તેઓ જલમંડપમાં સૂતાં.

'આપણે તટ ભણી જઈએ છીએ; પણ જગતના નહિ, સ્વર્ગના. આથી યે સુકોમળ, આથી યે સહસ્રધા સ્નેહસમૃદ્ધ તટ ભણી.'

'ધન્ય ભાગ્ય! ચાલો. આયુષ્યની આહૂતિ આપી જીવનવ્રત ઉજવીશ. પ્રાણોત્સર્ગ કરીને સ્નેહદીક્ષા લઈશું. મૃત્યુ પી જીવન માણીશું. ચાલો એ સ્નેહભૂમિમાં.'

એ સહુ કોણે જોયું?

પરમ પુણ્ય ને પરમ પાપ અન્ધકારમાં થાય છે. જગત એમને ઓછાં જ ઓળખે છે? દુનિયાનું તેજ ત્હેને પ્રકાશી શકતું નથી, દુનિયાના અન્ધકાર એને આચ્છાદી શકતા નથી. આ આપણું તેજ ત્ય્હાં અન્ધકાર છે, આ આપણા અન્ધકાર ત્ય્હાં સ્થૂળનાં પડ છે.

સૃષ્ટિમંડળના વિકાસમાં માનવસૃષ્ટિ વચલું પગથિયું છે.

૧૫: સાગરની સારસી

❖ ❖ ❖

સાગરની તે સારસી હતી. સાગરનાં વન એનાં ઉડવાનાં વન હતાં, સાગરતીરની દીવાદાંડી એનો માળો હતો.

આજ હિમના વાયુ વાતા હતા.

કુંજ જેવડું આજ આભ હતું. આભને નિરખી લઈ તે ઉતરી.

દીવાદાંડીને માળેથી એ ઉતરી ને બારણામાં ઉભી. હિમ પડયે પુષ્પપાંખડીઓ કરમાઇ જાય એવી એની મુખ-પાંખડીઓ કરમાયેલી હતી.

હિમના વાયુ વાતા ને એના હિમાંશુને ઝંખવતા.

'બાપૂને તાવ છે. દીવો પ્રગટાવવા દીવાદાંડીએ ચ્હડયા ત્ય્હાં ટાઢ ચ્હડી. પાંદડા જેવું શરીર કંપે છે. ભૂવો પવને બેએક દિવસથી હેમાળાનો વાય છે.'

જગતનો એ છેડો હતો. વાતાવરણમાં વિજનતા હતી. એ વિજનતાની સંગાથે જાણે વાતો કરતી તે યુવતિ દીવાદાંડીની બ્હારીમાંથી બહાર આવી.

બેએક દિવસથી હેમાળો વાતો હતો, ને સાગર ઉછળતો હતો. સાગરના ઉછળાટમાં ને આરે જગતનું જવાહીર કાંઇક શોધતો એ વિજનતામાં, નવા જહાજ જેવો નવજોબન, એક સંન્યાસી વિચરતો હતો. સમીપ ઝુંડની

ઝાડી હતી. મ્હીં દહેરી હતી ને ઉપર ભગવો ધજાગરો ફરફરતો. સાગરને તીરેથી શોધીને સંઘરવા એ દહેરીમાંથી તે આવ્યો હતો.

ત્હેણે સારસીને જોઈ. એ યુવતિને તે નિત્ય જોતો, પણ આજ યુવતિને જોઈને તે ચમકયો. એના સંન્યાસની સ્વસ્થતા જાણે ડોલી ગઈ. પાંખો જેવો એ સારસીનો પાલવડો ઉડતો, પણ મુખડે વિષાદછાયા ઢળેલી હતી. મુખની કરમાશમાં એણે મૃત્યુ વાંચ્યાં.

નિત્યનિત્યે સારસીને તે જોતો પણ બોલતો નહિ. આજ એના બોલ ઉછળી પડયા. ત્હેણે પૂછયુંઃ કંઈ એકલાં જ આજે ?

એણે કહ્યુંઃ ' જગતમાં એકલું કોણ છે ? સંસારમાં એકલા સંન્યાસી યે નથી. હું એકલી નથી. હું ને મ્હારા બાપૂ અંહી રહિયે છીએ. બાપૂ ઉપર માંદા છે. મ્હારી રઢિયાળી સહિયરો યે છે.'

'ત્હમારી રઢિયાળી સહિયરો ? ને આ વગડામાં ? '

' આ શિલા મ્હારી સહિયર છે; આ સાગરલહરી મ્હારી ગોઠણ છે.'—યુવતિના એ શબ્દો સાંભળી સંન્યાસીના યે સંન્યાસગર્વ ઉતરી ગયા.

'આ શિલા મ્હારી સહિયર છે. પેલી હોડી મ્હારી સખી છે. આઘે–પાસેની સાગરલહરીઓ મ્હારી સાહેલીઓ છે. મ્હારી સન્મુખ જળલહરીઓ નાચે છે એવી તો ભલભલી નાચનારીઓ યે નહિ નાચતી હોય. હું અંહી એકલી નથી. પૂજ્ય–વન્દનીય જેવા દીસો છો. બાપૂને તાવ છે,

ઉપર દીવાદાંડીમાં છે. દીવાદાંડી ધ્રૂજે છે એવા એ ધ્રૂજે છે. બાપૂને ધ્રૂજતા કદી દીઠા ન્હોતા.'

'આજે તો ખડકે ડોલી જાય એવા વાયુ વાય છે. બાઈ! હમણાં જ વૈદક ભણવા માંડયું છે.'–એ શબ્દ સાંભળતાં યુવતિની ઉત્સુકતા વધી ને વદને આશાનાં ઝાંખાં કિરણો ઝબકયાં.–'હું વૈદાનો અભ્યાસી છું, ને સમુદ્ર-ફીણ શોધવા સાગરકાંઠે આવ્યો છું. બાપૂ ઉપર છે? ચાલો.'

'બાપૂ ઉપર જ રહે છેઃ આજ બારબાર વર્ષથી. એક વેળા બાપૂ ગામમાં ગયા હતા ને અંહી વહાણ ભાગ્યું. મા ઇંધણાં વીણતી'તી ને જોયું. જોયું ને ઝંપલાવ્યું. ને સાગરમાં ઝંપલાવ્યું તે પૃથ્વીએ પાછી આવી જ નહિ. ત્ય્હારથી બાપૂ ઉપર રહે છે. કહે છે કે મ્હારી ભૂલની એ સજા.–ઉપર આવશો? બાપૂને જોશો?'

દીવાદાંડીની બ્હારી ફરીથી ઉઘડી, ને સારસી ને સંન્યાસી ઉપર ગયા. આ વગડાવાસીઓના સંન્યાસ નિરખીને સંન્યાસીનો સંન્યાસમદ આજ નીતરી જતો હતો.

નિર્જનતાને યે કય્હારેક ઇશ્વર અજબ વસાવે છે.

૨

પછી તો હેમાળો વકર્યો. હેમાળુ વા વકરી તોફાનના ઝંઝાવાત થયા. જગતના ઝરૂખા ધ્રૂજવા લાગ્યા.

આભમાં આભલાં ઉછળતાં, મહાસાગરે મોજાંઓ ઉછળતાં. મહા મહિનાનું માવઠું ઉલટયું હતું.

દીવાદાંડીની છાયામાં ન્હાનકડી દીવાદાંડી સરિખડી એ ઉભી હતીઃ એકલી ને અટૂલી; જાણે સાગરતીરની કો દેવદ્હેરી.

'ત્હારે અમે બે હતાં—હું ને બાપૂ: એકલવાયી તો આજ છું. દુનિયા ત્હારે ભરી ભરી ભાસતી: વગડો તો મ્હારે અત્ય્હારે થયો. સંન્યાસીએ કહ્યું ત્રિદોષ છે. બાપૂ બોલતા'તા: 'ઉગારો, ઉગારો: એ જ્હાજને ઉગારો.' ચ્હડયાં શીત બાપૂને ઉતર્યાંજ નહિ. એ કાળજ્વર હતો. એ ટાઢ જમની દૂતી હતી, ત્યહાંથી તેડવાને આવી'તી'.

હૈયે હાથ મૂકીને એક ઘૂંટડો એ ગળી ગઈ. પછી પાછી દુનિયાને જોઈ રહી.

'હજી તો વધશે તોફાનના વાયુ.'

સંસારનો ને સાગરનો પગથાર સૂની નજરે નિહાળતી ધરતીને છેડે એ ઉભી હતી. પુષ્કરાવર્તકના મેઘ આજ આભમાં ઉભરાતા, તાંડવના મૃદંગ સમું અન્તરિક્ષ ઘોરમતું. દરિયા ઉપર જળનાં વન જામ્યાં હતાં. મહાવાયુમાં વનઝાડીઓ ઝોલાં ખાય એવાં જળઝાડીઓનાં ઝુંડ ઝોલાં ખાતાં.

'સન્યાસી મહારાજે ભાખી'તી એ આજની વિજનતા સાચી. આજ હું એકલી છું. આ સહિયરો નથી નાચતી સાગર ઉપર: એ તો ખપ્પર ઉછાળતી ડાકણીઓ નાચે છે.'

દુનિયાને આરે એ ઉભી હતી. જગતની ભમ્મર જેવી કાળી કાળમીટની ભેખડ નીચે પાંપણ જેવી વેરાયેલી ખડકાવલિ વિખરાતી પડી હતી. એ ભમ્મરમાં ને એ પાંપણોમાં આજ કાળચક્ર ઘૂમતાં હતાં, જગતડૂબવતા ઘોર વમળ ઘૂમડીઓ ખાતા હતા.

આઘે ક્ષિતિજકાંઠે ઉંચી અંગુલિ જેવું કાંઇક એને દેખાયું ને પછી વાળેલી મુઠ્ઠી દેખાઇ. પછી એ અંગુલિ બીડાઇ ગઇ ને મુઠ્ઠી યે અડધીક જાણે ઢળાઇ ગઇ.

યુવતિએ અનુભવની આંખે ફરીથી જોયું તો આભને સાગર મળતો ત્ય્હાં એક ભાંગેલી નૌકાની ઝાંખી થઇ.

મહાકાળ આજ ઘૂમતો હતો. જળમાં જગતમાં ને યુવતિના જીવનમાં, આયુષ્યયાત્રામાં કોક વેળા ગાજે છે એવું, તોફાન ગાજતું. દુનિયાનાં ઘોર દર્શન તે કરતી હતી.

કાળી ભેખડને કાંઠે કાળી શિલાઓની વચ્ચે કાળાં શોકવસ્ત્રો ઓઢેલી એ યુવતિ કાળની શિલા જેવી ભાસતી.

હાથેળીનું વાછટિયું કરીને એ નિરખતી હતી. નિરખતાં-નિરખતાં તે જાગી ગઇ, ને સફાળી ઉઠી.

'ભાગ્યું-જહાજ ભાગ્યું. ઝાડેથી પંખીઓ ઉડે એવી હોડીઓ વછૂટી. ને આ હોડલી !—ડૂબી હો ! મોજાંઓની ભેખડે ને મોજાંઓની ખીણમાં ઉછળે છે એ.'

પંખિણી જેવી એ ઉડા. સરકતી છાયા સમી કેડીના માર્ગે એ ઉતરી. માર્ગશિલાઓને ફૂદતી ફૂદતી ફૂદકો મારી નિજ હોડકામાં તે ઝીલાતી પડી. સારસીની પાંખો જેવજેવડા બે ન્હાનકડા શઢ એણે છોડી મૂકયા.'

સાગરની સારસીએ તોફાનમાં ઝંપલાવ્યું.

૩

ઝંઝાનીલ વાય ને વડલાની ડાળીઓ વીંઝાય એથી યે કારમાં મોજાં ઉછળતાં. પ્રકૃતિ મહાકાળીનું સ્વરૂપ ધારી નાચતી હતી.

વડલાની વિટપને છેડલે કો એકાકી કળીસંપુટ હિલોળા ખાય એવી એ હોડલી હિલોળા ખાતી. ક્ષણેક મોજાંની પાંખે ચ્હડી ઉડતીઃ જાણે એ ઉગરી ગઇ. ક્ષણેક બે મોજાંઓની જળભેખડો વચ્ચેની ખીણમાં ભૂશકો મારીને પડતી, જાણે ડૂબી ગઇ. જીવનમૃત્યુ વચ્ચે એ હોડી ઓલાં ખાતી હતી.

'જહાજમાં એકલો એક કૂવાથંભ હોય એવો હોડકામાં એક છે કોક.' શઢ ફરફરાવતી યુવતિ જતી હતી.

હોડીમાં એક જલજોધ હતો. દેખાતો ત્ય્હારે મહારથી સમી એની મુદ્રા ઝંખાતી. સહસ્ર યોદ્ધાઓ વચ્ચે પાર્થ એકલો ઉછળે એવો એ મોજાંઓમાં ઉછળતો. એને મુખમંડળે ભય ન્હોતો, વિષાદે ન્હોતો; વિરત્વ હતું. હાથ પાય ને અંગમાંથી પ્રકૃતિને જીતવાનું યોધરાજનું જોમ ધોધ શું ધમધમતું.

ચગડોળના પારણાની પેઠે એ જલવીરની હોડલી ઉછળી, ને પછી અન્ધકારના ઢગલા જેવી શિલા ઉપર પછડાતી પડી. હોડલીના ચાર કટકા થઇ ચાર દિશાઓને વધાવી, ને શિલા ઝબકોળી ધસતા પાણીપૂરમાં યોધરાજ પડ્યો. સાગરની એક છોળે એને શિલાપાટે ફગોળ્યો.

ઘોડેથી પડેલા વીર જેવો પડતાંજ એ ઉઠ્યો; ને જળઘટાની પાર જઇને દિશાઓ નિહાળતો ઉભો: જાણે ખડક માથે દીવાદાંડીનું શિખર! એને વદને સ્મિત ફરકતું. કાળચક્રને યે જાણે તે હસતો હતો.

એકલો, અટૂલો, જળનાં વન નિહાળતો, જલજોધ શો એ ઉભો હતો.

ક્ષણેકમાં કાંઠાની હોડલી ઉડતી આવી. યુવતિએ શણદોર નાંખ્યો. શણદોરનો છેડલો ઝાલી યોધરાજે જળમાં ઝંપલાવ્યું. દોરનો બીજો છેડો યુવતિને હાથ હતો. ધીરે ધીરે યુવતિએ દોર ખેંચ્યો. પૂરનું વ્હેણ ઉછળ્યે યુવતિ દોર ઢીલો મૂકતી; ઉતરતો ઓસાર વધ્યે જોરથી ખેંચતી. એક ઓસારનાં ભાગ્યાં પાણીમાં ઢસડાઇ જળજોધ હોડીની નાસિકાને જઇને અથડાયો. નાકવેસર સમો હોડીનો મુખદોર ઝાલીને તે હોડીમાં ચ્હડયો.

પ્રકૃતિનેતા એ યોધરાજ હોડીમાં જઇને મૂર્છામાં પડયો. પણ યુવતિએ એને ઓળખ્યો.

એ તો સાગરઝુંડનો સંન્યાસી હતો.

૪

તે સન્ધ્યા હતી. મનના મનોરથો જેવાં સોનેરી આભલાં આભમાં રમતાં. એમની છાંયડીઓ પૃથ્વી ઉપર કૂદડી ફરતી.

વસન્તની તે સન્ધ્યા હતી.

એનો એ જ ખડક હતો. એની એ જ દીવાદાંડી જગત્આરે ઉભી હતી. દીવાદાંડીની છાયામાં, બે છાંયડીઓનો એક છાયારથંભ રચતાં, એ બે જગત્આરે ઉભાં હતાં.

' જહાજ ભાગ્યું ને મ્હેં ઝંપલાવ્યું. જાણ્યું લાવ, કોઇને ય જઇને ઉગારૂં. ત્હાં તો મ્હારે ઉગરવા વારો આવ્યો ! પણ સારસી ! ત્હેં ઉગાર્યો હો ! સ્ત્રી પુરૂષની તારણહાર છે.'

' હા; સારસીએ સારસને ઉગાર્યો. પાણીમાં ખડકછાટો ઢંકાયેલી હતી, ને ત્હાં હોડકાનાં અંગ ભાગ્યાં. મ્હેં યે

જહાજ ન્હોતું જોયું. વાદળાંના કિલ્લા સમી ઝાંખી ઝંખાતી'તી.'

'ઉગારવા જતાં હું ડૂબતો હતો. જગતમાં એવું યે બહુ જોયું.'

'જગત એટલે અદ્‌ભુતોનો અખાડો. જગતમાં શું નથી બનતું ? જોયું ને ઝંપલાવ્યું તો જીત્યા.'

'હા, તોફાનને જીત્યો ને ત્હને યે જીત્યો; ને સંસારે સંન્યાસને જીત્યો.'

'એથી યે મ્હોટું તો ત્હમે સંન્યાસની કામનાને જીત્યા.'

'આ ત્હારો યે સંન્યાસ જ છે ને! પહેલે દિવસે ત્હને જોઈ ત્ય્હારે મ્હને થયું કે આ તો જગતની સંન્યાસિણી! જગતને છેડે વગડામાં વસે છે; જળની ખીણોમાંથી ડબતાંને તારે છે. ત્હારા સંન્યાસે મ્હારા સંન્યાસને જીત્યો.'

'પણ હું તો સંસારિયણ સંન્યાસિણી. બે પાંખે ઉડું છું. પિતા ગયા ને પતિ મળ્યા. ઘડી યે અનાથ નથી રહી. સંસારિયણ સંન્યાસિણી સદાની યે છે સનાથ.'

'પૃથ્વી જેવી: પૃથ્વી સદાયની સનાથ છે.'

બે દીવાના એક પ્રકાશ સમાં દુનિયાને છેડે વિજનતાની વાડીઓમાં એ બેઠાં હતાં. દીવાદાંડીનાં એ રખેવાળ હતાં. બન્નેનું જીવનવ્રત એક હતું: દુનિયાની દીવાદાંડી.

વિરલાં હોય છે ભવસાગરનાં એવા તારા અને તારનારાં.

૧૬: સર્વમેધ યજ્ઞ

(૨૦ મી સદીના ગુજરાતની એક ઇતિહાસકથા.)

⚜ ⚜ ⚜

કઠોપનિષદમાં કથા છે કે પૂર્વે વાજશ્રવ અરુણી ઋષિના પુત્ર ઉદ્દાલક ઋષિએ સર્વમેધ યજ્ઞ આરંભ્યો હતો. ભરી ભરી કથરોટ ઠાલવે એમ ઘર ઠાલવ્યું ને પુત્ર નચિકેતાને યે યમદેવને સમર્પ્યો.

આજના ગુજરાતીઓ અને ગુજરાતણો ! વીસમી સદીમાં ગુજરાતે સર્વમેધ યજ્ઞ ઉજવાયા છે. જાણો છો ? કથા કહું ? સાંભળશો ? વૈરાગ્યની એ રસકથા હોય ભીષ્મવર્ણીઓને કાજ.

હવેલીઓ ઠલવાતી દીઠી કે સાંભળી છે ?

૨

નિર્જન વગડે સરોવરિયું લહેરિયાં લેતું હતું. પાળે પુરાણો પુરાણો વડલો, જોગી જેવો જટાની અલકલટો લહેકાવતો, ઉભો હતોઃ જાણે વનવૃક્ષોનો વનરાજ !

ફરતી ન્હાની પણ ગાઢ ઝાડી હતી. ‘ઝાડી’ ના સાદા નામથી રણવગડાની એ કુંજને જગત ત્યહારે ઓળખતું ને આજે ઓળખે છે.

‘ આજે દેવશયની એકાદશીઃ આજે ચાતુર્માસ બેઠો.

યાત્રાનાં આદર્યાં પરિયાણે અધૂરાં રહેશે. આ ધરતી બોલાવતી હશે. અંહી જ અડીંગા હવેઃ આ નિર્જનતાની જનતાને ખોળે.'

એ એક ખાખી હતોઃ વૈરાગ્યનાં ને ભસ્મનાં આભૂષણે શોભતો એ એક અવધૂત ખાખી હતો.

જટાધારી વડલાના થડને અઢેળીને જોગીએ ઠાકોરસેવા પધરાવી. સરોવરમાં સ્નાન કરી જળભર્યું કમંડળું ને ખાલી ખપ્પર ઠાકોરજીનાં ચરણોમાં ધર્યાં. અન્તરમાં કોક બોલતું હતું 'એ ભરાશે ને ઉભરાશે.'

'જવું હતું શહેરમાં ને વસાવ્યો વગડો. જેવા અદૃષ્ટના લેખ. આ ચાતુર્માસ તો આ વડલાની છાયામાં જ, આ સરોવરિયાની પાળે જ થશે.'

વનવેર્યાં ઇંધણાં વીણી જોગીએ ધૂણી ધખાવી, ને અગ્નિની શિખાઓ વચ્ચે અગ્નિદંડ સમો ચીપિયાનો વજ્રદંડ રોપ્યો.

એ વગડાને ખોળે જોગીના અડીંગા પડયા.

૩

ગુજરાતની ઝાડીઓ ઢોળાઈ જઇ વગડાનો સાગર પાળે ઉછાળા મારે છે, ને વગડાનાં ઝાંખરાં યે ધરતીમાં ડૂબી જઈ ધૂળઢગલા ને ખારાપાટના રણપગથારનો સમુદ્ર પથરાય છે એવા ગુજરાતને ઉત્તરઆરે એ સરોવરિયું હતું. દ્વીપ ફરતી જળરેખા દોરી હોય એવી સરોવર ફરતી ઝાડી હતી. ઝાડી ન્હાની હતી, પણ ઝુંડ ઘેરાં હતાં. ઝુંડ વચ્ચે

સિંહાસન સમો વડલો હતો. એ વડછાયામાં રમતા રામ સમા જોગી પધાર્યા, પડેલાં ઇન્ધન વીણી ધૂણી ધખાવી, વનચોકમાં ચીપિયાનો વજ્રદંડ રોપ્યો. વગડાની પાળના એ ઝુંડમાં ચાતુર્માસ ગાળવાનો જોગીએ સંકલ્પ કીધો.

જોગીને પગલે વગડામાં હવેલીઓ મંડાશે એનાં જગતને ત્હારે સ્વપ્નાં યે નહોતાં.

ખાલી ઝોળી, વજ્રવર્ણો ચીપિયો, વજ્રકછોટા શો લંગોટ, ખપ્પર ને ઠાકોરજીઃ જોગીની એ રિદ્ધિસિદ્ધિ હતી. પાનાંપુસ્તક એકતારો રાવણહથ્થો માળા કે આરતી–સહુ સાધનસૂનો એ ખાખી હતો. ખાલી હાથ એના કલ્પલતા જેવા હતા, ઉઘાડી આંખો એની ભરી વાદળી જેવી ઘેરાતી. એ સૂનો જોગી જોનારને ભર્યો ભર્યો ભાસતો.

જોગીએ સ્નાન કીધું, ગોપીચન્દનની અર્ચા કીધી, બાહુએ ભાગ્યદેશે વક્ષસ્થળે તિલક કીધાં. ઠાકોરજીનું ધ્યાન ધર્યું, ચીપિયો ખડખડાવ્યો, ને જોગી ઉઠયાઃ જાણે નિશ્ચયની શિલા ઉઠી ! ધૂણાની ધૂણી વડલા નીચે સળગતી મૂકી, ખાલી ઝોળી ખભે ભરાવી, ખાખી વિજનતામાં મહાલવા ચાલ્યા.

તે દિવસે જોગી ત્રણ ગામ ફર્યા. અધૂરી ઝોળીએ જોગી મધ્યાહ્નને પાછા આવ્યા.

આવીને જોયું તો આંખડલીમાં જ્વાળા જલતી એવી ધૂણી ધખધખતી હતી. બેએક વટેમાર્ગુ તાપતા બેઠા હતા, ઇંધણાં લાવી લાવી ધૂણીને સંકોરતા હતા.

વનવગડામાંના અગ્નિના એ અગ્નિહોત્ર હતા.

એ વટેમાર્ગુઓ અજાણ્યા હતા, ને એમની ભાગ્ય-મુદ્રા ઉપર અજાણતાનાં અંબર આચ્છાદાયેલાં હતાં.

પણ જોગીને જાણ્યાં શાં ? ને અજાણ્યાં શાં ?

ત્રિકાળના અણઓળખીતા વર્તમાનની મહેમાનીએ આવ્યા હતા.

જોગીએ એમને આદર દીધા; ઠાકોરજીનાં ચરણામૃત આપ્યાં; વડલાનાં પાનની પત્રાવળ કીધી ને પીરસી; વડલાની કુંપળોના દ્રોણ કીધા ને જળ પાયાં. 'મ્હારે તો વ્રતની એકાદશી છે' કહી જોગી એ દિવસે અનશન રહ્યા. તડકા નમ્યે આશીર્વાદ ઉચ્ચરતા વટેમાર્ગુઓ વાટે વળ્યા.

વાટે વાટે જોગીના યશ વેરતા વટેમાર્ગુઓ વિચરતા.

રાજચંપાનો છોડ રોપાય ને ફરતી ફોરમ ફોરી ઉઠે એવી જોગીના જોગની ફોરમ પછી ફરતાં ગામોમાં ભભૂકી ઉઠી.

વર્ષો વીત્યે જોગીએ ચેલાઓ કીધા ત્ય્હારે એ બે વટેમાર્ગુઓ જોગીના પ્રથમ ચેલા હતા.

૪

પછી તો જોગી રોજ સાત-સાત ગામ ફરતા, ને ઝોળી ભરી લાવી વટેમાર્ગુને-સાધુસન્તને જમાડતા. મહિનામાં પંદર દહાડા તો ઝોળી એટલી ભરાતી કે જોગીથી એ ઉપડતી નહિ, ને માર્ગે ભીખારીને ને કૂતરાંને ને ઢાંઢરાંને રોટલા વેરતા જોગી આવતા.

જોગીનો જોગ વખણાયો, જોગી સિદ્ધિવન્તા ગણાયા, જોગીની માનતાઓ મનાતી થઇ.

પછી તો એકદા વર્ષા વર્ષી, ને જોગી નિત્યને ગામોતરે ગયા હતા ત્હાં પાછળ મેઘછાંટી ધૂણી હોલવાયા જેવી થઇ રહી. જોગી ભીંજવાઇને આવ્યા, શીત ન્હડયાં, ચેતન ચેતવતી ધૂણી યે ધૂંધવાતા જેવી હતી. બે દિવસ જોગી માંદા રહ્યા. સાતે ગામના મુખીઓ જોવા આવ્યા. ભવિષ્યનાં ઝાપટાંઓમાંથી જાળવવા જોગીની ધૂણી ઉપર ઝૂંપડી છવાઈ.

માનવજાતે પહેલા મહેલ ન્હોતા બાંધ્યા, પર્ણકુટીરો બાંધી હતી.

પછી જોગીની ઝૂંપડીએ ભજનમંડળી જામવા માંડી.

પછી એકદા શિયાળો હતો ને હેમાળુ વા વાતો હતો. વ્હેલી સ્હવારે ઉઠી, ધૂણી સંકોરી, જોગી સરોવરે ન્હાવાને ગયા. પ્રભાતી પવન જોરથી ફૂંકાતો હતો. ધૂણીના તણખા ઉડયા, ન્હાનકડો દવ લાગ્યો, ઝૂંપડી સળગી ગઇ. જોગીએ આવીને જોયું તો ઝૂંપડીના દેહઅવશેષ સમો ભસ્મનો ઢગલો પડેલો હતો.

જોગીએ મનમાં કહ્યું: 'નવાં આપશે; ક્ય્હાં જશે?'

થોડેક દહાડે જોગીની ધૂણીને કાજે ઝૂંપડીને સ્થાને પાકો ઓરડો બન્ધાયો. ને ઉનાળો બેસતાં ત્હાં પરબ બેઠી ને વિસામો મંડાયો. હવે તો આરો તાલુકો જોગીની પરબનાં પાણી પીતો, જોગીને વિસામે વિસામો ખાતો.

પછી ઓરડાનો બંગલો થયો; ને જોગીએ ગાયું કે

બંગલા ખૂબ બન્યા, મહારાજ !
કે વાએ નારાયન બોલે.

ને પછી બંગલાની ચાર માળની જોગીની હવેલી ચણાઈ. ઝરૂખે બેસી જોગી માળા ફેરવતા, અગાસીમાં બેસી જોગી ત્રિભુવન નિરખતા.

છેવટે જોગીની હવેલી ફરતી કોટકાંગરાની રોનકદાર દુર્ગની દિવાલ ચણાઈ.

એમ વનમાં મહેલ મંડાયા.

ત્હો ય જોગીની ખાખને સોનવેલ ચ્હડી ન હતી.

અજ્ઞાન લોકસંઘ એને જોગીનાં જાદુ કહેતો. સ્ત્રીઓ કહેતી કે દાભડીમાંથી દોલત કહાડે છે. બાળકો કહેતા કે સરોવરે ન્હાતાં ન્હાતાં જોગી આસ્માનને ન્હોતરે છે. અપૂરિયાં કહેતાં કે વડના થડમાંથી ભોરીંગનું ભોંયરૂં જડયું છે. અર્ધશ્રદ્ધાળુઓ કહેતા કે પાંદડાંનો રસ પાઈ ત્રાંબાનું સોનું કરવાનો જોગી કીમિયો જાણે છે.

જોગી કને તો હતાં જોગનાં જાદુ ને પરમારથનાં ઇલ્મ.

એ મહેલાત મંડાઈ એને જોગી જીવનનો જય ન્હોતા માનતા. એમને તો જોગનો ઝુંડો ફરકાવવો હતોઃ એમને તો કળિયુગમાં સત્‌યુગ સ્થાપવાના અભિલાષ હતા.

વ્હેલ્લી સ્હવારે જોગી ઉઠતા, સાત ગામની શેરીઓ જોગી ફરી આવતા, છલોછલ્લ ઝોળી ભરી લાવતા, ને સરોવરપાળે વગડામાં વટેમાર્ગુઓને જમાડતા.

નિર્જનતામાં જોગીએ જોગનાં સદાવ્રત માંડ્યાં હતાં.

ખાખીના જોગી થયા. જોગીના જોગીરાજ કહેવાયા. જોગીઓની જમાત જામી એટલે મહન્ત નામ પડ્યું. ને પછી ઠાકોરની ઠકરાત જેવો વૈભવ મ્હોરતાં જોગી મહન્ત સાહેબની કીર્તિને પામ્યા. ઠાકોરજીનાં ચોઘડિયાં યે બેઠાં.

જોગને યે લોક બિરદ દઇ બિરદાવે છે ને.

એમ વર્ષો વીતી ગયાં, ને દેહી ફરતો દેહ બન્ધાય છે એમ જોગી ફરતી માયાની મહેલાતો ચણાઇ.

૫

એમ વર્ષો વીતી ગયાં: પોપચાંના પલકારાની પેઠે એમ વર્ષો વીતી ગયાં.

ને એ વગડાની વિજનતામાંથી જોગીના જોગ એ જીલ્લો ભરી ફોરી રહ્યા. કમળભર્યાં સરોવરને તીર જાણે રાજચંપો મ્હોર્યો.

પરજીલ્લામાંથી લોક વન્દવા આવતું, પણ થોડું થોડું.

પણ એ માયાના મહેલના જોગીને ભાર ન હતા.

એકદા ત્ય્હાં પ્રભાતનાં ચોઘડિયાંનો ડંકો વાગ્યો.

આજનો ડંકો અનોખો હતો; આજ જોગીનો જીવન-મહોત્સવ હતો.

ગગનને ગજાવતો, જગતને જગાડતો ચોઘડિયાંનો ઘોર વરસાદની ધારાઓ જેવો વરસતો. જગત સાનન્દ એ ઝીલતું.

પ્હરોડનાં એ ચોઘડિયાંની પૂર્વે, ચન્દ્રની ચન્દની અન્ધકારને અજવાળતી હતી ત્ય્હારે, જોગી આજ ઉઠયા હતા. સરોવરજળમાં જોગીએ સ્નાન કીધું, ચન્દ્રની ચન્દનીમાં અંગ અજવાળ્યાં, વડલાની છાયામાં ધ્યાનસિંહાસને વિરાજ્યા. જીવનપન્થની વટાવેલી વર્ષોની વાટ સમાધિમાં નિહાળી ત્ય્હાં આજનો સૂર્ય આંખડીમાં આવીને ઉભો. વળી વળી અન્તર્ચક્ષુઓ સન્મુખ એ દિવસો ખડા થયા, કે જ્ય્હારે માયાનિર્લેપ પોતે ખાખી હતા. હવેલી ન્હોતી, બંગલો ન્હોતો, પર્ણકુટીરે ન્હોતી. ત્ય્હારે ભસ્મ એમની લક્ષ્મી હતી, ગોપીચન્દન એમનું ધન હતું, ઠાકોરસેવા એમની સમૃદ્ધિ હતી, ઝાડીનું ઝુંડ જોગીનો મહેલ હતો. જગત્જગાડતાં ચોઘડિયાંના ઘોષથી જોગી જાગી ગયા.. સમાધિમાં દીઠાં હતાં તે ત્હેમનાં નયણુંમાં તરતાં હતાં.

જોગીને પૂર્વાશ્રમનો જોગ સાંભર્યો. લક્ષ્મીના ભાર ન્હોતા, શરીર ફૂલ જેવું હળવું રમતું, આત્મા પાંખ જેવો હળવો ઉડતોઃ એ પૂર્વાશ્રમ સાંભર્યો. જોગીને જોગનાં જોમ ચ્હડયાં.

નિર્ધાર કીધા શો પગ ઠમકારી જોગી ઉઠયા. 'માયાની ખાલી ચ્હડી છે. આજે મેઘ વરસાવું.'

જોગીના ઉત્સાહ ને આનન્દ આજ ઓર હતા.

જોગીને ડંકે જગત જાગ્યું. ધીરે ધીરે લોકમેદનીની ભરની ઉભરાઈ. વરસાદનાં ફોરાં જેવાં પહેલાં તો છૂટાંછવાયાં જનફોરાં વરસવા લાગ્યાં. પછી જનતાની નીકો વહી. પછી

સરિતાનાં પૂર જેવી માનવતા ધસતી આવી. પછી તો મનુ-મેદનીનો સાગર હિલોળે ચ્હડયો. ભરતી મધ્યાહ્નના જેવી ડોલતી. સરોવરની ચારે પાળોને ઘેરીને માનવજાતનાં મોજાંઓ ઉછળી રહ્યાં. ચંચુ ચંચુ ભરતાં યે રખેને સરો-વરિયાનાં ભર્યાં જળ ખૂટી જાય એટલી લોકમેદની જામી હતી.

મહેલાતમાં મઢી હતી, ને એ મઢીનાં નિત્ય ઉઘાડાં દ્વાર આજ ભીડેલાં હતાં.

સૂર્ય નારાયણે જાણે જોગીનાં દર્શનને કાજ ધીરે ધીરે આભને ઝરૂખે આવી બેઠા.

પ્રથમ પહોરનો ડંકો વાગ્યો. ડંકાનો મધુરો મધુરો ગુંજારવ મધુરપની પાંખોને પીંછે ચ્હડી નભોમંડળમાં ઘૂમતો ઘૂમતો દિશાઓની વનવિટપોમાં આથમી ગયો. જગતભરમાં આજ મધુરપ મહેકતી.

અન્તે મઢીના દુર્ગદ્વારની ભોગળો ખડખડી. કાળ-મીટની ભેખડ સમા દરવાજા સંકેલાયા. પર્વતછાટના પડ-દાઓ ઉઘડતાં મંહીથી સાક્ષાત્ શંકરનાં દર્શન થાય એવા એ અવધૂત મઢીમાંથી નીકળી મહેલાતના દુર્ગદ્વારમાં આવી ઉભા.

જમણા હાથમાં ચીપિયો હતો; દેહે લંગોટ હતો; માથે ઠાકોરજી હતા. સ્કન્ધે ખપ્પર લટકાવેલું હતું. અંગે ખાખ ચોળેલી હતી. ડાબા હાથમાં કમળ સરિખડું કમંડળું હતું. પૂર્વાશ્રમના ખાખી આજ પૂર્વજન્મે ખડા હતા. પડખે બે પાંખો સમા પટશિષ્યો હતા. વર્ષો પૂર્વેના વગડાના સંગાથી જીવનયજ્ઞને અવસરે આજ જોગીના સંગાથીઓ હતા.

મહન્તના પટશિષ્યોએ શંખ વગાડયો. જોગીની જમાત સચેત થઈ. સાગરની છોળ જેવી જનમેદની ડોલી ઉઠી.

દુર્ગના દરવાજા વચ્ચે ગજરાજ આવીને ઉભે એવા જોગી હવેલીના દુર્ગદ્વાર વચ્ચે ઉભા હતા. મુખડે એક મન્ત્ર જપતા હતાઃ અહાલેક ! અહાલેક !

કોઈકે વન્દન કીધાં, કોઈકે ગન્ધાક્ષત ન્હડાવ્યા, કોઈકે પુષ્પોના અભિષેક કીધા. એકે ચરણુવન્દના કીધી, જોગીએ સ્હામી ચરણુવન્દના લીધી. એકે આવી આરતી ઉતારી ત્ય્હારે જોગીએ ઠાકોરસેવાને સન્મુખ ધરી.

ઠાકોરઆરતી પૂરી થયે પટશિષ્યોએ ફરી શંખ પૂર્યો. ગજરાજ સમી ગર્જના કરી પછી જોગીરાજ ગાજી ઉઠયાઃ

'આવો ને ઉદ્ધારોઃ મ્હને લૂંટો. સન્તજન! હરિજન! આવો, જોગીનાં ન્હોતરાં છે. આવો, ને મૂકાવો માયાપાશથી. સહુનું છે ને સહુ લેઈ જાઓ. શું લઈને આવ્યો'તો જગતમાં? ને શું લઈને જગતમાંથી જશે જીવ? લૂંટી જાવ, જોગીની સારી યે સાહ્યબી લૂંટી જાવ, ઠાકોરજીની મહેલાત લૂંટી જાવ. જેને જે જોઇએ તે ત્હેનું છે. બ્રહ્માર્પણ! સર્વ બ્રહ્માર્પણ! બ્રહ્માંડવાસીઓ! ત્હમે બ્રહ્મપુત્રો છો. બધું ત્હમારા બાપનું છેઃ બધાનાં ત્હમે વારસ છો. આવો, લૂંટો, ને લ્યો. સર્વસ્વ બ્રહ્મસમર્પણ હો!'

જોગીનો જોગ જનમેદનીમાં ગાજી રહ્યો.

ब्रह्मार्पणं ब्रह्महवि ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्,
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना.

ગીતાજીનો શ્લોક ભણતા ભણતા જોગી દુર્ગદ્વારમાંથી નીકળ્યાઃ જાણે જોગીએ સૂર્ય સમીપે પગલાં ભર્યાં! આકાશફેડતી જમાતે ગર્જના કીધીઃ અહાલેક!

પા સદી પૂર્વે વ્રતની એકાદશીને પર્વે એકાકી આવ્યા હતા ને જે વડલાછાયે વિરાજ્યા હતા ત્હાં સરોવરપાળે જઈને જોગી વિરાજ્યા. વડના થડની સમીપે ઠાકોરસેવા માંડી; વડના ચોકમાં ચીપિયાનો વજ્રદંડ રોપ્યો; ઈંધણાં વીણી લાવી ધૂણી ધખાવી. કમંડળું ભરી લાવી ઠાકોરસેવામાં ધર્યું, ખાલી ખપ્પરમાં ક્ષણેક નિહાળી રહ્યા.

એ એક ક્ષણમાં પચ્ચીસ વર્ષો ભૂંસાઈ ગયાં, એ એક ક્ષણમાં પા સદીનો પૂલ ઓળંગી આત્મા પૂર્વાશ્રમને આરે ઉભો.

ભર્યાભર્યા મેઘના જેવું ગંભીર જોગીને મુખડે હાસ્ય હતું. વરસતા સૂર્યની ધારાઓ જેવાં જોગીને મુખડેથી કિરણો વરસતાં.

ત્હેણે જનતાનું પૂર, ભરતીનાં મોજાંની પેઠે, દુર્ગદ્વારમાં પેઠું. લક્ષ્મીપૂત્રો યે જોગીની મઢી લૂંટવાને આવ્યા હતાઃ કારણ કે યત્કિંચિતે લીધે તે પુણ્યસ્મરણ તરીકે કુલધામે દેવપૂજામાં પધરાવવાનું હતું. વરઘોડામાં વાડી લૂંટાય છે એમ ઘડીકમાં જોગીની મહેલાત લૂંટાઈ ગઈ, સમૃદ્ધિસૂની થઈ રહી.

એમ જોગીના માયાના અંચળ ઉતર્યાં.

જોગીઓ જ લૂંટાવે જોગીની મહેલાતોને.

એ જોગીએ ઝાડીની જાયગા લૂંટાવી દીધીઃ જીવનની ત્રણ ઋતુઓની પેઠે ત્રણ ત્રણ વેળા લૂંટાવી દીધી. ને કલિમાં ઉપનિષદ્યુગ પ્રવર્તાવ્યો.

તે દિવસે જોગીએ નિજ જોગનાં પારખાં લીધાં.

તે દિવસે જનતાએ દિગન્ત ગજાવી જાહેર કીધું કે ભારતવર્ષમાં આજે યે ઉપનિષદ્કાળ સજીવન છે.

૬

સર્વમેધ યજ્ઞ એટલે લોકયજ્ઞમાં સર્વસ્વની આહૂતિ.

ખરેખર ! જગત જોગીની ઝાડી જેવું છે. ઘણાખરા લૂંટે છે, વિરલાઓ લૂંટાવે છે.

પૂરવણી: ગુજરાતણ

(આ શબ્દચિત્ર છે, ને ચિત્રદર્શનોની નવી આવૃત્તિ થશે ત્‍હારે ત્‍હેમાં છપાશે. દરમિયાન જિજ્ઞાસુઓને માટે માસિકનાં પાનાંઓમાંથી લઈને પુસ્તકનાં પાનાંઓમાં મૂકેલ છે.)

⚜ ⚜

ભૂપ ! મ્હેં દીઠી ગર્વઘેલડી;
સખી બે મધ્ય ઉભી અલબેલડી;
કદળીસ્થંભ જુગલ સાહેલડી;
વચ્ચે વૈદર્ભી કનકની વેલડી.

પ્રેમાનન્દ.

૨

આગળ મોરલો દોડતો ને પાછળ હું દોડતો. મોરને મ્હારે પકડવો યે ન્હોતો, ને મોર મ્હારાથી પકડાય એમે ન્હોતો. ત્હો યે મોર દોડતો ત્હેની પાછળ પાછળ હું દોડતો. શા માટે દોડતો તે મ્હને પણ ખબર ન હતી.

કોઇક કોયલને ચ્હીડવે છેઃ શા માટે ? કંઇક અણુલક્ષ્યા રમતિયાળ ભાવે એમ પજવવાને ખાતર મોરને હું પજવતો હતો.

ઇન્દ્રવેલના ગૂથ્યા પંખા શી પાંખો ફડફડાવતો મોરલો દોડતો. મોરફૂલની ખીલેલી પાંખડીઓ શી એની કલગી વાયુલહરીમાં ફરફરતી. એનો દોડતાં બીડેલો પીંછકલાપ પાછળ ક્ષણેક રંગોનું ઝરણું પાડતો. એ રંગઝરણાંને જાણે લોપવતો લોપવતો હું પાછળ દોડતો.

ન્હાનકડા વિમાન શો, આખરે, મોરલો ઉડી આંબા-ડાળે બેઠો, ને મ્હને ઊંડી કુંજઘટાની વચ્ચે મૂક્યો.

ફરતી વનરાજીની અલકલટો ઉડતી.

૩

એ એક આંબાવાડિયું હતું, ને દૃષ્ટિ પહોચે એટલે દૂર પથરાએલું હતું.

અબરખ જેવાં ઘેરાં આભલાંના થર ઉપર થર મંડાય ને એ આભલાંનો સાતપૂડો ક્ષિતિજને કિનારે શિખરબન્ધી ધાર જેવો શોભીતો ઢળી રહે એવી આંબાવાડિયાની નીલવર્ણી ધાર આભને પાલવડે ભાત પાડીને પથરાયેલી ગામકાંઠેથી દેખાતી.

ગુજરાતમાં હિમાલય નથી કે ગંગા યે નથી; ગુજરાતમાં વિસૂવિયસ નથી કે નાયગરા યે નથીઃ ગુજરાતમાં ઘણું ઘણું નથી. પણ ગુજરાતમાં છે ત્હેનાં મૂલ કેટકેટલાંએ મૂલવ્યાં છે? ગુજરાતમાં કદળીનાં વન છે, વડલાની કુંજો છે; વલ્લરીના માંડવા છે, આંબાનાં આંબાવાડિયાં છે. એ કુંજોમાં ને અમરાઈઓમાં હેલિયાં ખાતાં, આભલાં શાં, મીઠાં જલનાં સરોવરો છે.

લીલી ને ભીની ગુજરાતમાં કુંજો ને નિકુંજો છે. સારો ગુજરાત એક વિશાળ આંબાવાડિયું છે.

ન્હાની ડુંગરીઓ શી સાહેલીઓ ટોળે મળી ગરબે રમવા માંડતી હોય એવી એ અમરાઈ ઘેરગંભીર ઉભી હતી.

એની લીલી ઘટાઓ ઘરચોળાંની ભાતે ભાતીગર હતી. નવા મ્હોરના રૂપેરી વેલબુટ્ટા હરિયાળા પોત ઉપર અજબ સોહાગ ખીલવતા.

એવી ઘરચોળાની સાડી ઓઢીને પ્રકૃતિ સુન્દરી ઉભી હતી.

૪

ને એ તો આંબાવાડિયાની અધિદેવતા હતી.

મ્હને એકલવાયો મૂકી મોરલો ઉડી આંબાડાળે બેઠો, કેકારવની કવિતા ગાવા લાગ્યો, ને વનઘટાઓમાં ઘેરી મધુરતાની ધારાઓ ઉછાળવા મંડ્યો ત્ય્હારે ખીડેલા મોરકલાપના રત્નસ્થંભ સરિખડી તે મ્હારી દૃષ્ટિ ભરીને ઉભી.

ઇન્દ્રધનુષ્યમાંથી કોરેલી સાક્ષાત્ મૂર્તિ ત્હમે જોઈ છે ? કલ્પી શકો તો છો ને ? એ સૌન્દર્યમૂર્તિની આ છબિ હતી.

એ એકલી ન હતી. સહિયરોનો એમનો હિંડોળો હતો. મહાકવિ પ્રેમાનન્દ એ રૂપહિન્ડોળને વર્ણવી ગયા છે.

વનની પલ્લવઓઢણી સમી એની ભાતીગર ઓઢણી એના અંગને આચ્છાદતી ને ઉઘાડતી. ફરતા ફૂલછોડની વચ્ચે કદળી ફરતાં કદળીનાં ઝૂલન્તાં પાન ફૂલડાંઓમાં ઢળી રહે એવો એનો નવરંગ વેલબુટ્ટીની કિનારીનો ચણિયો ઢળતો. એને ભાગ્યદેશે કુંકુમની બિન્દી શશિયરમાં શશાંક સમી શોભતી. અંગોને ઝીલતી કેસરવર્ણી ચોળી, સૂર્ય-ચન્દ્રને ઝીલતી પૂર્ણિમાના સાયંકાળની સોનેરી વાદળી શી, તગતગતી.

રસજગતની તે અધિષ્ઠાત્રી હતી.

સૌન્દર્યનું જાણે તે ફૂલ હતી; ને ફૂલમાંથી પરાગ ઉડે એમ એના અંગમાંથી સૌન્દર્યના પરિમળ ઉડીઉડીને વાતાવરણને મહેકાવી મૂકતા. વિધાત્રીનાં કિરણો સમાં એનાં સૌન્દર્યનાં કિરણો એ આંબાવાડિયાનાં જાણે સૌન્દર્યના પ્રારબ્ધવિધાતા હતા. पुष्यामि चौषधिः सर्वे सोमो भूत्वा रसात्मकः; પ્રભુની રસચન્દ્રિકાનો જાણે એ ચન્દ્રાવતાર હતી, ને ગીતાઋચા પ્રત્યક્ષ કરતી તે રસાત્મિકા સૌન્દર્યમૂર્તિ આંબાવાડિયાની ઓષધિઓને પોષતી.

દુર્ગની દિવાલો ઉલંઘીને રાજવીના રાજમહેલના ગોખ ઝરૂખા ને અટારીઓનાં ઝૂમખાં ઝૂકી રહે એવી એનાં અંબરમાંથી અંગની અટારીઓ ઝઝૂમી રહેતી.

એની સેંથીના જ્યોતિર્માર્ગમાંથી ડાબે ને જમણે પડખે સાળુની સોનવેલ ઢોળાતી. એના બાહુદેશે ચોળીનાં રૂપેરી મ્હોળિયાં અંગરંગમાં ઢળી જતાં. ઝૂલન્તી ઝાડીમાંથી સરોવરજળ દેખાય દેખાય ને ન દેખાય એમ એના ઉડતા પાલવછેડલામાંથી અનંગવર્ણું અંગમંડળ દેખાતું દેખાતું ને ઢંકાતું. ચંપેરી ચોળીમાંનો રેશમભર્યો ધૂપેલિયા મોર ચંપાપાંખડીએ ભ્રમર બેઠાની ઘડીક તો ભ્રાન્તિ જગાડતો.

સોનવેલની કોર બાંધી સૂર્યપ્રકાશ ઢોળાઇ રહે ને તેજછાયાની ભાત મેઘાડંબરે મંડાય એવી ચોરસાના ઓઢણાની મંથાવટી એના કેશપટલ ઉપર પડતી. વાદળીલટકતા શિખર સરિખડો પાછળ અંબરઢાંક્યો અંબોડલો ઉપસતો.

ઝળાતી વાદળછાયાંને આરે વીજળીની ઝીણી-ઝીણેરી રેખા પલપલે એવી એના ચરણાનાં ચીરની કિનારીના ઢોળાતા પડછાયાઓમાંથી એક આંગળથી યે અડધેરીક પાનીરેખા ચમકતી.

પાંદડાંમાં પાંદડાં, ને એ પાંદડાંઓના ગાઢગૂંથ્યાં પડોમાં ઢંકાયેલું શિવમન્દિર તારલિયાનાં ઝૂમખાં જેવું તરવરતું ઉભું હોય એમ એનો સૌન્દર્યમન્દિર દેહ ચરણા ચીર ને ચોળીની પલ્લવઘટાઓમાંથી ઢંકાયેલો તરવરતો.

નીચી આંબાડાળેથી ધરતી પર ઢળતા મયૂરના પર્ણકલાપ સમો એના દેહનો રત્નસ્થંભ આંખડલી ભરીને ઉભો.

મ્હારી સન્મુખ સૌન્દર્યનો જાણે ફૂવારો ઉડતો હતો.

૫

એના અંગે ફૂલની સાદાઈ હતી. ફૂલડાંના દેવરંગો એનાં અવયવે ને આભરણે રમતા.

સૌન્દર્ય આભૂષણોમાં નથી, હીરામોતીમાં નથી; પણ, શબ્દોમાંથી નિર્વહતા અર્થની પેઠે, અંગોમાંથી નિર્વહતા અર્થસંદર્ભના ઉછળતા રસફૂવારાઓમાં સૌન્દર્ય છે એ પરમ સત્યની તે ઋચા અને પ્રતીતિ હતી.

ઝીણેરા ગુલાબના ઝીણુકા પાંદડીખંડ સમા એના અંગુલિઅગ્ર મોરલાનાં ધણને દાણા નીરી ચારતા હતા.

હાથે સોનાનાં મંગળવલય હતાં. કાને સોનાનાં કર્ણફૂલ હતાં. ફૂલછોડે શોભતા બેચારેક ફૂલડાં સમાં આછાં આભૂષણે એનો દેહછોડ દીપતો.

ફૂલછોડે ફૂલેલાં ફૂલ ફૂલછોડનાં જ પ્રફુલ્લેલાં પ્રાણતત્ત્વ છે એમ એનાં આછેરાં આભૂષણ એનાં સૌન્દર્યતત્ત્વનાં પ્રફુલ્લેલાં ફૂલડાં સમાં દીસતાં.

ખરૂં પૂછો તો શણગારને તે સુન્દરી શોભાવતી હતી.

૬

લજામણીની પાંદડીઓ સમાં એનાં પોપચાં પડતાં ને ઉપડતાં. પણ એ પાંદડીઓમાંથી ક્‌ય્હારેક કટારો ઉછળતી.

પુણ્યના પ્રકાશ એની સારી યે દેહદેહરીમાંથી પ્રગટતા. ચન્દ્રદર્શને ચન્દ્ર કે ચન્દ્રિકા પ્રત્યે કો નરાધમને જ દુર્ભાવના થાય છે તેમ ત્હેના દેહચન્દ્રની કે દેહચન્દ્રિકાની કોક નરાધમને જ દુર્ભાવના થતી. રાવણ સમા કો રાક્ષસને એની દુર્વાસના જન્મતીઃ દેવો તો એને પૂજ્યભાવે વન્દન વન્દતા.

જગદંબાની એ બાલિકા સન્મુખે ઘણાખરાની અન્તરની મલીનતા ઉપટી જતી.

પોયણાં શી આંખડીઓ પ્રફુલ્લતી, પણ એમાંનું કોક કોક કિરણ તો ખડ્ગને ઝબકારે ઝળહળતું.

ગુજરાતની ધ્રુવદિશા ને સૂર્યદિશા રક્ષન્તી સિંહવાહિનીની એ વીર કુમારિકા હતી.

૭

આંખ દર્શનમુગ્ધ હતી, પણ ઉર ઉઠતું હતું. મ્હારા અન્તરમાંથી કોક પેલાં કાવ્યચરણો ગુંજી ઉઠયું. કવિતાની એ રસરેખાઓમાં ગુર્જરસુન્દરીની ચિત્રરેખાઓ છે.

ચોળી, ચણિયો, પાટલીનો ઘેર,
સેંથલે સાળુની સોનલ સેર;
છેડલે આચ્છાદી ઉરભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ;
અંગ આખે યે નિજ અલબેલ
સાળુમાં ઢાંકતી રૂપની વેલ:
રાણકતનયા, ભાવશોભના,
સુન્દરતાનો શું છોડ !
આર્યસુન્દરી ! નથી અવનીમાં
તુજ રૂપગુણની જોડઃ
ભાલ કુંકુમ, કર કંકણ સાર,
કન્થના સજ્યા સોળ શણગાર.

અણદીઠ પરિમળથી દેવમન્દિર ભરાઇ રહે એમ એના સૌન્દર્યપરિમલથી એ આંબાવાડિયું ઉભરાઇ રહ્યું હતું.

૮

વેદી ઉપરથી ધૂપનાં વાદળ ઉડે એમ એની દેહવેદી ઉપરથી રૂપનાં વાદળ ઉડતાં.

કુંજો વચ્ચે કુંજોની અધિષ્ઠાત્રી સમી તે ઉભી હતી. આંબાઓ વચ્ચે અમરાઇના રસ નિતારી ઘડેલી રસમૂર્તિ સમી તે ઝૂલતી.

ગુર્જરભૂમિની ભાગ્યવિધાત્રી સમી તે ભાસતી.

ફરતી કુંજો ભરીને એની સહિયરો રમતી. આંબાવાડિયાની એક્કે કુંજ એની સહિયરવિહોણી નહોતી.

આકાશભરમાં ચન્દ્રમા કિરણો ફેંકે છે એમ પલ્લવ-ઘટાઓ ભરીભરીને એ અમૃતકિરણો ફેંકતી. ઉડતી એ કિરણાવલિથી આંબાવાડિયું રસવન્તું ને શોભાવન્તું થતું.

ફૂલમાંથી ફોરમની પેઠે, ચન્દ્રમાંથી ચન્દ્રિકાની પેઠે, એના અંગઅંગમાંથી કંઇ કંઇ રસધ્વનિના ધૂપ વાતાવરણમાં ઉડતા.

જગતના કો અજબ સૌન્દર્યપુષ્પ સમી ગુર્જરી કુંજની એ ગુજરાતણ હતી.

એનું એકકે યે અંગ ઉઘાડું ન હતું. કવિતા સમી તે સર્વાંગે ઢાંકેલી હતી. પણ આભલાં સરિખડાં એનાં અંગનાં આછેરાં આચ્છાદનો અનુપમ કાવ્યો ઉચ્ચરતાં.

ધ્વનિકાવ્યની તે મૂર્તિ હતી; ને એ સૌન્દર્યમૂર્તિમાંથી કંઇ કંઇ ગહરા રસધ્વનિઓ ઉછળતા.

૯

ગુજરાતણ એટલે સૌન્દર્યનું ધ્વનિકાવ્ય. ગુજરાતણ એટલે આર્યકવિતાની પરમ રસમૂર્તિ.

ગુજરાતણ એટલે ગુર્જર કુંજોની પ્રેરણા.

અંગમાંથી રસનું ઝરણું નિર્ઝરતું હોય એવી એના સાળુની કોર એને માથેથી ઉતરતી, દેહદેશે ઢોળાતી, ને પગલાંમાં પડતી.

ગુજરાતણ એટલે મીરાંનો ટહુકારઃ ગિરનારછાયાની પેઠે પૃથ્વી વીંધી પડતો રાણકનો પડછાયોઃ પાંચ હજાર

વર્ષ પૂર્વે સાગરપાળેથી વગાડેલી કૃષ્ણબંસીના બોલનો અધુરો-મધુરો રસબોલ.

હું તો વન્દન વન્દી રહ્યો ને દર્શનમુગ્ધ સૌન્દર્ય-સમાધિમાં પડયો.

૧૦

પછી પેલો મોરલો ટહુકયો ને હું જાગી ગયો.

જાગીને જોયું તો આઘે ને આઘે તે જતી હતી, ઓછી ને ઓછી તે થતી હતી. આંબાવાડિયું ઓસરી જતું ને કુંજો આથમતી ને ધરતીમાં ઢળી જતી ત્ય્હાં તે યે ધીરે ધીરે દૃષ્ટિપથમાંથી આથમતી હતી. પાછળ એના પડછાયા રમતા.

સૃષ્ટિમાં સૌન્દર્ય છે ત્ય્હાં સુધી ગુજરાતણ છે.

✤ ✤ ✤

મુખ્ય ભૂલોનું શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૭	૬	Vireless	Wireless
૫૬	૮	હોય	હોઉં
૬૨	૧૮	ભસાઇ	ભરાઇ
૯૯	૧૪	પૃથ્વી	ચન્દ્ર
૧૦૫	૪	ધમધમ	ધમધમ
૧૩૬	૯	ચિના	ચિતાને

૨૫, [illegible] ભાગ ૨ જો (૨જી આવૃત્તિ) ૧૯૨૮
૨૬, ગીતમંજરી ૧૯૨૮
૨૭, જહાંગીર–નૂરજહાંન (૨જી આવૃત્તિ) ૧૯૨૮
૨૮, કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, ચોધપર્વણી ૧૯૨૮
૨૯, કુરુક્ષેત્ર, પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ ૧૯૨૮
૩૦, કુરુક્ષેત્ર, એકાદશ કાંડ, શરશય્યા ૧૯૨૯
૩૧, કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ ૧૯૩૦
૩૨, શાહાનશાહ અકબરશાહ ૧૯૩૦
૩૩, પાંખડીઓ ૧૯૩૦
૩૪, કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો ૧૯૩૦
૩૫, સંબોધન ૧૯૩૦
૩૬, દામ્પત્યસ્તોત્રો ૧૯૩૧
૩૭, શિક્ષાપત્રી, સમશ્લોકી ૧૯૩૧
૩૮, બાળકાવ્યો ૧૯૩૧
૩૯, ઉપનિષત્પંચક ૧૯૩૧
૪૦, સંઘમિત્રા ૧૯૩૧
૪૧, પ્રસ્તાવમાળા ૧૯૩૨
૪૨, ઈન્દુકુમાર, અંક ૩ જો ૧૯૩૨
૪૩, કવીશ્વર દલપતરામ, ભાગ ૧ લો ૧૯૩૩
૪૪, આજ અને અગર ૧૯૩૩

હવે પછી છપાશે

કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો — શ્રી [illegible]
કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો — કુરુક્ષેત્રના કાંડો
ધર્મમન્થન — કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો
વિચારણા — ગીતમંજરી, ભાગ ૨ જો

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

પ્રથમાવૃત્તિની સાલ

૧,	કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨ જી આવૃત્તિ)	૧૯૦૩
૨,	રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ (૩જી આવૃત્તિ)	૧૯૦૩-૫-૧૧
૩,	વસન્તોત્સવ (૪ થી આવૃત્તિ)	૧૯૦૫
૪,	કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ)	૧૯૦૮
૫,	ઈન્દુકુમાર, અંક ૧ લો (૩ જી આવૃત્તિ)	૧૯૦૯
૬,	ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૭ મી આવૃત્તિ)	૧૯૧૦
૭,	શ્રીમદ્ ભગવદ્‌ગીતા, સમશ્લોકી (૨ જી આવૃત્તિ)	૧૯૧૦
૮,	જયા-જયન્ત (૪ થી આવૃત્તિ)	૧૯૧૪
૯,	મેઘદૂત, સમશ્લોકી (૩ જી આવૃત્તિ)	૧૯૧૭
૧૦,	ઉષા (૫ મી આવૃત્તિ)	૧૯૧૮
૧૧,	ચિત્રદર્શનો	૧૯૨૧
૧૨,	રાજર્ષિ ભરત (૨ જી આવૃત્તિ)	૧૯૨૨
૧૩,	પ્રેમકુંજ (૨ જી આવૃત્તિ)	૧૯૨૨
૧૪,	પ્રેમભક્તિ-ભજનાવલિ (૨ જી આવૃત્તિ)	૧૯૨૪
૧૫,	સાહિત્યમન્થન	૧૯૨૪
૧૬,	વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી (૨જી આવૃત્તિ)	૧૯૨૫
૧૭,	શકુન્તલાનું સંભારણું (૨જી આવૃત્તિ)	૧૯૨૬
૧૮,	કુરુક્ષેત્ર, પ્રથમ કાંડ, યુગપલટો (૩જી આવૃત્તિ)	૧૯૨૬
૧૯;	કુરુક્ષેત્ર, દ્વાદશ કાંડ, મહાસુદર્શન (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૦,	ઉદ્‌બોધન (૨ જી આવૃત્તિ)	૧૯૨૭
૨૧,	અર્ધશતાબ્દિના અનુભવબોલ (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૨,	સંસારમન્થન (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૩,	વિશ્વગીતા (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૪,	ઇન્દુકુમાર, અંક ૨ જો (૨જી આવૃત્તિ)	૧૯૨૭

પ્રેમભક્તિ – ગ્રંથમાળા

ઓજ અને અગર

ન્હાનાલાલ દલપતરામ કવિ

વિ. સં. ૧૯૮૯ ઈ. સ. ૧૯૩૩

દોઢ

કીંમત સવા રૂપીઓ

જયન્ત - ન્હા. કવિ

કર્તા માટે રજીસ્ટર્ડ

પ્રકાશક: આનન્દ ન્હાનાલાલ કવિ,
ભદ્ર, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી ૧૯૩૩ પ્રત ૧૨૫૦

૧૯૨૭ ની સાલ પછી પ્રેમભક્તિ-ગ્રન્થમાળાના પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક નકલ ઉપર કર્તાની ટૂંકી સહી હોય છે.

મુદ્રક અને મુદ્રણસ્થાન
ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મૂળચંદભાઇ ત્રીકમલાલે
છાપ્યું. પાનકોર નાકા—અમદાવાદ.
છાપ્યા તા. ૧૫-૪-૩૩

પ્રેમના પરમ સ્મારક

જગત્‌અદ્વિતીય

તાજમહેલને

ચરણે સમર્પણ:

અનેકશઃ પ્રણમન સાથે.

પ્રસ્તાવના

ઇ. સ. ૧૯૦૪ ની નાતાલમાં આ કાવ્ય અસલ લખાયું હતું; અને ૧૯૦૭માં એની પુનરાવૃત્તિ થઇ હતી. ત્હારે આ કાવ્યની બે ત્રણ નકલો મિત્રો કરી ગયા હતા. એક નકલ સ્વ. ભાઇ રણજિતરામને ત્હાં ગઈ હતી. તેમાંથી બે નકલો હમણાં પાછી આવી છે. પછી અન્ય સાહિત્યપ્રવૃત્તિઓને અંગે આ કાવ્ય પડયું રહ્યું હતું. ઇંગ્રેજી બાળપોથીમાં એક વાક્ય ભણાવાતું કે Shut up the shop for me,my lad ! હવે ઝીન્દગીની સ્હાંજ પડી છે ને ' દુકાન વધાવવા 'નો સમય થતો આવે છે ત્હારે જૂના સંગ્રહ જોતાં કાવ્ય હાથ આવ્યું. પ્રગટ કરવા વિશે એક મિત્રની સલાહ પૂછી. એમણે કહ્યું: લખાયું ત્હારે છપાયું હોત તો.—ગઇ સાલનો ઓક્ટોબર—સં. ૧૯૮૮ નો આસો માસ મ્હારી ટેવ અનુસારે આ કાવ્યના વળી બીજા પુનઃશોધનમાં ગાળ્યો. અને આજે, લખાયા પછી ૨૯મે વર્ષે, ગુજરાતના હાથમાં આ કાવ્ય મુકું છું. ૧૯૦૪ના અસલના કાવ્યની શિત્તેર ટકા પદાવલિઓથી આ કાવ્ય ભરેલું છે.

મ્હારા નિત્યનિયમ પ્રમાણે એકદા સ્હાંજના હું ફરવાને જતો હતો. અમદાવાદના એલિસ પૂલ ઉપર એક સજ્જન પાછળથી આવી મળ્યા. ત્હારે હું એમને ઓળખતો ન્હોતો: પછી નામઠામ જાણ્યાં છે. એમણે મ્હને કહ્યું: કવિ સાહેબ ! સાંભળ્યું છે કે હમણાં ઇન્દુકુમારનો ત્રીજો અંક લખો છો ? મ્હેં કહ્યું: લખાઇ તો ગયો છે; છપાવવા માટેનું હમણાં છેલ્લું સંશોધન કરૂં છું. એમણે પૂછ્યું: નાટકનો અન્ત શો આવે છે? એ પ્રશ્ન કેટલાક મ્હને પૂછતા; અને એમને આપતો એ ઉત્તર આમને પણ આપ્યો કે છપાય ત્હારે જોજો. હવે ક્ય્હાં આધે છે ? એમણે કહ્યું: હરકત ન હોય તો કહેશો. હું મૌન રહ્યો; કારણ કે નાટકના વિધિઅક્ષર લખાઇ ગયા હતા. જતાં જતાં યૌવનના એ વસન્તવર્ણાએ ઇતિહાસસત્ય સમું છેલ્લું જાણે અનુભવવેણ કહ્યું: જોજો હો ! કાન્તિઇન્દુને

પરણાવતા નહિ; સ્નેહ કોક જ સુખી હોય છે. ખરૂં; ઘણે અંશે એ ખરૂં છે. જગતના કવિવરો એમનું કહેવું સાચું કહે છે. સીતા હો કે રામ હો, સંયુક્તા હો કે પૃથુરાજ હો, શીરીન હો કે ફરહાદ હો, રોમિયો હો કે જૂલિયેટ હો; ડેસ્ડિમોના હો, પેનિલોપી હો; લ્યૂક્રેશિયા હો, કે ડાન્ટે—બિયેટ્રિસ હો; નૂરજહાન હો કે શાહજહાન હો; સંયોગી હો, વિયોગી હો, પરિણીત હો, કે અપરિણીત હો: પ્રધાનતઃ સ્નેહીજનના એવા જગતઇતિહાસ છે. આ કવિ અને અન્ય શિવ મહારાજ ઉચ્ચારે છે તે સ્નેહીઓની જગતકથાઓનો જાણે વિધાત્રીલેખ છે કે

> સ્નેહીઓ સૌ નિજનિજના યમુનાઘાટે
> નિજનિજના તાજમહેલ બાંધે છે.

વાંચનાર ! તું નૂરજહાન છે કે શાહજહાન ? ત્હારો શાહદરો કે તાજમહેલ તો સહુથી સરસ રચાવાનો છે ને !

'નવજીવન' છાપામાં એકદા છપાયું હતું કે 'આજ જયન્તો છે, જયાઓ હું જોતો નથી.' સહુ નિજનિજના અનુભવો ઉચ્ચારે છે, એટલે જગતની જયાઓએ આમાં માઠું લગાડવાપણું નથી. પણ શોધ એ પ્રાપ્તિ નથી, ને અધૂરા અનુભવો કંઈ જગતસત્યો નથી. એ વાક્યમાંનાં અનિષ્ટ તત્ત્વો તો છે પુરુષનો પુરુષ પ્રત્યેનો પક્ષપાત અને પુરુષના अहम्‌ની અન્તર્ગત ગર્વ. એના ઉત્તરરૂપનું સંસારત્રેણ શરદ બોલતી લાગે છે કે

> સિંહને સિંહણ જન્માવે છે. તો સિંહો જન્મે નહી.
> સિંહણ હોય નહી સિંહ છે એ જ કહે છે કે
> સંસારમાં સિંહણો યે છે.

गृहिणो गृहमुच्यते; સ્ત્રી એટલે સંસાર. જયા વિના જયન્ત સંભવે નહિ. અગર હતી, તો ઓજ હતો; શરદ હતી, તો મેઘ હતો.

પરમ સત્ય એ છે કે દંપતીરૂપ દેવપંખીની પતિ ને પત્ની બે પાંખો છે. એકપંખાળું પંખી હોય એ દેશમાં જયાવિહોણો જયન્ત સંભવે. પુરુષનું **अहम्** પાંગળું છે; જોગમાયા જગજ્જયિની છે. અને

જીતે–મનોજ દેવને જીતે તો, યજ્ઞદંપતીની પેઠે, રામ ને સીતા સંગાથે જીતે છે. એ આર્ષકાવ્યમાંનું શરદ ને મેઘનું કૌમારલગ્ન.

જયા–જયન્તનું નાટક ૧૯૧૨માં લખાઇ ૧૯૧૪માં છપાયું: આ કાવ્ય ૧૯૦૪માં લખાઇ ૧૯૩૩માં છપાય છે. શરદ ને મેઘ જયા–જયન્તની અનુકૃતિઓ નથી, પણ પૂર્વાકૃતિઓ છે.

ભારતનું ભાવી આધ્યાત્મિક વિશ્વચક્રવર્તીત્વ તો, યાહૂદીઓની Promised Landના જેવો, હિન્દના ઇતિહાસનો પરમ આશાવાદ છે. અને ૧૯૩૨માં 'ભારતના નિર્માણ'ની જન્મોત્રી ભાખતાં એ વિશે એક વિદેશી યૂરોપી જ્યોતિષી સાક્ષી પૂરે છે કે ભાવી આધ્યાત્મિક જગત્પ્રેરણાનાં ઝરણાં ભારતમાંથી વહશે. The glories of India now lie far in the past; but an equally glorious future awaits her. For, she wiil regain her old position among the leading nations of the world and will once more become the source of spiritual inspiration.

સાયંકાળે તેજ નીતરી નીતરી સન્ધિકા બને છે, અને સન્ધિકા ઉઘડી ઉઘડી પછી ચન્દ્રિકા પ્રગટે છે, એ આપણા નિત્યજીવનનો પરમ ગહન ચમત્કાર છે. એ ચમત્કારી અવસરોએ ગગાતળાવની પાછળના ભાવનગરના વિશાળ પાર્કમાં સ્વ. કાન્ત ને પઢિયારજીની સંગાથે ફરતા ફરતાં આમાંની ઘણીક કંડિકાઓ અન્તરિક્ષેથી ઉતરતી ઝીલેલી છે. વાંચક ! આમાં ત્હને ક્ય્હાંક ગહનતા ગહન ભાસે ને તળિયું ક્ય્હાંક ન લાધે તો એને સમયબલિહારીની છાયાનાં ગગનપાણી કે પડેલાં પાતાળપાણી માની ક્ષન્તવ્ય લેખજે. કેટલાક ભાવોને શબ્દમાં ઉતારતાં વાણી સ્વયં થાકી જાય છે એવું આપણા વાચસ્પતિ ઋષિ-મુનિઓ ઉપનિષદમાં કહી ગયા છે.

મહાશિવરાત્રી, સં. ૧૯૮૯ — ન્હાનાલાલ દલપતરામ કવિ

આજ અને અગર

૧

વન હતાં, વનની ઘટાઓ હતી,
ને વનઘટાઓમાં લીલી કુંજો હતી;
જાણે પૃથ્વીપાટલે સરોવર પાથર્યાં.
એક લીલી કુંજની ઘટાતીરે મંહી
શશપર કુંજનો માંડવો હતું;
જાણે હાથેળીના આરાની મુદ્રિકા.
ઓજ એ મુદ્રિકામાંનું રત્ન હતો,
ને પુણ્યજ્યોત પ્રકાશતો.

અગર શશપરનું ફૂલ હતી
અને મનોહારી મઘમઘતી.
શશપરની વનલપ્પાતી વાડીઓમાં
અગરના સુખવાસ હતા;
નદી ત્‍હેમના પાય ધોતી.
વાઢમાં શેરડીઓ ધાવી ધાવી
અગર ઉછરતી હતી.
ગાયોનાં દૂધ તે દ્‍હોતી ને પીતી;
ને કુળની વાછડી જેવી
વાછડીઓ ભેળી રમતી.
આજ શરદનો શુક્લપક્ષ બેઠો હતો.
તિથિએ તિથિએ ચન્દ્રકલા ઉઘડે
એવી અગરની કલા ઉઘડતી.

અં. ૧, પા. ૧૨

અગરના દેહમાંથી ચન્દ્રિકા સ્ફુરતી,
અગરના આત્મામાંથી પરિમળ પમરતા.

કેટલાંક વર્ષો ઉપર
વસન્તનાં વ્હાણું વાતાં ત્ય્હારે
ઓજ ને અગર ન્હાનાં હતાં.
કૌમારનું પ્હરોડ ઉગતું હતું.
કળીઓ ઉઘડી ન હતી,
ને લજ્જાનાં કેસરિયાં તેજ
એમને ગાલે ન્હોતાં અડકતાં.
પ્રભાત સમા એ ઉજળા દિવસો
એમનાં સ્મરણસરોવરો હતાં:
જીવનઝરણાં ત્ય્હાંથી નિર્ઝરતાં ને પોષાતાં.

પ્રાતઃકાળ હજી આઘે હતો;
નવકૌમારરંગે ઉષા હજી
આભની અટારીએ પધારી ન્હોતી;
શુક્રીની તેજપ્રફુલ્લ આંખડી,
વિરાટની લોચનકલિકા સમી,
હજી મટકાં ભરતી હતી.
એ અવસરે એકદા અગર
શ્વેતપાલવ ચન્દ્રિકાને જોતી જતી
ને જનની ને જગજ્જનનીને કાજે
વાડીમાં પૂજાનાં ફૂલ વીણતી.
ઉન્નતમુખ પ્રસન્નમુદ્રાળાં ગુલાબ,
હલેતી સહિયરોનાં વદન સમાં,
ત્હેના મુખ શું મુખ માંડતાં

ને વસન્તની વાર્તા ક્‌હેતાં.
ફૂલછોડવે ઢેલબા રમતાં હોય
એવી અગર કયારીઓમાં ફરતી;
ને ઘટામાંથી મોરલો ઉડી ઉતરે
એવાં ઓજે ત્‍હાં પગલાં કર્યાં.
પછી ઓજને પુણ્યપગલે
ફૂલછાબ ભરાઇ ઉભરાવા લાગી.
  "આવ, ઓજ!
ત્‍હારે તો તાજમહેલ માંડવો છે ને ?
આવ; આજ તો, ઓજ!
સૂરજની યે પ્‍હેલાં ઉગ્યો કંઈ!
સૂરજ શું હોડ માંડી'તી ?
કે શુક્ર સાથે રમવા ઉઠયો તો ?"
  "શુક્ર હથેળીમાં આવતો નથી,
ને સૂરજ રોજ ચકાવો જીતવા જાય છે.
ના, ના, અગર! ના.
અમારે આંબાવાડિયે ને
આંબે મ્હોર બેઠા છે;
રાતે ત્‍હાં વાસો રહ્યો'તો.
આંબાશિખરે બેઠા મોરલે
પ્રભાતટહુકો કરી જગાડયો મ્હને.
–ને–એ–એ ત્‍હારા કાનમાં પ્‍હરોડિયે
કંઇ કોયલ કલબલી ગઇ'તી ?"
  "ટોડલે પારેવડાં બેઠાં'તાં;
પ્‍હરોડિયે વસન્તવાર્તા કરવા મંડયા;

અં. ૧; પા. ૧૪

હું જાગી ગઇ, ને વાડીમાં આવી;
પૂજાનાં ફૂલ વીણવાને."
  "કોની પૂજાનાં ફૂલ? અગર!"
  "લોકલોકની આંખડીમાં ઝબકે છે
એ વીજપૂજાનાં ફૂલ."
  ઓજને અગર પછી
હૈયાપતાકા શી પુષ્પપાંખડિયાળી
રાતી ફ્હાડમડી નીચે બેઠાં;
ને કેસુ, કોયલ, આંબામ્હોર,
ફૂવારા, હોડી, સરોવર,
ફૂલ અને ફૂળમંડળોની
કંઇ કંઇ વસન્તકથનીઓ,
અધૂરી મધુરી ને અસ્ફુટ,
મ્હોટેરાં બાળકો કરે છે એવી, કીધી.
અધરો હસવા લાગ્યા,
ગાલદેશે ખંજનની પગલીઓ પડી,
પ્રાણુતેજની પ્હેલ્લી કિરણુપંક્તિઓ
વદનઆંગણે વિલસવા માંડી
કે શુક્ર ઝંખવાણો,
ચન્દ્રિકા યે ઢોળાઇ ગઈ;
અને રૂપાવણો નિર્મળો પ્રકાશ
દિશાઓ પાછળથી ઉડવા લાગ્યો.
  "અગર! ચાંદની તો ઉપટી ગઈ."
  "ન્હરોડનાં તો, ઓજ!
આછાં સ્તો ચન્દની ને ચન્દ્ર."

"ચન્ડોળે ચ કંઠ મીંચ્યો.
રજા છે ને હવે ?"
"પણ પેલું રોજનું ચુમ્બન ?"
"સંભારણું સાચવજે,
ને એમ દિવસ વિતવજે.
સન્ધ્યાકાળે મળીશું પાછાં."
કો નવપૂજારી
દેવપ્રતિમાને ચન્દ્રક કરે એવું
ઓજે અગરને ચુમ્બન કીધું.
આકાશમાં એક તારલી રહી હતી
તે અગરને વદનદેશે ઉતરી બેઠી.
સ્હવારતેજની કુંકુમરેલમાં
પગલાં પાડતો પાડતો ઓજ
ગામનાં છાપરાઓમાં ગયો.
વસન્તની વાડીઓ નિરખતી
અગર બંગલામાં પરવરી.
અગર ને ઓજનું
એમ સોનલ સ્હવાર ઉગ્યું.
એ આખો યે દિવસ
અગરના આત્મામાં ભરતી આવી.
સ્હવારે અગરકુમારી
મા વતી માની પૂજામાં બેઠી.
દેવસિંહાસને ત્ય્હાં ઓજમૂર્તિ દીઠી,
આરતી ઓજદેવની ઉતારી,

મું. ૯ પા. ૧૬

ફૂલ ઓજદેવને ન્હડાવ્યાં,
ને ફૂલ ન્હડાવતાં ન્હડાવતાં
પ્રભાતને વીણુતી ઓજછબિ જોઇ.
સેવામાં, સિંહાસનમાં, હૈયામાં,
સુવાસની વિધવિધ મૂર્તિઓ સમો,
અન્તરબહાર એને ઓજ રમતો.
દેવનાં અગરને આજ
સાક્ષાત્ દર્શન થતાં.

નાસ્તો કરીને અગર
ગાઢ છાયાળા માના ઉદ્યાનમાં સંચરી.
ઘટાઓમાં સ્હવાર હસતું હતું.
અને

અંગોઅંગે કનકકુમળો
   તેજનો રંગ રાજે,
ભૃંગો કેરા કળી-કળી પરે
   મત્ત આહ્લાદ ગાજે;
મ્હારી ક્યારી કુસુમઝણુથી
   ગન્ધનો બ્હાર ઢોળે,
ને વાયુ આવી પ્રણુયલહરે
   વેલનાં પત્ર હોળે.

અગરની અગમ્યઆંજેલી આંખડલીને
સ્હવાર સોહામણું લાગ્યું.

ડાળે ત્ય્હાં મેના પોપટ હીંચકતાં.
પોપટે 'બ્હેન' કહ્યાં,

મેનાએ 'વ્હાલી બ્હેન' કહ્યાં.
અગરના હૈયાનાં કમાડ
આજ ઉઘડતાં હતાં.

ચરણે ડોલર ડોલતો હતો,
હૈયાના હિન્ડોલ ડોલાવતો હતો.

કોયલ ઉડી ને ટહૂકી;
ને અગરકુમારીના આત્મામાં
વસન્તગીત ગાઇ ગઇ.

વૃક્ષવૃક્ષના પલ્લવમાળેથી
પંખીકુલ આશીર્વાદ વદતા.

એ બપ્પોરે અગરે પુસ્તક ઉઘાડયું
તે જાણે ઓજ વાંચતો હોય
ને પોતે સુણતી હોય ને શું ?
વાયુમાંથી અગરને આજ
ઇષ્ટનાં વેણુ આવતાં.
સ્હાંજે એક જ વાકય
અગરને સ્મરણે રમતું'તું કે
'વ્હાલા' 'વ્હાલા' જપતાં
મેનાને શિખવ્યું હોય તો ?

સ્હાંજની શીતળતા પથરાયે
અગર માધવીમંડપે જતી,
ને નદીના પ્રવાહમાં નિરખી રહેતી.
નીરતીરે નીલકંઠ નર્તતા,
મગન ભરી કેકા બોલતા,

નં. ૬, પા. ૧૮

સહસ્રપીંછ કળા ખોલતા.
ભરેલા પાલવછેડલે ત્‍હાં
અગર મોર ચારતી,
ને એકલી એકલી હસી પડતી.
મોર અગરના ટહુકાર કરતા.
અગરને અંગઅંગ એવાં,
દેવના પ્રભામંડળ સમાં,
અલૌકિક હાસ્ય પ્રગટતાં.

નદીમાં નીંદરતા આભને
જોઇ-જોઇને અગર થાકી;
ને ભરેલા પાલવછેડલે મોરલા ચારીને
હૈયુ ભરાઇ-ઉભરાઇ જતું થયું
ત્‍હારે નયનની સીમ ઉપર
ઓજનો ઓછાયો ઉગ્યો.
તેજમૂર્તિ સમો, સ્મિતસોહન્ત,
સિંહગતિએ ઓજ આવ્યો.
ને અગરથી નાટક ગવાઈ ગયું:
પ્રીતમ આવે રે!
રસિકવર આનન્દકન્દ
મન્દ મન્દ
હસી હસાવે રે!
પ્રીતમ આવે રે!
ઓજ ને અગર
નદીને તીરે જઈ ઉભાં.
પાણી ઉપર એમના પડછાયા ડોલતા.

ઉપર માધવીની મંજરીઓ
એમને ચમ્મર કરતી.
નીચે પૃથ્વીને ધોઈ ધોઈ
નદી મેલ વહી જતી.
"ને પેલું રોજનું ચુમ્બન, ઓજ!"
અગરે અમૃતનું વેણુ નાંખ્યું.
"અગર! આજની કથા કહું.
હું પાસ થયો;
ને કાલે મુંબઈ જવાનું છે.
દેશવટે દામણાં—"
ઓજના અધૂકડા બોલ
જીભે ન ચ્હડયા, હૈયામાં જ શમ્યા.
અગરની આંખોમાં જોઈને
ઓજ ચમકી ઉઠયો.
અગરની આખોમાં આજ
ઓજને અણદીઠેલાં દર્શન થયાં.
જળ પર એમની છાયાઓ ડોલતી
એવાં ઓજ ને અગર ડોલતાં.
ઉપરથી માધવીના અભિષેક ઉતરતા.
વાયુમાં વસન્ત મઘમઘતી હતી.
" પણ પેલું ચુમ્બન, ઓજ! "
બીજી વેળા વેણુ નાંખતાં
અગરકુમારીને વદનકમળે
વસન્તની ટશરો પ્રગટી.
એ શબ્દોના અક્ષરવ્હેણમાં તરતી
અગરને દેહદેશે વસન્ત પધારી.

અં. ૧, પા. ૨૦

“ને અગર !–
માફ કરજે હો, અગર !
પણ, અગર !–
આજ તો ને, અગર !”—
'અગર' શિવાય અન્ય શબ્દભંડાર
ઓજ જાણે ભૂલી ગયો હતો.
વંટોળમાં પાંદડાં વળી વળી જાય
એમ જીભ એની લોચવાતી.
ઓજને હૈયે વંટોળ વાતા હતા.
જીવન શી સરિતાને આરે
અગર અને ઓજ
મૌનવ્રતિયાં ઉભાં હતાં.
રમત સહસા સરી પડી હતી.
હલેતાં હૈયાં જાગ્યાં હતાં,
અને અલૌકિક કથા માંડતાં.
ઓજની સંસારસુંદર આંખડલી
અગરે વિકસેલી દીઠી;
અગરની વિલાસવિલોલ દેહલીલા
ઓજે પ્રફુલ્લેલી નિરખી.
સ્હવારનો ઉગતો માર્તંડરાજ
કોટી કોટી કિરણો ઉડાવે,
એવી એમનાં કીકીમંડળમાંથી
પ્રોજ્જ્વળ કિરણધારાઓ વર્ષતા.
ઉભયના રોમરોમમાંથી
આત્માનાં શિકરો સ્ફુરતાં;

જાણે દેહસહકારે મ્હોર ફૂટ્યા !
અંગુલિ અંગુલિમાં રમતી,
એ ય અગરે પડતી મૂકી.
સ્પર્શે જેમને રોમાંચ ન થતો,
અસ્પર્શે આજ એમને પરિસ્વેદ નીતરતા.
        " ખરૂં, ઓજ !
ખેલન પુરૂં થયું હવે.
આપણે દેહદેશે દિવસ ઉગ્યો. "
        પ્રતિપદાની સૂર્યચન્દ્રની પ્રાતઃજ્યોતિઓ
ગગનઘુમ્મટમાં ગૂંથાય
ને આભમાં તેજસ્થંભ રોપાય,
એમ અગરઓજના પ્રાણપ્રવાહ
સંગમ પામી આભને થંભાવતા.
સૃષ્ટિ સુપ્રસન્ન હસતી હતી;
અને
ગાતો આવી અનિલ છૂપલો
            ફૂલને સત્ત્વ પૂજે,
આંબે બેઠી રસસખી સમી
        કોકિલા વેણુ ફૂજે;
ઘેરા બોલે મધુર ટહુકી
        મોર કુંજો જગાડે;
સ્નેહાલાપે સૌ
        રસઉદયનાં ગેબી વાદ્યો વગાડે.
        શરદપૂર્ણિમા, મેઘ, મોતીની
ટૂંકી ટૂંકી રસવાતો કરતું યુગલ

અં. ૧, પ્ર. ૨૨

જળતીરે જળનિર્મળ ઉભું હતું,
અગરઓજને આજે લાગ્યું
કે પોતે કુમારાં છે.

આઘે–આઘેથી
કો ગોપની બંસી બોલી;
અગરઓજનાં અન્તરની રસબંસીમાં
કો અલખધૂન જગાડી ગઇ.
ત્હેમના અન્તરના યે અન્તરમાં
વિશ્વપારના શબ્દો આજ બોલતા.

વનવનના સૌરભ લઈ એવે
વસન્તનો વાયુ વાયો,
ને વસન્તબાલિકોને વધાવી ગયો.
અગર ને ઓજની પ્રાણભૂમિમાં
પરિમળ પરિમળ પમરી રહ્યા.
પરમાર્થની પ્રેરણા શી કો વાંછના,
શુભના આદેશ સમી કો આશા,
પૂર્ણિમાની ચન્દની જેવી કો પ્રારબ્ધચન્દની
એમની હૈયાકુંજો ભરીને પથરઇ રહી.

બન્નેયને ત્યહારે લાગ્યું કે
ઉરમાં નવો ચન્દ્ર ઉગ્યો.
આકાશમાં તારા ઉતર્યે
ઓજ જવાને ઉઠયો;
નવવ્રતવિસ્મૃત, ટેવાધીન,
વિહાયચુમ્બન લેવાને નમ્યો.

લજામણીની વેલ જેવી અંગ સંકોરતી
અગર છળીને આઘી ઉભી.
મુખડે હૈયાની ઊર્મિઓ ઉછળતી,
વસન્તઆંજ્યાં નયનોમાં
નવપીયૂષની છાલકો છલકાતી.

કમળના ડોડલા જેવો
ઓજ અળગો ઉભો.
ઓજની દશે ય ઇન્દ્રિયોમાં
હૈયાધબકારના પડઘા ગાજતા.
વાયુલહરમાં સરોવર લહરાય
એવું એમની વચ્ચેનું અન્તરિક્ષ
લહેરિયાં ખાતું હતું.
" સુખી રહેજે, અગર !
ભિક્ષાન્વેહિને ભૂલી જજે.
કાલે હું જઈશ, અગર !
ને પાછો આવીશ ત્ય્હારે—"

'પાછો આવીશ ત્ય્હારે—'
કાળની પગલીઓના પડઘા જેવા
એ શબ્દ કેવા ભયંકર છે ?
જીવનમાંથી ગયેલાં
કેટકેટલાંક પાછાં આવે છે ?
ગયાંને સહુ ન્હોતરે છે;
પણ ગઇ કાલ કેટલાંકની પાછી ઉગી ?
" પાછો આવે ત્ય્હારે, ઓજ !

ખં. ૧, પા. ૨૪

ત્હારો તાજમહેલ બાંધજે."
મયૂરી શી અગર ટહૂકી ઉઠી.
એ ગોરંભાતા સન્ધ્યાકાળે
ઓજ ને અગર જૂદાં પડયાં.
ગયો–ઓજ ગયો;
વનનાં ઝઝૂમતાં ઝુંડોની પાછળ
ઓજ અદૃશ્ય થઈ ગયો.
ઓજ ગયે અગર જાગી ઉઠી;
ને જગતમાં ચોમેર જોયું
તો સૂનકાર એક તરવરતો હતો.
અગરના સમસ્ત આત્માએ પોકાર્યું
કે 'હું ભૂલી,' 'હું ભૂલી.'
અગરની રસલોલુપ આંખડલી
ઓજને શોધવાને નીસરી,
પણ નિર્જન ગુફાઓ સમી
દિશાઓમાં ભટકી પાછી વળી.
એ ભૂલના પ્રાયશ્ચિત્તનાં
અગરે બે આંસુ પાડયાં.
સરિતા એમને સાગરમાં લઈ ગઈ.
મુક્તામાતાએ ત્ય્હાં તે પ્રાશ્યાં.
ત્હેમનાં મહામૂલાં મોતી બન્ધાણાં,
રાજરાજેન્દ્રે લઈ તે મુગટમાં મૂકયાં.
જગતઝવેરીઓ કહે છે કે
એવો મુગટ દુનિયામાં બીજો નથી.
એવી પુણ્યપાવની એ ભૂલ હતી.

સમસ્ત વિશ્વનો ભાર
પાલવમાં આવી પડ્યો હોય
એવી ધીરગમ્ભીર ગતિએ
અગર બંગલામાં જતી હતી.
'આવશે', 'પાછો આવશે',
'કાલે આવશે' એમ કહી કહી,
નિરાશાનીતરતી આશાથી
કેટલાંક અન્તર્આત્માને સાન્ત્વન છાંટે છે;
એમ ઘડીક ઘડીકે ભડૂકતા આત્માને
અગર આશ્વાસન છાંટતી.
જતાં જતાં પુષ્પનાં પગલાં પાડતી,
પણ એ પુષ્પપગલે પૃથ્વી ચંપાતી.
સુરભિ સમા એના શ્વાસોચ્છ્વાસ સ્ફુરતા,
પણ એ આત્મસુરભિઓ આજ
જ્વાળાઓ થઇ જગતને બાળતા.
જતાં જતાં અગરનો આત્મા
આયુષ્યનો ગુંજારવ ગુંજતો:

ધીરે ધીરે, ધીરે ધીરે, ધીરે ધીરે:
બંસરી બજાવી વ્હેનાં ! ધીરે ધીરે;
ધીરે ધીરે, ધીરે ધીરે, ધીરે ધીરે.

સરિતાને નીરતીરે
રસિકોના વીર ક્રીરે

બંસરી બજાઇ કાના ! ધીરે ધીરે;
એ પ્રખ્યાત હિન્દી ગીત ઉપરથી.

ખં. ૧, પા. ૨૬

ધીરે ધીરે, ધીરે ધીરે:
બંસરી બજાવી બ્હેનાં ! ધીરે ધીરે.

આંસુધાર આવી નેનાં ધીરે ધીરે:
ધીરે ધીરે, ધીરે ધીરે, ધીરે ધીરે:
બંસરી બજાવી બ્હેનાં ! ધીરે ધીરે.

જીવનને પાછળ મૂકીને જતી હોય
એવે શોકસૂને ને ચિન્તનભારે પગલે
શૂન્યાત્મ અગાર બંગલામાં ગઈ:
જાણે પરિમળનીતારેલું ફૂલ !

૨

એ પછી તો ને
કેટલાંક વર્ષ વીતી ગયાં;
કંઈ કંઇ અન્ધારિયાંઅજવાળિયાંની
છાયાઓ ઉગી ને આથમી;
ને શશપર નવું જૂનું થયું.
પ્રાચીન ઘટાઓમાં ત્‍હાં હવે
અર્વાચીનની તડકીછાંયડી રમતી.
ઓજની માએ
કલ્યાણીનો આરો બન્ધાવ્યો હતો;
ને ઘાટને પગથિયે પગથિયે
શિવની દહેરીઓ સ્થાપી હતી.
આરો ચ્‍હડતાં લોક ત્‍હાં વિસામો ખાતાં;
પનિહારીઓ ત્‍હાં પાણી ભરતી;
બ્રહ્મવિદોના સન્ધ્યાવન્દન ત્‍હાં થતાં.
અગરના વૃદ્ધ પિતાએ
ડાયરો જમાવ્યો હતો
ને ત્‍હેને સભા કહેતા.
માટીની ચલમો ઉપર એમણે
રૂપાની વેલો વાળી હતી.
ફૂલવાડીની પાસેના વેરાનમાં
ફૂલહીન ક્રોટનનાં કૂંડાં માંડયાં'તાં;
કોક સ્ત્રીપુરુષો ત્‍હાં રમતો રમતાં.

ખં. ૨, પા. ૨૮

અર્ધદગ્ધ કો ખોટી વેલ
કરમાતી કરમાતી એ માંડવે ઉગતી.

શશપરના પટલિયાઓએ
ચોરો નવો બન્ધાવ્યો હતો.

ચોરાની એક ઓરડીમાં
ઇંગ્રેજી નિશાળ મંડાઇ હતી.
નિશાળમાં કદિક કારકુન ઉતરતા.
પરદેશથી મહેતાજી આવ્યો હતો;
મહેતાજી ખ્રીસ્તી થયેલો શુદ્ર હતો.
ભલો હતો, પ્રભુની વાતો કરતો;
પણ એના પ્રભુ યે પરદેશી ભાસતા.

અગનગાડી યે આવી,
ને એમાં બેસી અગર આવી.
લોક અગનગાડીના રાસડા ગાતું.
દેશદેશમાંથી આગગાડી શણુગાર લાવતી,
ને કેરીઓ લઇ જતી.
ઇસ્ટેશનની પડોશમાં ચોકી બન્ધાઈ'તી.

શશપરને શેઠિયે
ચીમની ચણાવી હતી,
ને એને આભનો થંભ કહેતો.
રંકોને પરસેવે પછી શેઠની હવેલી ચણાઈ.
ચાર-ચાર પ્રહર એ ચીમનીમાંથી
હૈયાવરાળ શી ધૂણી ધખધખતી.

ખં. ૨, પા. ૨૯

ગરીબોને રોજી રોકડી મળતી,
પણ ખેતરો ખેડૂતસૂનાં થતાં.
    નળિયાં જઇ
છાપરે પતરાં જડાયાં હતાં.
વાંદરાં ચળામણ ન્હોતું ખચાવતા;
પણ ઉન્હાળે ધોમ ધખતા,
ને પ્રજાપતિઓએ ઉચાળા ભર્યે
કોટડાંનાં ખંડેર પડયાં હતાં.
    ગામપરવાડે ઇસ્પિતાલ બેઠી'તી,
ને રંકનાં પરૂઓ ત્ય્હાં ધોવાતાં.
    એક સ્રીમંડળે સ્થપાયું હતું.
સતીના ચાલ વિરૂદ્ધ ત્ય્હાં ભાષણો થતાં,
ને છૂટાછેડાના કાયદાની જરૂર સ્હમજાવાતી.
મંડળ એને સ્રીઓની સ્વતન્ત્રતા કહેતું.
    શશપરની કુંજ કપાઇ હતી
ને આંબાવાડિયું આછું થયું હતું.
કલ્યાણીને આરે કુંજ રહી'તી,
ટેકરીને શિખરે આંબાવાડિયું ગોરમ્ભાતું.
તેજ હવે વ્હેલેરાં આવતાં,
ને પાણી યે વ્હેલેરાં સૂકાતાં.
છાયાઓ છીછરાતે વિસામા તપતા,
ને મુસાફર વગડે તડકા ઝીલતા.
    ધાડો હવે ઓછી પડતી,
ને સીમમાં ખુને ઓછાં થતાં.
વળાવિયા વિના લોક પરગામ જતું.

અં. ૨, પા. ૩૦

    પાદર, કચેરીને માર્ગે,
પગથી ધોવાઇ વાંધૂ પડતું;
પણ પૂલ કોઇ બન્ધાવતું ન્હોતું.
    શેરીઓમાં ભીડ વધી'તી,
ચૌટામાં બકૂકાલીની બૂમો વધી'તી.
કલ્યાણીની જળલહરીઓ છીછરી'તી,
ધણુમાં ગાયો આછેરી હતી.
ચોરાના ચોકમાં કથા ક્‌વ્હારેક બેસતી,
ભાષણો ઝાઝેરાંક થતાં.
લોક વિચારતું થયું હતું,
પણ ધર્મ વીસર્યું હતું.
    બ્હારીબારણાં નવરંગે રંગાયાં હતાં.

દોડતી આગગાડીમાંથી જોનારને
શશપર નવનખરાં કરતું લાગતું.
ત્ય્હાં મોહિની વધી'તી, પ્રેમ ઓસર્યો'તો;
તડકા વધ્યા'તા, શીતળતા ઓસરી'તી;
રંગ વધ્યા'તા, સત્ત્વ ઓસર્યાં'તાં;
પ્રવૃત્તિ વધી'તી, આયુષ્ય ઓસર્યાં'તાં;
જ્ઞાન વધ્યું'તું, ધર્મ ઓસર્યો'તો.
પ્રાચીન શશપરની પ્રાચીનતા
એમ અર્વાચીનતાના ઓપ ધરતી.
    પણ કાળમીમાંસકો કહેતા કે

એ ઓપ છે, ને ઉપટી જશે.
પછી અર્વાચીનતાનાં સત્ત્વ ઓઢશે
ત્ય્હારે શશપર ગિલિટે નહિ—સોને,

નખરે નહિ—સૌન્દર્યે સોહાશે;
પૃથ્વીની પૂર્ણિમા સમું પ્રકાશશે.
પ્રાચીનતા પૂજ્ય છે;
પણ અર્વાચીનતા આયુષ્યની કેડી છે.
સૌએ એ કેડી ખેડવાની છે.
પણ પિતૃઓને પૂજશે
એ પુત્રોનાં પૂજનઅર્ચન પામશે.
ને શશપરનો આશાસૂરજે ઉગ્યો હતો.
ટેકરીશિખરની ઘટાગુફામાં
એક જોગીએ મઢૂલી માંડી હતી,
ને હૈયા શી ન્હાનકડી મઢૂલીમાં
મા પધરાવ્યાં હતાં.
આદ્યશક્તિની ત્ય્હાં આરતી થતી.
સ્હવારસ્હાંજ ત્ય્હાં ઘંટા વાગતી,
ને લોક એ ઘંટા સાંભળતું.
જોગી એકાન્તે જોગ સાધતા,
માની પૂજાઅર્ચના કરતા,
ને દુઃખસુખનું ગીત ગવરાવતા.

દુઃખસુખ આવે રે તે સ્હેજો !
માજીનાં ચરણકમળમાં રહેજો :
દુઃખસુખ આવે રે તે સ્હેજો !

સુખડાં તરતાં રે રૂડાં છે;
દુઃખડાં પાછળ રે ઉંડાં છે;

અં. ૨૭ પા. ૩૨

માજીના ઉંડારૂડા સન્દેશ
    દુ:ખસુખ આવે રે તે સ્હેજો !

સુખડાંની શોભા રે સુલભ છે;
દુ:ખડાંના હેતુ રે ગહન છે;
માજીના ગહનસુલભ આદેશ
    દુ:ખસુખ આવે રે તે સ્હેજો !

મા ! તુજ પ્રેમળ રે રચના છે;
મા ! તુજ સદર્થ રે ઘટના છે;
મા ! તુજ સદર્થપ્રેમળ નિવેશ
    દુ:ખસુખ આવે રે તે સ્હેશું;
    મા ! તુજ ચરણકમળમાં રહેશું :
દુ:ખસુખ આવે તે મા ! સ્હેશું.

    શિવ જોગી કહેતા કે
માનાં કડવાં ને મીઠાં ધાવણ
કિયા બાળકે ધાવ્યાં નથી ?
    બાળક કિશોર થયા હતા;
કિશોરોમાં યૌવન ખીલ્યું હતું;
યુવાએ અનુભવ સંઘર્યા હતા;
અનુભવી આધેડ થઇ ચોરે બેસતા;
આધેડ વૃદ્ધરૂપે વન્દનીય મનાતા,
ને માથે મહાપ્રસ્થાનની હિમરેખાઓ ઉડતી.
દસ-બાર વર્ષોની વાતમાં તો
શશપરમાં જાણે નવા લોક વસતા.

પં. ૭ પ. ૩૩

સ્મરણવિસ્મરણના પડદા ગૂંથતી
દિવસરાત્રીની કંઇ કંઇ કિરણમાળ
એમ ઉગી ઉગીને આથમી હતી
કેટલે ય વર્ષે આજ
ઓજ શશપર આવ્યો હતો :
મ્હોરમ્હોર્યા આંબા સમોવડો,
લોક ક્‌હેતા, ફૂલ્યોમ્હોર્યો હતો.
આભ ઓળંગી એની નજરો ઉડતી,
ચાલતાં ચરણે અવની ચંપાતી.
પોપચાં ને પાંપણો
ગાલ ઉપર ઢળેલાં પડતાં :
પુરાણા પુરાણા કો સ્નેહલેખ
ત્‍હાંના જાણે વાંચતાં ન હોય !
કિશોરો એને વન્દન વન્દતા,
ચૌટું ને ચોરો આશ્ચર્યઆંખે નિરખતાં:
જાણે શશીપુરનો શશિયર ચાલ્યો !
શિખરવાસી જોગીરાજ
એને શશીપુરનું અમૃત ક્‌હેતા.
આણેથી અગર આવી'તી.
લોક ત્‍હેને ઘેનુ કહી બોલાવતાં.
અગર બાળા ન્હોતી, સુન્દરી હતી.
અગરને ય ગાલફૂલડે,
હાસ્ય નહિ, સ્મિત ઉઘડતાં.
એને પ્રફુલ્લપુષ્પ અંગેઅંગે
સોનાની વેલીમાં રતન ઝગમગતાં.

ખં. ૨, પા. ૩૪

શશપરમાં આજથી માનો ઉત્સવ હતો.
વર્ષોવર્ષ નવરાત્રી ઉજવાતી,
પણ લોક ક્હેતું કે
આ વર્ષે ઉત્સવ ઑર જામશે.

આભમાં કે અવનીમાં
પડવાનાં અજવાળાં ન પડ્યાં.
જોગીની મઢુલીએ ઓજ જતો હતો,
અમાસે સાંભળેલો ગોપીવિરહ ગુંજતો હતો.
છાબ ભરી ફૂલડે રમતી
સ્હામે અગર મળી.
વાદળીઉતાર્યા ચન્દ્ર સમું
વદનમંડળ ઉઘાડું હતું;
અંબોડલે 'વાયોલેટ'ની મંજરી મઘમઘતી.
જગત જીતતી નજરે અગર
મીટમાં આકાશ ભરતી વહી ગઇ.
ઓજ પદમેંદીને નિરખી રહ્યો.
ઓજને અગરનો અણસાર આવ્યો,
ને સ્મરણોને શોધતાં શોધતાં
અગરની બાળમૂર્તિ સાંપડી.
આજ જાણે અગરની રોમાવલિએ
કેસૂડાંના ડંખડંખ મ્હોર્યા હતા:
ઓજને હૈયે એ ડંખ્યા,
ને જીવનમાં ઝેર વાવતાં ગયાં.
ઓજની આંખે અન્ધારાં આવ્યાં.
શિખરે જોગી કને ગયો
ત્યહારે ઓજની એ અન્ધારી ઉતરી.

એક ક્ષણમાં–અધક્ષણમાં
જીવનના જયાજય થાય છે.
ક્ષણભૂલ્યો સેનાપતિ હારે છે,
ક્ષણભૂલવતો સેનાપતિ જીતે છે.
શિખરે ચ્હડતાં ઓજને આજ
જીવનની હારની ઝાંખી થઇ.
નવરાત્રીની બીજે
'રામ લક્ષ્મણ જાનકી'
શશપરના કુમારોની ઘેર બોલાવતી.
દીઠેલું વિસારવા ને ચિન્તનઘેન ઉતારવા
ઓજ કૌમારઘેરમાં ખેલ્યો.
પણ સ્મરણો ભૂલ્યાં ભૂલાય છે ?
કે દીઠાં અદીઠાં થાય છે ?
ઈતિહાસ એટલે અણભૂંસાતી અક્ષરાવલિ.
નવરાત્રીની તૃતીયા ઉગી.
બાળકો તેજછાયાની રમત રમતાં.
આઘે ઉભો ઓજ જોતો હતો.
કમળદળ શા કપોળ
પ્રફુલ્લ ને વિશાળ શોભતા,
પણ કૌમારની સુકુમાર હાસ્યલહરી
હોઠે હવે ફરકતી ન્હોતી.
પોપચાંને પોયણે કરચલીઓ પડતી,
ને કીકીમંડળ આકાશપાતાળમાં ઘૂમતું.
યાવનનો ઉમ્બર ઓળંગી
ઓજ સંસારવાડીઓમાં પ્રવેશતો હતો.

ખં. ૨, પા. ૩૬

શશપરની કુલનન્દિનીઓએ
પાસે માની ગરબી માંડી'તી.
મા કને પુત્રીઓ લાડે એમ
શશપરની ગુણગર્વિલી કુંવરીઓ
ત્‍હાં ગાતી, નર્તતી, કૂદડી ફરતી;
ને ગીતમાં જગતો ઉછાળતો.
પ્રથમ ગવાયું એ પ્રાચીન ગીત હતું.
એ ગીતનું ધ્રુવપદ હતું
'રૂપથી ગુણ મ્હોટા રે.'
સૌન્દર્ય ને યૌવનનાં પૂર ઘમઘમતાં.
કંઠની હલક, પરિધાનની છટા,
ગીતની કુમાશ, આંખડીના સન્દેશ,
કંકણકંકણમાંનાં તેજસ્ફુરણ,
વીજળીની વેલ સરિખડી
તનુવલ્લરીના લાવણ્યલોલ રસહિન્ડોલ :
પુરાણાં પુરાણાં પણ નિત્યનવલાં
રસમોજાંઓમાં શશપર આજ ઝોલાં ખાતું.
છેલ્લું ગીત અગરે ઉપાડયું.

બોલે છે મોર, બાળા ! બોલે છે મોર;
ત્‍હમારે બારણે બોલે છે મોર.
કોયલ કરે મદશોર;
સ્‍હાંજે, સુલોચના !
ત્‍હમારે બારણે બોલે છે મોર;
બોલે છે મોર, બાળા ! બોલે છે મોર.

× × ×

બોલે છે મોર, વ્હાલા ! બોલે છે મોર;
આપણે બારણે બોલે છે મોર.
કોયલ કરે કલશોર
આજે કલાધર
આપણે બારણે બોલે છે મોર;
બારણે–બારણે બોલે છે મોર.
બોલે છે મોર, વ્હાલા ! બોલે છે મોર.

અગર બે ટહૂકા ટહૂકી.
મયૂરીની મોરલી શી એની કેકા
કુંજકુંજમાં રેલાઇ રહી.

ચન્દ્રપાંદડીમાં નયન પરોવતી અગર
ગૂરબી ઉઠયે ઘેર ગઇ.
અગરની કીકીઓમાં ચન્દ્રમા ચમક્તા.
ભવિષ્યના શશપરની કુળમાતાઓ,
આશઅભિલાષાઓ કહેતી–સાંભળતી,
પછી તારિકાઓ સમી વેરાણી;
અને તારકતારક નીચે કુળમંડપ હતા
ત્હાં જઇ કમળ જેવી મીંચઇને પોઢી.

એ રાત્રીએ ઓજને ઓશીકું ડંખ્યું
તે મધરાતે વાડીએ જઇ સૂતો.
ઉપરનું આભ ને અન્તરમાંનો ભૂતકાળ
ઘેરા ઘેરા અન્ધકારમાં
નિરાશાની તેજરેખાઓ દાખવતાં.

ને એ સ્હવાર ઉગ્યું ત્હારે
શશપરમાં નવું ચેતન ચમકતું'તું.

અં. ૨, પા. ૩૮

ગામનું અડધેરૂંક યૌવન
અગરનાં દર્શનને કાજ
પાણીઆરે પાણીમાં વહતું હતું.

બ્રહ્માઆરે ઓજ આજ
સ્હવારે ઉશીરો આવ્યો હતો.
બ્રાહ્મણો અર્ઘ્ય આપી રહ્યા હતા,
ગૃહિણીઓ હેલ ભરી ગઈ હતી.
સૂર્યતેજમાં પગલાં પાડતી મયૂરી શી
અગર ફૂલવાડીમાં ફૂલ વીણુતી હતી.

ચોળી ગૂંથવા અગર માંડવો વેડતી;
ને ફૂલછાબ શી લહેકતી લહેકતી
નિજ નયનો શાં ફૂલડાં વીણુતી.
શિશિર ઉતરી વસન્ત ઉઘડે
એવાં એનાં તેજ ઉઘડતાં.
પ્રફુલ્લેલી વેલી ચાલતી હોય,
નવશોભામંડિત હાથણી જતી હોય,
અગર રાણી એવાં ડગ ભરતી.
ચરણે નૂપુર છબછબતાં,
ને એને રણુકે રણુકે
ઉરઉરમાં ઘંટડીઓ બોલતી.

રતનબંગડીઓમાંથી કિરણો ઉડતાં
તે બાણુ સમાં હૈયાને વીંધતાં.
એને પોપચે સૂર્યબિમ્બ બેઠાં'તાં,
એની કીકીઓમાં જાણે ચન્દ્રમા નાચતા.

અં. ૨, પા. ૩૯

તેજતેજની ભરેલી વાદળી સમી
રસપ્રફુલ્લ વિલાસવિલોલ અગર
ફૂલવાડી શી ફૂલવાડીમાં ઢંકાઇ.

ઓજને નિરખતું ત્ય્હારે
શશપરને ઓજની મા સાંભરતી.
સ્મરણો સંભારતું આખું યે શશપર
ઓજનાં ઓવરણાં લેતું.
બ્રહ્મઘાટે ઓજ ઉતર્યો ત્ય્હારે
શશપરના જળઝીલતા યૌવને
આંખડીઓ વરસાવી એને સત્કાર્યો.
દેહે સૂર્યતેજ ઝાલતો એમ
કીકીમાં ઓજ કીકીકિરણો ઝીલતો.

લોક કહેતાં'તાં કે
જોગીનાં ને ઓજનાં જીવન
નિજ છાંયડીમાં પરિસમાપ્યાં નથી.
ત્હેમની પ્રભાનાં પરિમળપૂર
પરમાર્થે પમરતાં.

અર્ઘ્યની અંજલિ અર્પી ઓજ
સ્હામે પાર તરી ઉતર્યો.
ઝાડીની ઘટા ત્ય્હાં સજીવન હતી,
ને મંહી કોક ગણુગણુતું હતું.

અયિ! જરી શાન્ત લજ્જા ધાર.
લોલવિલોલ કપોલનો ત્હારો ગુલરેખ મોહનમન્ત્ર
સહૃદય કોઇ કુમારના કદિ કરશે સ્નેહ અતન્ત્ર:
અહો! તુજ મદભર ગુલગુલશન.

અ. ૨, પા. ૪૦

ઉચે ઉગે જો ! આકાશમાં શાણી ચન્દ્રીની શરદની રેખ;
શીતળ ત્હેની સાન્ત્વના ભૂંશી નયનશરે ન આલેખ
સાખ ! રસમસ્તાનો, આનન્દ.

ફૂલગુલાબી ત્હારી ઓઢણી, ત્હેમાં છૂપલા છાયા મોર;
ઢાળી દ્રષ્ટે ત્હેને પ્રેર ના, એ છે મુગ્ધ હૃદયના ચોર :
હૃદયપટ તુજ પર નર્તન્તા.

મરકલડાં મીઠાં મુખનાં, મધુઝરતા વદનના વિલાસ,
સ્નેહભૂખ્યા કોઇ સ્નેહીનું ઉંડું હૃદય ચીરી લેશે આશ :
મનોગમ એ મુખના સન્દેશ.

વારી લે, જરી વારી લે ત્હારા રમતા રસીલા એ ભાવ;
ખોટું હૃદયનું ખેંચવું એમાં લાડકડી ! નથી લ્હાવ :
મધુનાં જો ! નયનો નિરખે.

શીલ્પીએ ઘડી રાજપૂતળી, કાંઇ પૂર્યા ચિતારે મંહી રંગ;
તુજ હસતું વદન કોણ દોરશે ? પેલો રમ્ય હૃદયઉછરંગ
ગહન નયનોમાં ઝળહળતો ?

“ હા ! સ્મરણો એવાં છે !
કિરણ પડે ને સજીવન થાય.
ર્‌હાડના ભારે ભોંયરામાં ભાખ્યાં,
વીજળીની મીટે ભોંયરૂં ફડાક ઉઘડશે.
મનુવંશના બાળક !
ભૂલાય તો ભૂલી જોજે કાંઇક.”

ખ. ૨, ગા. [illegible]

ઘટા ઘેરી હતી; ને મંહી,
મૃત્યુપીપેલાંને સજીવન કરે એમ,
સ્મરણોને કોક સંભારતું હતું.
" એ તો પડછાયો હતી,
પાણીઆરાની એ રૂપપૂતળી.
સંસારનાં પાણી અડકશે
કે રૂપના રંગ ઉપટશે.
પણ પડછાયાએ સત્ત્વને સંભારાવ્યાં.
" મ્હારૂં સ્હવાર પડતું હતું.
આથમતો ચન્દ્રમા ચન્દની ઢોળતો,
ને ચન્દનીમાં ચન્દ્રસુન્દરી તરતી-રમતી.
પાથર્યા આભ જેવો
નીચે ગંગાસાગર લહરતો,
ને ગંગાસાગરની લહરોમાં હું લહરતો.
ચન્દ્રસુન્દરીનાં દર્શન કરતો,
સાગરતળનાં મોતી વીણતો,
ચન્દ્રસુન્દરીને ચરણે ધરતો.
સ્નેહ હતો, સ્નેહલક્ષ્મી હતી,
સ્નેહની રસરમણાઓ હતી.
હતું, દેવિ ! હતું;
એવું જીવનનું સ્હવાર ઉગતું હતું.
" હતું, એવું કંઇ કંઇ હતું:
સ્નેહ હતો, સ્નેહી હતાં;
દર્શન હતાં, પૂજન હતાં;
પ્રાણને પ્રેરણા હતી,

અં. ૨, પા. ૪૨

પ્રારબ્ધનું પ્રભાત હતું,
જીવનની વસન્તપંચમી હતી.
હા ! હતું—એ સહુ હતું.
પણ દેવિ ! હતું એટલે શું ? ”

ધરતીનાં પડ ઉખેળી ઉખેળી
રત્નખાણોમાંથી લોક રત્નો કહાડે છે;
એમ ભૂતકાળનાં પડ ઉખેળી ઉખેળી
સ્મરણરત્નોને કોઈક રમાડતું હતું.
ઘટા જેવો ભૂતકાળ સજીવન હતો.

“ સ્મરૂં છું, વીસરૂં છું, વિમાસું છું;
રહું છું, રડું છું, સહું છું;
જીવનફળ ભોગવું છું;
જીવું છું, છું.
છું એટલે સંસાર, દેવિ !
હતું એટલે શું ?

“ કોક કહે છે હતું એટલે નથી;
કોક કહે છે હતું એટલે ગયું;
કોક કહે છે હતું એટલે મૃત્યુ;
કોક કહે છે હતું એટલે પશુતા;
કોક કહે છે હતું એટલે ઇતિહાસ;
કોક કહે છે હતું એટલે
માંકડામાંથી માનવી થયાની કાળકથા.
દેવિ ! દેવકોશમાં હતું એટલે શું ?

મ. ૨, મ. ૭૩

હશે એટલે તો સ્વર્ગ ને ?
કોલ, વર, આશા, આશિષ,
સ્નેહ, કલ્યાણની સફળતા ને ?
દેવોની દેવવાડીઓમાં
પ્રભુતાને જળ ઝીલવું ને ?
હશે એટલે દેવદેશ.

" પુનર્દર્શન થયાં, દેવિ !
ભૂતકાળનાં ઘટાઝુંડમાં નીંદરતા પડછાયા
એક પડછાયાએ સજીવન કીધા.
ગંગાઘાટે ચેતન હતાં,
કલ્યાણીછાયે એની છાયા હતી.
પછી છાયાએ પાંદડું હલાવ્યું,
ને વર્તમાનપાટે સ્મરણમૂર્તિ કોરાઈ રહી.
હૈયાકોતર્યો મહામન્ત્ર ત્યહાં
ભાગેલી ભમ્મરમાં વંચાયો.
હતું એટલે છે ને હશેની ધરિત્રી;
હતું એટલે સંસાર ને સ્વર્ગનો ગર્ભ;
હતું એટલે સુકુમાર કૌમાર;
હતું એટલે ચિરંજીવ સ્મરણો;
હતું એટલે કાળભંડાર;
હતું એટલે મર્મનાં બાણ;
હતું એટલે શ્રી હરિની કાવ્યકલા;
હતું એટલે આદિ ને બીજ.
ભૂંસી ન ભૂંસાય,

અં. ૨, પા. ૪૪

હોલવી ન હોલવાય,
આર્ભોનાં યે પ્રાણમાં ઝગમગતી,
હતું એટલે, રસદેવિ!
આથમ્યા જીવનની અગમ્ય જ્યોત. ”

શબ્દસ્રોત થંભી ગયાં;
ને જળ ઓસર્યે સૂના આરા રહે
એવા ઘટાના ઘાટ સૂના પડયા.
યજ્ઞમંડપેથી યજ્ઞદેવ અન્તર્ધાન થાય
ને પાછળ અગ્નિપગલાં રહે,
એવું ઘટામંડપે થયું.
આજે પલ્લવોમાં જોયું,
કુંજમાં સૂનકાર એક હતો.
આઘે એક અશોકના થડમાં
દૂધે ધોઈ ધોઇ કોતરેલું હતું:

મ્હારી કવિતાનાં ઉંડાણ જોજો!
મ્હારા હૃદયના ભેદો ત્ય્હાં જડશે;
મ્હારી કવિતાનાં આંસૂડાં લ્હોજો!
મ્હારા હૃદયનાં આંસુ લ્હોવાશે.

સ્નેહીઓના એ સ્નેહમન્ત્રને
આજે નયનજળથી ધોયો,
ને અધરચુમ્બનોથી લ્હોયો.
કને કમંડળું પડયું હતું.

ખં. ૨, પા. ૪૫

એમાંનાં જોગજળથી લોચન ધોઇ-
ઓજ ગામમાં ગયો.
ગામનાં ઘરોને આંગણે આંગણે
ઓર તેજ પથરાયેલાં આજે નિરખ્યાં.

    તે તિથિએ ભોજન ભાવ્યું
તેથી ઓજ ઓછું જમ્યો.
'પોતાને રૂચતું સૌને રૂચે,'
વિવેકબુદ્ધિમાં એ છે શ્રદ્ધાળુની શ્રદ્ધા;
'પોતાને રૂચતું અન્યને અર્થે રાખવું
એ છે સાધુસન્તનો ત્યાગ.
શિખરવાસી જોગીના સત્સંગની તિથથી
ભાવે તે ઓજ ઓછુ જમતો.

    સ્હાંજે ટેકરીશિખરે ઘંટા વાગી,
ને ન્હોતરાં આવ્યાં હોય એમ
ઓજ ટેકરી ચ્હડવા લાગ્યો.
હાથમાં જોગીનું કમંડળું હતું.
આગળ આગળ ઓજનો ઓળો ચ્હડતો.

    આઘે આઘે-ગામની પરવાડે
વણુઋતુનું કોક લગ્નગીત ગાતું,
ને જગતને જગાડતું.

આંગણુ કુંકુમે રે લીંપાવો,
    મોંઘાં મોંઘાં ફૂલડાં વેરાવો;
સાત્ત્વિક સાથિયા પૂરાવો,
    અખિલની ઝાંગરી કોરાવો.

ખં. ૨, પૃ: ૪૬

સ્હોજનાં કેસરજળમાં તરતી આવતી
એ સંગીતધારા ઓજકુમારને અભિષેકતી,
ને હૈયું જગાડી ઓવારણાં લેતી.
વિચારના વંટોળમાં ગોથાં ખાતો
ઓજનો પતંગ ઉડતો હતો.
'કાન! ત્હમે જુઠ્ઠા છો.
સૌ કહે છે કુમારીનો લગ્નોત્સવ,
ને ત્હમે સાંભળો છો રાજીયા.
ક્યહાં પૂછું? કોને પૂછું?
ઉત્તરે સુણવાના તો કાનદ્વારા ને?
કાન! ત્હમે હઠીલા છો,
ઇન્દ્રિયગ્રામ આખું અવળચંડું છે;
રજ્જુના સર્પ નિરખે છે.
શ્રદ્ધાને પણ સીમા હોય.
ઇન્દ્રિયસન્દેશનાં સત્યાસત્ય
કોણ પારખશે–ને ભાખશે?
ગીતધારા વર્ષતી હતી,
પાંખોમાં પ્રારબ્ધને લઇને ઉડતી હતી.

ધનુષ તો ગુલાલે રે પાડો,
મંહી સીતારામનાં બાણ માંડો;
ઉમ્બર રૂપા સરિખડા ઓપો,
કુંળી મીઠી કેળના થંભ રોપો.

ટેકરી ચ્હડતાં કાળમીંટની કરાડે
ઓજને ઓળો સ્હામે આવી ઊભો.

ઓળામાં આત્મછાયા જોઇને (
ઓજ છળી ઉઠયો;
જાણે અન્ધારાંને ઓટલે ભૂત દીઠું!

‘ભૂત! ભૂત! ભૂત!
ધોળે દિવસે ને ભરવસ્તીમાં.
કીકી! તું રીસાઇ છો?
સાચું જૂવ છ કે ભ્રમણા ભાળ છ?
એણે પંઝલાં અવળાં માંડયાં’તાં,
ને પગમાં રૂપાની બેડીઓ હતી.
હાથે હાથીદાંતના બન્ધ હતા,
ને અંગે સોનાની સાડી;
કુમારીનો જાણે નવો અવતાર!
પુષ્પ સોનાની સાડી પ્હેરે છે?
મુગ્ધાની સુરખી ને રેખાઓ–
એ હોય?–ન હોય; હશે.
એ જ એ સૃષ્ટિશોભન કુમારિકા?
મુજ વસન્તવાડીની અગર?
ત્ય્હારે સંસારને પ્રેરણા પાતી હતીઃ
આજ જાણે સંસારનાં પાણી પીએ છે!
કિરણોના હાર જેવા હાથ હતા;
આ તો છે હાથણીની શુંઢ.
શશિયરમુખડે શેરડા શેના?
લલિત એ હરણફાળ ક્ય્હાં?
સસલાંની એ સુકુમારતા ક્ય્હાં?

ખું. ૨, પા. ૪૮

નિર્મળી દેહચન્દનીથી નહિ,
આ તો સોનવેલે સજેલી છે:
જાણે પ્રફુલ્લેલી કનકવેલડી!
અંગે એ સ્નેહ નીતરતી,
નયને એ આનન્દ નિર્ઝરતી;
આ તો છે ભ્રુકુટિનાં જાદુ ને કામણ,
ને નખરાંમાં મોહિનીની માયા!
મ્હારી એ અગર નહિ આ;
આ તો છે અગરનું ભૂત.'
પેલું મંગળગીત તો
પરિમળ શું પમર્યે જતું હતું:

ચન્દ્રની ચન્દની શા ચન્દરવે
ઝૂલે–નમે લજામણી વેલ ગરવે:
રચાવો વામનજી શી રે વેદી,
જશે ધુમ્ર ગગનમંડળને ભેદી.

ઓજને જગત ભમતું ભાસ્યું.
ભમરડા શી પૃથ્વી અખંડ ભમે છે,
ઓજને એનાં પ્રત્યક્ષ દર્શન થયાં.
ધૂમે ધૂમે, ને વાદળી
ધીમેશથી ઉડી જાય,
ઓજને અગર એવી ઉડતી લાગી.
કીડીઓના માળા જેવો સંસાર
વગડે વિખેરાતો ઝંખાયો.

અં. ૨ પા. ૧૯

પરિવાર બહુ સરી પડયે
વનવન ફૂદતો એકાકી મૃગરાજ
થાકની નીંદરમાં નીંદરે,
એવો ઓજ ઘેનમાં ઘેરમ્ભાયો.

હિમનાં શિખરો ઓગળી જાય,
ધુમ્મસનાં વિશ્વ પીગળી જાય,
ને શૂન્યમાં શૂન્ય ડૂબે,
અને શૂન્ય પણ નામશેષ થાય;
એવી શૂન્યવત્, અનામી,
અવ્યકૃત, કલ્પનાપર દશા,
મૃગજળ જેવી, ઓજને ઘેરી ઉભી;
ને પલકમાં પ્રાણ મંહી પીગળી ગયા.

મૃગજળમાં મૃગરાજ જાણે ડૂબ્યો !
 પલટાતાં સ્વપ્નાં જેવું જગત છે.

એ સ્વપ્નું યે પલટાયું,
ને પ્રત્યક્ષ પૃથ્વી આંખ ભરી ઉભી.

 આથમતી સ્હાંજના સમીરણોની
પાંખે ઉડતી લગ્નગીતની છેલ્લી મૂર્છના
ભૂંસાતાં કુંકુમતેજમાં પગલાં પાડતી.

આચાર્ય અગ્નિહોત્રી આવે,
 પુરાણા પિતૃના અગ્નિ લાવે;
બ્રહ્મવિદ બ્રાહ્મણો વેદ બોલે,
 પ્રભુભર્યો માંડવો અમ ડોલે.

પૃ. ૨, ૫૬ ૫૭

ગરુડમાળા આ ગોરખગેબેથી
કલ્યાણીનું એક ઝરણું નિર્ઝરતું.
ઓજનાં થાકેલાં પગલાં ત્હાં પડયે
પુરુષાર્થ ઘડીક પ્રગટ્યો,
ને જગત જીવતું દીઠું.

'હાશ ! આ જોગીની મઢી.
પગલાં ! પ્રેરાવ એ દ્વારમાં.
ભગતને ભૂત નડતાં નથી.'

જોગીનાં જોગદ્વાર
અણુમીંચી આંખે દૂરથી દેખાયાં.
સ્હાંજના લાંબા પડછાયા ત્હાં યે પડતા,
ને મૂર્તિ ને છાયાના ભેદ
સંસારીઓને ત્હાં યે છળતા હતા.

'ભૂત ! ભૂત ! ભૂત !
માનું મન્દિરે અભડાવશે ?
કે પાપ ખરચી પુણ્ય વ્હોરવા આવ્યું છે ?
સાગરતળિયે ડૂબતા-ઉતરતા
શણુમાનવ શી શરીરસ્થૂલતા,
હૈયે સીસાના ઘંટભાર,
ને કીકી આડાં પડળનાં જડાવ !
મુખડે ચિન્તાની ચિતા ભભૂકે છે:
એ અગર ન હોય.

'કાન ! ક્ષમા બક્ષજો.
અવગણ્યા, અવમાન્યા, તિરસ્કાર્યા.

આંખ ત્હમારી સાક્ષી પૂરે છે,
ઇન્દ્રિયગ્રામ સમસ્ત શું જુઠું ?
—પણ જીવતાંનાં ભૂત થાય
એ માનશે યે કોણ ?
દુનિયાં આભલાંનો ઓછાયો છે.'

અર્જુન પ્રણમી ઉભો'તો એમ
સંસારમૂંઝાયેલો ભોજકુમાર
જોગકુટીરે પ્રણમીને ઉભો.
જોગીની ધૂણી ધખતી હતી,
ને અન્ધકારને અજવાળતી.
શિવ મહારાજ પદ્માસને બેઠા હતા,
જગતનું પારબ્ધ વાંચતા હતા.

શિવસ્તુભ્યમ્‌નો
જોગીરાજે આશીર્વાદ ઉચ્ચાર્યો.

"શિવ મહારાજ !
આપ સંસાર સ્હમજો છો,
પ્રાણવેદનાઓના ચિકીત્સક છો.
સ્હવારે કલ્યાણીની કુંજમાં
મર્મદ્વાર ખોલ્યાં'તાં ને અન્તર ઉઘાડ્યાં'તાં;
ત્હેનો હું દેવપાઠવ્યો સાક્ષી હતો.
સ્નેહના દેશ ત્હમે દીઠા છે.
આપશો મ્હને આત્માનાં ઔષધ ?"
શિવસ્તુભ્યમનું આશીર્વચન

અં. ૨, પા. પર

શિવ મહારાજ સૌને ઉચ્ચરતા,
તેથી શશાપરનો લોકસંઘ
જોગીને શિવ મહારાજ કહેતો.
કલ્યાણમુખડેથી કલ્યાણવાર્તા
જોગી આજ ભાખતા હતા.

"તાત અમૃત !
મ્હારી કથાના સન્દેશ ઝીલવા
માએ ત્હને મોકલ્યો હતો.
મ્હારી કથા લાંબી નથી, સાંભળ.
સ્મરણભાર વ્હેંચી લઇશું
તો અડધો અડધો આવશે."

શિવ મહારાજે વાર્તા માંડી.
પણ જોગીના સંસારના હિસાબ
સાવ સાચા ન હતા.
સ્મરણભાર વ્હેંચ્યા વ્હેંચાતા નથી,
ઉડતા બેને હૈયે બમણા બેસે છે.

"પ્રારબ્ધનો યોગ હતો,
ને ગંગોત્રીમાં હું ન્હાતો હતો.
એવે આંખને કોઈકે કહ્યું:
'આંખ ! મીંચાઇશ મા.
તેજનાં અન્તરિક્ષે મીટ ભર,
પ્રાણે પ્રકાશના અભિષેક ઉતરશે,
ત્હારી કવિતા સચેત થશે.
આંખ ! ઉઘડ.'

ખં. ૩, પા. ૫૩

"પોયણુદળ શાં પોપચાં ઉઘડ્યાં.
ઇન્દ્રિયરાણીઓનાં જેટલાં શીલસ્નેહ,
પ્રાણુરાયની તેટલી પ્રતિશ્રદ્ધા.
કીકી વીંધીને પ્રભાનાં પૂર
પ્રાણુમાં સંચરવા લાગ્યાં.
તેજકિરણોની મૂર્તિ ગૂંથાઇ,
ને આત્મા બોલ્યો 'કુમારિકા.'
નિષ્કલંક એની ઓઢણી હતી.
પૂર્ણિમા શા પૂર્ણકલાધર ચન્દ્રવદને
શશાંક પણ ન હતું.
વજ્રની ગિરિછાટો ઓળંગતી,
વનની કેસરિણી સમોવડ,
ગતિ સુદૃઢ ને નીડર હતી.
બહાદુર નયન અડગ ઉઘડતું,
મંહી તપસ્વિનીની પ્રભા પ્રજ્જ્વળતી.
કસ્તૂરીમૃગ સમી તે મહેકતી.
એક કરમાં કંકણુ ડોલતું,
મણિછાયામાં જગતને ડોલાવતું.
યજ્ઞકુંડ સમી ભાલવેદી હતી,
મંહી તેજજ્યોત ભભૂકતી;
સંસારના કંઈ કંઇ કર્દમ
ત્હેમાં બળ્યાં બળ્યાં થતાં.
વિશુદ્ધિના કિરીટ સમોવડો

કળીમાં શૂળફળ મોગરો શોભતો,
સાત્ત્વિક પ્રેરણા સમી ત્હેની સ્મિતરેખા
સુધામીઠી સંજીવિની હતી;
જાણે પર્વતપુત્રી પાર્વતીની અનુજા આવી.
આદ્યશક્તિ મહોજસ મહાદેવીની
બાળમૂર્તિનાં આંખે દર્શન લીધાં,
આત્મા નમન નમ્યો,
કવિતા થનગન થગગન નાચી રહી.

" તાત અમૃત !
શશીપુર તુજ કાજે સૂનું થયું શું ?
ત્હારે નયને હૈયું નીતરે છે,
સ્મરણોની સહસ્રધારાઓ વરસે છે.
મ્હારી કથા કાલે કહીશ.
शिवस्तुभ्यम् "

ઓજની રાત્રી સ્વપ્નાંઓએ સતાવી.
ચન્દ્રિકાના શણગાર સજેલી
અજરકુમારીની સુકુમાર મૂર્તિ
વર્ષોના દરિયા ઓળંગીને આવી
ઓજનાં સ્વપ્નાંને સન્તાપતી.
સ્મરણોની યાત્રાએ ઓજ સંચર્યો'તો,
ને તીર્થતીર્થનાં પુણ્યસરે સ્નાન કરતો.

અન્ધકાર ધોતું ધોતું સ્હવાર આવ્યું,
ને શશપર નિદ્રામાંથી જાગ્યું.

આસપાસ ને ઘેરઘેર અસલ
શશપરમાં મોર ટહુકતા :
ટોડલે મોર બેસતા,
છાપરપાંખે મોર બોલતા,
આંગણે મોર નાચતા.
હવે ટેકરી એક જ ટહુકતી,
કે કલ્યાણીની કુંજ ટહુકતી.

અગરનાં આજ
શશપરને દર્શન ન થયાં.
કહે છે કે પતંગિયાં આકર્ષવાને
ફૂલડાં રંગો ધરે છે :
રોજરોજ એક રંગ રંગતી
ને એક રંગ ઉતારતી
એ નવરંગ મોહમન્ત્રિણી રમણી
આજ કલ્યાણીને ઘાટે ન્હોતી.
શશપરના મદભર યૌવનનેણ
તીરછી મીટે તલફતાં હતાં.
સહિયરોની સુન્દરતામાં પણ
અણદીઠ પડછાયો પડતો.

કેટલાયને શશપર સૂનું લાગ્યું.
ઓજ તો જોગમઢીએ જાય
ને અધવચથી પાછો વળે,
એના પ્રાણ ઝાંખ વાળે જ નહિ.

અં. ૨, પા. ૫૬

નિશ્વાસ નાભિમાંથી ઉઠતા કે
'હવે સ્મરણોમાં જ રમવાનું ?'
'આજ દર્શનનાં યે સૌભાગ્ય નહિ ?'

કલ્યાણીની કુંજમાં
મોગરાનો મંડપ એક કરમાતો હતો,
ઓજઅગરનાં કૌમારનો સાક્ષી હતો.
એના આછાપાતળા ઘટાઘેરમાં
ઓજનો દિવસ આથમ્યો.
ફૂલની એક માળા ઓજ ગૂંથતો,
એને તોડતો, ને ફરી ગૂંથતો;
અને એમ અન્ધારિયાં ગણતો.

ભૂત ને ભવિષ્યનાં આવાહન
વર્તમાનમાં કરાતાં હોત તો
અનુભવ ને આશાની સંક્રાન્તિ
આયુષ્યમાં ઉજવાત :
તો જીવનની જતી ઘડીઓ
સ્મરણી ને અભિલાષનાં નન્દન ઉગાડત.

સ્હાંજની ઘંટા વાગી.
ઓજે ઉરજવાળા કંઇક હોલવી,
ને શિખરમન્દિરે ગયો.
પંચમીની ચન્દ્રકલિકા
ગગનમંડપે લટકતી હતી.

"અમૃતા ! આવ, ને સાંભળ
જોગીઓનાં જીવનની કથની.

ખં. ૨, પા. ૫૭

શિવસ્તુભ્યમ્.
તાત ! મ્હારી ભ્રમણા હતી કે
આંસુથી સ્મરણો ધોવાય છે.
ના, બાપુ ! ના; તું યે ભૂલતો મા.
આંસુ તો સ્મરણોને ઉછેરે છે."

અધૂરા ક્યારાને પાણી પાય
એમ શિવ મહારાજે
અધૂરો વાર્તાપ્રવાહ વ્હેતો કીધો.
ચન્દ્રમા યે એ સાંભળવાને ઘડીક થંભ્યો.

" પછી ગીતમાં મ્હેં ઉર ગાયું;
મ્હેં ભાગીરથીનાં જળ હલક પૂરતાં.
એની આંખડલીમાં તેજ ઉગ્યાં,
અધરપાંખડીએ સ્મિત ફરક્યું,
અંગઅંગમાંથી આદરની લહરીઓ લહરી.
ફૂલમાં ફૂલ ઢોળાય એમ
આંખડી આંખડીમાં ઢોળાઇ;
પરિમળ પરિમળમાં પ્રોવાય
એમ ભાવ ભાવમાં પ્રોવાયા.
એક મીટમાં હિમાદ્રિની વિભૂતિઓ નિરખાય,
એમ એણે અન્તર ઓળખ્યું
ને મ્હેં પ્રાણ પારખ્યા.
પુત્ર ! પહેલી મીટ જૂવે છે એટલું
પાછલી સેંકડો મીટો પછી જોતી નથી.

" એ જળમાં ઉતરી,
જળદેવી જેવી જળમાં તરવા લાગી.
પોપચે આદર્યો ને હું મચ્યો:
હાથેળીઓથી જળપિચકારીઓ છાંટી,
તરતાં ફૂલડાં વીણી અભિષેક કીધો,
જળપથરાતો વેણીકલાપ બાંધ્યો,
ને પછી, પીંછાં ગૂંથી પંખી ઉડે એમ,
અંગુલિઓ ગૂંથી તરવા લાગ્યાં.
–વત્સ !–વત્સ અમૃત !
જોગીને હવે સ્નેહકથા શી ?
પણ ભૂલકણું જગત ભૂલે છે કે
જોગી યે પૂર્વે માનવી હતો.
પછીનું બધું કલ્પી લેજે.
ભાગીરથીમાં અંજલિઓ ભરી ભરી
અમે પરસ્પરને પાઇ,
ને એમ કેટલાંક પ્રભાત ઉગ્યાં.

" એકદા મંગળા આરતી થતી'તી,
ને મ્હારી પ્રાતઃસન્ધ્યા પરિસમાપી'તી.
અંગમાંના આત્મતેજ જેવી
સ્હોડમાં સખી બેઠી હતી.
એના પરિમળતા દેહમાર્દવ સમા
માર્દવને નેણે ને વેણે મ્હેં વિનવ્યું:
'સાંભળી સખિ! પેલી ઘંટા!
ત્હારા શબ્દ સમી મંજુલ,

ગંગાજળ સમી નિર્મળ,
તેજ જેવી ગગનભરતી :
ઘેરી ઉંડી પેલી જીવનઘંટા ?
        ' એ નહિ, ગુરુકુળની નહિ;
પણ સખિ ! પેલી ઘંટા.
ત્‍હાં તો ઋષિનો આશ્રમ છે.
માએ બાળક જન્માવ્યો,
ગુરુદેવ બાળકનો પુરુષ ઘડે છે ત્‍હાં :
માટીનાં પૂતળાંમાં જીવ મૂકે છે.
ઋષિજનોની બાળશાળામાં યે
ઉત્ક્રાન્તિના શબ્દ ગાજે છે;
પુરુષ ને સુન્દરી ત્‍હાં સરજાય છે.
આત્મવિકાસની એ જ મહાઘંટા
બાળાશ્રમોમાં ત્‍હાં બોલે છે.
પણ ત્‍હાં નહિ, સખિ !
ત્‍હારા ને મ્‍હારા હૃદયમન્દિરે
ધીરો અસ્ફુટ ગમ્ભીર કલરવ,
દેવપરિમળ સમો, સ્ફુત્કારે છે :
એવી પેલી મધુરી ઘંટા.
સખિ ! ત્‍હેં સાંભળી ને
એ સરિતસરોવરપારની ઘંટા ?
        ' નહિ, નહિ, એ યે નહિ;
પણ સુભગે ! પેલી ઘંટા.
સદ્‌બોધના સોમપુટ આપી આપી
સદ્‌ગુરુઓ દેવમન્દિરોમાં

અં. રૃ. પા. ૬૦

માનવમુગટના દેવ સરજે છે.
મન્દિરમંડપોમાંયે ઉઘડે છે
જગતપારની નર ને નારાયણીની કલાઓ.
દેવમન્દિરે યે એ જ વાગે છે
જગત્‌ઉત્ક્રાન્તિની મહાઘંટા.
પણ ત્ય્હાં નહિ; ત્હેની યે પાર;
આભના ઉમ્બર ઓળંગીને–પ્હેણે.
અનુપ, અખંડ, અલૌકિક,
દેવતન્ત્રીના ગાનાન્તના પ્લુત સમી,
અમીકંઠ ખોલતી પેલી ઘંટા.
નેત્રોને સંકોરી લે
ને શ્રવણમાં પ્રવેશી જા.
પછી સાંભળ, સખિ !
પે–એલી અનહદનાદી ઘંટા.
'સાંભળી ને ?
એ જ, સખિ ! એ જ ઘંટા,
સંસારશિખરો પારની ઘંટા.
રાજધ્વજ ત્ય્હાં રોપાતા નથી,
સંસારનાં ત્ય્હાં સ્હવારસ્હાંજ નથી,
મનુષ્યોના ત્ય્હાં કલહ નથી,
મતાન્તરના ત્ય્હાં ઉદ્વેગ નથી,
વિતંડાનાં શાસ્ત્રો નથી,
મન્દિર નથી, દેવ નથી;
મા છે, માની ઘંટા છે.
ચાલ; ત્ય્હાં જઈશું ? સખિ !

ખં. ૨, પા. ૬૧

‘બ્રહ્માંડનું સરોવર
તેજજળથી છલાછલ છલકાય છે,
ને તેજઆરે ત્ય્હાં મા બેઠાં છે.
ઘંટાનાદ ત્ય્હાંથી નીતરે છે;
આદ્યભવાનીની હૈયાકુંજમાંથી.
ભૂલ્યાંને પન્થ દાખવે છે,
થાકયાંને આશા છાંટે છે,
મૃતને અમૃત પાય છે;
ઉલ્લાસે છે, આનન્દે છે,
અન્તરમાં આશ્વાસન વરસે છે એ.
પૃથ્વીમાંથી ચન્દ્રલોકમાં,
ને ચન્દ્રમાંથી સૂર્યલોકમાં,
ને સૂર્યમાંથી દેવલોકમાં:–
એમ ઉત્ક્રાન્તિની મહાયાત્રાની પ્રેરણા
આદ્યશક્તિની એ ઘંટા પાય છે.
સાંભળ–સાંભળ, સખિ !
ત્હને ને મ્હને આમન્ત્રે છે
વિશ્વવીંધી વાગતી એ જીવનઘંટા.
માની યાત્રાએ જઇશું ? સખિ !
ત્ય્હાં છે ઉત્ક્રાતિના તીર્થની કેડી.’
“એમ કરતાં સ્હાંજ પડી.
અને હા ! એ અઘોર સન્ધ્યા !
અમૃત ! – વત્સ અમૃત !
શશપરમાં એવી સન્ધ્યા મા પડશો.
એ તેજ ન્હોતાં, ભડકા હતા;

અં. ૨, પા. ૬૨

એ શિખર ન્હોતાં, સીમાઓ હતી;
એ વાદળ ન્હોતું, ઝઝૂમતું અન્ધારૂં હતું.
હિમાદ્રિએ ન્હોતા ઓઢયા શ્વેત હિમરંગો
કે ન્હોતાં સજ્યાં સ્વર્ગનાં કેસર.
પશ્ચિમની વાદળી લટકતી,
પૂર્વ ભરી ઓળો પાડતી;
ઓળામાં મા આવર્ણાયાં હતાં.
પણ એ લટકતી મેઘછાયામાં
માની વીજળીઓ રમતી,
ને મેઘછાયાને વીંધી વહતી.
તે દિવસે મ્હેં જાણ્યું, વત્સ!
સ્નેહ કરતાં શ્રદ્ધા સબળ છે;
એ સન્ધ્યાએ હું સ્હમજ્યો, અમૃત!
સ્નેહ નહિ, પણ સદ્ધર્મ
સંસારનો કાં આધારસ્થંભ છે.
ધર્મ એટલે કલ્યાણભાવના, તાત!
"તુ યે કુમાર! શશપરમાં
અનેરા અનુભવો સારવે છે.
એવો હૈયાવેધણુ ન વેઠાવશો વિધિ.
"મ્હારી દેવમૂર્તિને ક્યહાં મૂકું?' કહી
એ સૌન્દર્યદેવી આઘી ઉભી.
મ્હેં કહ્યું: 'હૈયામાં.
મ્હારે હૈયે દેવીમૂર્તિ પધરાવી છે,
ત્હારે હૈયે દેવમૂર્તિ પધરાવ.'
'અડશો મા, અભડાવશો, આઘા રહો

ખં. ૨, પાનું [illegible]

ક્હેતીક પછી, વરસતી વાદળી શી,
મ્હારૂં કૌતુકલોચન ઉઘડે ત્ય્હાં તો,
ઝાડીઓમાં એ અન્તર્ધાન થઈ.
ગઈ; ને મ્હારી હૃદયકુંજમાં
પાછળ પ્રેમમૂર્તિ માંડતી ગઇ.
શશીપુરના શશિયર !
તે દિનથી હું મૂર્તિપૂજક છું.
એને હૈયે દેવમૂર્તિ મંડાશે ત્ય્હારે
આકાશ ઓળંગતી ઉડતી આવશે.
પ્રેમની પાંખોને આભ અસીમ નથી.
“ એ હૈયાલક્ષ્મીને
ગિરિવરને ગહ્વરે ગહ્વરે ઢૂંઢતો,
એના અને મ્હારા
ભૂખ્યાતરસ્યા આત્માઓને પરિતર્પવા,
મ્હેં ઉર્ધ્વગામી એકલદંડી લીધી;
ને હિમગંગા ઓળંગી આગળ વાધ્યો.
શિખર પાછળ શિખર હતાં,
ને પર્વત પાછળ પર્વતમાળ:
જાણે દેવપન્થનાં પગથિયાં !
આત્મવિશાળા અન્તરિક્ષમાં
એકલો ઉડતો’તો મ્હારો ગરૂડરાજ.
“ તાત અમૃત ! રડ મા.
આપણે બન્ને સ્મરણસંપ્રદાયીઓ.
પ્રેમપન્થની ને પ્રભુપન્થની
પહેલી મજલ મૃત્યુ સમોવડી છે;
સહુએ એકલાં ખેડવાની છે.

અ. ૨, પા. ૬૪

“ સાગવનના પ્રલંબ પડછાયાઓમાં
મ્હારી આછીપાતળી છાયા રમતી,
એવી માયાવી પડછાયાની સ્હાંજે
પછી આથમી ગઇ.
ઓળાનું અભિમાને ન રહ્યું,
ને જોઉં તો હું એક જ.
દૃષ્ટિના આરા સૂધી
પૃથ્વી પથરાયેલી હતી.
ન હતાં હસતાં ઘાસ,
કે ન હતા વિરલા વૃક્ષરાજ.
ધરતી માતાનો પાલવછેડલો
દિશામંડળમાં એક ઉડતા.
“ આભમાં આભલાંનો દોરો ન્હોતો,
નીચે હિમનાં રણુ રેલાતાં;
પંખીની પાંખે ન્હોતી પલકતી.
વાયુ યે નીંદરતો હતો.
સીમાઓમાં ઢાળાતા વ્યોમસરોવરમાં
સન્ધિકાના તરંગો રમતા–વિરમતા.
“ લોક કહે છે કે
અવનીમાં માનવી ઉભરાય છેઃ
તો દૃષ્ટિમર્યાદા નિર્જન કાં હતી ?
મન પૂછતું ‘ ક્ય્હાં છે મનુદેવ ?
દાખવો, મહેમાની કરિયે ’
પૃથ્વી ને વ્યોમના સંગમ સૂધી તો
આંખનાં કિરણુ એક ઉડતાં.
“ થાક ઉતારવાને

મ્હેં જળ પીધું જે કુંડનું,
એનું શિખરે એવું હતું:
છ યે ઋતુ ને બારે માસ
યુગયુગથી ઉભું છે એ
શૃંગોને માથે એકલશૃંગી.
“પીંછાં મા સંકેલી લેશો;
પાંખમાં પ્રેરણા હોય
એટએટલું ઉડજો, પંખીરાજ !
પણ ઉડશો તેમ તેમ એકલવાયા હો !
બ્રહ્માંડને છેલ્લે શિખરે તો
એકમેવાદ્વિતીયમ્‌ના આશ્રમ છે,
—અને ત્હો યે જોજો,
દિશાકાળની પાછળ નયન પ્રેરજો;
જતાઆવતા દેવસંઘનાં દર્શન થશે,
મહાપ્રસ્થાનનો સંગાથ સાંપડશે.
માની મહાયાત્રાના સંઘ
અખંડ ને અવિરામ છે.
“એ રાત્રી શિખરોમાં ગાળી.
મધરાતે ત્ય્હાં મહાતોફાન જાગ્યું.
સમીરણો વાયા, મેઘ ઉલટયા,
ખીણોમાં ધરતીકંપ થયા.
મ્હારા અવનીના મેલ ધોવાયા.
ને કંઇ કંઇ મહાશબ્દ,
મનવન્તરોના અનુભવમન્ત્રો
મ્હારા શ્રવણગહ્‌વરનાં ઉંડાણોમાં,

પ્ર. ૫ પા. ૬૬

ખીણોમાં ધોધ ઢોળે છે એમ,
એ દેવગિરિએ ઢોળ્યા.
વેદથી યે પુરાણી ઋચાઓ
દેવશબ્દે મ્હને સંભળાતી.
પર્વતોમાં સ્હવાર પડ્યું
ને સૂર્યે મ્હને અભિષેકી જગાડ્યો,
ત્ય્હારે શકુન્તલાના પુત્રની ભૂમિમાં
ઉદયાચળનાં સૂર્યતેજ રેલાતાં હતાં.
સમસ્ત દુનિયાનો પોકાર હૈયામાં ભરી,
પૃથ્વી મહારાણીના દૂત સમો,
એક અનિલકુમાર આવ્યો,
ને પૃથ્વીનો સન્દેશો સુણાવી ગયો.
ભાગીરથીનાં પૂરમાં પછી ઝંપલાવ્યું.
તરતો ને માને સ્મરતો
ધરિત્રીને ઉછંગે ઉતર્યો.
પછી વર્ષોની પાંખડીઓ, તાત !
આયુષ્યના કમળેથી ખરી ગઇ.
આજ અંહી આશ્રમ છે,
ને શશીપુરની જ્યોત્સ્ના મન્થું છું.
દૂધ મન્થ્યે માંખણ મળે,
ને જ્યોત્સ્ના મન્થ્યે અમૃત.
આયુષ્યને મન્થજે ને અમૃતને પામજે.
शिवस्तुभ्यम्.”
 પાંપણ લ્હોઇ શિવ મહારાજે
સંસારવાર્તા સમેટી લીધી ત્ય્હારે

પૂર્વમાં પ્રાગટ પ્રજટી હતી,
અન્ધારામાં ઉષાપગલીઓ પડી હતી.
કજળેલી ધૂણી ઓજે સંકોરી.
ગગનમંડળે અજવાળાં ન્હોતાં,
પણ અન્ધકાર ઉતર્યો હતો.
આઘેઆઘે–તેજઅન્ધારને સીમાડે,
દુનિયા 'હુંખું-તરૂં' કરતી'તી ત્ય્હાં,
પ્હરોઢિયે ખેતરે જતા ખેડૂતો
લાણીટાણાનું ગીત ગાતા હતા;
અને શશપરને ને દુનિયાને
મહાવાયક સંભળાવતા હતા.

આવો ભાઇઓ ! હાથોહાથ લણુણી લણો;
વગડે ઘૂમતાં કરજો સાથ, લણુણી લણો.
દહાડો છે ત્ય્હાં આવો અંહી, લણુણી લણો;
આથમશે ને સૂઝશે નહી, લણુણી લણો.

વરસાદો સૌ વરસી રહ્યા, લણુણી લણો;
બારે માસનું પીરસી ગયા, લણુણી લણો.
કય્હાં–કય્હાંનાં વાદળ એ હતાં ? લણુણી લણો;
પાણી ભરવા સાથે જતાં, લણુણી લણો.

વગડે એવો કરજો સાથ, લણુણી લણો;
આવો ભાઇઓ ! હાથોહાથ લણુણી લણો.
ખેતરમાં ઉભરાતો ફાલ, લણુણી લણો;
આજ મીઠી છે, કડવી કાલ, લણુણી લણો.

૩

છઠ્ઠાના લેખ લખતું
છઠ્ઠનું સ્હવાર ઉઘડ્યું,
ને વિધાત્રી મંહી રમતી આવી.
પણ નિજની કુંકુમપાદ વિધાત્રીનાં
એ૦જને ત્ય્હાં દર્શન થયાં નહિ.
અગર વિના આરો સૂનો હતો.
કરમાતી કળીઓ સરિખડો સહિયરસાથ
કલ્યાણીને ઘાટે આવ્યો ને ગયો.
ભૂલી પડેલી મૃગલીઓ શી
બાળાઓ તટવેળુમાં આવી.
અગર વિના આંખડલી સૂની હતી.
હેલે આવેલી કુળમાતાઓ બોલી:
અગરે કુળવેલ ન માંડી,
વણપાકયું બાળકે મૃત્યુ પામ્યું,
સીમંતિનીની વેલ ક–રતે મ્હોરી,
ને સુન્દરી માતા મ્હોરતાં કરમાઇ.
પૃથ્વી વાદળને મળવા ઉડી,
ને એ બપ્પોરે આંધી ચ્હડી.
દિશાઓ પાછળના સાગર જાણે
ઉભરાયા ને આકાશે ચ્હડયા.

મેઘઘટા ગોરમ્ભી હતી,
પૃથ્વી ખૂડું ખૂડું થતી.
અવનીનું શિખર પડતું હોય,
ત્હાંજે એવા કાટકા થયા.
શશપરમાં એ ત્હાંજ ઓજે
સ્મશાન સમી સૂનકાર દીઠી.
અગરનો ટહૂકો ન્હોતો ગાજતો.
તારકાવલિ શી કુળબાળાઓ
મૂંગી મૂંગી મળી ને વેરાઇ.
ધીમા ધીમા શ્વાસોચ્છ્વાસે
કર્ણકથનાના કંઇક સિત્કાર થતા;
પણ શ્રવણપારની એ વાતો હતી.

કાળના છત્ર સમી
સન્ધ્યા આકાશે ઉતરી,
ને મેઘદળ પ્રચંડ પથરાયું.
સમીરની શીતળતા ન્હોતી,
ગાજવીજનો મહિમા ન્હોતો.
ન હતી કરચલીઓની કરમાશ,
ન હતા અલૌકિક ઇન્દ્રરંગો.
દેવત્વવિમુખ, સુન્દરતાવિહીન,
મેઘ વિકરાળ ને ભયપ્રદ હતો.
યમના અન્ધારપછેડા સરિખડાં
એનાં નિશાન ઉડતાં.
રમ્ય રેશમી રજધૂલિ સમી,

ભાં૦ ૩, પા. ૭૦

પ્હેલાં તો ફરફર ફરકી.
શ્યામમુખ શિખરની વિષમ છાયામાં
ઓજ સ્હડતાં ઉભો હતો,
ઉપર વિશ્વગામ્ભીર્ય ઘૂમડી ઘૂમતું.
અન્ધકારની આંખ સમોવડી
કલ્યાણીની કુંજ પલપલતી;
ભવ્ય લીલાને ઓજ અભિવન્દતો.
પછી નર્તન્તી ને છમછમતી
મેહુલાની સિતારી વાગી,
ઝરમર ઝરમર જળઝાંઝરીનો શબ્દ
અન્તરિક્ષ ભરીને ઉભરાયો.
દૃષ્ટિપગથાર સંકોચાયો હતો,
દિશાઓનાં દ્વાર દેવાયાં હતાં.
ઇન્દ્રાધાર જળ વર્ષતું,
ફોરાંઓની પટપટી ફૂટતી.
ઉરમાળાઓ તોડી તોડી દેવાંગનાઓ
અશ્રુનાં જાણે મુક્તાફળ વેરતી ન હોય !
મદઝરતો માતંગ તાડૂકે,
એકાએક એવો ઝંઝાવાત
ગર્જી, ઘૂમી, ઝઝૂમી રહ્યો.
તિમિરદેવના મહાધ્વજ
દિશાઓ ભરી ફડફડતા.
યમની સમશેરો ઝબકે,
દિશાઓની આંખો મટકાં ભરે,
એવી વીજળીઓ ઝબકતી.

ખં. ૩ પા. ૪

છલંગો ભરતો વનમાં વનરાજ. વિચરે
એવું શિલાઓ કૂદતું કૂદતું
કલ્યાણીકાંઠેથી કોક આવતું હતું.
વૃક્ષઘટાનું છત્ર કીધું,
લટકતી ગિરિધારની છાયા ઓઢી,
વળી ફરી કેસરીફાળ ભરી.
પાછળ શશપર અન્ધકારમાં હતું.
અલોપલેપે લેપતાં મેઘબિન્દુઓ
શશપરની આસપાસ ઉડતાં.
ગામની, ઝુંડની, શિખરની રેખાઓને
જળની ઝાંખપ ચ્હડી હતી.
વિશ્વમૂર્તિઓ સૌ લોપાઇ હતી,
આંખ ભરતું'તું એ જગત અદૃશ્ય હતું.
છેલ્લી છલંગ ભરી શિવ મહારાજ
મઢી મધ્યે જઈ ઉભા.
અગ્નિકુંડે ત્ય્હાં ઓજ તાપતો હતો,
પૃથ્વીની પેઠે ઓજને શીત ચ્હડયાં હતાં.
“મ્હારી ઔષધીઓ ખૂટી ગઇ.
જગતની ઔષધીઓને હવે
ચન્દ્રમા અમૃત નથી છાંટતો.
હિરણ્યગર્ભની માત્રા યે ખોટી પડી.
શશીપુરની શશીરાણી—”
ધૂણીમાંથી અંગારા લઈ
શિવ મહારાજે હાથેળીમાં [illegible],

ખં. ૯. પ્ર. ૭૨

ઉન્હી ભસ્મ લઈ અંગે ભૂંસી,
ઉછળતી અગ્નિજ્વાળાઓના
ખોબલા ભરી લલાટે વધાવ્યા.
"પ્રાણમાં પ્રાણ ન પૂરાયા.
આજ મ્હારા પ્રાણવિનિમય ખોટા પડ્યા."
જોગી આજના અનુભવ ઉચ્ચરતા'તા.
"શિવ મહારાજ !
આદિ પ્રલય, અન્ત પ્રલય,
વચમાં વાદળી શી વરાળ :
એવા જગતે આશાઓ શી ફળશે ?
જૂવોને ! ચન્દ્રિકાને મેઘ ગળી ગયો !"
"તાત અમૃત !
ઉછીતા ધને શ્રીમન્ત થવાશે ?
વાઘાની સુન્દરતાએ સુન્દર થવું છે;
રંગોના ઓઘરાળે સુન્દરી થવું છે.
પરપાંખે પંખીથી કેટલુંક ઉડાશે?
આત્મસુન્દરતા વિનાનાં તો
સૌન્દર્યના યે છે અપ્સરાભાવ.
પરપુણ્યે કોણ સ્વર્ગે સંચર્યું ?
રૂપ સમાં આયુષ્યનાં અમૃતે
હૈયાના ફૂવારામાંથી સ્ફુરે છે.
ઔષધીઓ તો આયુષ્યને સંકોરે;
હોલવાયેલા અગ્નિને સજીવન કરતી નથી."
"શિવ મહારાજ !

ખં. ૩, પા. ૭૩

શું સંસારે, કે શું જગતનાં રાજમન્દિરોએ,
માનવચેતન કેમ ઓસર્યાં છે આજ ? ”
“ દુનિયાં ઢોંગને માર્ગે છે માટે.
અર્ધસત્યોનો જમાનો જાગ્યો છે આ.
ભાવ વેણુ ને કર્મ—
એ સિતારના સંગીતો ન્હોતરશે
ત્ય્હારે દુનિયામાં દેવો અવતરશે.
હૈયામાં હલાહલ એક;
મુખડે મધુદાન બીજાં;
ને કર્મે કાર્પણ્યતા ત્રીજી:

અસુરત્રયીની એવી
મનુવંશે ઉપાસના આદરી છે આજ.
અસુર પૂજી દેવલોક પામ્યું છે કો ?
પાપના અંગલેપ કરી
પુણ્યલોકમાં કોણ કોણ ગયું ?
વત્સ ! દુનિયાંભરની રાજકથા આજ
પ્રજાકલ્યાણક નથી, પ્રજાઘાતક છે.
રાજમંત્રીઓ સેનાઓ સજે છે
એટલું વિદ્યાશાળા કે ધર્મમંદિરે ખરચે છે ?
જ્ઞાનયજ્ઞે નહિ, ધર્મયજ્ઞે નહિ,
પૃથ્વીનાં રાજ્યો પ્રલયયજ્ઞે ચ્હડયાં છે.
સત્ત્વસ્થોની સાત્ત્વિકતાને ડોલાવે,
મહાવ્રતિયાના વ્રતભંગ કરાવે,
હિમાલય સમા કૂટસ્થ પ્રાજ્ઞોને

આં. ૩, પા. ૭૪

ધરતીકમ્પની જગતધ્રૂજે ધ્રૂજાવે:
એવા છે વર્તમાન રાજપ્રપંચ.
રાજાપ્રજાના છે પરસ્પર દામ્પત્યધર્મ.

રાજા પ્રજાને વ્યભિચારભાવ આરોપે,
પ્રજા રાજાને અશ્રદ્ધાની આંખે નિહાળે:
દંપતીમાં પરસ્પર સ્નેહશૂન્યતા
એ છે દેશદેશનાં રાજદર્શન.
જેવી રાજેન્દ્રોની પ્રજાભક્તિ છે,
એવી પ્રજાની છે રાજભકિત.

ઉભય એક આંખે નિરખે છે પરસ્પરને.
રાજભકિત ને પ્રજાભકિતના નિત્યવિરહ
દુનિયાંભરમાંથી કોણ મટાડશે? તાત!
નથી રાજદ્વારે કે નથી પ્રજામન્દિરે
સાગરગંભીરા, આભવિશાળા, ધીરોદાત્ત
—એવા કો રાજગુરુ વસિષ્ઠજી;
કે નવયોગવાસિષ્ઠ ભાખે
ને રઘુવીરોને સરજે.

આજ તો અજવાળિયે વાવીને
અન્ધારિયે લણે છે સહુ.
રાજાપ્રજામાં પરસ્પર સ્નેહ વાવશે
એ થશે જગતનો તારણહાર,
માનવવંશનો ભાગ્યવિધાતા.
આજે છે કુળસંપ્રદાયનો યુગ.
આજ સત્કુળ એક સ્થાપશો

ખં. ૨ પા. ૭૪

તો કાલ સતપ્રજા એક પાંગરશે.
માર્ગભૂલી દુનિયા પયગમ્બર માર્ગે છે:
ધર્મનો નહિ, સંસારનો નહિ;
શ્રુતિકાર નહિ, સ્મૃતિકાર નહિ;
મહારાજમન્ત્રો ઉચ્ચરતો કો પયગમ્બર.
ત્રિકાળનો સર્વસ્વામી નહિ,
વર્તમાન યુગનો યુગદેવ.
તાત! રાજ્ય એટલે રાજા અને પ્રજા."

અન્ધકાર ગાઢ હતો.
મંહી તમરાંઓ તમતમતાં,
ને નીન્દરતા અન્ધકારને જગાડતાં.
ખોખરા, તૂટતા, બસૂરા, ઘર્ઘરતા,
ફૂટેલી તંત્રીના સમા તરવરતા,
નિર્જનતાના ભયંકર સુર બહાર ગર્જતા.
ચન્દ્રિકા ઢોળાઈ ગઈ હતી,
વાદળ પાછળે ચન્દ્રમા ન્હોતો.
વિશ્વને લલાટે લખેલા
વિધાત્રીના તેજઅક્ષરો ભૂંસાયા હતા.
કાળાંભમ્મર જગત ને અન્તરિક્ષ
ભૂંસાયેલી પત્થરપાટી શાં કાજળકાળાં હતાં:
જાણે અન્ધકારના રણુપગથાર!

એ મધરાતે યમ ઉતર્યા,
ને શશીપુરની શોભાને હરી ગયા.
એ આથમતી અન્ધારી રાત્રે

ખં. ૩, પા. ૭૬

શોકકથા શેરીએ શેરીએ બોલાઈ કે
અગર માતા મ્હોરતાં મૂઈ.

    અગરના બાપે
શ્મશાનમાંડવો રોપાવ્યો હતો.
ભસ્મના ઢગલાઓ વચ્ચે ત્ય્હાં
પુરુષોને અગ્નિવાઘા ઓઢાડતા;
મોગરાની કળીઓને ક્યારે
માતાઓને વહ્નિશય્યામાં પોઢાડતા;
વાડી વચ્ચેની ફૂલમંડળીમાં,
ફૂલપારણિયે ફૂલડાંને નીંદરાવે એમ,
માનવફૂલડાંને નીંદરાવતા.
આજ શ્મશાનમાં ઘડીક ગામ વસ્યું હતું;
સારૂં શશપર આજ કલ્યાણીઘાટે હતું.
બ્રાહ્મણો હતા, મહાજન હતું,
ભજનમંડળીઓ ભજન કરતી.
શિખરેથી સાધુ યે ઉતર્યા હતા.
જેનું સર્વસ્વ હરાયું હતું એ
ત્ય્હાં ન હતો એક ઓજ.

    શ્રાવણભાદરવો ન્હોતા વરસ્યા,
કે આંસુની નદીઓ ત્ય્હારે ન્હોતી વહી;
ત્હો ય પીનારને પાણી ખારાં લાગ્યાં,
ને આંગળેક આરો વધુ ભીંજાયેલો ભાસતો.
સૂર્યતેજે રંગેલું શશપર
ત્ય્હારે નિસ્તેજ નિરખાતું;
વનલક્ષ્મીની લીલાશ ને કુમાશ
ત્ય્હારે કરમાયેલાં દીસતાં.

ચન્દનીનિતારેલા ચન્દ્રમા સમું
શશપર એ સ્હવારે ઝંખવાણું.
ઘર પણ સ્મશાનવત્ હતું.
અગરપિતાને લોક આશ્વાસના આપતા,
ને પરંપરાનાં પોપટવેણ બોલતા કે
'હાથે જ બાળી ભસ્મ કીધી;
આપણે જ અગ્નિને સોંપી.
વાડી યે નથી રહેવાની,
ને માળી યે નથી રહેવાના;
તો ફૂલડાં અમર ક્યહાંથી હોય ?
ફૂલડાં ખીલે, મઘમઘે, ને કરમાય:
મઘમઘે એટલા સંસારને લ્હાડ.
અમ્મર રહેશે એક ધરતા,
ને ધરતીના ધારણહાર.'
એ આશ્વાસનથી આંસુ ઉભરાતાં.
અગરનાં ફૂલ લઇને
અગરપિતાએ કલ્યાણી ઘાટે દાટયાં,
અને ઉપર દહેરી બંધાવી.
કેટલાં ય વર્ષોની વાત પછી
એ દહેરીમાં ઓજે દેવી પધરાવ્યાં,
પૂજા કરી પૂજારી રાખ્યો,
ને નીચે સદાવ્રત બેસાડયું.
"સારો યે દિવસ
ક્યહાં હતો ? ઓજ !"
સ્હાંજે શિવમહારાજે [illegible]યું.

અં. ૩, પા. ૭૮

તેજનાવડી સરિખડો

સપ્તમીનો ચન્દ્રમા આભમાં તરતો હતો;
ને જગતની પેલી પાર
અગરને જાણે લઈ જતો હોય
એમ ઓજ એને નિહાળતો.
આંખમાંના આત્માને વાંચી વાંચી
જોગીએ વાર્તા છેડી હતી.
એ પ્રશ્ને હૈયાનાં કમાડ ઉઘડયાં,
અને ઓજની શબ્દઝરણી ઝરી રહી.

“ મૃત્યુએ બારણાં ઉઘાડયાં,
ને ગહનતાની ગુફામાં મ્હોં જોયું.
અદ્ભુતનાં મ્હને દર્શન થયાં.
યમદેશ આંખમાં આવી ઉભો.
મેઘ સમા જીવન વરસતા
જોગન્દરમુદ્રાળા ગુરુદેવને ત્ય્હાં જોયા.
સ્નેહીમંડળનું બુલબુલ, મૈત્રીની પ્રતિમા,
જોબનના ઉછળતા છલકાટ સમા
હાસ્યજ્યોત મિત્રાત્માનાં પુનર્દર્શન પામ્યો.
દુનિયાના દેવર્ષિ સમોવડા
વાત્સલ્યપ્રભ વડિલદર્શને પાવન થયો.
અન્નપૂર્ણા સમોવડી, ધાવણના ફૂવારા ફૂટતી
જગતની માતૃજ્યોત પાછળ ઝંખાણી.
વિરહનો મહાશાપ આપી
માનવોને પ્રભુએ કાં સરજ્યો છે ?

ખં. ૩, પા. ૭૯

જન્મતિથિથી જ મનુબાળનું સ્નેહનક્ષત્ર
આથમણી પગલીઓ કાં માંડે છે?"

"તાત અમૃત!
મનુવંશને અમરોના આશીર્વાદ છે.
કંઇ કંઇ સ્નેહપુષ્પ તુજ ખરી પડયાં;
છેલ્લે છેલ્લે અગરના ધૂપે હોલવાણા;
ત્હારી સ્નેહવેલ કાંઇ સૂકાણી?
ફૂલ ખરી જાય છે;
પણ સ્નેહવેલ કોની કરમાતી નથી.
હૈયાનાં અમૃત પાઇ ઉછેરેલી
સ્નેહલતા સહુની અમ્મર છે.
આકાશનો ઉમરો ઓળંગતાં
અગરે કહાવ્યું છે, ઓજ!
કે બાળાપણનો બોલ પાળજે
ને તાજમહેલ માંડજે."

"જગતના જોગીરાજ!
આ ધૂણી ધખધખે છે
ને મંહીથી ધૂમ્રમૂર્તિઓ ઉડે છે,
એમ દિન ઉગ્યે ને રાત્રી પડયે
જીવનવનની ભૂતાવળ ગુણાય છે.
સંસારની કોઇ ગુફામાં જોઉં,
હાસ્યરુદનની દિશાવાડીઓમાં નિહાળું,
તો દૃશ્યાદૃશ્યને સીમાડેથી
સ્નેહીઓના પડછન્દવા સાંભળું છું.

આ: ૩, પા. ૮૦

આત્મતન્ત્રીનો એક તાર નથી,
અવનીતલના એકાન્તમાં યે જે
અણદીઠ અંગુલિએ ધ્રૂજતો ન હોય.
આયુષ્ય એટલે શું સ્મરણકુંજ ?
જીવનની કો ઋતુ નથી,
કાળનું કો આંગણું નથી,
મૃત્યુનાં પગલાં જ્હાં પડ્યાં ન હોય.
સ્નેહીઓ જાય છે,
સંભારણાંની અમરવેલો વાવતાં જાય છે.
હૈયાનાં જળ સીંચાઇ-સીંચાઇને
સ્મરણોને સજીવન રાખે છે.
સ્મરણભૂતાવળ ઉભરાય છે,
ને યોગ ઉણા રહે છે.
અગરના યે ધૂપ હવે
હૈયામાં ઉઠી હૈયામાં શમશેઃ
કલ્યાણીની લહરીઓની પેઠમ. ”

“ વત્સ ઓજ !
આત્મજીવન ચિરંજીવ જીવન છે.
ઝીન્દગીનું ચાર દિનનું ચાંદરણું વીત્યે
અખંડ અન્ધકાર નથી, હો !
શરીરનૌકા ભાગી પડયે
પ્રાણયાત્રા પરિસમાપ્તી નથી.
વિશ્વસોપાનનું પૃથ્વી તો પગથિયું છે.
અનન્તની રેલ રેલાય છે;

ત્‍્હાં એક ભવનો ઘાટ—.”
“એક વિશાળ વર્તમાન
વિશ્વમાં વિશ્વનાથે કેમ ન પાથર્યો ?
સ્મરણો દઇ સતાવે છે શાને ?”

“અમૃત ! સ્મરણ અશ્રુજનક જ છે ?
આથમ્યાંનાં ઓસાણ આવે છે
ત્‍્હારે હૈયું નીતરે છે નયણે.
અન્ય કાંઇ અનુભવે છે ? તાત !”

“અંડકોષ ફૂટે,
ને મંહીથી મૃદુલ પાંખ ફડફડે,
એવું કંઇક થાય છે.”

“ખરૂં, તાત !
સ્મરણો ઉર્ધ્વયાત્રાને કાજે છે.
ભૂતકાળ ભવિષ્યને સરજે છે.
દેહદુર્ગ કે બ્રહ્માંડથી યે દોહ્યલો
પ્રાણકોષ છે, વત્સ !
એ પ્રાણકોષની કટોરી ફોડી
મંહીનું દેવપંખી સેવીને સરજવા
સ્મરણોની હરિએ હુંફ બક્ષી છે.
સમગ્રે યે ભૂતકાળ ભૂલવો છે ?
સ્મરણોના સંચય ન હોત
તો સુખનાં સંભારણાં ન હોત,
આભારનાં દેવાં અણુવાળ્યાં રહેત.
માતપિતાને યે પિછાનત કોણ ?

વેદશાસ્ત્રોને કોણ વાંચત ?
મહાકાવ્યોને કોણ કવત ? ને ભણત ?
સ્મરણના સમાજો ભરો,
મૃત્યુપીધેલ અમરોનો સત્સંગ સારવો;
સ્મરણોના સમાજ ને સત્સંગ
ભવિષ્યનાં અન્ધારિયાંનાં અજવાળાં છે.
ભૂતકાળ નરરત્નોની ખાણ છે.
સ્મરણો ત્હને સન્તાપે છે;
વિસ્મરણો ત્હને વ્હાલાં લાગશે ? ”

નયનકિરણે પૃથ્વીનાં પડ ઉખેળતો
ને અણુરેણુમાં ઉત્તર શોધતો ઓજ
મૂર્તિ સમો મુંગો હતો.

“ તાત અમૃત !
સ્મરણો જીવનયાત્રાનું ભાતું છે.
વર્તમાનના થાક ચ્હડશે
ને વિસામે ઘડીક વિસમીશ,
ત્હારો થાક ત્ય્હારે ઉતારશે.
મૃત્યુને માંડવે નવસૃજન સરજાય છે.
મીરાં સરિખડાંને સાધુમુખડે
મૃત્યુનો વિષકટોરો અમૃત બને.
જન્મ ને મૃત્યુ તો છે
ગગનપડદાનાં બે પાસાંનાં ચિત્રામણ. ”

“ જોશીઓ જુઠ્ઠા બોલા હશે ?

આવશે સાતમ ને સોમવારે,'
      આઠમની અધરાતે રે લોલ:
એ આગમવેણુ ફળ્યું નહી. "

      " ધીરો થા–ધીરો, તાત !
આઠમ હજી ઉગી નથી.
જન્માષ્ટમી જુઠ્ઠી ન જાય.
મ્હારા જોગનો જોશ છે એ.
તારાઓએ ભવિષ્ય ભાખ્યું છે. "

      " મહાઅનિલના ઝંઝાવાતમાં
એકદંડિયો મહેલ ડોલે,
એવો ડગમગ ડોલું છું હું.
સ્નેહના સ્તંભો મ્હારા ભાગી પડયા.
એકલવાયો ઝરૂખો કેટલુંક ઉભશે ? "

      " ત્હારે ભર્યે ભાણે ભેળ પડી.
ત્હારાં વિધુરભાવનાં રૂદન
મ્હેં યે રડી લીધાં છે.
ત્હને સ્નેહની ભૂખ લાગી છે.
પ્રાણપ્રાણમાં પૂજાભાવ છે;
પૂજાપાત્રવિહોણો તું પૂજારી છું;
ત્હારે સ્નેહમન્દિરે દેવ અન્તર્ધાન થયા.
ત્હારે પીયૂષ પીરસવાં છે;
પણ આ મૃત્યુલોકમાં, વીર !
પીયૂષ પીરસવાનાં મહેમાન વિરલા છે.
પ્રાણદાન અપ્રાણને ન દેતો,

તીર્થપૂજાપો-સ્મશાનને ન સ્હડાવતો.
દેવનું દેવને દેજે, તાત!"
"એટલા આઘેના દેશોમાં
સ્નેહીઓ જઇ કાં વસતા હશે?"
"સ્નેહીઓને શાપીશ મા,
સ્નેહીઓ કોઇ દૂરવાસી નથી;
तद्दूरे, तद्वन्तिके·
આંખ ઉઘાડ, ને જો;
સુરસમાજ સ્હામે ખડો છે.
સ્નેહીઓના જીવનયાત્રાના સંગાથ
મહાકાળથી યે તોડ્યા તોડાતા નથી.
યમરાજની મૃત્યુપાઈ સમશેરો યે
સ્નેહની જ્યોર્મિઓને ઉચ્છેદતી નથી.
અખંડ વિશ્વમેખલા સમી
સ્નેહમેખલા યે અવિચ્છિન્ન છે.
સ્નેહયજ્ઞના ઋત્વિક!
વેદી ફરતા વરૂણી છે; જો!"
એમ રાત્રી વહી ગઇ,
ને પૂર્વદેશની યાત્રાએ
દિનમણિ પાછો પધાર્યો.
સ્નેહ ને મૃત્યુ ને અમૃતત્વના
ગગનપડદાઓ ઉખેળતાં ઉખેળતાં
વળતો દિવસ ઉગ્યો,
ને શશાપરના સ્મશાને તેજ પથરાયાં.
પાથરેલા પનઘટ ઉપર તો

ખં. ૩, પા. ૮૫

પ્રભાત ને પ્રારબ્ધ બેલડીએ ઉતર્યાં.
કલ્યાણીના બ્રાહ્મઆરે આજ
દેવીનાં સાક્ષાત દર્શન થયાં.
"પનિહારીઓ! પનિહારીઓ!
અમૃત પીશો કે પાણી?"
પનઘટની શિવદ્‌હેરીની અટારીએ,
જગતને ઝરૂખે જોગમાયા શી,
એક જોગણ ઉભેલી હતી;
જાણે દ્‌હેરીની દીવીએ જ્યોત પ્રગટી!
"મા પાશે તે.
જય, માનો જય."
"પનિહારીઓ! પનિહારીઓ!
કલ્યાણીના કલ્યાણઘાટે
અમૃત ભરો છો કે પાણી?"
"માના આશીર્વચને
પાણીનાં અમૃત થાય છે અંહી."
"પનિહારીઓ! પનિહારીઓ!
પ્રજાપોષિણી દૂઝતી ગાયો!
આજ માની આઠમ છે.
આવો, માનાં દૂધ પાંઉ.
હેલમાં ને હૈયાહેલમાં
ભરાય એટલાં ભરી જજો.
"પનિહારીઓ! પનિહારીઓ!
કુલકયારીઓ ઉછેરજો, કુલકયારીઓ.

અ. ક. પા. ૮૬

કુલકચારીએ સંસાર સોહાશે,
કુલકચારીએ પ્રજા પ્રગટશે.

"પનિહારીઓ ! પનિહારીઓ !
શીલવતું સૌન્દર્ય ને પુણ્યનિર્મળી રસિકતા
સુન્દરીના અલબેલા શણગાર છે.
ચન્દ્રક સૌભાગ્ય નથી.
ચન્દ્રક સૌભાગ્યનું ચિહ્ન છે:
સૌન્દર્ય ને રસિકતા એવાં
સુલક્ષણાનાં સૌભાગ્યચિહ્નો છે.
હૈયે પ્હેલા દેવ પધરાવજો,
પછી દેવનું તિલક કરજો.

"પનિહારીઓ ! પનિહારીઓ !
સુન્દરતા સુન્દરીનું અમૃત છે;
સુન્દરતાથી સ્વામીને અભિષેકજો.
પ્રથમે પ્રીછજો, પારખજો, નાણજો,
પણ પરણ્યે પરહરશો મા.
ફૂટેલી યે લોચનપાંદડી
કેટલાંકોએ ઉખેડી ઉશેટી દીધી ?
સુન્દરીનો સ્વાગી સોહાગ છે,
સ્વામી જ સમર્પણ છે,
સ્વામી જ જીવનસાફલ્ય છે.
શીલસૌન્દર્યને ફૂલડે ફૂલેલી જીવનવેલે
સ્વામીનો માંડવડો છાજો,
ને કુળની ફૂલમંડળી ગૂંથજો.

ખં. ૩, પ. ૮

પ્રાણ પાઇ કુલઅંગોને પોષજો.
પત્નીમાંથી ગૃહિણી પ્રફુલ્લજો,
સુન્દરીમાંથી માતા સુહાવજો.
ગૃહિણી જગત જન્માવે છે,
સુન્દરી સંસાર સરજે છે.
ત્હમારાં ધાવણે દુનિયાં પોષાય છે:
ત્હમે સંસારજનનીઓ છો.
સંસારિણીઓ ! સંસાર સુન્દર ઉછેરજો !
મહાજનો ત્હમને માતા કહી વન્દશે.

"પનિહારીઓ ! પનિહારીઓ !
આદ્યશક્તિની કુંવરીઓ છો.
ફૂલની એક પાખંડી નથી,
સુન્દરીની યે અનેક કલાઓ ઉઘડે છે.
આજ પત્ની છો, કાલે માતા મ્હોરશો,
પરમ દિવસે સંસારિણી થઇ પાંગરશો.
ઋતુ-ઋતુના ધર્મ પાળજો.
આછા ને ઉપટે એ
સ્નેહના નહિ, મોહના રંગ.
ધારણ કરે તે ધર્મ:
ત્હમે સંસાર ધારણ કરો છો,
ત્હમે ધર્મમૂર્તિઓ છો.
પ્રભુ યે ત્હમારે પેટ અવતર્યા'તા;
પ્રભુ પુનઃ અવતરે એટલાં
ઉજળાં ને નિર્મળાં રહેજો.

પરમ કલ્યાણિની ! પ્રભુની એ માતાઓ !
માનો મહામન્ત્ર એક ગોખજો:

કુમાશ તો કાન્તિ જ કન્યકાની,
ને પત્ની કેરો મહિમા જ શીલ;
પાવાં અમી પુણ્ય જ માતનું એ:
સંસારરાણી તણું વત્સલતા જ ભદ્ર.

"શશીપુરની શશીવદનીઓ !
માને સંભારજો સદા હો !
સસલાં શી સુશીલ થજો,
સૌભાગ્ય સમી સુલક્ષણા થજો,
કેસરિણી સમી નિર્ભ્રાન્ત થજો,
પ્રકાશ સમી ઉજળી થજો,
કવિતા સમી પરિમળજો."

"જય ! માનો જય !"
પોકારતી પનઘટની પનિહારીઓ,
બ્રહ્મપરિમળનાં પાણી ભરી ભરીને,
પરાગભરી કળીઓ સરિખડી, વેરાણી.
દેવી કુંજમાં અન્તર્ધાન થયાં,

તે દિવસે બપ્પોરે
શશપરમાં ઘેરઘેર બોલાયું કે
શશપરમાં જોગમાયા જાગી છે.

કેસરના કેવડા પૂર્વમાં પ્રગટ્યા.
ને પછી તેજપરિમળની નદીઓ વહી,

ખં. ૩, પા. ૮૯

ને કંટકશય્યામાંથી મોડો ઉઠેલો
ઓજ બ્રહ્મઘાટે આહ્નિકે આવ્યો,'
ત્ય્હારે શરદની સૂર્યપ્રભામાં
આભ એને નીતર્યું લાગતું,
દુનિયા કંઇક ધોવાયેલી દીસતી.
અગરના અવસાન પછી યે
સંસારની ઘટમાળ ફરતી હતી,
ઓજને એ જોઇ કુતૂહલ થયાં.
સહુ એટલું જ સ્હમજે
ત્હોય સંસારમોહ કેટકેટલા ઉતરે ?

સુખડના પુતળા સમો ઓજ
કલ્યાણીને બ્રહ્મઘાટે બેઠો હતો,
પાળે જાણે જડાઇ ગયો હતો.
કલ્યાણીને આ આરેથી કોયલ બોલી
ને પેલે આરેથી મોરલો ટહૂક્યો.
ઓજને કલ્યાણીના બોલ સંભળાયા:
ગેબી, ગહન, અગોચર.
જાણે ઉરના ભાવ ઉચ્ચરતા હોય,
જાણે અશ્રુના હાર તૂટતા હોય,
જાણે કલ્યાણીનાં જળ બોલતાં હોય,
જાણે કલબલતા ચક્રવાકને
ચક્રવાકી પ્રત્યુત્તર આપતી હોયઃ
સ્નેહના શમણા સમા સુકોમળ,

ખં. ૩, પા. ૯૦

મુગ્ધાના માર્દવ સમા મનોગમ,
પ્રેમોચ્છ્વાસ સમા પ્રેરણાભર્યા,
હવામાંથી ઓજ અગરના શબ્દ સુણતો.
હૈયું ઠાલવતા જાય,
ને નયણાં ધોતો જાય:
આહ્નિક ભૂલી ઓજ અન્તરિક્ષમાં ઉડતો.
આંસુ ને આશા ખૂટયાં ત્‍યહારે
નિરાશાની ખાખ ચોળતા ઓજ,
'એ તો અગર બોલાવે છે' કહી,
અગરની ચિતાએ જઇ બેઠો.
તેજ ઢોળી ઢોળીને આભ ત્‍યહાં
ઓજને ન્હવરાવતાં હતા.

પછી રાત્રી ઉતરી,
ને ચન્દ્રિકાના તરંગોમાં તરતી-રમતી
ગગનમંડળે ગગનસુન્દરી ચન્દ્રી પધારી.
ઓજે એમાં અગરને શોધી,
પણ અગર બોલી નહી.
વણઋતુ કોકિલા બોલતી હશે ?
જોગીના વિસામા ઝાડીઝુંડ છે,
ને સંસારીના વિસામા શિખરો છે.
સન્ધ્યાકાળે ઓજ શિખરે ચ્હડયો.

શિખરે સાધુએ હવન આદર્યો હતો.
આજ માતાની આઠમ હતી.
શિવ મહારાજ શિખરેથી ઉતર્યા ન્હોતા,

ખં. ૩, પાં. ૯૧

સંસારના સત્કારની સામગ્રી સજતા હતા.
સારૂં યે શશીપુરનું મહાજન
શિવ મહારાજની મહેમાનીએ આવ્યું હતું.
સહુને વદને આહ્‌લાદ હતો,
સહુના પાયમાં ઉત્સાહ હતો.
આંખોમાં યજ્ઞતેજ અંજાતાં,
હવનની જવાળા દેશ ભરી અજવાળતી.
મંહી દૈવી સંપત્તિનાં ધૃત હોમ્યાં,
મંહી આસુરી ભાવનાં ઈન્ધન અર્પ્યાં,
મંહી ષડ્‌રિપુના બળી બાળ્યા,
મંહી પ્રજાનાં પાપ પ્રજાળ્યાં.
આદ્ય શક્તિ જગત્‌જનનીનાં
દર્શન ઘણાંએ કીધાં,
કાળઝેણનાં મૂળ ઘણાંએ દીઠાં.
યજ્ઞજવાળા દિશાદિશામાં ઉડતી.

શિખરઝાડીના ઝુંડ જેવી
માનવમેદની જામી હતી.
કાપાલિની જોગણ સમી રાત્રી,
દેવનગરીનાં તેજ ઢાળી ઢાળી,
સૌને અમૃતના અભિષેક કરતી.
પ્રારબ્ધ સમોવડું ગહન આભ
સૌની ઉપર આચ્છાદાતું હતું.

સહસા એવે
શિખરની ઝાડીઓ બોલી,

ખં. ૩, પા. ૯૨

ને અણદીઠી કોયલ ટહૂકી;
જોગીનું શિખર સજીવન થયું.

"શશીપુરના મહાજન !
આવો; માનું વ્રત શીખવું."

શતદલ મોગરાના જેવી
જોગીની આંખો પ્રફુલ્લી રહી;
જગતની સૌ યે દિશાઓમાં
સૌનાં નયનકિરણો શોધવા લાગ્યાં.
પહેલ્લો જ ટહૂકો જોગીએ પ્રીછયો.
ભમ્મરમાંથી આશ્ચર્ય નીતરતાં,
પણ અધરપાંખડીએ આનન્દ ફરકતો.
કાળની ગગનગુફાઓ વીંધીને આવતો
જીવનનો બોલ જોગીએ પારખ્યો,
ને હૈયું હસી રહ્યું.

"કુલકલ્યાણિની પત્નીઓ !
પીયૂષ ત્હમને કોણ પાય છે ?
પતિ ત્હમારૂં ઇન્દ્રાસન છે,
પતિ ત્હમારૂં પુણ્ય છે,
પતિ ત્હમારૂં પ્રારબ્ધ છે,
પતિ ત્હમારો પ્રકાશ છે.
પતિવિમુખ એ અન્ધારી અમાવાસ્યા.

"આનન્દકન્દ કુલનન્દિનીઓ !
હૈયાને હાસ્યે નમવા નાથ મળે

ત્યહાં સૂધી માતાએ ન ઉછેરેલી,
ભગિનીએ ન હુલસાવેલી,
પત્નીએ ન પ્રફુલ્લાવેલી,
પિતાની એ પ્રાણપાંખડીઓ
દેવકુંવરીને હાથે ઉઘાડજો.
વીરને વીરત્વનાં અંજન આંજજો,
વીરીને સૌન્દર્યલક્ષ્મીથી સજજો,
માની વાતના વિસામા બનજો,
સંસારની આનન્દિનીઓ થજો.

"મનસ્કાન્ત કુમારો !
પુણ્ય ને તેજના હંસલાઓ !
આશાના અંકુર છો,
આંખડલીના ઓજ છો,
પ્રજાના પુત્ર ને પિતા છો,
રાજ્યના અંગ ને આયુધ છો,
દેશના દિગ્પાળ છો.
કૌમાર સેવી ભીષ્મ સમા ઘૂમજો;
પણ આત્મા ન આહ્‌લાદે
એવાં લગ્નવ્રત આચરશો મા.
પ્રતિષ્ઠા ને પ્રતાપ પામજો.
પ્રાચીનને પૂજજો, અવાચીનને જીવજો.

"ગૃહસ્થો ! ગૃહસ્થ રહેજો–
શમ દમ શીલ ને સંયમનિયમે.
આશ્રમોના આધાર છો,

ખં. ૩, પા. ૯૪

સુન્દરીઓના સૌભાગ્ય છો;
મહર્ષિનું મનુવેણુ પ્રાણ સમું પાળજો :
यत्र नार्यस्तु पूज्यन्ते,
रमन्ते तत्र देवता.
નખશિખ માનું ધાવણ મ્હેકે છે,
પુત્રીઓના શ્રધ્ધાસ્થાન છો,
પત્નીસુશ્રૂષાથી પ્રસન્નમન છો.

પત્ની ત્હમારી ગૃહલક્ષ્મી છે,
પત્ની ત્હમારી પ્રાણેશ્વરી છે,
પત્ની ત્હમારી સ્નેહદેવી છે,
પત્ની ત્હમારી જીવનવિધાત્રી છે.
પતિ પિતા પુત્રનાં ઋણ વાળજો.
પ્રારબ્ધ શું બાથ ભીડજો.
પાર્થ શા પરાક્રમી થજો !
પરાક્રમીના સારથી કૃષ્ણચન્દ્ર છે.

"સજ્જનો ! અને સજ્જનીઓ !
સ્ત્રીપુરુષનાં દ્વૈત નથી, અદ્વૈત નથી;
દ્વૈતાદ્વૈતના દ્વિયોગ છે.
સંસારધુરાના બન્ને ધુરન્ધર છો;
ચન્દ્રસૂર્ય સમા સફરસંગાથી છો;
બે મળી બ્રહ્માંડ અજવાળજો.
સ્ત્રી તે પુરુષ નથી,
પણ પુરુષની માતા છે :
પુરુષ પોષવા જેટલું પુરુષત્વ પામજો.

ખં. ૩, પા. ૯૫

પુરુષ તે સ્ત્રી નથી,
પણ સ્ત્રીનો પિતા છે :
સ્ત્રી સૃજવા જેટલું સ્ત્રીપણું સાધજો.
મહાકવિની ત્હમને વન્દના છે :
जगतः पितरौ वन्दे पार्वतिपरमेश्वरौ.
પિતામાતા ઉભયના પ્રશ્ના સંસારપ્રશ્નો છે,
સ્ત્રીપુરુષ ઉભયના પ્રશ્નો પ્રજાપ્રશ્નો છે.
બે કરતલ બ્રહ્માંજલિ રચે છે:
સંસારપૂજનાર્થે યે દમ્પતી જોઈશે.
કુળકુળમાં દેવપૂજા સ્થાપો છો એમ
કુળે કુળે દામ્પત્યભાવ સ્થાપજો.
આદિ કવિની કવિતાથી યે પુરાણો
દામ્પત્ય એ પરમ દેવભાવ છે.

"સજ્જનો ! અને સજ્જનીઓ !
महाजना येन गतः स पन्थाः.
સંસારસેનાના સેનાની છો,
આયુષ્યયજ્ઞના અધ્વર્યુ છો,
વર્તમાન ને ભાવીના સ્રષ્ટા છો,
દેવકુલના ગર્ભ છો,
વિશ્વસન્કેતના બ્રહ્મયોધ છો:
અસત્ય ત્યાગી સત્યે સંચરજો,
મોહ ત્યાગી સ્નેહમાં રમજો,
મૃત્યુઘાટ ત્યાગી અમૃતકેડી ખેડજો
એ માના યજ્ઞનું વ્રત:
પ્રાગ્બ્ધને જીતીને પુરુષાતન માણવું."

અં. ૩, પા. ૯૬

"જય ! માનો જય !"
અદૃશ્ય હરિને વધાવે છે એ ભાવે
લોકમેદની જયશબ્દે એ શબ્દોને વધાવી રહી.
પ્રેમભક્તિની પ્રણમાંજલિ કરી
શિવ મહારાજ વન્દી રહ્યા હતા;
નયનનો, શ્રવણનો, સમસ્ત દેહનો
કટોરો કરી શબ્દામૃતને ઝીલતા હતા.
નવરંગ પીંછાં ફડફડાવતો મોરલો
ઘટામાંથી ઉડી ચોકમાં ઉતરે
એવી એક તેજકલાપ સંન્યાસિણી,
મહૌજસ, મહામાયા શી, કલ્યાણમૂર્તિ,
પ્રતાપની પૂર્ણિમા સરિખડી,
અષ્ટમીના ચન્દ્રમાને ઝંખવતી,
લોકમેદનીના યજ્ઞચોક વચ્ચે આવી ઉભી.
ચન્દ્રિકાને અંજલિમાં ઝીલતા હોય
એમ ઉઘાડી અંજલિએ
જોગી વન્દી રહ્યા હતા.
જોગીનાં સમસ્ત આયુષ્ય
આંખડીમાં આવી ઉભાં હતાં.
સંન્યાસિણીના રોમરોમમાંથી
બ્રહ્માનન્દ સમો પરમાનન્દ નિર્ઝરતો.

"દેહદેશે નહિ, આર્યત્વનાં વારસો !
આત્મદેશે જગતના ઉદ્ધાર છે.
ભૂખ્યો પુણ્યપંખાળો રહેશે

ખં. ૩, પા. ૯૭

એની ભૂખ જગજ્જનની ભાગશે;
અપવાસી અધર્મ આદરશે
એના સંસારે એળે જશે.
તપેશ્વરો જ સિદ્ધિઓને સાધે.
દશેક સદ્દીઓની દીવાળીઓથી
ભારતે તપશ્ચર્યા માંડી છે;
ને તપને અન્તે છે કલ્યાણ.
કલ્યાણપામ્યું ભારત જગત્‌કલ્યાણ સ્થાપશે.
જગત રોગિયું થયું છે :
આતમરોગના મહાવ્યાધિમાં પડ્યું છે.
દુનિયાંનો આત્મા ડૂબે છે,
ને પાછળ દુનિયાં ડૂબે છે.
જગત ડૂબશે તો જીવશે કોણ ?
ભારત જીવશે ને જગતને જીવાડશે,
દુનિયાંના આત્માને અમૃત પાશે.
આત્માનાં ઔષધ અધ્યાત્મે છે;
ને અધ્યાત્મ છે આર્યોના અધ્યાત્મદેશે.
વિશ્વસાધુ આર્યો અને આર્યાઓ !
સાંભળો, જગત ન્હોતરે છે ત્હમને.
સાંભળો ને સજ્જ થાવ—
આત્માની ઔષધિઓ ભરી-સંભરીને.
નગાધિરાજની જડીબુટ્ટીઓ લઇ લઇ
જગત્‌ધનવન્તરીઓ ! ઉતરો ને આવો.”

વાદળી ગાજે ને ગુફાઓ ઝીલે

ખં. ૩, પા. ૯૮

એમ એ મહામાયાની પુત્રી ગાતી,
ને શશીપુરની દિશાઓ ઝીલતી.
એ વિશ્વગીતનાં શબ્દમોતીઓ
ચન્દ્રમા ચન્દનીકિરણે વીણતો.
શિખરેથી પડતા મહાધોધ સમું
ગીત હૈયાહૈયામાં પડી સમાતું.
ઉઠ, ઓ ભરતગોત્ર! તુજ વાટ
જૂવે જો! જગત કાળને ઘાટ. ધ્રુવ પદ.
અનિમિષ નયણે ત્હને ઉચ્ચરે
આત્મભોમસમ્રાટ:
જૂવે જો! જગત કાળને ઘાટ.
અજબ તુજ ઉપનિષદ ને વેદ,
ગહન ષડ્દર્શનના કંઇ ભેદ;
ભીષ્મ તુજ વ્રત તપ આશ્રમવાસ,
પરમ તુજ સંયમ ને સંન્યાસ.
બ્રહ્મચારી ત્યાગી મહાયોગી ઋષિમુનિના જ પ્રભાવ;
આત્મજ્યોત ઉજ્જવળી વળી તુજ એ
જગજ્જ્યોત પ્રગટાવ:
અમર કવિતાના અનુપ વિલાસ,
શિખવ એ પુણ્યજીવનના રાસ.
ઉઠ, ઓ ભરતગોત્ર!
ધર્મયુદ્ધના રસિક રણધીર,
સિંહ સમ, શિશોદિયા ભડવીર;
શોભતા સુજનતાથી એ શૂર,
સુભટનાં જગતતીર્થનાં નૂર.

ખં. ૩, પા. ૯૯

શસ્ત્રીથી ય નિઃશસ્ત્રીના યશ ભાખે તુજ ઇતિહાસ;
કુરુક્ષેત્રમાં કરે યદુપતિ
અર્જુનનાં પણ હાસ :
જગત્‌નો ધર્મયોધમણિ પાર્થ;
પાર્થથી ય પરમ વીર સિદ્ધાર્થ.
ઉઠ, ઓ ભરતગોત્ર !
ધન્ય એ પુણ્યવતી સતીનાર,
પતિના ચિતાયજ્ઞ પૂજનાર;
ધન્ય એ જૌહરનાં બલિદાન,
શીલવતીઓનાં અગ્નિસ્નાન.
ધન્ય રાજસંન્યાસિણી મીરાં, આર્યાના સ્ત્રીભાવ;
ભણાવી એ ઇતિહાસ જગતને
નવઇતિહાસ ઘડાવ :
પૃથ્વિના ભર તું આત્મભંડાર;
ભરતકુળ ! એ તુજ જયજયકાર.
ઉઠ, ઓ ભરતગોત્ર ! તુજ વાટ
જૂવે જો ! જગત કાળને ઘાટ.

"જય ! માનો જય !"
ઉચ્ચરતો વનવિશાળો લોકપરિવાર
વર્ષાની ધારાઓ જેવો વેરાયો.
પછી ધીરે ધીરે એકાન્ત પડયો,
ને અન્તે જોગી ને જોગીની જવાળા રહ્યાં.

૪

મ્હારાં પગલાંની રજ ઉડી વાય,
           રે ! એનો ચન્દ્રક કરજે.

ફૂલડાંની ફોરમ, આસોના પલ્લવ,
કુંકુમ: સૌ એમાં સમાય,
           રે ! એનો ચન્દ્રક કરજે.

   પ્હેલાં તો ઇન્ધન સંકોર્યાં.
ભેખ સમો ભડકો
જોગીએ વળી જાગ્રત કીધો,
ને વાસનાઓથી વધાવ્યો.
વડલાના થડ જેવા જોગી ઉભા હતા.
આરતગીત આગળ વાધ્યું.
ક્ષિતિજને ઝરૂખે બેઠો બેઠો
ચન્દ્ર એ ગીત સાંભળતો.

સુખની પાંખડીઓ શા કરમાં, હો સાજન !
અમી કેરા અક્ષત સોહાય,
           રે ! એનો ચન્દ્રક કરજે.

   રોકી, રૂંધી, બહુ નિરોધી,
વૈરાગ્યના મન્ત્ર ભણ્યા,
જોગીએ ધૂણી પીધી, ભસ્મ પ્રાશી,

ખં. ૪, પા. ૧૦૧

યજ્ઞની અગ્નિઝાળ ફાકી,
પણ સમાવી ન શમી;
સ્નેહવાસના ક્ષણેક સજીવન થઈ.
જોગીનું નયન પલપલ્યું,
અંગ ફરકયાં, ભ્રુકુટિ ચ્હડીને ભાગી;
મદઝરતા માતંગનો મદ ઝરે એવી
જોગીને ગંડસ્થળે મોતીઝામર જામી.

ઘટા ભરી, ચન્દ્રિકાને જગાડી,
ગીતધારા વહતી હતી.
સંન્યાસિણીની બે આંખો
આરતી ઉતારતી હતી.
સહસ્રદળ કમળ ડોલે એવું
ભર્યુંભર્યું જોગીનું હૈયું
અગોચર ઉર્મિઓમાં ડોલતું.
મનહર મુખડાના થાળે, હો સાજન!
દેવના દીપની સાક્ષ,
રે! એનો ચન્દ્રક કરજે.

નયને રમે જગજ્યોતિ, હો સાજન!
એક કૃપાને કટાક્ષ
રે! એનો ચન્દ્રક કરજે.

ત્હારી વિશ્વવાંસલડી વાઈ
રે! જયમન્ત્ર ઉચ્ચરજે.
પુર્વપશ્ચિમે પરસ્પર સ્હામસ્હામા
ઇન્દ્રધનુષ્યના બે ખંડ લટકતા હોય

અં. ૪, પા. ૧૦૨

એમ જોગી ને જોગણ
પરસ્પર પ્રણમીને ઉભાં હતાં.
એમનાં આયુષ્યો ઉચ્ચરતાં હતાં;
કેટલાં ય વર્ષોની ઋતુઓ બોલતી હતી.
પણ મૌન સનાતન નથી,
શબ્દ સનાતન છે.
પૂર ઓસર્યાં, પોપચું નમ્યું, હૈયું ઠર્યું;
અન્તે જોગીની સમાધિ ભાગી.
" જવાળામાંથી જોગમાયા જાગ્યાં!
શરદ! શી રીતે અંહી આવી?
વર્ષોના જોગી શે જડયા?
આઠમની અવધ સાચી પાડી ત્હેં.
વિધાત્રીના આંકડા ભૂંસાતા નથી."
" બ્રહ્માની કુંવરી
અમૃતને અક્ષરે લખે છે.
સ્નેહીને ડગલે ડગલે, મેઘ!
અલૌકિક હરિયાળી ઉગે છે;
સ્નેહનાં નયન એ ઓળખેપારખે.
એ હરિયાળીની કેડીએ કેડીએ
અંહી ચાલી આવી.
નહી ત્હો ય આભઅ્હડયા મેઘ
ઢાંકયા કય્હાં ઢંકાય એમ હતા?
ત્હો ય યુગ ઉતર્યો, ને યુગ ઉગ્યો;
દુનિયાં નવીજૂની થઇ ગઈ, મેઘ!"
" શરદ! અમૃતમૂર્તિ શરદ!

ખં. ૪, પા. ૧૦૩

પૃથ્વીની ઘૂમડીએ કે પ્રદક્ષિણાએ
આત્માના યુગ નથી ગણાતા,
હૈયામાંની સૃજનપ્રલયની ભરતીઓએ
સ્નેહીઓના યુગ સરજાય છે.
ગણી જોને; ત્હારે પ્રાણ દેશે
કેટકેટલા મનવન્તર વીત્યા છે? ”

મેઘ ને શરદની
સૃષ્ટિપુરાણી વાર્તા જામી.
સ્મરણોના રત્નાકર ઉલેચાતા હતા.

“ સાંભરે છે ને, શરદ!
વર્ષો પ્હેલાંની એ વાત?
ત્ય્હાં શું હતું? શરદ!
આત્માએ આત્મા શું કથા માંડી
ત્ય્હારે ત્ય્હાં શું શું હતું ”

“ સૃષ્ટિ ભરેલી હતી, મેઘ!
લક્ષ્મી હતી, વનલક્ષ્મી હતી;
ફૂલ હતાં, ગંગાજી હતાં;
વિશ્વવિભૂતિઓ હતી;
ને વિશ્વવિભૂતિઓને યે ઝંખવતી
ત્હારી દેવવિભૂતિઓ હતી.
વનના ઘાટઘાટને પગથિયે-પગથિયેથી
દેવદેવીઓ ડોકિયાં કરતાં હતાં.
મેઘ! તું હતો એટલે બધું હતું. ”

રસનાં બાળકો જેવું

ખં. ૪, પા. ૧૦૪

મેઘ ને શરદ બોલતાં હતાં.
બન્ને ય જોગીજોગણ મટયાં હતાં,
હતાં ત્હેવાં શરદ ને મેઘ થયાં હતાં.
વર્ષોના સીમાડા ઓળંગી
પૂર્વજીવનની રસવાડીઓમાં
મેઘ ને શરદ આજ રમતાં હતાં.
વર્ષની ઋતુ રસરાજ છે,
જીવનની ઋતુ જોબન છે,
આયુષ્યનો દેશ રસદેશ છે:
દુનિયાંનાં રસિકો સૌ ત્ય્હાં રમે છે.
" મહાવન હતું,
ને વનમાં વિલોલ કુંજ હતી;
મંહી મોરલા બોલતા.
આભલું ઉતારી પાથર્યું હોય
એવું મંહી સરોવર હતું,
ને સરોવરતીરે ઘટાઓ ડોલતી.
વચમાં ગંગાજીનાં પૂર વહતાં.
ઘટાપલ્લવમાં પપૈયા પોકારતા.
ગિરિપુત્રીઓ સમી શિખરબાળાઓ
પાલવ પાથરી જગત ઢાંકતી.
ઉપર વૃક્ષરાજોમાં દિનમણિ રમતો;
જાણે છુટ્ટા કેશકલાપમાં
શિખરબાલાનો દેવદીધો દેવચાક !
બીજુ ત્ય્હાં શું હતું ? શરદ !
" આપણે ત્ય્હાં એકલાં હતાં.

ખં. ૪, પા. ૧૦૫

વન નિર્જન ને નિ:શબ્દ હતું.
પાશ્ચમમાં સોનારૂપાના સ્થંભ હતા,
પૂર્વમાં અગ્નિહોત્રના અગ્નિ હતા.
ઘડીક ઝબકી સૌ ધરતીમાં સમાયા,
ને પાછળ સન્ધ્યાનો પડદો પડયો.

અન્તરિયાળના કો સંસાર સરિખડાં
એ સન્ધિકામાં ધૂમ્રવાદળ ઉડતાં.
ઉંચેથી આકાશ ઉતરતું હતું,
ને ઝાડીઓમાં દ્રવી–ઢળી જતું.

તરવર તરવર, ઝરમર ઝરમર,
મન્દિરધૂપ સમ ધીરે ધીરે,
દિશાઓમાં કંઇક ઉભરાવા માંડયું.

ગિરિમાળ જાણે આઘી જતી હતી.
તેજનાં કિરણો કરમાઈ પડયા,
અન્તરિક્ષે અગમ્ય કંઇક ઝઝૂમ રહ્યું,
આકાશ ઝંખાવા– ભૂંસાવા માંડયું;
શૂન્યમાં શૂન્યની ભરતી જામી.
પડછાયો પડે એટલો પ્રકાશ ન્હોતો,
લોપવતી અન્ધારી જેટલો
અન્ધકારે એ ન હતો.

બ્રહ્મમંડળના કિનારા ઘેરતી
જ્ઞેયઅજ્ઞેયની ઝાડીઓ સમોવડુ
કંઇક ગહન ત્ય્હાં રમતું હતું.
ચિદાકાશના નિ:સીમ વિસ્તાર સમું હતું,

ખં. ૪, પા. ૧૦૬

અનન્તતાના ઓળા જેવું હતું;
પણ આંખડલીમાં એ સમાતું.
આગળ ને આગળ ઉડતા
રજનીરાણીના એ પામરીપાલવને
આપણે આદરથી વધાવ્યો.
રસિકો રજનીને કાં સત્કારે છે ?
તેજ શું રસિકતા નથી ?

" સાગરમાંથી ભરતીસાગર ઉભરાય
એમ સન્ધિકાનાં મહાજળમાંથી
સન્ધિકાના મહામોજ ઉભરાતા.
ભાગીરથીને કલ્યાણઘાટે
એક ઘટા નીચે આપણે
કરવેલીઓ ગૂંથી ઉભાં હતાં:
જાણે ચૈતન્યની પ્રતિમાઓ !
રંગરૂપવિહીન જગપગથારની ગહનતામાં
જળતીરેથી આપણે માંડયાં નયને નિરખતાં.
વૃક્ષરાજ વેલીઓને ઝીલતા,
ને પુષ્પપુષ્પના નવરંગ રંગો હતા:
ઘડીકમાં તો એ સૌ ભ્રમવાદ થઇ ગયો.
ત્ય્હાંના બ્રહ્મકુંડમાં ગગન ગાઢ નીંદરતાં.
માયા સમું ઇન્દ્રજાળ પથરાયું:
ગહન, અસ્ફુટ, અનામી,
પ્રારબ્ધના પયોધર સરિખડું.
જગત જરા થંભી ગયું ભાસ્યું.

ખં. ૪, પા. ૧૦૭

દિશાગુફાઓમાં પડછન્દા પાડતી
વિશ્વનાં મહાપગલાંની પદતાલી
શ્રવણપુટેથી સરી પડી.
અનહદ નાદની પેલી પાર
આપણી ઇન્દ્રિયોના સ્વામી વિહરતા.

"આપણે ત્‍હાં શું કરતાં હતાં ?
એમ પૂછો છો ? શરદ ! પૂછો;
પૂછશો તો પામશો.
અનુભવોનું નવનીત તે જ્ઞાન.
અધીરાં મ થાવ તો
વર્ષો વીંધી દૃષ્ટિ નાંખું, ને કહું.

"જળ શું કરતાં'તાં ?
ઘટાઓ શું કરતી'તી ?
જળ જાણે હાલતાં ન હતાં,
ઘટા જાણે હીંચકતી ન હતી.
જળ જલસ્થ હતાં,
ઘટાઓ આત્મનિષ્ઠ હતી;
જડભાવ જડ મૂર્છામાં હતો.
આપણાં શરીરે શબ જેવાં હતાં:
સ્થિર, અણુમટક્યાં, ચેતનવિસ્મૃત.
સન્ધ્યા પીતાં ને આપણે ઉન્મત્ત થતાં.

"ગિરિમાળ પાછળ ધોધ પડતા,
ને એની નદીઓ થઇ વહેતી;
એમ દેહના પડદાઓની પાછળ

ખં. ૪, પા. ૧૦૮

નદ વહેતા ને પૂર ઘૂઘવતાં:
અન્તરિક્ષમાં ઉડતા તત્વભાવ શા
ગૂઢ, અસ્પષ્ટ, વિશાળ, ઉદાર.
પૃથ્વીનાં પડની ભીતરમાં
કનક રેલે છે, રત્નો સોહાય છે;
ખીણુખીણુમાં ઝરણુ નિર્ઝરે છે:
રસ સૌન્દર્ય પુણ્ય પવિત્રતા દેવત્વ
એમ અન્તર્ગુહાઓમાં રમતાં.
આભરમન્તા મન્દિરશિખરે,
સુવર્ણકળશની યે ઉપર,
દેવમન્દિરના ધ્વજ ફરફરે છે;
એવા આત્માના કલાપ આપણા ફરફરતા,
અને ઉપનિષદભાખી મૈનવાણે
અનન્તની કથા કથતા.

“ ત્હારાં નયનો પૂછે છે, શરદ !
કે એ કથા શી હતી.
આપણી એ આયુષ્યવાર્તા હતી.
બે હાથે એક તાળી પડતી;
બે નયન એક દૃષ્ટિ રચતાં;
બે શ્રવણુ એક સંગીત સુણુતા;
બે પાંખો એક ઉડ્ડયન સાધતી.
દ્વૈતાદ્વૈતની એ મહાકથા, કલ્યાણી !
પૂરી થશે ત્ય્હારે કહીશ.
સૃજનવિધાન પૂરૂં થયા પૂર્વે

ખં. ૪, પા. ૧૦૯

પણ એ પૂરી થશે ? શરદ !

"આત્માએ આત્મા શું કથા માંડી
એ અવસરે ત્ય્હાં શું શું હતું ?

"હીરાની કાતળી જેવડી
પશ્ચિમમાં ચન્દ્રલેખા લટકતી,
ને ઉપર સન્ધ્યા ઝઝૂમતી;
ત્હેની ઉપર આભ આચ્છાદાતું.
પ્રાણકથાનો એક અધ્યાય પૂરો થયો
ને આછે હાસ્યે તું હસી.
એ હાસ્યે મ્હારાં ભાગ્ય લખ્યાં.
એ હાસ્યતેજ વદને પડયું–ન પડયું
કે બીજલેખા આથમી ગઈ;
અને આપણે આસપાસ જોયું
તો એકાકિની સન્ધ્યા હતી:
ઉદાર, ને સાગર સમી ગંભીર."

"ત્ય્હારે આપણાં પાણી
એટલાં નિર્મળાં ન્હોતાં, મેઘ !
મ્હારૂં હૈયાનું સિંહાસન
ત્ય્હારે હું સજ્જ કરતી હતી;
હવે હૈયે દેવ આવી બેઠા છે.
પશ્ચિમે ચન્દ્રલેખા ઉગી'તી
એ પૂર્વને મન્દિરે વિરાજશે
ત્ય્હારે પૂર્ણિમા તપશે પૃથ્વીમાં.
તું તો પછી શિખરોમાં ગયો,

આં. ૪, પા. ૧૧૦

ને વળતા પ્રભાતે હું યે
ત્હારી પાંછળ શિખરે ચ્હડી.
ત્હને ઢૂંઢ્યો; તું ન જડયો;
—છૂપાતાં ત્હને ઠીક આવડે છે.
અત્ય્હારે પ્રત્યક્ષ ઉભો છે,
ત્હો ય હૈયામાં છૂપાયો છે.—
તું તો ન જડયો, મેઘ !
પણ માનાં દર્શન થયાં:
પ્રકૃતિશાયિની આદ્ય ભવાનીનાં.
કંઈક વર્ષો ત્ય્હાં હું રહી,
કંઈક અજવાળિયાં ઝીલ્યાં ને પીધાં.
પછી મ્હેં માની દીક્ષા લીધી,
ને સુન્દરી મટી સાધ્વી થઈ.
હવે માનો સન્દેશ સુણાવું છું બધે;
આર્યપ્રજાની આર્યતાનો સન્દેશ.
મેઘ ! માએ કહાવ્યું છે કે
માનું કુળ પૃથ્વી ભરીને સ્થાપજો ”

“ આભની છાયા પડે છે
ત્ય્હાં ત્ય્હાં જોઇ જો, શરદ !
વસુન્ધરાની કુંજો ને ગુફાઓમાં
આર્યપ્રજા પરિમળે છે.
આર્યપ્રજાની માતા છે આર્યાત;
અને આર્યતાનું આજનું વતન છે
મહિમામ્હોરન્તો આ આર્યાવર્ત.

ખં. ૪, પા. ૧૧૨

આર્યાવર્ત પોષશે પૃથ્વીની આર્યતાને.
શરદ ! આર્યાવર્તના કલ્યાણમાં
પૃથ્વીનું કલ્યાણ છે.
હું નયા દેવત્વને વાંછે છે.
આર્યસંસ્કૃતિની ઉત્ક્રાન્તિપરંપરામાં
છે માનવકુળની ઉત્ક્રાન્તિપરંપરા. "
"મહાનુભાવ મેઘ !
આભ આચ્છાદી તું ઉભે તે
મ્હારે આર્યવંશનો ગોત્રસમૈયો ભરવો છે,
આર્યકુલનો મહોત્સવ ઉજવવો છે,
આર્યપ્રજાઓનો આર્યસંઘ સ્થાપવો છે.
આર્યવંશ પૃથ્વી ભરી પથરાયેલો છે.
તપતી, બળતી, ઝળતી પૃથ્વીને
આર્યત્વની મહાભાવનાઓ ઠારશે.
ઉત્તર ધ્રુવેથી આર્યપ્રજા ચોખંડે ઉતરી,
એ છે પૃથ્વીના પુણ્યજન્મની તિથિ.
ઇતિહાસમાં એવી તિથિ નથી બીજી.
પૃથ્વીની મહાપ્રજાઓ !
આર્યપ્રજાની મહાભાગ પુત્રીઓ !
ઇતિહાસની એ ચક્રવર્તી તિથિ ઉજવો;
પૃથ્વીને આર્યત્વનાં પાણી પાવ.
જગત આજ આર્યત્વતરસ્યું છે.
પૃથ્વીપ્રાચીન, સૂર્યચન્દ્રનું સહોદર,
આર્યત્વ છે જગતનો ઉદ્ધારમન્ત્ર. "
"શરદ ! ભવિષ્ય અમાવાસ્યા નથી;

અં. ૪, પા. ૧૧૨

ભવિષ્ય છે.' ત્હારી તિથિ–શરત્પૂર્ણિમા.
તું છે, તો પૃથ્વીમાં પૂર્ણિમા ઉગશે.
માનવવંશનું કલ્યાણ એ માનો સન્દેશ.
તુજ સમી માની કુંવરીઓ,
પુણ્યનિર્મળી ને પ્રભાઉજ્જ્વળી,
ભૂલી પડેલી પૃથ્વીને પ્રભુમાર્ગમાં પ્રેરશે.
બ્રહ્મચારિણી બ્રહ્માંડે ઉતારશે પરિબ્રહ્મને."

"પણ હું બ્રહ્મચારિણી નથી.
હું તો પરણેલી છું મ્હારા મેઘને.
માનો મહાયજ્ઞ હું માંડીશ
આજે યે પૃથ્વીહોમ મેઘે માંડયો'તો."

"શરદ! કુમારાંન લગ્ન હતાં હશે?"

"આ તો જોગી બોલ્યો;

મ્હારો પૂર્વમીઠડો મેઘ નહિ.
કુમારીને પ્રાણનાથ તો હોય ને?
ને લગ્ન વિના પ્રાણનાથ કેવા?
અને પ્રાણનાથ વિના વિરહ કોના?
મ્હેં તો વિરહના યુગ માણ્યા છે.
શિખરોમાં તું તો ન જડયો.
પછી, સિંહસૂની સિંહણી સમી,
વિરહિણી હું શિખરોમાં ભમતી.
ત્ય્હાં એકદા ત્હને દીઠો.
શિખરને શૃંગે વાદળી હતી,

ને વાદળીને સિંહાસને તું હતો,
ત્ય્હાં વનમાંથી કંઈક મ્હેકી ઉઠ્યું,
કે ચન્દ્રમામાંથી વરસ્યું,
કે વાદળના પડદાઓની પાછળથી આવ્યું;
ચન્દ્ર ઉગે ને ચન્દ્રિકા ઝરે એવું આવ્યું.
પૂર્ણિમા ઉગે ને સાગર સળકે એમ
હૈયાને સાગર ભરતી ચ્હડી,
ને તુજ દેવને દર્શને
મ્હારે કવિતાના ફૂવારા ફૂટયા.
તુજ દેવની દેવમૂર્તિ
એ ઘડીએ મ્હારે સિંહાસને પધરાવી.
મેઘ ! મ્હારા આત્માના આધાર !
સાંભળ એ કૌમારલગ્નનું ગીત. ”

નવયૌવનશાળી,
આષાઢી વાદળી સમોવડું,
સ્નેહસામ્રાજ્યના રાજગીત જેવું,
શરદનું ગીત દિશાઓમાં વહવા માંડયું.

ઝીણા ઝરમર વરસે મેહ,
ભીંજે મ્હારી ચુન્દડલી; (પ્રાચીન)
એવો નીતરે કૌમારનો નેહ,
ભીંજે મ્હારી ચુન્દડલી.

આજે ઝમે ને ઝરે ચન્દ્રીની ચન્દ્રિકા,
ભીંજે રસિક કોઇ બાળા રે !

ખં. ૪, પા. ૧૧૪

ભીંજે સખી, ભીંજે શરદ અલબેલડી,
'ભીંજે મ્હારા હૈયાની માળા;
હો ! ભીંજે મ્હારી ચુન્દડલી.
વનમાં પપૈયો પેલો 'પિયુ' 'પિયુ' બોલે,
ટહુકે મયૂર કેરી વેણાં રે !
ટમ ટમ ટમ ટમ વાદળી ટમકે,
ટમકે મ્હારા નાથનાં નેણાં :
હો ! ભીંજે મ્હારી ચુન્દડલી.
આનન્દકન્દ ડોલે સુન્દરીનાં વૃન્દ, ને
મીઠા મૃદંગપડછન્દા રે !
મન્દ મન્દ હેરે મીટડી મયંકની,
હેરે મ્હારા મધુરસચન્દા !
હો ! ભીંજે મ્હારી ચુન્દડલી.
એવો નીતરે કૈમારનો નેહ,
ભીંજે મ્હારી ચુન્દડલી.

"સમાધનાં બાર ઉઘાડો.
ચિતા અમૃતથી છંટાય છે.
ચિતામાંથી અગર બોલ છે."

"હૃદય મઢૂલી છે, વત્સ !
ને મઢૂલીમાં સમાધ છે.
મ્હારી સમાધનાં બાર ઉઘડયાં આજ.
ચિતા ઉપરનાં સ્નેહીનાં સૂખડ
બ્રહ્માંડસુવાસતા પ્રજળે છે ત્ય્હાંથી.
આવ, ઓજ ! આવ;
ગંગાઘાટનાં દેવી ગાય છે.

ત્હારા હ્રદયાને ઘાટ ગાજે છે
એ છે સનાતન સ્નેહગીતનાં પડછન્દા.
આત્માઆત્મામાં છે રસગંગા;
ને ગંગાઘાટનાં દેવ કે દેવી.
—શરદ ! આ અમારૂં શશીપુરનું અમૃત.
—સારો દહાડો ક્ય્હાં હતો ? ઓજ ! ”

“ અગરની ચિતાએ.
પ્રભાતે સમાધિ સાધી’તી,
હમણાં જાગ્યો આ બુલન્દ ટહુકારે.
પણ એ અગર નહીં તો
અગરનો દેવાત્મા બોલ્યો છે. ”

“ શશીપુરનાં અમૃત !
માની કુંવરીઓના બુલન્દ ટહુકાર છે હો !
જગને જગાડવાં છે હજી.
ના, તાત ! એ અગર નહિ,
પણ અગરનો દેવાત્મા બોલ્યો.
શરદે એવી હતી—કાલે.
પીયૂષપાનારીઓની હતી
એ પ્હેલ્લી કળાઓ–પડવાની.
આજ તો અગરની પૂર્ણિમા છે,
પૌર્ણમાસી યજ્ઞ ઉજવે છે.
તાત ! અગર ને શરદ અધૂરાં હતાં;
અને અધૂરાં હતાં માટે મધુરાં હતાં.
પૂર્ણપ્રસન્ન દેવમાર્દવ સાંભળ હવે.

અં. ૪, પા. ૧૧૬

ત્હારી અગર આથમી,
મ્હારી એ શરદ આથમી.
આ સુન્દરી નથી, સાધ્વી છે.
એ શરદ વીજલતા હતી,
અન્ધકાર દર્શાવીને ઝબકી ગઇ.
આલ્પાયુષી, જીવનસન્કેતવિમુખ,
અગર માતા મ્હોરતાં મૂઇ.
જોબનપાંખે ઉડતા પંખીરાજ!
હું યે તું સમો હતો—યૌવનનાં આભમાં.
જોબન ત્હારી વાડીએ ઝોલાં ખાય છે આજ.
ત્હારા જોબનભાવને ઘડીક તર્પત એ.
ત્હારી વિશ્વપ્રેરણાઓને પોષત ?
ત્હારાં બાળકોને ધવરાવત ?
કદળી સમાં ત્હારાં કુળજનને
કલ્યાણીનાં પાણી ભરી લાવી પાત ?
ત્હારૂં આંગણું વાળી ઉજળું રાખત ?
ત્હારી વિશ્વોધ્ધારિણી કલ્યાણયોજનાઓનું માતૃતીર્થ
—ત્હારા મનોરાજ્યનું મન્ત્રીપદ શોભાવત ?
મ્હારા ને ત્હારા અભિલાષ સ્હમજું છું હું.
આભ ભરી આભ અજવાળે
ને ઘર ભરી ઘર અજવાળે
સૂર્યપ્રભા સમોવડી એવી
મહિમાવન્તી ગૃહિણીના આપણે કોડ હતા.
રૂપપૂતળીની કામના આપણે ન્હોતી,

તેજકુંવરીની આપણે એષણા હતી.
નખરાંના નાચે જોગી મ્હોય
કે કટાક્ષનાં કામણમાં બ્રાહ્મણ મ્હોય,
તો જોગ ને બ્રહ્મત્વ અસ્ત પામે.
ધૂળની ઢબૂઓના જેવા
ઢીંગલીઓના સંસારે મણમણના.
ફૂલવાડીનું ફૂલ હતું–મ્હારૂં ને ત્હારૂં;
મધ્યાહ્‌ન તપતાં કરમાયું.
અણકરમાતાં, છ યે ઋતુમાં પમરતાં,
દેવો યે એક વેળા પ્રાર્થે એવાં,
કૌમારપુષ્પના આપણે છે અભિલાષ.
મા પૂરશે સૌના એ કોડ, ઓજ !
—ઓજે કૌમારલગ્નવ્રતિયો છે,
માનો પુત્ર છે, શરદ !
માનો સન્દેશ સંભળાવ.”

નવરાત્રીની છેલ્લી રાત્રી
ધમધમતી જતી હતી.
તારિકાની દીપકજ્યોત મુગટે માંડી
જોગણીઓ રમવા નીકળી હતી,
ગગનમાં ગરબે ઘૂમતી હતી.
નવમીનો ચન્દ્રમા ચમકતો હતો.
અન્ધકારમાંથી અજવાળાંમાં
જગત પગલાં માંડતું હતું.
ઓજ મેઘ ને શરદ,

અં. ૪, પા. ૧૧૮

માનાં ત્રણ કુંવરીકુંવરો,
ત્રીકાળને વાંચતાં બેઠાં હતાં.
બ્રહ્માંડનાં પાનાં ઉઘડયાં'તાં,
અગમ્યના ઇતિહાસ ઉખેળાતા'તા.
હદ-બેહદની વાતો સ્નેહસન્તાનો કરતાં હતાં;
ગેબના બોલ શરદ ઉચ્ચરતી હતી.
" અયિ પ્રેરિત મહાનુભાવ !
અયિ સન્દેશવાહી ઋષિકુમાર !
પરભોમમાં ભૂલા પડેલા શો
દીનમુખાળો દામણો કાં વિચર છ ?
આર્યઇતિહાસ સમોવડ ઇતિહાસ,
આર્યફિલસુફી સમોવડ ફિલસુફી,
આર્યકવિતા સમોવડ કવિતા,
આર્યસતીઓ સમોવડ સતીઓ,
આર્યસંસ્કૃતિ સમોવડ સંસ્કૃતિ
કાળને ચોપડે ફરી ાશે
ત્હારે જગત વાંચશે.
જગતદરબારે ત્હારે શરમાવાનું નથી.
આત્મવિભૂતિઓના વારસ !
ઉઠ, ને ડૂબતી દુનિયાંને ઉદ્ધાર.
હયાસૂના શો કાં ચાલ છ ?
હૈયું ખોયું કે હરાયું ?
હૈયાનાં હિત શેરીએ શેરીએ નથી.
"કલાધર ! ત્હારી કલા પસાર.
બીજું તું શું શોધ છે ?

ખં. ૪, પા. ૧૧૯

હરિના મોરલે આ સૃષ્ટિકલા મુસારી છે.
બ્રહ્માંડના કલામન્દિરે કલાઆધકું શું શું છે?

ભ્રુકુટિ ત્હારી ભૂખી છે,
અધર ત્હારો તૃષાર્ત છે,
વ્યોમવિહારી કિરણો શી પાંપણો
કપોળપુષ્પે ઢળેલી છે.
માનવીમાનવીને હયે કવિતા છે,
ને પ્રત્યેક મનુષ્ય છે કલાવન્ત મોરલો.
સૌ નિજનિજની કલા પાથરે છે.

તું યે કલા કરતો ને થનગનતો.
પ્રેરણાનાં પૂર ગડગડે છે,
સત્ત્વનિષ્ઠની શાન્તિ ડોલી છે,
નયનોમાં મહાસાગર ઉછળે છે.

ધૂર્જટી! પાછો સદાશિવ થા.
પરમ કવિતા આત્માનન્દમાંથી પ્રગટે છે.
ઘૂમડી ખાતા ચન્દ્ર મધ્યે કીકી જાણે
ચકવે ચ્હડેલી પૃથ્વીનો ઓળો.
સૂર્યકિરણ સમું દૃગબાણ
ગગનની અનન્તતાને આરે,
અતલ સમા હૃદયતલને ઘાટે
ઉડતું–ઉતરતું ઝોલાં ખાય છે.
નવસૃષ્ટિના સરજનહારા!
ત્હારી સ્વપ્નસૃષ્ટિઓના સૃજનવિધાનને કાજ
અગમ્યને આંગણુ તું શું શોધ છ?

પં. ૪, પા. ૧૨૦

"સ્વપ્નાંઓના સૃજનાર!

સ્વપ્નાંને સાચાં પાડ.

વિશ્વપ્રેરણા સમા સૌન્દર્યને તું શોધ છ:

અનસ્ત, પ્રભાઉજ્જ્વળું, પુણ્યપ્રારબ્ધી.

સૂર્ય પેઠે હજારો હાથે સૃષ્ટાએ

સૃજનની ક્યારીએ ક્યારીએ પાથરેલું છે એ.

જો, ને ત્હારી નયન પ્યાલીઓ ભરી લે.

પુરુષના વીરત્વે, કુમારીના સુકુમારત્વે,

રમણીમણિની રમણીયતામાં,

સંસારના ગુલઝારો વિશે,

સર્વતોમુખ વિશ્વવિભૂતિઓમાં

દેવસૌન્દર્યના ફૂવારા ફૂટે છે;

મૂર્તિઓ મંત્રો બોલે છે:

વાંચ, વિચાર,—ને વિમાસ.

નવલખ તારિકાની માળા

ત્હારી હેમદોરીમાં પડી ગૂંથાય,

અન્ય સૌ તો માનવવંશે રંક ઉછરે;

પીયૂષપ્રાણવન્તી ચન્દ્રકલા

ત્હારે મુગટે ઉતરી વિરાજે,

તો વિશ્વકુંજે અન્ય અણઅજવાળી રહે.

દેવાંગનાઓનાં અમ્બર સરિખડાં

પયોધરમંડળના ઈન્દ્રરંગ

ત્હારે કલાફલકે પગલાં કરશે,

ત્હારે ઓરડે પૂરાશે નહિ.

કલાપી ! ત્હારો કલાકલાપ ખોલી જો.
ગ્રહમંડળ શા દેવરંગે ગૂંથેલા
ત્હારા કલાપચાંદલિયામાંથી
જગત્જ્યોત શી તેજધારાઓ પ્રગટશે
તે સૃષ્ટિને યે શણગારશે.
કલારાજવી ! ત્હારે દર્શનપૂજનના અધિકાર,
સૌન્દર્યના સ્વામીત્વના નહિ.
પરમાર્થદીક્ષિત પુણ્યેશ્વરી !
પૂજનમાં પુણ્ય છે, દર્શનમાં દેવ છે,
પણ સ્પર્શમાં શયતાન છે.

"મેઘ ! તું યે સાંભળજે હો !
ત્હારે આતમભૂખ છે
એવી સહુને આતમભૂખ છે.
પુણ્ય આત્માનાં અમૃત છે,
પાપ આત્માનાં ઝેર છે.
અમૃતનો ને ઝેરનો
જગત તો સંગમસાગર છે.

"તું તત્ત્વદર્શી છે,
ત્હારી આંખ તત્ત્વને શોધે છે.
સૌન્દર્યદર્શને તું પરિતૃપ્ત નથી;
તું સૌન્દર્યનાં રહસ્ય ઢૂંઢ છ.
રૂપેરી, ચંપેરી, ગુલાબી, વાદળિયા
સૌંદર્યરંગના ત્હને મોહ નથી.
સૌંદર્ય તો સુન્દરીનો સાળુ છે,

આં. ૪, પા. ૧૨૨

સૌન્દર્યનો આત્મા સ્નેહ છે:
પુણ્યશ્લોક ને પૃથ્વીપાવનકારી.
સ્નેહસાધુ સમો સાત્ત્વિક રહેજે,
અડકીને અભડાવતો મા.

સ્નેહીઓ રસલોકનાં સિદ્ધો છે.
વાદળીની ઘટા ઘેરાય,
વીજળીની મોહિની પલપલે,
ત્ય્હારે કલા ખોલજે, કેકા બોલજે,
કલગી ડોલાવજે, આંસુ સારજે:
ત્હારી ઢેલ તે ચરશે.
ત્હારે અનુકમ્પનો અધિકાર,
આલિંગનનો નહીં, હો!
કલા એ જ ક્રીડન ત્હારે;
આલાપ એ જ આશ્વાસન ત્હારે.
સ્નેહી સ્નેહભોમનો ચક્રવર્તી છે.
રસિક! સદાનન્દે રહેજે,
ને સ્નેહનાં સામ્રાજ્ય માણજે."

"શરદ! હૃદય! સંજીવન!

ઝીંદગીની રજ ચ્હડી હતી.
એ જીર્ણતા જરી ગઇ,
ને અંગોમાં નવું જોબન જાગ્યું.
મૃત્યુ પછી જ પુનર્જન્મ નથી:
આ ભવમાં યે અનેક જન્માન્તરો છે.
મ્હારા જીવનની ઋતુ પલટાઇ.

ખું. ૪, પા. ૧૨૩

ફરી વળી યાત્રા આદરીશ,
અને અનલભડકો જગાડીશ.
કૌમારકાંઠડે પુરુષયૌવન પોકારે છે;
ફુલ માંડવા કુમારિકાઓ ક્ય્હાં ? શરદ !
ગાયોને ગમાણેથી છોડાવશો ?
ઘણુ તો ચરવા ચાલ્યાં.
વન હરિયાળાં સૂકાય છે.
અડધી પ્રજાવેલ પ્રફુલ્લે છે;
ને બીજી અડધી–"

"ભૂલ છ, જોગન્દર !
મ્હારો રસરસિયો મેઘ ન ભૂલત.
સિંહને સિંહણુ જન્માવે છે.
સિંહણુ હોય નહી
તો સિંહો જન્મે નહી.
સિંહ છે એ જ કહે છે કે
સંસારમાં સિંહણો યે છે.
કુમારિકાઓ સજ્જ છે, મેઘ !
સંસારવાડીએ રસમાળીઓ નથી
કે ફૂલડાંની ફૂલમંડળી ગૂંથેગૂંથાવે.
સૂરજચન્દ્ર આથમે ને ઉગે છે;
પણુ રાત્રી કે દિનની ઋતુમાં
તારલીઓ આથમતી નથી.
ને તારલીઓને આંગણે ન્હોતરશો
તો સૂર્યચન્દ્રને યે ઝંખવશે.

પૃ. ૪, પા. ૧૨૪

પ્રત્યેક તારલી અણુછતો સૂર્ય છે.
મેઘ! વધુ શું વાંછ છ ? ”

“ નહિ, નહિ, શરદ !
આજે તો જળકમળવત્ અન્તર્નિર્લેપ,
મોહિની સમી તનુતેજસ્વિની,
સુગન્ધવિહોણી ફૂલપાંદડીઓ શી,
કેટલીક બીજલેખાઓનાં કટાક્ષ છે:
ને અન્ય તો જાણે જ્વાળાની શિખાઓ.
કોઇ ઇન્દ્રવેલનાં ફૂલડાં માગે,
ને કોઇને છે કનકઆંગીઓના કોડ.
કોઇ વાદળમાં મહેલ વાંછે,
ને કોઇ વાયુનાં વિમાન.
હજી દ્વાધયા દાંત છે એમના,
હજી બાળકલ્પનાનાં લાડ છે.
સુન્દરી આજ સિંહણ છે ?

કે સિહણની છાયા ?
—પૃથ્વીના પીંજરમાં પૂરાયેલો
પુરૂષે પુરૂષાતનનો પડછાયો નથી ?—
એ વૈભવવિલાસની લોલુપતાઓમાં,
નવકામનીઓની કામવાસનાની વાડીએ
સ્નેહનાં તો સ્વપ્નાં જ, શરદ !

“ એક વેળાનો યોગ હતો,
ને ગંગાઘાટે આપણે ફરતાં'તાં.
કિનારાની જળવેલીઓ સમી

ખં. ૪, પા. ૧૨૫

આપણી આત્મવેલીઓ ગૂંથાતી.,
નિષ્કલંક, જળસ્વચ્છ, અણુઉઘડયું,
પ્રકાશની કળી સરિખડું,
એક પોયણું હું લઈ આવ્યો.
એના રસભીના પાંદડીપટમાં
વદન જોતી તું બોલી, શરદ !
साऽहम्.

"આપણે ગંગાઘાટનાં જળ પીધાં.
અસ્તાચળના બુરૂજો ઉપર
માણેકના મુગટ જેવડું મુખ દાખવી
સૂર્યરાજે પૃથ્વીની વિદાય લીધી.
વિયોગીઓનો દિન આથમ્યો,
ને રસિકોના સંયોગની રજની ઉતરી.
ન્હાની ન્હાની અંજલિઓ ભરી
આપણે ભાગીરથીનાં પુણ્યોદક પીતાં.
મ્હારી અંજલિએ ત્હારો અધરે ન ભીંજાતો,
ત્હારી અંજલિએ મ્હને તૃષા રહેતી.
રસિકોને પ્રિય સન્ધ્યાને યૌવનકાળે
ત્હેં કહ્યું હતું તે સ્મરણે છે ને ?
"સન્ધિકાના મેઘ ઝરમરતા
તે ગંગાઘાટના ઘાટ રચતા.
ન્હોતી ત્ય્હાં વીજળીની લીલા,
કે ન્હોતો કો ગાજન્તો મહિમાશબ્દ.
ન્હોતું તેજ, ન્હોતો અન્ધકાર,

ખં. ૪, પા. ૧૨૬

કે ન્હોતાં વાગતાં મેઘમૃદંગ.
પરબ્રહ્મ સમાં જ્ઞેયઅજ્ઞેય
સન્ધિકાના ધૂપ અન્તરિક્ષમાં ઉડતા.
ન્હોતી અનિલની લહર
કે ન્હોતા સન્ધિકાના તરંગ:
સન્ધ્યા સમાધિસ્થ હતી.
અગમ્યના ચન્દરવા શી સન્ધિકાની વાદળી,
સ્થિર, અનિમિષ, એકરંગી,
ગગનના ફણુગા શી, શિખરોમાં રમતી.
જળ ઉપર, સન્ધિકામાં, સન્ધ્યા પાછળ
અગમ્યવાંચતાં લોચને ત્હેં જોયું.
એ દર્શન પીને તું બોલી, શરદ!

સોઽહમ્.

"પૂર્વમાં એવે પ્રકાશ પ્રગટ્યો
ને સૂર્યનાં તેજ ચન્દ્રમાં ઉગ્યાં.
આભને તખ્તે ચન્દ્રદેવ બેઠો.
જળ ધ્રૂજ્યાં, તું ધ્રૂજી, હું ધ્રૂજ્યો:
એ યાદ છે? શરદ!

"ત્ય્હારે યાચ્યું હતું
શરદ! એ જ આજે યાચું છું.
ત્ય્હારે મુજ કાજે યાચ્યું'તું,
આજે જગત કાજે યાચું છું.
ત્હારા હૈયાને સિંહાસન
દેવમૂર્તિ ત્ય્હારે ન્હોતી બેઠી.

આજ તું દુનિયાંની દેવી છે,
ત્હારે હૈયે દેવમૂર્ત્તિ છે.
આશાઓ સત્કારશો
ત્‍હાં સૂધી યાચીશું, શરદ !
ત્હારા ભાગ્યદેશે લોચન ચાંપી
ત્‍હારે શું શું યાચ્યું'તું ? શરદ !
ત્હારા સદ્ભાવમાં સોહાગ,
ત્હારી સહ્રુદયતામાં સ્નિગ્ધતા,
ત્હારી સરળતામાં ઉદારતા,
ત્હારી સાદાઈમાં કોડીલી સુઘડતા,
ત્હારી કુમાશમાં અક્ષત ભાત,
ત્હારી સીમાઓમાં વિશાળતા,
ત્હારી કલ્યાણોર્મિઓમાં કર્ત્તવ્યદક્ષતા,
ત્હારી માનવલઘુ અંજલિઓમાં
દેવોના દેવભાવની મહત્તા,
ત્હારા સ્નેહમાં વસન્ત,
ત્હારી ગહન-ગહન સન્ધિકામાં
એક-એક ગુરુની તારલી,
ત્હારા વૈરાગ્યે જગત,
ત્હારા સમાધિયોગે ચેતન,
ત્હારા નિર્ગુણત્વે સગુણત્વ,
ત્હારી ભલમનસાઈમાં પ્રાક્રમનાં પુણ્ય,
ત્હારી આત્મનકળીમાં સચ્ચિદાનન્દઃ
શરદ ! એટલું આવે તો

પં. ૪, પા. ૧૨૮

સ્ત્રીત્વનો સોળે કળાનો
પૂર્ણિમાનો અમૃતથાળ પીરસાય.
'બહુ માગ્યું' માનીમાનીને
પ્રાણવિભૂતિઓને અવમાનશો મા.
સુન્દરીઓનાં હૈયાં તો અક્ષયપાત્ર છે.

"કાલે નહિ ને પરમ
માણેકઠારીની પૂર્ણિમા ઉગશે,
ને શરત્ચન્દ્રમામાં મુખડું નિરખી
સુન્દરીઓ શણગાર સજશે.
ખારે સાગર સ્વાતીનો મેહુલો વર્ષશે,
મુક્તામાતાઓ મોતીના ગર્ભ ધરશે.
ઉંડી–ઉંડી, પાતાળઉંડી
કલ્યાણી! ક્ય્હારે તૃષા ઠારશો?
માનો કૌમારસંઘ તરસ્યો ઉભો છે.
ખારો સાગર કાલે તર્પાશે,
મોઠાં જળની માછલી તરશે મરશે?
—પણ પાય છે સ્તો તું, શરદ!
કંઈ કંઇ દેવમૂલાં મોતી
હૈયાની છીપમાં ત્હેં સરજ્યાં છે.
અધિકાર હશે એટલું વરસતાં હશો.
અમ પુરુષઆત્માના, શરદ!
અધિકારથી અભિલાષ અધિકા છે.
તમ અમૃતનાં અક્ષયપાત્ર ઠાલવશો,
અમ ક્ષુધાતૃષા ત્ય્હારે ય હોલવાય તો ભલે.

ખં. ૪, પા. ૧૨૯

અમૃતનો ઘરવ કોને છે? ..
ને ત્હમારાં અમૃત તો દેવમોંઘેરાં છે. ”

“ સુન્દરીઓના ચે, મેઘ !
એવા સુન્દર અભિલાષો છે, હો !
વૃક્ષ સુન્દર ? કે વેલી ? મેઘ !
નર ને નાર બન્ને સુન્દર છે.
નર સુન્દર હોત નહિ,
તો ઢેલ મોરને મોહત નહિ.
પણ માનું વર છે, મેઘ !
સાધુજન માગે એ આપવું.
તથાऽस्तु-તથાऽस्तु, મેઘ !
આપજે, લેજે, ને એમ પરિતર્પાજે. ”

“ આમીન ! શરદ ! આમાન !
સ્વર્ગપાંખ શી તુજ સમી
રમણીઓના રમણાય કોડને આમીન.
માનાં વ્હાલ વરસે છે,
પિતાનાં પોષણ વરસે છે:
એ અકળિત કળાને વિશ્વ વન્દે છે કે
त्वमेव माता, च पिता त्वमेव.
જય ! માનો જય ! ”

“ મહીતલના દેવછત્ર મેઘ !
ઇતિહાસના અક્ષરોને ભૂલાવનારાં
ને કવિતાની કલ્પનાને કરમાવનારાં

જં. કૃ. પા. ૧૩૦

પૃથ્વીનાં પ્રાક્રમશાળી સન્તાનો
ભવિષ્યની કૂખમાં છે હજી.
પૂર્વગોળાર્ધ ને પશ્ચિમગોળાર્ધ વચ્ચે
કોલમ્બસે નૌકાઓ ખેડી'તી:
પૃથ્વી ને ચન્દ્ર વચ્ચે,
સૂરજમાળાના ગ્રહે ગ્રહે
ભાવીનાં સન્તાનો વિમાનો ખેડશે.

પૃથ્વી પાસું મરડે છે,
કાળ ભગવાન પોપચું ઉઘાડે છે;
ને જો ! મનવન્તર પ્રગટે છે. "

એમ રાત્રી વહી ગઈ,
ને પૂર્વમાં પ્રકાશની ટશરો ફૂટી.
પુરાણું પુરાણું પ્રભાત
નવપગલે ઉગતાં હતાં.
શશીપુરમાં આજ સંજીવની ઉતરી હતી.
તેજનો દેવથાળ ભરીને
ભગવાન સૂર્યનારાયણ
શશીપુરને વધામણે પધાર્યા.
ગાયત્રીનો આર્યપુરાણો મન્ત્ર ભણીને
કલ્યાણીઘાટેથી બ્રાહ્મણો સવિતૃદેવને સત્કારતા.

"હવે રજા છે? મેઘ!"
પ્રભાત પડ્યે શરદે રજા માગી.

"શરદ! સાવ અધીરી આવી?
મહેમાની યે ત્હારી નથી માંડી.

ખં. ૪, પા. ૧૩૯.

સ્નેહનાં મહેમાન કેટલાં વિરલ છે ? "

" માનો આદેશ છે, મેઘ !
એક રાત્રી એક પુરમાં રહેવું,
તેજજ્યોત જગાડવી ને જવું.
નહિ તો પુરમંડળમાં ફરી વળવાને
પચ્ચાસ ઝીંદગીઓ યે પૂરી ન થાય.
પૃથ્વીના પરાક્રમશાળી પરમહંસે
ન માંડવો મઠ કે ન બાંધવું મન્દિર.
ગગનમંડપ છે પરમહંસનું મહામન્દિર.
જોગીને જગત્‌યાત્રા કરવાની છે ને ? "

" તો સિંહસ્થને વર્ષે પાછી વળજે.
પાંડવોને બાર વર્ષના હતા,
રઘુપતિને ચૌદ વર્ષના હતા વનવાસ.
મ્હારે કેટલાંક વર્ષના વિયોગ
ભોગવવાનો છે આદેશ ? "

" સાધુવેણ મિથ્યા નહિં જાય.
આપણે કૌમારલગ્નનાં લગ્નવ્રતિયાં;
પરણ્યાં'તાં, પણ નથી પરણેલાં;
સ્મરણસંપ્રદાયનાં રસોપાસકો.
માનું વરદાન છે, મેઘ !
વર્ષભરમાં એકાદી વેળા
ચન્દ્રી સૂર્યને લલાટે બેસે છે;
સ્નેહની જોગણે એમ ક્યહારેક
સ્નેહજોગીને સમેયે જવું,

ખં. ૪, પા. ૧૩૨

ને સ્નેહજ્યોત સંકોરી આવવી.
મેઘ! કલ્યાણ."

"કલ્યાણ, શરદ! કલ્યાણ."
શશીપુરના શિખરને ન્હવરાવી
કલ્યાણના પડઘા રેલી રહ્યા.
આઘે કલ્યાણીમાં યે ભરતી ચ્હડી.
વીજળી ઝબકે ને અદૃશ્ય થાય
એમ શરદ ઉઠી ને અદૃશ્ય થઇ:
જાણે તારિકા ખરખરતી ખરી
ને જગતઝાડીઓમાં અલોપ થઇ!
વચ્ચે જોગીની ધૂણી હતી.
એક પાસે જૂનો જોગી મેઘ હતો,
બીજી પાસે નવો જોગી ઓજ હતો.
"બન્ધુ હો! સૃજનના વારસ! જા.
વસ્તુવસ્તુની ગૂઢ લિપિ વાંચજે;
નિરખે એના ભીતરમાં નિહાળજે;
ઠામઠામ ત્હારા આશામન્દિર નિરખાશે.
આ કલિયુગ નથી, કુલયુગ છે.
જા; નગરનગરની શેરીઓમાં જઇ
કાળનાં કમળની સહસ્રપાંખડી સમાં
સહસ્ર કુળ સરજાવ:
કાલે સહસ્ર સંસાર સરજાશે.
જા, બિરાદર! જા; ધરતી બોલાવે છે.
અગ્નિ મા હોલવતો;

ખં. ૪, પા. ૧૩૩

ત્હારાં લોચનમાં અલૌકિક જ્યોત છે.
પૃથ્વીની કંકાવટીનો કુંડ કરં,
અનલભડકો જગાડ માનવવંશમાં;
ને પોકાર માનો સંદેશ
જગતની કુંજે ભરી ભરીને.
કુલાશ્રમોનાં ખંડેર થયાં છે,
માનાં કુંવરકુંવરીઓ કુમારાં કરમાય છે.
માની ત્હને આશિષ છે;
જા; દુનિયાંમાં દેવદેવીઓ ઉતાર. ”

ઓજ ઉઠયો, પ્રણમ્યો, ને ગયો.
ઓજ ક્ય્હાં ગયો ?

અનિલકુમારો જ્ય્હાં જાય છે,
વાદળીઓ જ્ય્હાં વિચરે છે,
શબ્દ ગન્ધ સૌન્દર્ય જ્ય્હાં સિધાવે છે,
ઓજ ત્ય્હાં ગયો.
વસુન્ધરાના વસુઓ સરજવાને ઓજ ગયો,
વિશ્વની વિભૂતિઓ મ્હોરાવવાને ઓજ ગયો.
વિજયા દશમીના પ્રભાતે
ઓજે ગામસીમા ઓળંગી;
માનો મનસ્કાન્ત કુમાર
જગતની વિજયયાત્રાએ નીકળ્યો.
શશપરના કુલવાસો ઉપર
વિજયા દશમીનો સૂર્ય ઉગતો હતો.
સાધુશિખરે જોગીની મઢીમાં ત્ય્હારે

અં. ૪, પા. ૧૩૪

મંજુલ મંજુલ ઘંટા વાગતી,
ને મંગલા આરતી થતી હતી.

પછી વર્ષોના પડછાયા
પૃથ્વીમાં પડયા ને ભૂંસાયા,
પણ વેડેલી વાડી સમું
શશપર સૂનકાર ઝંખાતું.
અજવાળિયાં ઉગ્યાં; અન્ધારિયાં આથમ્યાં;
નક્ષત્રોની પાંખે ઉડતા
મહિનાઓ આવ્યા ને ગયા;
વસન્ત બોલી, ગ્રીષ્મ તપી, વર્ષા ગાજી;
પૂર્ણિમાઓ પ્રકાશી ને ગ્રહણો થઇ ગયાં;
પણ શશપર સૂતું-સૂતું હતું.
એના એ જ સૂર્ય નારાયણ
ઉગતા. તપતા, નિરખતા, અને આથમતા;
ટેકરીશિખરે ઘંટા વાગતી;
બ્રહ્મઘાટે બ્રાહ્મણો સન્ધ્યા કરતા;
કલ્યાણીની કુંજ પ્રફુલ્લાતી ને કરમાતી;
શશપુરનું મહાજન
ખાતું, પીતું, ચાલતું, ઉંઘતું, જાગતું;
એમ નિર્જન હવેલીમાંની જેવી
શશપરની ઘડિયાળ ચાલતી અને વાગતી;
પણ સાંભળનારો હતો એક સુનકાર.
અગર ને ઓજ ગયે,
ચન્દ્ર ને ચન્દ્રિકાવિહોણી રાત્રી જેવું,

શશપર સૂનું-સૂનું દીસતું.
વર્ષે-બે વર્ષે, વસન્તપંચમી સમી,
સ્નેહપંખિણી શરદ આવતી,
જોગીની ધૂણીની જ્વાળા ફાકી જતી;
જાણે ગગનઉડતી વીજળી
પૂર્વમાં ઝબકી ને પશ્ચિમે આથમી.
ઘટમાળના ઘડા પેઠમ
દિવસની અંજલિઓ ઉઘડતી ને નિર્ગળતી;
સંસારનાં પાણી મંહી ભરાતાં ને ઠલવાતાં.
વિશ્વની ઘટમાળ સરિખડી
એમ શશપરની ઘટમાળ ફરતી.
ભરી ભરી વસ્તીમાં
શશીપુરે સૂનકાર સૂનકાર ભાસતો.
વર્ષાની વીજળીઓ ઝબકી ગયે
પછી એકદા પપૈયા બોલતા'તા
ને ચક્રવાક સ્નેહજાપ જપતા'તા
અને વર્ષાની નવસમૃદ્ધિ
ખેતરોને ક્યારે ક્યારે ઉભરાતી'તી;
ત્હારે અન્ધારિયાના એક પ્રભાતે
પાછલી રાતનો ચન્દ્રમા
ગગનને મુગટે ઝબકતો હતો.
જન્માષ્ટમીનું એ પ્રભાત હતું;
ને ઓવારાની નિર્જનતામાં યે
કલ્યાણીનો ઘાટ સજીવન હતો.
જોગી પ્રાતઃસ્નાને ઉતર્યા ત્હારે

અં. ૪, પા. ૧૩૬

આરે ધૂપ હતા, અબિલગુલાલ હતા,
કુંકુમના સ્વાસ્તિકો હતા,
ફૂલડાંના અભિષેક હતા.
અગરના પિતાએ કલ્યાણીઆરે
અગરનાં ફૂલ ઉપર દ્હેરી બન્ધાવી'તી
એમાં આજ દેવપુત્ર વિરાજતો.
      શિવ મહારાજ ઉચ્ચર્યાઃ
" શિવસ્તુભ્યમ્.
દહેરીમાંના દેવ છો ? કે પૂજારી છો ? "
      " જગતનો મુસાફર છું;
સાધુજનનો શિષ્ય છું;
મ્હારો તાજમહેલ બાંધું છું. "
      વર્ષોના રણપગથાર ઓળંગીને
આવતો બોલ જોગીએ ઓળખ્યો.
ઇન્ધન સંકોરે ને જવાળા જાગે
એમ હૈયાની ઝાળ સચેત થઇ.
      " ધન્ય ભાગ્ય આજ શશપરનાં;
ઓજ અગરની યાત્રાએ આવ્યો છે.
આવ, ઓજ ! મા બોલાવે છે;
કલ્યાણીને આરે આવ.
તું સાચો છે, ઓજ !
યથા શક્તિમતિ, યથા સાધનસંપત્તિ,
સ્નેહીઓ સૌ નિજનિજના યમુનાઘાટે
નિજનિજના તાજમહેલ બાંધે છે. "
      સહસ્ર કિરણે એવે સૂર્ય ઉગ્યો,

ખં. ૪. પા. ૧૩૭

પૃથ્વીની આરતી ઉતારવા લાગ્યો.
દહેરીમાં આજે યે આરતી આંદરી
ને અનન્ત યુગનું ગીત ગાવા માંડ્યું.
પ્રણમાંજલિ કરી રહી
આરે જોગી ઉભા હતા.
સૂર્ય નારાયણને ને એ આરતીને,
દહેરીને ને દહેરીમાંના દેવને,
જોગી સહુને પ્રણમતા હતા.
કલ્યાણીઘાટના પ્રેમમન્દિરમાંથી
અનન્ત યુગનું ગીત વહતું હતું.

અનન્ત યુગ વીતિયા,
અને કંઇ અનન્ત યુગ વીતશે;
અનન્ત યુગની મહાકથનીઓ
જગે લખાણી હશે.

અનન્તભુવને અનન્ત જીવની
પુણ્યવેલ ખોલશે,
અનન્તપ્રભમાં અનન્ત તિમિરો
પ્રભા પરમ ધારશે.

અનન્ત સૃજનો થશે,
સખિ! અનન્ત એ ઝીલશું,
અનન્તપદમાં રમન્ત આપણ
અનન્ત યુગ પી જશું.

卐 卐 卐

પા. ૧૩૮

ગીતાવલિ

અનુક્રમણિકા